# ચરોતરના તળપદા દેવીપૂજકોનો ઈતિહાસ અને પરંપરાઓ


સંપાદન /લેખન

શાર્દૂલ તળપદા

એકતાનગર , નાપા (ત), તા.બોરસદ , જિ. આણંદ ,

પિન-૩૮૮૫૬૦





પ્રકાશક

**યોગેશ પબ્લિકેશન**

ગાંધી રોડ, અમદાવાદ

સ્ટોકિસ્ટ

**એમ.એમ.સાહિત્ય પ્રકાશન**

જી-૧, અદિબ પ્રાઈમ, મહાવીર માર્ગ, આણંદ.

મો. ૯૮૭૯૪ ૪૪૭૬૩

# CHAROTAR NA TALPADA DEVIPOOJAKONO ITIHAS ANE PARAMPARAO

by

**Shardul Talpada**

Published by

**M. M. Shahitya Prakashan**



( ચરોતરના તળપદા દે.પૂ. સમુદાયની સંસ્કૃતિ અને

પરંપરાઓની વિશે માહિતી આપતો સર્વ પ્રથમ ગ્રંથ )

ISBN : 978-93-5419-708-6

પ્રથમ આવૃત્તિ : ૨૦૨૦

કિંમત : ૧૫૦-૦૦

મુખપૃષ્ઠ ચિત્ર : શ્રી અજીતભાઈ વાઘેલા

: પ્રકાશક :

**યોગેશ પબ્લિકેશન**

ગાંધી રોડ, અમદાવાદ

: સ્ટોકિસ્ટ :


**એમ. એમ. સાહિત્યપ્રકાશન**

જી-૧. અદીબ પ્રાઈમ, મહાવીર માર્ગ, આણંદ.

મો. ૯૮૭૯૪ ૪૪૭૬૩

# !! અર્પણ !!

## માતાપિતાના ચરણકમળમાં ...



પૂ. પિતાશ્રી ગોપાલભાઈ
ચંદુભાઈ તળપદા (નાપીયા)



પૂ. માતાશ્રી રેવાબેન
ગોપાલભાઈ તળપદા (નાપીયા)

# નિવેદન

પી.ટી.સીના વર્ષોમાં અભ્યાસની સાથોસાથ લોકસાહિત્ય તરફ આકર્ષણ વધ્યું હતું. મેઘાણીજી અને કાગબાપુ તરફ હૃદય વધુ ઢળતું હતું. મેઘાણીજી , કાગબાપુ , શ્રી જયમલ્લ પરમાર , શ્રી હસુ યાજ્ઞિક , શ્રી કનુભાઈ જાની , શ્રી ભગવાનદાસ પટેલ વગેરેના સંપાદિત લોકસાહિત્યના પુસ્તકો વાંચ્યાં હતા. પી.ટી.સી. પૂર્ણ થતાં જ મારા સમાજમાં ગવાતાં લગ્નગીતો , માતાજીની રેગડીઓ , દેવીની લોકવારતાઓ તરફ આકર્ષણ થવા લાગ્યું. એ સમયમાં મને શ્રી હરેન્દ્ર પ્ર. ભટ્ટસાહેબ સંપાદિત 'વીરડો'ના અંકો વાંચવા મળ્યા. એમાં ચરોતરના લોકસાહિત્યની ચર્ચાઓ પ્રત્યે ઊંડો રસ પડ્યો અને એ જ વખતમાં પ્રાથમિક શિક્ષક તરીકે શાળામાં જોડાયો. શિક્ષણસેવાની સાથોસાથ અમદાવાદ -'દેવીપૂજક સંદેશ'માં આ સમુદાય વિશે લખવા માંડ્યું. લોકસાહિત્યના તેજસ્વી લેખકો અને સંપાદકો - શ્રી હસુ યાજ્ઞિકજી , શ્રી લક્ષ્મણ ગઢવીજી , શ્રી કનુભાઈ જાનીસાહેબ વગેરે સાથે પત્રવ્યવહાર શરુ થયો. તેમની પ્રેમાળ હૂંફ અને સલાહ, સૂચનો મળતાં રહ્યાં. એવામાં રાજકોટવાસી શ્રી ઉમેશભાઈ સોલંકીજીનો સંપર્ક થયો. તેમણે મને દે.પૂ.સમાજ વિશેનું એક પુસ્તક આપ્યું. મને એમાં રસ પડ્યો અને પછી મેં 'ચરોતરના તળપદા દેવીપૂજકોનો ઈતિહાસ અને પરંપરાઓ ' વિશે અભ્યાસ તૈયાર કરવાનો નિર્ણય લીધો.

શિક્ષણ માત્ર પી.ટી.સી. હતું. કિંતુ સ્નેહીજનો અને સાહિત્યકારોના સતત સંપર્ક દ્વારા છ-સાત વર્ષના અંતે આ પુસ્તક તૈયાર થયું.

અહીં મારો મુખ્ય આશય તો ચરોતરમાં વસતાં તળપદા દે.પૂ.ના સામાજિક , ધાર્મિક રીત-રિવાજો, જાતિગત ઈતિહાસ, બોલી, તેમનામાં પૂજાતા દેવી-દેવતાઓ ,

લગ્નગીતો , રેગડીઓ વગેરે દ્વારા આ સમુદાયની સાંસ્કૃતિક પરંપરાઓ અને કંઠસ્થ સાહિત્યને રજૂ કરવાનો છે. કુલ સાત પ્રકરણોમાં મેં મારાં કાર્યને વિભાજીત કરીને આ સંશોધનકાર્ય ન્યાયિક બનાવવા પ્રયત્ન કર્યો છે. સમગ્ર ચરોતર / ગુજરાતમાં આ સમુદાયનો આવો અભ્યાસગ્રંથ પ્રથમવાર પ્રસ્તુત થાય છે. અભ્યાસીઓને, વિદ્યાર્થીઓને આ પુસ્તક ઉપયોગી બનશે એવું હું નમ્રપણે માનું છું.

મારા આ કાર્યમાં લોકસાહિત્યકારો-સંપાદકો, ગુરુજનો, સ્નેહિમિત્રો અને સમાજસેવકોએ સતત હૂંફ આપી છે. તે માટે તેમનો હૃદયપૂર્વક આભારી છું. આ કાર્યમાં પૂજ્ય મા અને બાપુજીનું પ્રોત્સાહન પણ ચિરસ્મરણીય રહેશે. મારા ધર્મપત્નીએ આ કાર્યમાં જે ઊંડો રસ દાખવ્યો છે એ પણ જીવનનું યાદગાર સંભારણું બની રહેશે. મુ.લક્ષ્મણ ગઢવીજી , શ્રી હસુ યાજ્ઞિકજી, શ્રી કનુભાઈ જાનીસાહેબ, શ્રી લક્ષ્મણ પટ્ટણીજી, શ્રી નાથાભાઈ ચુનારા(દેવીપૂજક સંદેશવાળા), શ્રી ઉમેશભાઈ સોલંકીજી(રાજકોટ)એ પણ મારા આ કાર્યમાં ભારે રસ લઈ પત્રો દ્વારા જે માર્ગદર્શન આપ્યું છે તેનું પણ અહીં વિશેષભાવે સ્મરણ કરું છું. આ કાર્યમાં મને સતત પીઠબળ આપનાર મારા સ્નેહિમિત્ર શ્રીઅશોકભાઈ તળપદા (ગાજણાવાળા)નો પણ હું આભાર પ્રકટ કરું છું.

તા. ૨૬/૧૧/૨૦૧૯

- શાર્દૂલ જી. તળપદા

નાપા (એકતાનગર)

# અનુક્રમ

# પ્રકરણ - ૧

# જ્ઞાતિની ઉત્પત્તિ અને સ્વરૂપ

**ભૂમિકા :**

ભારતમાં બધા પ્રકારના સમુદાયો મળીને કુલ ૪,૬૩૫ સમુદાયો જોવા મળે છે. પ્રત્યેક સમુદાય તેની આગવી સંસ્કૃતિ ધરાવે છે. સંસ્કૃતિને જીવનશૈલી તરીકે પરિભાષિત કરવામાં આવી છે. સંસ્કૃતિમાં ભાષા , ધર્મ , માન્યતાઓ , મૂલ્યો , આચાર-વિચાર , કળા, સાહિત્ય, રીત-રિવાજો , પોશાક, ખાન-પાન વગેરેનો સમાવેશ થાય છે. ભારત વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે. આ એકતા ટકાવી રાખતું મહત્વનું પરિબળ છે – જ્ઞાતિ સંસ્થા. ભારતના દીર્ઘકાલીન ઈતિહાસમાં અનેક રાજકીય ઊથલપાથલો અને આંદાલનો થયાં છે. તેની સામે ટક્કર ઝીલીને જ્ઞાતિસંસ્થા આજે પણ જાણે કે અજેય બનીને ટકી રહી છે.

સૌથી પહેલાં ચાર વર્ણોનો ઉલ્લેખ જુનામાં જુના વેદ ઋગ્વેદમાં દસમ મંડળના પુરુષ સૂકતમાં આવે છે. જેમાં સમાજના ચાર વર્ણો : બ્રાહ્મણ , ક્ષત્રિય , વૈશ્ય અને શુદ્રનું વર્ણન આપેલું છે. સામાજિક અભ્યાસોને અંતે એવું કહી શકાય કે વર્ણવ્યવસ્થાના મૂળમાં સમાજના સફળ સંચાલન માટે કાર્યોની વહેંચવણી જ રહેલી છે. જેણે સમાજને શિક્ષણ આપવાનું કામ ઉપાડી લીધું તે બ્રાહ્મણ કહેવાયા. સમાજનું રક્ષણ કરવાનું કામ ઉપાડ્યું તે ક્ષત્રિય કહેવાયા . વેપાર ઉદ્યોગની વ્યવસ્થા જેણે સંભાળી લીધી તે વૈશ્યો કહેવાયા. અને ત્રણેય વર્ણોની સેવા કરનારા શુદ્ર તરીકે ઓળખાયા. તેમાં ઉચ્ચ-નિમ્નના ભેદો ન હતા. તેમાં ખંડ વિભાજન થયું ન હતું. સમાજમાં ચારેય વર્ણોનું સમાન મહત્વ હતું. ઋગ્વેદમાં વર્ણની ઉત્પત્તિ અંગે દૈહિક સિદ્ધાંત રજુ થયેલો છે. તેમાં સમાજની સરખામણી વિશાળ દેહ સાથે થઇ છે. બ્રાહ્મણ સમાજનું મસ્તક , ક્ષત્રિય સમાજના બાહુ , વૈશ્ય

સમાજની જાંઘ અને શુદ્રો સમાજના પગ છે. પરંતુ દેહનું કોઈ અંગ બીજા અંગ કરતા ઊંચુ હોવાનો દાવો કરી શકે નહિ. ઐકય અને સેવાઓની પારસ્પરિકતા આ દૈહિક સિદ્ધાંતનું હાર્દ છે. દેહના વિભિન્ન અંગોની જેમ રચનાતંત્રિય સંબંધોથી પરસ્પર જોડાયેલા છે. તે સમયે વર્ણવ્યવસ્થા શ્રમવિભાજનનાં સિદ્ધાંત ઉપર રચાયેલા સામાજિક વર્ગો હતા. વર્ણ બદલી શકાતો. ક્ષત્રિયો બ્રાહ્મણ વર્ગમાં દાખલ થઇ શકતા અને વૈશ્યમાંથી બ્રાહ્મણ થઇ શકાતું. શુદ્રો પણ બ્રાહ્મણ થયાના ઉલ્લેખો છે. વિભિન્ન વર્ણો વચ્ચે વ્યાવસાયિક નિયંત્રણ ન હતું. એક જ કુટુંબનાં સભ્યો જુદા-જુદા વ્યવસાયોમાં રોકાયેલા હોવાના ઉલ્લેખો ઋગ્વેદમાં છે. વર્ણનાં વ્યવસાયો જન્મદત્ત ન હતા. વર્ણો વચ્ચે ઉચ્ચ-નીચના ભેદભાવ ન હતા. વિભિન્ન વર્ણો વચ્ચે ખાનપાન અને સંપર્ક પર પ્રતિબંધો ન હતા. અસ્પૃશ્યતા ન હતી. કોઈ વર્ણને વિશિષ્ટ અધિકારો ન હતા. તેમ કોઈ વર્ણ અધિકારોથી વંચિત ન હતો. આથી ડૉ.પ્રભુ કહે છે તેમ વૈદિકયુગમાં વર્ણવ્યવસ્થા ખુલ્લી વર્ણવ્યવસ્થા સમાન હતી. વર્ણો ગુણ કર્મો પર રચાયેલા હતા, જન્મના પાયા ઉપર નહિ. વર્ણવ્યવસ્થામાં જ્ઞાતિનાં લક્ષણોનો અભાવ હતો. પરતું ઋગ્વેદ પછીના વૈદિકયુગના અંત ભાગમાં એટલે કે ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદી સુધીમાં વર્ણો ચુસ્ત બનવા લાગ્યા.

વર્ણો વચ્ચે સામાજિક અંતર અને ઊંચ-નીચના ભેદભાવો વ્યકત થવા લાગ્યા. બ્રાહ્મણોનું સ્થાન સર્વોચ્ચ ગણાયું. બીજું સ્થાન ક્ષત્રિયોનું , ત્રીજું વૈશ્યનું અને છેલ્લું સ્થાન શુદ્રોનું તથા અંતે વર્ણ બાહ્ય પંચમવર્ણને સ્થાન અપાયું. રંગભેદનાં પાયા ઉપર સામાજિક ભેદભાવનો પ્રારંભ થયો. બ્રાહ્મણોને કેટલાક વિશિષ્ટ અધિકાર મળ્યા, જયારે શુદ્રોને અમુક અધિકારોથી વંચિત રાખવામાં આવ્યા. કેટલાક વ્યવસાયો રિવાજગત રીતે વંશાનુગત બન્યા હતા. જ્ઞાતિના લક્ષણોના સંદર્ભમાં જોઈએ તો જણાય છે કે ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદી સુધીમાં જ્ઞાતિના બધા લક્ષણો ઓછેવત્તે અંશે ઉદ્ભવી ચુકયા હતા. આમ છતાં હાલના

સમયમાં 'જ્ઞાતિ' શબ્દ જે અર્થમાં વપરાય છે તેવી જ્ઞાતિઓ ઉદ્ભવી ન હતી. પરંતુ વર્ણો ચુસ્ત બન્યા હતા અને ધીમે ધીમે એકબીજાથી જુદા અને સ્વતંત્ર સામાજિક એકમ તરીકે પરિવર્તન પામી રહ્યાં હતા.

અનુવૈદિકયુગમાં જ્ઞાતિવ્યવસ્થા જે સિદ્ધાંતો ઉપર રચાયેલી છે. તે બે સિદ્ધાંતો- ખંડ વિભાજન અને સામાજિક કોટિક્રમ વિકસી ચૂક્યા હતા. સમાજ અનેક ખંડોમાં વિભાજીત થયો અને તેની સંખ્યા વધવા લાગી. જુદા જુદા વર્ણો અનેક પેટાવિભાગોમાં વહેંચાઈ ગયા. ચાંડાલ વગેરે અસ્પૃશ્ય ગણાતાં. 'જાતિ' શબ્દ વર્ણના અનેક પેટાવિભાગો માટે પ્રયોજાયો. પ્રાદેશિક ભાષામાં જાતિ શબ્દ જ્ઞાતિનો પર્યાય બની ગયો. 'જાતિ' શબ્દ સંસ્કૃત શબ્દ 'જન' ઉપરથી બનેલો છે અને તેનો અર્થ 'જન્મ લેવો' એવો થાય છે. એટલે કે જાતિનિર્ધારણ જન્મથી થાય છે. જેઓ પોતાના વર્ણધર્મથી ચલિત થયા તેઓ પિશાચ, મ્લેચ્છ જેવી નીચી જાતિના ગણાયા. પ્રત્યેક વર્ણ માટે અમુક નિયમો અને કર્તવ્યોને પોતાનો ધર્મ કે નૈતિક ફરજ સમજીને તેનું પાલન કરવાનું રહેતું. આને જ વર્ણધર્મ કહેવામાં આવે છે. વર્ણધર્મના ઉલ્લંઘનથી વર્ણ દરજ્જો ગુમાવવો પડતો. આંતરવર્ણલગ્નથી મિશ્રજાતિ ઉદ્ભવી. નિષાદ, સુત, મગધ , વિદેહ વગેરે જાતિઓ આંતરવર્ણ લગ્નથી-ઉદ્ભવી. એટલે કે સમવર્ણ લગ્નનાં ઉલ્લધનથી વર્ણ દરજ્જો ગુમાવવો પડતો. મનુ ભગવાને આવી ૫૭ જાતિઓનો ઉલ્લેખ કર્યો છે. વર્ણોના પેટા વિભાગો અને અન્ય જાતિઓ જ્ઞાતિ તરીકે સ્વીકૃત થઈ હતી. આવા પ્રત્યેક જૂથો અને તેના પેટા વિભાગોને તેમની આંતરિક વ્યવસ્થા જાળવવા પોતાનાં નિયમો હતા. આ નિયમોના ઉલ્લંઘન બદલ રાજા દ્વારા સજા થતી. ધૂર્યેએ નોંધ્યું છે તે અનુસાર રાજા પાસે ફરિયાદ કરતી વખતે પોતાની જ્ઞાતિનું નામ નોધાવવું પડતું. વિવિધ જ્ઞાતિઓ પોતપોતાના નિયમોને અનુસરે અને તેમની વચ્ચેનું સામાજિક અંતર જળવાય તે જોવાની ફરજ રાજાની ગણાતી. આ રીતે સામાજિક સંગઠનના એકમ તરીકે જ્ઞાતિ સ્વીકૃત

બની હતી. અનુવૈદિકયુગનો સમાજ ઊંચનીચના ભેદભાવવાળા સ્તરોમાં વિભાજીત થયો હતો એટલે કે સામાજિક કોટીક્રમ કે દરજ્જો ચડ ઉતરનો ક્રમ સંસ્થીકૃત થયો હતો. લેનોયે નોંધ્યું છે તેમ અનુવૈદિક યુગમાં બ્રાહ્મણ સર્વોચ્ચ સ્થાને હતા. ત્યાર પછીના દરજ્જા ક્રમમાં અનુક્રમે ક્ષત્રિયો, વૈશ્યો અને શુદ્રો અને છેલ્લું સ્થાન પંચમવર્ણનું હતું. આમ, સામાજિક ભેદભાવો વધ્યા હતા.

## જ્ઞાતિનો અર્થ :

જ્ઞાતિ એક સંગઠિત જૂથ , સંસ્થા તેમજ સ્તરજૂથ છે. તે ભારતીય સમાજની અદ્વિતીય ખાસિયત છે. હટ્ટન નોંધે છે તેમ ભારતમાં લગભગ ૩૦૦૦ જ્ઞાતિઓ છે. જ્ઞાતિઓની આ સંખ્યા વૈવિધ્ય અને ભારતીય સમાજનું બહુમુખી સ્વરૂપ દર્શાવે છે.

જ્ઞાતિ 'caste' શબ્દ ઓલાદ, વંશ કે જાતિના સુચક પોર્ટુગીઝ શબ્દ ( casta - કાસ્ટા ) ઉપરથી ઉતરી આવ્યો છે. રિચાર્ડ લેનોય લખે છે તેમ, "વર્ગથી તદ્દન જુદા પ્રકારનું એવું પોર્ટુગીઝોએ તેને 'casta' એવું નામ આપ્યું અને તેમાંથી ભારતીય સમાજ રચનાને લાગુ પડતો 'caste'(જ્ઞાતિ) શબ્દ ઉદ્ભવ્યો. આમ , ઐતિહાસિક દ્રષ્ટિએ જોઈએ તો 'વર્ણ' વેદકાળથી પ્રચલિત હતો. જયારે 'જ્ઞાતિ' શબ્દ ૧૬મી સદીથી પ્રચલિત બનેલો અને સ્વતંત્ર સામાજિક એકમરૂપ નાનાં નાનાં જૂથો માટે ઉપયોગમાં લેવાયેલો શબ્દ છે.

## જ્ઞાતિની વ્યાખ્યાઓ :

શ્રીનિવાસ જ્ઞાતિનો ખ્યાલ સમજાવતાં નોંધે છે કે જ્ઞાતિ એ એક વંશપરંપરાગત , અંતર્લગ્નની પ્રથા ધરાવતું , સામાન્ય રીતે એક જ વિસ્તારમાં વસતું જૂથ છે. જ્ઞાતિનો-પરંપરાગત ધંધો હોય છે અને જ્ઞાતિના સ્થાનિક કોટિક્રમમાં તેનું નિશ્ચિત સ્થાન હોય છે. જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચેના-સંબંધોનું નિયમન શુદ્ધ અને અશુદ્ધનાં

ખ્યાલો વડે થાય છે અને સામાન્ય રીતે સહભોજીતાનો વ્યવહાર જ્ઞાતિની અંદર જ હોય છે. દરેક જ્ઞાતિને તેનું નામ હોય છે. જે સામાજિક ઓળખનું પ્રતીક બની રહે છે.

સર હર્બર્ટ રિઝલીનાં મતાનુસાર- " જ્ઞાતિ એ કેટલાક - કુટુંબોનો અથવા કેટલાક કુટુંબોના જૂથોનો સમૂહ હોય છે. માનવ કે દેવી એવા કોઈ પૌરાણિક પૂર્વજમાંથી ઉતરી આવ્યાનો તેનો દાવો હોય છે. પેઢી દરપેઢી ચાલ્યો આવતો એ જ વ્યવસાય પોતે કરે છે. એમ તેઓ બતાવે છે અને તે બાબતમાં અભિપ્રાય આપવાની લાયકાત ધરાવનારાઓના કહેવા મુજબ તે એક સ્વતંત્ર , એક જાતીય જમાત ગણાય છે."

## જ્ઞાતિનાં લક્ષણો :

ડૉ.ધૂર્યે ભારતની પરંપરાગત જ્ઞાતિનું સ્વરૂપ સમજવા માટે જ્ઞાતિના છ રૂઢિગત લક્ષણો નોંધે છે[૧] :

(૧) હિન્દુસમાજનું જુદા જુદા ખંડોમાં વિભાજન :

વિવિધ જ્ઞાતિઓ ભારતમાં હિંદુ સમાજને જુદા જુદા-વિભાગોમાં વિભાજીત કરે છે. પ્રાચીનકાળથી હિન્દુસમાજ એક અખંડ સમુદાય રહ્યો નથી. હિંદુ સમાજની પ્રત્યેક જ્ઞાતિ એક અલગ અને સ્વતંત્ર સામાજિક એકમ તરીકે અસ્તિત્વ ધરાવે છે. આ લક્ષણના ત્રણ પાસાં છે જેમકે, જ્ઞાતિનું સભ્યપદ અને દરજ્જો જન્મગત હોય, જ્ઞાતિપંચાયત અને જ્ઞાતિની પોતાની આગવી સંસ્કૃતિ.

(૨) કોટિક્રમ :

વિવિધ જ્ઞાતિઓનાં અસમાન સામાજિક દરજ્જાઓનો કોટિક્રમ,જ્ઞાતિનું ધ્યાન ખેંચે તેવું, બીજું મહત્વનું લક્ષણ છે. જ્ઞાતિવ્યવસ્થામાં જ્ઞાતિઓના દરજ્જાઓની

અસમાનતા અથવા કોટિક્રમ હોય છે ખરો પણ આ કોટિક્રમમાં કઈ જ્ઞાતિ ક્યાં સ્થાને છે તે નક્કી કરવું મુશ્કેલ છે.

(૩) ખાનપાન અને સામાજિક વહેવાર અંગેના પ્રતિબંધો :

આ અંગેનાં પ્રતિબંધો શુદ્ધિ અશુદ્ધિનાં ખ્યાલો ઉપર રચાયેલા છે. ખાનપાન અને બીજા સામાજિક વ્યવહારો કઈ જ્ઞાતિ સાથે રાખી શકાય અને કઈ જ્ઞાતિ સાથે ન રાખી શકાય તે અંગેનાં ઘણા ઝીણવટ ભર્યા સામાજિક ધોરણો દરેક જ્ઞાતિમાં હોવાનું ઘુર્યે નોંધે છે. ખાવાપીવાનાં સંબંધો અને સામાજિક વ્યવહારોની બાબતમાં ભારતનાં જુદાજુદા પ્રદેશોમાં જુદી જુદી જ્ઞાતિઓમાં ઘણા તફાવતો જોવા મળે છે.

(૪) નાગરિક તથા ધાર્મિક અસમર્થતાઓ :

ભારતની વિવિધ જ્ઞાતિઓમાં પ્રવર્તતા ચઢિયાતાપણા અને ઉતરતાપણાના ખ્યાલોએ તથા શુદ્ધિ અશુદ્ધિના ખ્યાલોએ નિમ્ન અને ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓમાં નાગરિક અને ધાર્મિક અધિકારો વિશે એક પ્રકારની અસમાનતા સર્જી છે. નિમ્ન ગણાતી જ્ઞાતિઓ લોકવ્યવહારમાં અનેક પ્રકારના નાગરિક ધાર્મિક અધિકારોથી વંચિત રહે છે. જયારે ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ આ બાબતમાં અનેક વિશેષાધિકારો ધરાવે છે.

(૫) ધંધાની પસંદગી ઉપર અંકુશો :

જ્ઞાતિઓ વ્યવસાયો વંશપરંપરાગત ચાલ્યા આવતા હતા. પ્રત્યેક જ્ઞાતિએ પોતાનો નક્કી થયેલો ધંધો કરવો તે ફરજ ગણાતી. પોતાની જ્ઞાતિ સિવાયનો અન્ય ધંધો ફાયદાકારક-જણાતો હોય તો પણ જ્ઞાતિઓને ધંધો છોડીને અન્ય ધંધો કરી શકાતો નહીં. ધંધાની પસંદગીની બાબતમાં સામાન્યત: જ્ઞાતિના ધોરણોના અંકુશો રહેતા હતા, આમ છતાં વિવિધ જ્ઞાતિઓ માટે વિવિધ ધંધાઓની પસંદગીની મર્યાદિત મોકળાશ રહેતી હતી. એકથી

વધુ ધંધાઓ કરનારી અનેક જ્ઞાતિઓ હોવાનું જણાયું હતું. આ રીતે જ્ઞાતિ અને વ્યવસાય વચ્ચે એકંદરે અતૂટ સંબંધ હતો અને તે શુદ્ધિ-અશુદ્ધિ ખ્યાલો ઉપર રચાયો હતો.

(૬) લગ્ન પરના પ્રતિબંધો :

દરેક જ્ઞાતિ વાસ્તવમાં અનેક નાની નાની પેટાજ્ઞાતિઓમાં વહેંચાયેલી હોય છે. એક પેટાજ્ઞાતિની વ્યક્તિ સાથેના લગ્ન પ્રતિબંધિત હોય છે. આમ, પેટાજ્ઞાતિઓ તરીકે ઓળખાતા આ બધા જૂથો અંતર્લગ્નની પ્રથા ધરાવે છે. અંતર્લગ્નની આ જ્ઞાતિપ્રથાનું એવું નોંધપત્ર પાસુ છે કે વેસ્ટરમાર્કે તો તેને જ જ્ઞાતિવ્યવસ્થાના હાર્દ તરીકે ઓળખાવ્યું છે. જ્ઞાતિના અંતર્લગ્નના આ નિયમોને કુલીન લગ્નપ્રથાના કારણે કેટલાક અપવાદો હોવાનું પણ ધૂર્યે નોંધે છે. જેમકે, પંજાબના પર્વતીય પ્રદેશમાં કેટલીક ઉપલબ્ધ ઊંચી જ્ઞાતિનો પુરુષ પોતાનાથી ઊતરતી જ્ઞાતિની સ્ત્રી સાથે લગ્ન કરી શકે છે.

## <u>જ્ઞાતિની ઉત્પત્તિ અને તેનું સ્વરૂપ :</u>

જ્ઞાતિ વ્યવસ્થાની બાબતમાં અનેક વિદ્ધાનોએ વિચાર્યું છે અને તેમાંના લગભગ દરેકે આ પ્રથાના ઉદ્ભવ માટે જુદી જુદી પરિસ્થિતિઓ અને પરિબળોને કારણભૂત ગણાવ્યાં છે. તેમાં નેસફિલ્ડ ,સેનાર્ત ,જે.એચ.હટ્ટન , કેતકર, મેક્સવેબર , હોકાર્ટ, ઈલટસન, ડૉ. ધૂર્યે , એન.કે.દત્તા, ઈરાવર્તી કર્વે વગેરે વિદ્ધાનોનાં પ્રયત્ન જાણીતા છે. આ વિદ્ધાનો જ્ઞાતિની ઉત્પતિ માટે જુદાં જુદાં કારણો આપે છે.

ભારતીય જ્ઞાતિવ્યવસ્થાની ઉત્પત્તિના વિષયમાં અનેક વિદ્ધાનોએ વિચાર્યું છે. આ પ્રથાના ઉદ્ભવ માત્ર જુદી જુદી પરિસ્થિતિઓ અને પરિબળોને કારણભૂત ગણાવ્યાં છે. જે નીચે પ્રમાણે ગણાવી શકાય :

(૧) પરંપરાગત મત :

પરંપરાગત હિંદુ માન્યતા પ્રમાણે જ્ઞાતિસંસ્થાની ઉત્પત્તિ બ્રાહ્મણ , ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એવા ચાર વર્ણોમાંથી થઈ છે. મનુએ પણ આ અંગે કહ્યું છે કે, "બ્રહ્માજીએ પોતાના મુખમાંથી બ્રાહ્મણો , બાહુમાંથી ક્ષત્રિયો , પેટમાંથી વૈશ્યો અને પગમાંથી શુદ્રોનું સર્જન કર્યું." આજના યુગમાં આ પરંપરામાં માનવું મુશ્કેલ છે.

'મનુસ્મૃતિ' જેવા ગ્રંથોમાં 'અનુચિત લગ્નસંબંધ' વિશે વિસ્તૃત નોંધ આપેલી છે. જેમાં કુંવારી કન્યાને થયેલ છોકરીને 'કાનીન' એવી સંજ્ઞા આપી છે. વિધવાને જો છોકરો જન્મે તો તેને 'ગોલક' નામ અપાયું છે. જુદી સંકરિત પ્રજાને માટે જુદીજુદી વ્યવસ્થા અને જુદાજુદા નામો ઠરાવવામાં આવ્યાં છે. કેટલીક આવી જાતિઓ વિશે જોઈએ [૨] :

| પુરુષ | સ્ત્રી | પ્રજાનું નામ |
|---|---|---|
| બ્રાહ્મણ | વૈશ્ય | અંબષ્ટ/નાપિક |
| બ્રાહ્મણ | શુદ્ર | નિષાદ |
| ક્ષત્રિય | વૈશ્ય | પુલિંદ |
| વૈશ્ય | ક્ષત્રિય | ભોજ |
| લક્ષક | ક્ષત્રિય | મત્સ્યબંધક |
| આયોગવ | ક્ષત્રિય | સુનિક |
| ક્ષત્રિય | બ્રાહ્મણ | સૂત |
| વૈદેહક | ક્ષત્રિય | સૂચિક |
| ક્ષત્રિય | શુદ્ર | ઉગ્ર |
| નિષાદ | વૈદેહી | આહીડીક |
| શુદ્ર | વૈશ્ય | આયોગેવ |

| | | |
|---|---|---|
| શુનીક | ક્ષત્રિય | ઉદબંધક |
| અંબષ્ટ | વૈદેહી | કુશીલવ |
| વૈશ્ય | બ્રાહ્મણ | વૈદેહક |
| નિષાદ | આયોગવ | કૈવર્ત |
| સુચક | બ્રાહ્મણ | તક્ષક |
| આયોગવ | બ્રાહ્મણ | તામ્રોપજીવી |
| ક્ષત્રિય | શુદ્ર | દૌશ્મત |
| બ્રાહ્મણ | આયોગવ | ધિગ્વણ |
| વૈશ્ય | ક્ષત્રિય | ધીરવ |
| રંજક | વૈશ્ય | નર્તક |

(૨) વ્યાવસાયિક સિધ્ધાંત :

નેસ્ફીલ્ડે ધંધાનો કે વ્યવસાયનો આધાર લઈને જ્ઞાતિપ્રથાની ઉત્પત્તિનો મત રજૂ કર્યો. તે કહે છે કે જ્ઞાતિના ઉદ્‌ભવ પાટે એકમાત્ર વ્યવસાય જ કારણભૂત છે. પણ આ મત સ્વીકાર્ય બન્યો નહિ.

(૩) જાતિભેદના સિદ્‌ધાંત :

આ સિદ્‌ધાંતના પુરસ્કર્તા છે-હર્બટ રિઝલે. તેઓ જ્ઞાતિપ્રથાના ઉદ્‌ભવ માટે વંશ અને અનુલોમ લગ્નપ્રથાને કારણભૂત ગણે છે. આ મત પણ સંતોપકારક નથી.

(૪) હોકાર્ટનો સિદ્‌ધાંત :

"જ્ઞાતિની આખી સંસ્થા એક જાતના કર્મકાંડથી ઉત્પન્ન થઇ છે." સમાજની ચાર વર્ણોમાં વહેંચણી મુખ્યેત્વે ધાર્મિક વિધિવિધાનો માટે કરવામાં આવી છે તેમ તે માને છે. જો કે અહીં જ્ઞાતિ સંસ્થાના અંગભૂત અને તે માટે અત્યંત જરૂરી એવ રોટી અને બેટી વ્યવહાર અંગેના નિયંત્રણોનો ખુલાસો મળતો નથી.

(૫) આર્થિક સિદ્ધાંત :

ઈબ્બટસન નોંધે છે કે , " પ્રારંભિક કાળમાં મનુષ્ય રખડતું-ભટકતું જીવન જીવતો હતો. આ પરિસ્થિતિમાં લોહીનાં સંબંધો ઉપર રચાયેલાં જૂથોમાં જ તેમનું જીવન જીવાતું હતું. અ થી જ્ઞાતિ પ્રથાનું અસ્તિત્વ તે સમયે નહોતું. પણ ધીમે ધીમે ખેતી અને ઉદ્યોગોની શરૂઆત થતાં મનુષ્યના સ્થિર જીવનની શરૂઆત થઈ. આ મત સ્વીકાર્ય બન્યો નથી.

(૬) હટ્ટનનો મત :

હટ્ટન માને છે કે, " આજે જે જ્ઞાતિ મોજૂદ છે તે અનેક સૈકાઓ દરમિયાન વધીને વિકાસ પામેલી એક સંસ્થા છે. આર્યો ભારતમાં આવ્યા ત્યાર પહેલાં જ ભારતમાં જ્ઞાતિપ્રથાના કેટલાંક તત્વો અસ્તિત્વ ધરાવતાં હતાં જ. પણ આર્યોના આગમનથી જ્ઞાતિપ્રથા વધારે સ્પષ્ટ બની. અને તેમાં આર્યોએ પોતાનું ઊંચું સ્થાન જાળવી રાખ્યું.

( ૭ ) ઉપરના બધા મતોનું મૂલ્યાંકન :

ઉપર જણાવ્યા પ્રમાણે જ્ઞાતિપ્રથાના ઉદ્ભવ સંબંધે વિવિધ મતો રજૂ થયો છે, પણ તેમાંથી કોઈ મત સંપૂર્ણ સ્વીકાર્ય બનતો નથી.જ્ઞાતિની ઉત્પત્તિનું મૂળ ખૂબ જ જટિલ સ્વરૂપનું છે. આથી એવું કહી શકાય કે વિવિધ જાતના પરિબળોની સંયુક્ત ક્રિયા - પ્રતિક્રિયાને પરિણામે જ્ઞાતિપ્રથાનો ઉદ્ભવ થયો છે.

## વર્તમાન સમયમાં જ્ઞાતિવ્યવસ્થા :

બ્રિટીશ યુગમાં જ્ઞાતિપ્રથામાં જે પરિવર્તનો શરૂ થયાં તે પરિવર્તનો સ્વતંત્ર ભારતમાં વધુ વ્યાપક અને ઝડપી બન્યાં. આ પરિવર્તનો પરથી એમ લાગે છે કે જ્ઞાતિવ્યવસ્થાના પરંપરાગત લક્ષણો નબળાં પડ્યાં છે અને તૂટી રહ્યાં છે. આજે રાજકીય જીવનમાં જ્ઞાતિરાજકારણ ઉદ્ભવ્યું છે, જ્ઞાતિવાદ વિકસ્યો છે. જ્ઞાતિઓ વચ્ચે સ્પર્ધા અને સંઘર્ષ વધ્યો છે. કહેવાતી નિમ્ન જ્ઞાતિઓનું સંસ્કૃતિકરણ અને કહેવાતી ઉચ્ચ જ્ઞાતિઓનું પશ્ચિમીકરણ થવા માંડ્યું છે. પછાતપણું સ્થાપિત હિત બન્યું છે. જ્ઞાતિઓમાં વર્ગ સ્તરરચના વિકસી છે. આમ, જ્ઞાતિ અમુક રીતે શક્તિશાળી બની છે. તે નવી જરૂરિયાત અનુસાર નવી જ ભૂમિકા ભજવી રહી છે.

## દેવીપૂજક જ્ઞાતિ :

આ જ્ઞાતિ વિશે શ્રી જે.એમ.મલકાણસાહેબનો અહેવાલ ઉપલબ્ધ છે. આ અહેવાલ નાની પુસ્તિકારૂપે શેઠ ભોલાભાઈ જેશંગભાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ લર્નિંગ એન્ડ રિસર્ચ , અમદાવાદ દ્વારા ઈ.સ.૧૯૯૩માં પ્રકાશિત થયો હતો. શ્રી મલકાણે તેમના સરકારી હોદ્દાની રૂએ પોતાના ખાતામાં દફતરમાં ઉપલબ્ધ માહિતીના આધારે આ અહેવાલ ઉપરાંત સૌરાષ્ટ્રના પછાત વર્ગો તથા પંચમહાલના આદિવાસીઓ વિશેના અહેવાલો પ્રકાશિત કરેલ છે. આ અહેવાલોમાં તેઓશ્રીએ આપેલા માહિતીના અધિકૃત પ્રમાણો સામેલ કરેલ નથી. પરંતુ અન્ય ગ્રંથો-અહેવાલોમાં ઉલ્લેખ કે સામેલ થયેલ માહિતીનો ઉપયોગ કરી પોતાનું કથન રજૂ કરેલ છે. આ માટે શ્રીમલકાણ નૃવંશશાસ્ત્ર, હિંદુ સંસ્કૃતિનો ઈતિહાસ , પ્રાદેશિક લોકકથાઓ, પ્રાચીન ભારતના શક્તિ સંપ્રદાયો , હિંદુ દેવીઓના પ્રતિમા વિધાન, ઈતિહાસકારોની પ્રવાસ નોંધો વગેરેનો આધાર લઈ આ સમુદાયનો ઉદ્ભવ, વ્યાપ, વસવાટ, સ્થળાંતર, રોજગાર, રહેણી કરણી, રીત રિવાજો ખાસ કરીને માતાજીની આરાધના , પૂજા ,

જાતરની ઉજવણી, ક્રિયાકાંડ, લગ્ન વિચ્છેદ તથા ઝઘડાઓની પતાવટ જેવી બાબતો આ અહેવાલમાં આવરી લીધેલ છે.

શ્રી જે.એમ.મલકાણ સાહેબ દ્વારા પ્રસિદ્ધ થયેલ આ અંગ્રેજી અહેવાલ મુજબ વાઘરી જાતિ આદિમ માનવ જૂથોના વખતથી અસ્તિત્વ ધરાવતી હતી. તે મૂળ આર્ય જાતિની સભ્ય છે. જે દક્ષિણ રશિયા અને મધ્ય એશિયાની સરહદ પર આવેલ કોકેશિયસ પર્વતમાળાના પ્રદેશો છોડીને પોતાના પશુઓ માટે ઘાસ ચારા અને પાણીની શોધમાં હિંદુકુશ પર્વતમાળાઓ ઓળંગીને ઉત્તર પશ્ચિમ મધ્ય ભારત સુધી આવી પહોંચી હતી અને સ્થાયી થઈ હતી.[૧૨] સંપૂર્ણ ભારતખંડમાં ફેલાયેલી મુખ્ય બે જાતિઓ મનાય છે : પ્રોટો ઓસ્ટ્રેલીયાડ અને મન્ગોલોયડ જાતિ. તેનો અન્ય સ્ત્રોત નિગ્રેટો પ્રજાતિ પણ છે.

દેવીપૂજક કોમના પૂર્વજોનાં મૂળ તો છેક પ્રાગ-ઐતિહાસિક કાળમાં પૃથ્વીના પટ પર ચોમેર શિકારની શોધમાં ઘૂમતા શિકારીઓના ટોળા સુધી પ્રસરતાં જણાય છે. વેદકાળ દરમિયાન જે વર્ગો શિકાર છોડી પશુપાલન તરફ વળ્યા તેના બે વર્ગ પડ્યાં. ગાય, ભેંસપાળનારા 'ગોપાલકો' અને ઘેંટા બકરાં ઉછેરનારા વર્ગ 'ગાડરી' કે 'ગાડરીયા' નામથી ઓળખાયા.[૧૫]

હિંદુ સંસ્કૃતિના આધારસ્તંભ એવા આપણા વેદોમાં બ્રહ્માજીના માનસ પુત્રો માના એક એવા અત્રિઋષિનો ઉલ્લેખ આવે છે. તે કુળના છેલ્લા પુત્ર તે 'વેન' તરીકે ઓળખાય છે. વેન મરણ પામતા તેના વંશને ચલાવવા તત્કાલીન ઋષિઓએ તેની ડાબી જાંઘને મસળતા તેમાં કાળો પુરુષ - ઠીંગણો પુરુષ ઉત્પન્ન થયો. જે મોસાળ પક્ષના યમદેવના નિશીદ-નિપાદના લક્ષણો સાથે અવતરેલો. તેના પુત્રોમાં નિષાદ,ખલાસી , માછીમાર, તૂમ્બરું, કોળી, વાગરી વગેરે ગણાવ્યા છે. આ ઉલ્લેખ 'હરિવંશ'માં અત્રિઋષિની

વંશાવલીમાં જોવા મળે છે.૧૨ પરંતુ આ અંગેનું સ્પષ્ટીકરણ હજુ સુધી કોઈ વિદ્વાને કર્યું નથી.

મૂળ રાજસ્થાન-મારવાડથી આવેલા દેવીપૂજકો આજે સમગ્ર ભારતમાં વિસ્તર્યા છે. ગુજરાતમાં દેવીપૂજક જ્ઞાતિની વસ્તી અંદાજીત ચાલીસ (૪૦) લાખ જેટલી છે. આ જ્ઞાતિના લોકો ગુજરાત , સૌરાષ્ટ્ર ઉપરાંત દિલ્હી , મુંબઈ, કોલકાતા , આસામ, બિહાર વગેરે પ્રાંતોમાં ફેલાયા છે.

પૂ.મોરારિબાપુના મતે દેવીપૂજક 'નદીનાં સંતાનો' છે. કારણ કે તેઓ નદીના ખોળે ઉછરે છે. નદીના પટમાં વીરડા ગાળી શાકભાજી અને સ્વાદિષ્ટ મધમીઠા તરબૂચ ઉગાડે છે , કૂબામાં વસે છે. આ એમનું જીવન છે. તો પૂ.પાંડુરંગ આઠવલેદાદા 'વાઘરી' શબ્દને પોતાની વિચારવાણીમાં ગોઠવે છે કે 'વા'-એટલે વાસુદેવ , 'ઘ' એટલે ઘનશ્યામ અને 'રી' એટલે રીજવનાર. ભગવાન વાસુદેવ ઘનશ્યામને રીજવનાર એટલે વાઘરી !

સમગ્ર ગુજરાતમાં દેવીપૂજક જ્ઞાતિ (૧૮) અઢાર પેટાજ્ઞાતિમાં વિભાજીત થઇ છે. જેવી કે દાતણીયા, ગામેચા, કામળિયા,હાલારી, મોઢકિયા, ટોપલિયા, ચુવાડિયા, કુંકડીયા, વાંસદિયા, સલાટિયા, વાઘેલિયા , વેડવા, મારવાડી, વાઢીયારા , પોમના, ઉત્તમિયા, ધાનધાડીયા, સાસોરિયા, જાલોરી , કચ્છી, પટ્ટણી વગેરે.

રાજસ્થાનના જયપુર જીલ્લાના વસતા વાઘરી લોકો પોતાનાં અસલ મૂળના ગોત્ર તરીકે બડગુર્જર, પવાર , સોલંકી, અને ગોદરા ગણાવે છે. ભારતના સત્તર(૧૭) જેટલા રાજ્યોમાં વાઘરી દેવીપૂજક સમાજ વસે છે. જે રાજ્ય પ્રમાણે જુદા જુદા નામે ઓળખાય છે. ગુજરાતમાં વાઘરી ( ગુજરાત સરકારે પર્યાય નામ 'દેવીપૂજક' આપેલ છે. ) ઉત્તરપ્રદેશમાં બાવરી કે બાવુરી, મદ્રાસમાં કોરવા, બંગાળમાં બાગજી, બિહારમાં બહેલીયા, મધ્યપ્રદેશમાં

પારધી અને રાજસ્થાનમાં બાવરિયા એમ જુદાં જુદાં નામોથી ભારતભરમાં દેવીપૂજક જાતિ ઓળખાય છે.

'વાગરી' શબ્દના પર્યાય શબ્દો સંસ્કૃતમાં 'વ્યાઘ્ર' અને 'વ્યાઘાવી' મળે છે.

અમરકોશમાં આપેલ 'વાગુરા' શબ્દનો અર્થ જોઈએ :

જાલવિશેપ-

વીતંસસ્તૂપ કરણમ્ બંધને મૃગપક્ષીણામ્

ઉન્માથ: કૂટયંત્રમ્ સ્યાદ્વાગુરા મૃગબંધની.

એટલે કે પક્ષીઓને પકડવા માટે વપરાતું સાધન. A net , a snare , a noose. અન્ય સંસ્કૃત શબ્દ 'વાગુરિક'(પું.) નો અર્થ - જાલેન મૃગાન્બધ્ન: એટલે કે જાળ પાથરીને હરણને પકડનાર એવો આપ્યો છે.

ભગવદ્ગોમંડળમાં ભાગ-૭ , પાન નંબર - ૭૯૭૩ પર 'વાઘરી' શબ્દનો અર્થ નીચે મુજબ આપેલો છે :

૧.( સં. વાગુરિક ; વાગુરા ( શિકારની જાળ ) + ઈક(વાળું) પું. એ નામની જાતિનો આદમી.

૨. જાળ નાખી પશુ પંખીઓ પકડી આજીવિકા કરનારો શિકારી ; પારધિ.

'બૃહદ્ ગુજરાતી કોશ'માં 'વાઘરી' જાતિનો અર્થ નીચે પ્રમાણે આપ્યો છે :

પુ. (વાગુરિક –પ્રા.વાગુરિય )જાળ કે ફાંસલા બિછાવી પક્ષીઓ વગેરેનો શિકાર કરનાર એમાંથી વિકસેલી એક હિંદુ જાતિ એને એનો પુરુપ (સંજ્ઞા) , શાક , દાતણ કે મધ વગેરે વહેંચવાનો ધંધો કરનારી એક તેજસ્વી જાતિ અને એનો પુરુપ (સંજ્ઞા).

નર્મદ કોશમાં આપેલ અર્થ- પુ. વનચર પશુ-પક્ષીને પકડવાનો ધંધો કરનાર વિ.એ જાતના લોક તે.

'વાઘરી' શબ્દનો સાદો અર્થ- 'વાઘનો દુશ્મન' થાય છે. આ શબ્દ કેમનો ઊતરી આવ્યો તે વિશે એક રસપ્રદ લોકકથા કેપ્ટન એમ.જે.ભીડે નોંધે છે[૧૫] :

એક વખત રાજસ્થાન ભૂમિ પર રાજકુંવરીના લગ્ન લેવાયા. ચાર ક્ષત્રિયોએ રાજકુંવરીનો પાલખીમાં બેસાડીને પોતાને સાસરે મુકવા માટે જાન ભેગા ચાલવા લાગ્યા. જાનનો રસાલો ઘનઘોર ઝાડીઓમાંથી પસાર થતો હતો એ જ વખતે કેટલાક મચ્છલ જાતિના ચોર-લુટારાઓ જાન પર તૂટી પડયા. ઘણા ખરા જાનૈયા જીવ લઈને ભાંગી છુટ્યા. વરરાજાનો વધ થયો. પેલા રક્ષકો-રજપૂતો સાવજની જેમ પેલા ચોરટાઓ ઉપર તૂટી પડ્યાં ને લુંટારાઓનો કચ્ચરઘાણ વાળી દીધો. પણ આખી જાન ભાંગી છૂટી. યુદ્ધ ખેલતા ખેલતા તેઓ ઘણે દૂર સુધી નીકળી ગયા. ત્યાં મૂકેલ પાલખી ખૂબ દૂર રહી ગઈ. ડાકૂઓને માટી ખાતા કરી દઈ ક્ષત્રિયો પાલખી પાસે પહોંચ્યાં પણ ત્યાં તો રાજકુંવરીનો કોઈ જ પત્તો નહતો. વન-વગડામાં ખૂબ શોધ કરી. આખરે એક અવાવરી વાવમાં શોધતાં ત્યાં કુંવરીની લાશ તરતી જોઈ. રણસંગ્રામના વિનાશથી રાજકુંવરીએ પોતે જ વાવમાં પડીને મોત વ્હાલું કરી દીધું હતું. ચારેય શૂરવીરો ખૂબ દુ:ખી થયા. તેમની પાસે કોઈ જ ઉપાય નહોતો છેવટે તેઓએ નક્કી કર્યું કે રાજાને આ વાતની જાણ થશે તો આપણને જાનથી મારી નાખશે. તેથી ચારેય જણા જુદી જુદી દિશાઓમાં ચાલી નીકળ્યા. ચારેય ભાઈઓ છૂટા પડયા. જંગલોમાં વસતા આદિવાસી-ભીલ સાથે જાત છુપાવીને રહેવા લાગ્યા. ભીલો સાથે રહીને તેતર, સસલાનો શિકાર કરવાનું શીખ્યા. ઝાડે ઝાડે ચડીને મધ-એકઠું કરવાનું શીખ્યા. કશું કામ ન મળે તો બાવળના દાતણ કાપીને નગરમાં બારણે બારણે દાતણ મૂકી આવે અને પોતાનું ગુજરાન ચલાવે. નગરના લોકો આવા કદાવર શરીરના મનુષ્યને જોઈને પૂછે કે કઈ જાત ? તો તેઓ કહેતા કે વાવરી.( કુંવરબા જે વાવમાં પડી તે પરથી આ શબ્દ સૂજ્યો હશે !) સમય જતા લોકો તેઓને 'બાવરીયા' કહીને બોલાવતા થયા. આજે પણ રાજસ્થાનમાં વાઘરી લોકો 'બાવરીયા' અટક લખાવે છે.

આ વાઘરી લોકો શરીરે મજબુત અને ખડતલ અને સાહસી હોવાથી નગરના રાજાએ એક 'વાવરી'ને પોતાનાં શિકાર માટે સાથે લીધો. શિકારપ્રિય રાજા અને વાવરી જંગલમાં ગયા. ત્યાં એક ઝાડીમાંથી અચાનક 'વાઘ' નીકળ્યો વાઘને જોઈને રાજા ડરી ગયો. કેમકે આજ સુધી તેણે આવો વિકરાળ વાઘ જોયો ન હતો. તે ડરનો માર્યો એક ઝાડ ચઢી ગયો. પેલો વાવરી તો બહાદૂર હતો તેને તો વાઘની આંખોમાં આંખો મિલાવી, પાસે જઈને તેના ગળે હાથ ફેરવવા લાગ્યો અને ઝાડ ઉપર ચડેલા રાજાને કહ્યું કે, " બાપુ, હવે છોડો કમાનમાંથી તીર !" રાજાએ બાણ છોડ્યું. વાઘ પડ્યો.

આખા નગરમાં વાત ફરતી થઈ કે 'રાજાએ વાઘ માર્યો, વાઘ માર્યો' રાજાએ સભા ભરી. રાજા પ્રામાણિક અને સત્યનિષ્ઠ હતો. તેથી તેને બનેલી આખી ઘટના દરબારમાં કહી સંભળાવી.પેલા બહાદૂર 'વાવરી'નાં વખાણ થયા અને રાજાએ તેને બિરુદ આપ્યું 'વાઘરી'. વાગ્ + અરી = વાઘનો દુશ્મન (વાગરી = વાક્+અરિ = વાણીનો દુશ્મન !) આ દંતકથા પરથી પ્રાચીનકાળમાં વન્ય પ્રાણીઓનો શિકાર કરીને તથા શિકાર પ્રવૃતિમાં અન્યને મદદ કરીને જીવનનિર્વાહ ચલાવનાર એક બહાદૂર અને હિંમતવાન જાતિ હોવાના સંકેત મળે છે.

વાઘરી નામકરણના સંબંધમાં એમનામાં એક અન્ય દંતકથા પણ જાણીતી છે :

એકવાર નવરાત્રિ પૂજન વખતે એક પારધિ બાળક એક વાઘના બચ્ચાને પકડી લાવ્યો. ત્યાં એકઠાં થયેલાં લોકોએ મા વાઘેશ્વરી (દુર્ગા)ની પ્રતિમા એના ઉપર રાખીને ગઢની સાત પરિક્રમ્મા કરી. તો પારધિઓમાં અતુલ સાહસ અને શૂરવીરતાથી પ્રભાવિત થઈને રાજપૂતોએ જેના સંસર્ગમાં આ લોકો પહેલીવાર આવ્યાં ત્યારે એમને 'વાઘરી' નામથી નવાજ્યાં. સયાજીરાવ બાગ વડોદરામાં એક બાળકની મૂર્તિમાં આજે પણ એક વાઘરી બાળક

વાઘનો શિકાર કરતો દેખાય છે. જે એમનાં કથાનુસાર આ જાતિની શૂરવીરતા અને સાહસનું પ્રતિક છે.૧૫

પંજાબ અને તેની આસપાસના પ્રદેશોમાં લૂંટફાટ કરતી 'સાંસિયા જાતિ'માંથી 'વાઘરી' જાતિ ઉતરી આવી છે. એવું કેટલાક વિદ્ધ્વાનોનું માનવું છે. કારણ કે તેઓ પોતાને રાજપૂત ગણે છે. પરંતુ લૂંટફાટના વ્યવસાયને કારણે તેઓનું સામાજિક પતન થતાં ભટકતું જીવન જીવે છે.

દેવીભાગવતમાં ઉલ્લેખ મળે છે કે "મા આદ્યશક્તિ જગદંબાએ પોતાના તેજ અને શક્તિ તેમજ આયુધો અર્પણ કર્યાં ત્યારે એક અગ્નિ તેજ ગોળાના સ્વરૂપમાં દેવી પ્રગટ થયા. જેમને અસુરોનો સંહાર કર્યો. આ અગ્નિસ્વરૂપ દેવીના ઉપાસકો એટલે દેવીપૂજકો. 'કાઠિયાવાડ સર્વસંગ્રહ'માં કહ્યું છે કે, 'દેવીપૂજક-વાઘરી જ્ઞાતિ ઘણાં જૂના જમાનાથી ગીરમાં વસવાટ કરતી જ્ઞાતિ છે. સિદ્ધરાજ જયસિંહનાં સમયમાં આ લોકોનો કેટલોક વર્ગ માટીનાં વાસણો વેચવાનો ધંધો કરતા હતા.૧૦

'અલ બરૌની' નામના એક આરબ ઈતિહાસકારે તેના હિન્દુસ્તાન પ્રવાસ તથા વસવાટ દરમ્યાન આ જાતિ વિશે લખ્યું છે કે આ જાતિ શુદ્ર જાતિ તરીકે ગણાતી ન હતી. તેઓ શુદ્ર કરતાં અલગ ગણાતાં. તેઓ ગામની મધ્યમાં નહિ પરંતુ ગામની સરહદ પર વસવાટ કરતા. આમ છતાં તેઓ અંત્યજોથી ઘણા અલગ અને દૂર હતા. આ કારણસર જ આર્યોએ નક્કી કરેલાં ચારેય વર્ણોના થોડા થોડા ગુણો આ જાતિમાં જોવા મળે છે. શુદ્ર ન હોવાને કારણે તેઓ અસ્પૃશ્ય પણ નથી. મુંબઈ રેસીડન્સીના ગેઝેટ મુજબ મહારાષ્ટ્રમાં વાઘરીને 'ટેકરી' તરીકે ગણવામાં આવ્યા હતા. જેનો બીજો સમાનાર્થી અર્થ 'બેટા' એટલે કે પારધિ થાય છે.૧૬

કર્નલ મેકવિલે પારધિ નામથી જાણીતી આ જાતિના સંબંધમાં નોંધ્યું છે કે, "તેઓ જંગલી જાનવરો અને પક્ષીઓનો આખેટ ( શિકાર ) કરે છે. તથા મધ એકઠું કરે છે. એમનાં જીવનમાં ખૂબ-મોટી અનિયમિતતા છે." મિસ્ટર ઈવટસને આ લોકોને શિકારીઓની જાતિ પણ કહ્યા છે. એમને લખ્યું છે કે , "બાવરીને એક પછાત જાતિ માનવામાં આવે છે. પરંતુ એમના રીત રિવાજો હિંદુ છે. તેઓ ગાયના ભક્ત છે. તેઓ પીપળાના વૃક્ષને પણ સન્માન આપે છે. બાવરિયોનો ઈતિહાસ દસ્યુતાથી ભર્યો પડ્યો છે. પરંતુ હવે આ લોકો ખેતીવાડી કરે છે."

યુનાની યાત્રિક મેગેસ્થનીઝે પોતાના પુસ્તક ઈન્ડીકામાં આ જાતિ વિશે નોંધ્યું છે કે -" ભારતમાં ત્રીજી જાતિ ગોપાલક અને વાઘરીની છે. માત્ર આ જાતિ જ શિકાર કરી શકે છે અને પશુપાલન કરે છે. જંગલી પશુઓ તથા હાનિકારક પક્ષીઓથી દેશનું રક્ષણ કરવા માટે તેઓ રાજાઓની પાસે પર્યટન કરતાં રહે છે અને શિબિરોમાં તેઓ નિવાસ કરે છે."

વાઘરીને લોકકલાના કસબી તરીકે પણ ઓળખવામાં આવે છે. કારણ કે કળા તરફ લોકજીવનનો રસ અને ઊંડી અભિરુચિને કારણે પ્રાચીનકાળથી તેણે લોકસમાજ માટે રંગબેરંગી રમકડા જેવી ચીજવસ્તુઓ બનાવવાનો કસબ પણ હસ્તગત કર્યો છે. આ સિવાય ઘરે ઘરે ફરીને દીકરીયુંને છૂંદણા પાડવાનું કામ પણ આ જ્ઞાતિજનો કરતા હતા. સૈકાઓ પહેલા માનવજાતને જંગલી હિંસક પ્રાણીઓનો ભય હતો ત્યારે આ જ્ઞાતિ માનવજાતની રક્ષક બની હતી. સમાજમાં તેનું સ્થાન પણ ઊંચું હતું.[૬]

દેવીપૂજક જ્ઞાતિને 'નવહરીનાત' કહેવાય છે.[૧૨] એટલે કે આ જ્ઞાતિમાં નવ શાખ છે. જેમાં કઠિયા , હળવદિયા, તાજપરિયા , વિરમગામિયા , થડેકિયા , ચોવસિયા , ધાંગધ્રારિયા , ઉધરેજિયા અને તલસાણીયા વગેરે. મોટા ભાગની શાખો બારોટના ચોપડે નોંધાયેલ જોવા મળે છે. આમ છતાં કેટલીક શાખો ચોપડામાં નથી. ચોપડે ચડેલ

શાખાઓમાં કલાનિયા, કુવારિયા , કુવાદિયા , કરળિયા, મોણપરિયા, ભેસિયા , જાગરિયા, છાપરિયા વગેરે છે.

તેઓમાં સંયુક્ત કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. તેઓ દેવ દેવીઓમાં અને ભૂત પ્રેતમાં ઘણી જ દ્રઢ માન્યતા ધરાવે છે. તેઓમાં કેટલાક વિચિત્ર રિવાજ જોવા મળે છે. આ જ્ઞાતિમાં ગુનો અને ભૂલ કરનારને માતા (દેવી) સમક્ષ લઈ જઈ દાણા જોવડાવી ભૂલ કબૂલ કરાવી સજા કરવામાં આવે છે. આ ક્રિયાને તેઓ દોપ-જોશ કહે છે. કેટલાક વિભાગોમાં અંદરો અંદરની ચોરી , ઝગડા વગેરે માટે નાત પંચમાં રજૂ કરી જો વાંધો લેવામાં આવે તો ગુનેગાર માણસને નાતપંચ દંડ કરે છે.૧

## ગોત્ર અને ઈષ્ટદેવ :

વાઘરી જાતિના લોકો રામાયણના રચયિતા મહર્ષિ વાલ્મિકીજી પોતાના આદિગુરૂ માને છે. પોતાની પ્રાદેશિક બોલીમાં 'વાલ્મિકીજી'ને 'વાલિયા' નામથી સંબોધિત કરે છે. પોતાના નામની આગળ 'વાલિયા' કે 'વાલ્વા' ઉપનામને ગોત્રના સ્થાને રજૂ કરે છે. જેમકે , વાલ્વા વાઘરી , વાલ્વા પારધિ. વાઘેશ્વરી (દુર્ગા) માતા અને વીરભદ્રને પોતાના કૂળદેવતા અથવા ઈષ્ટદેવ માને છે.

## સામાજિક દરજ્જો :

માનવજાતિ સભ્ય સમાજોમાં વિકસ્યા પછી પણ આ જાતિ રૂઢિગત મુક્ત અને રખડતું જીવન જીવતી રહી આને કારણે આ સમુદાય આર્થિક રીતે ઘણો પછાત રહેવા લાગ્યો. સૈકાઓથી ગરીબી તેઓને વળગી રહી. ગરીબીને લીધે તેઓ અર્ધ ભૂખ્યા , આળસુ, નશાખોર બની રહ્યાં. આને લીધે સામાન્ય સમાજથી તેઓ તિરસ્કૃત અને તરછોડાયેલા રહ્યાં. સામાજિક સંપર્કોના અભાવે તેઓ વધુ ને વધુ પછાતપણા અને અજ્ઞાનતામાં ધકેલાઈ

ગયા. પરિણામ સ્વરૂપ અન્ય ગુનેગાર જાતિઓના સંપર્કમાં આવીને તેઓની જેમ ચોરી તથા લૂંટફાટ જેવાં ગુનાઓ કરતાં થયા.

સમય જતાં ભારતમાં અંગ્રેજ હકૂમત આવ્યા પછી અંગ્રેજ શાસકો અને અમલદારોના મનમાં આ સમાજ ખૂંખાર અને ગુનાહિત હોવાની છાપ પડી. આથી તેઓએ આ સમાજ પર સરકારનો કડક અંકુશ રહે તેવાં પગલાં લીધા. અંગ્રેજ શાસને નોટીફિકેશન બહાર પાડીને આ સમાજને ગુનાઈત જાતિ તરીકે જાહેર કરી. આથી આ જાતિના કેટલાંક સભ્યોને દરરોજ મધ્યરાત્રીએ ચોરામાં કે પોલીસ સ્ટેશને હાજર થવા ફરજ પાડવામાં આવતી. સુધારણાત્મક પગલાંરૂપે કેટલાંકને તેઓના બાળકો સહિત ખાસ પુનઃ વસવાટ કેમ્પોમાં રાખવામાં આવતાં. જ્યાં તેઓને રોજગાર હુન્નર શીખવવામાં આવતો.

આઝાદી પછી સરકારે ગુનાઈત જાતિઓને આ કલંકમાંથી મુક્ત કરવા માટે આ નોટીફિકેશન રદ કર્યું. ૧૯૫૨ની સાલમા સોલાપુર ખાતે તે સમયના વડાપ્રધાન જવાહરલાલ નહેરુના સાનિધ્યમાં વિશાળ અધિવેશન બોલાવીને આ જાતિઓને ડિનોટીફાઈડ કરવામાં આવી. એ જ વર્ષે કચ્છ જિલ્લામાં આ જાતિને શિડયુલ ટ્રાઈબ જાતિ તરીકે જાહેર કરવામાં આવી. સૌરાષ્ટ્રમાં પણ આ જાતિને અધર બેકવર્ડ ક્લાસ તરીકે જાહેર કરાઈ. જયારે બૃહદ મુંબઈ રાજ્યના તળ ગુજરાત પ્રદેશમાં આ જાતિને વિમુક્ત તથા વિચરતી જાતિ તરીકે જાહેર કરવામાં આવી. ત્યારબાદ ઈ.સ. ૧૯૬૦માં ગુજરાત રાજ્ય અલગ રીતે અસ્તિત્વમાં આવ્યા પછી એકમાત્ર કચ્છ સિવાય રાજ્યના બાકીના તમામ જિલ્લાઓમાં આજની સ્થિતિએ આ જાતિને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ ( બક્ષીપંચ )માં સમાવેશ કરવામાં આવી.

## સંદર્ભ ગ્રંથસૂચિ

(૧) ભારતીય સમાજ અને ભારતમાં સામાજિક સંસ્થાઓ -પ્રો.એ.જી.શાહ, પ્રો.જે.કે.દવે અનડા પ્રકાશન , અમદાવાદ (ત્રીજી આવૃત્તિ – ૨૦૦૯-૧૦)

(૨) સંસ્કૃતિદર્શન - સ્વાધ્યાય પરિવાર

(૩) રાજકોટની દેવીપૂજક જ્ઞાતિ-પંકજકુમાર.એન. મુછડિયા

(૪) ગુજરાતનું સંસ્કૃતિદર્શન -જોરાવરસિંહ જાદવ

(૫) આપણા કસબીઓ-૨ જોરાવરસિંહ જાદવ(પૃષ્ઠ નં..૧૧૮)

(૬) મનુસ્મૃતિ

(૭) કાઠીયાવાડ સર્વસંગ્રહ - કર્નલ જે. ડબલ્યુ વોટસન

(૮) ચરોતર સર્વસંગ્રહ – ઈ.સ. ૧૯૫૪

(૯) ભગવદ્ગોમંડળ -પ્રવીણ પ્રકાશન , રાજકોટ

(૧૦) શ્રીમદ્ દેવી ભાગવત

(૧૧) શ્રી દેવીપૂજક સમાજની વિવિધ શાખાઓ દેવ દેવીઓની અને પૂર્વજોની અમર ગાથાઓ– શ્રી ઉમેશભાઈ સોલંકી 'યોગી'-સ્વ.પ્રકાશન , રાજકોટ ( પ્રથમ –આવૃત્તિ -૨૦૦૬)

(૧૨) દેવીપૂજક સદેશ (અમદાવાદ)ના અંકો

(૧૩ ) વીકીપીડિયા

(૧૪ ) શ્રીમલકાણ સાહેબનો અહેવાલ - ૧૯૯૩

(૧૫ ) વાઘરી ઈતિહાસ - શ્રી ઈશ્વરપ્રસાદ વર્મા ( ઈ.સ.૧૯૬૪ )

(૧૬) મેગસ્થનીઝ કા ભારત વિવરણ – અનુ.બાબુ અવધવિહારીશરણ એમ.એ.બી.એલ

## પ્રકરણ - ૨

# ચરોતર પ્રદેશનો સામાન્ય પરિચય

ચરોતરની ચાર દિશા ,તરૂપ તમાકુ ને તૂર ;

નરનારી દોનું ભલા ,નિત નીતરે નવલાં નૂર.

બાજરિયા ગ્રંથ દૂધ સું , ચોખા તુવર દાળ ,

જળ , પ્રઘળ ને અંબફળ , ધાર ગુજર બલિહાર.




MAP OF CHAROTAR

વાસદથી શરુ થતા મહીકાંઠા અને મહેમદાવાદ પાસેની વાત્રક કાંઠાની વચ્ચેનો પ્રદેશ 'ચરોતર' ખૂબ ફળદ્રુપ અને રળિયામણો હોવાથી તે પ્રદેશ 'ચારૂતર' કહેવાય છે. તેરમી

સદીમાં રચાયેલા એક પુસ્તકમાં થયેલા 'પેટલાપ્રદપ્રમૃતી ચતુરુત્તર શતમ' એવા શબ્દપ્રયોગમાંના 'ચતુરુત્તર' ઉપરથી 'ચરોતર' શબ્દ થયેલો છે. લગભગ ઈ.સ.૬૪૦માં ચીની મુસાફિર યુ.એન.શ્યાંગે ગુજરાતની મુલાકાત લીધેલી. તેમણે પોતાના પ્રવાસ પુસ્તક 'સીયુકી'માં નોધ્યું છે કે – 'ખેડા પ્રદેશ(ચરોતર)નો ઘેરાવો ૮૦૦ કિમી જેટલો હતો. તેમાં તેઓ નોંધે છે કે આ પ્રદેશની વસ્તી ગીચ હતી ને ઘર સાધન સંપન્ન હતા. છોડઝાડ સંખ્યાબંધ હતા. લોકો ગુણવાન ,વિવેકી અને બુદ્ધિમાન હતા.'

સિદ્ધરાજ જયસિંહ ઈ.સ. ૧૦૯૪-૧૧૦૩ની સત્તા આ પ્રદેશ પર હતી તેવો ઉલ્લેખ ઈતિહાસમાં જોવા મળે છે. સિદ્ધરાજની માતા મીનળદેવીએ વિ.સં.૧૧૫૨માં ઉમરેઠ અને નડિયાદમાં વાવ બંધાવી હતી. બ્રિટિશ અમલમાં આ પ્રદેશ બ્રિટીશો અને દેશી રાજાઓ વચ્ચે વહેંચાઈ ગયો હતો. હવે રાજકીય ભેદો ભુલાઈ ગયા છે અને ખંભાતના અખાતથી માંડી ઉત્તર-પૂર્વમાં વીરપુર સુધીનો સળંગ પ્રદેશ ચરોતર પ્રદેશ બન્યો છે. ચરોતર એટલે ગુજરાતનો બગીચો. ચરોતરને પ્રકૃતિએ નવલખી ચુંદડી ઓઢાળી છે. એક સાહિત્યકાર લખે છે કે ચરોતર પાણી પોચો (જળ સમૃદ્ધ ) જ નથી , પૈસા પોચો (અર્થ સમૃદ્ધ ) પણ છે. ચરોતરની ધરતીમાં કણનું મણ નહિ પણ છમ્મણ પાકે છે. કેળાં , તમાકુ, ભાલના ઘઉં,ચરોતરના ચોખા આ બધા કુદરતે આપેલા આભરણ છે.

## સ્થાન :

આ પ્રદેશ ૨૨-૭' અને ૨૩-૧૮' ઉત્તર અક્ષાંશ અને ૭૨-૧૫' અને ૭૩-૩૭' પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. તેની ઉત્તરે સાબરકાંઠા જીલ્લો , દક્ષિણે મહીસાગર અને

ખંભાતનો અખાત, પૂર્વે પંચમહાલ જીલ્લો અને અગ્નિ ખૂણે વડોદરા જિલ્લો,પશ્ચિમે અમદાવાદ અને નેઋત્યે તે ખંભાતના અખાત સુધી લંબાયેલો છે.

**વિસ્તાર :**

ચરોતર એટલે મધ્ય ગુજરાતમાં આવેલા ખેડા-આણંદ જીલ્લાના ગામડાંઓ અને શહેરોનો મલક. આ પ્રદેશનું વિસ્તાર ૭૧૯૪.૦ ચો.કિમી છે. આ પ્રદેશના કુલ ૯૬૨ જેટલા વસવાટવાળા ગામડાંઓ છે. ઉપરાંત ૧૭થી વધુ શહેરો છે. આ પ્રદેશમાં નવ નદીઓ પૈકી મહિસાગર અને સાબરમતી મુખ્ય નદીઓ છે. શેઢી ,વાત્રક , મેશ્વો અને ખારી નદીઓ સાબરમતીને ડાબે કિનારે જુદે જુદે સ્થળે મળે છે.

**ભૂસ્તર :**

આ પ્રદેશ મહી અને વાત્રક તથા શેઢી જેવી નદીઓએ નિક્ષેપ કરેલા કાંપથી રચાયો છે. ચરોતરના મહીકાંઠાના પ્રદેશમાં ઊંડાં કોતરો આવેલાં છે. આ મેદાનમાં જૂનો અને નવો કાંપ પથરાયેલો છે. છેલ્લા પાંચેક હજાર વર્ષથી નદીઓના તળ ઊંડાં જવાથી એમાં નવા કાંપના થર જામતાં અટકી ગયા છે, ભૂપૃષ્ઠ ધોવાતું જાય છે અને તેને લીધે નદી કિનારાની આસપાસની જમીનમાં અસંખ્ય કોતરો પડેલાં છે. આ મેદાન લોએસ પ્રકારની બેસર જમીનનું બનેલું છે. એ ખૂબ જ ફળદ્રુપ છે. અને ખેતી માટે ઉત્તમ છે.

આ ભૂપૃષ્ઠ દરિયાની સપાટીથી ૬૦૦ થી ૧૦૦૦ ફૂટ ઊંચું છે. તે બધે સ્થળે સરખું નથી. બાલાસિનોરથી કપડવંજ સુધીનો ઉત્તર તરફનો પૂર્વ-પશ્ચિમ ભાગ ડુંગરાળ છે. આ ભાગ ઊંચાણમાં હોવાથી માળ કહેવાય છે. ખંભાતનો નીચાણવાળો ભાગ 'ભાલ'

(ખાડા વાળો) તરીકે ઓળખાય છે. ભાલ અને માળ વચ્ચેનો સપાટ મેદાનનો પ્રદેશ ચરોતર કહેવાય છે.

## આબોહવા :

અહીં વિષમ હવામાન જોવા મળે છે. વધુમાં વધુ ઉષ્ણતામાન ૪૦ સે. થી ૪૬ સે. સુધી અને ઓછામાં ઓછું ઉષ્ણતામાન ૮ સે. થી ૧૦ સે. સુધીનું છે.

## ઋતુઓ :

આ પ્રદેશ સમશીતોષ્ણ કટિબંધમાં આવેલો હોઈ ગરમી અને ઠંડીનું પ્રમાણ એકંદરે માફકસર હોય છે. તો પણ વર્ષના જુદા જુદા ગાળામાં ગરમીનું પ્રમાણ ઓછુંવત્તું હોય છે. આ પ્રમાણ સૂચવતા વરસના ત્રણ ભાગ પાડવામાં આવે છે : શિયાળો , ઉનાળો અને ચોમાસું.

## જળ પરીવાહ :

ચરોતરમાં મહી નદીના પાણીનો જથ્થો વિપૂલ પ્રમાણમાં છે. મહી નદી, માળવાના ઉચ્ચપ્રદેશની પશ્ચિમ ધાર પર આવેલા અંજેરાં નજીકથી નીકળે છે તેની કુલ લંબાઈ ૫૦૦ કિમી છે. તેમાંથી ગુજરાતમાં તે ૧૮૦ કિમી વહી , ખંભાતના અખાતને મળે છે. તેનું પ્રવાહક્ષેત્ર આશરે ૨૨૦૦૦ ચો. કિમી જેટલું છે. આ નદી ડુંગરપુર-વાંસવાડાના પ્રદેશમાં થઈ, ચરોતરમાં વહે છે. આ નદીને દાહોદ અને રતનમલના ઉચ્ચપ્રદેશમાંથી અનેક ઉપનદીઓ આવીને મળે છે. ખંભાતના અખાતમાં ભરતી આવે છે ત્યારે એના પાણી વહેરાખાડી સુધી ધકેલાય છે. બામણગામ - ગંભીરા આગળ નદી પશ્ચિમ તરફ વળાંક લે છે.

દરિયા નજીકના ૭૦ કિમીના પ્રવાહમાં ભરતીની અસર થવાથી , મહી નદીનો પટ પહોળો બન્યો છે.

ચરોતરમાં પીવાના પાણીની સુવિધા માટે પાણી પુરવઠા યોજનાઓની મરામત અને નિભાવણી ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા કરવામાં આવે છે. ધુવારણ - હરીપુરા ઉદ્‌વહન સિંચાઈ યોજના ,ચોરખાડી આડબંધ યોજનાઓ દ્વારા ચરોતરમાં ખેતી માટે સિંચાઈની સુવિધાઓ ઉપલબ્ધ છે. ચરોતરના ગામડે ગામડે નાનું - મોટું તળાવ જોવા મળે છે.

**વનસ્પતિઓ :**

ચરોતર વનસ્પતિઓથી ભરપૂર છે. ચરોતરમાં ખેતીના પાકો , ફૂલ ઝાડ ઉપરાંત અણીયાર, અંકોલ , અશેતરો , આંબલી , આંબો , ઉમરડો , કડો, કણજરો , કપીલો, કરમડી , કણજી , દૂધલો, ધાવડો, પીપળ, બાવળ,બીયો, બોરડી, પીલુ, કાચકી, કોઠી , ખાખરો , ખેર , ગરમાળો , ગુંદી ,જાંબુ , સાગ , મહુડો , રાયણ, વડ, વરણો , વરાંખલી (ઢેકી), વીકળ , શમી , સરેરો, સરગવો, સંધેસરો , સાદડ, કાળીપાટ ,કુવચ , ગળો , મોરવેલ,વેવ, અધેડો , આવળ , કાસ, કાળીજીરી , ગાડરીયુ, ચમેડ, ચિત્રક , અરની , કંથાર, કંબોઈ , નગોળ , ભાંગરો , ધરો, મોથ વગેરે જેવી અસંખ્ય વનસ્પતિઓ જોવા મળે છે.

**અક્ષરજ્ઞાન :**

ચરોતરમાં(આણંદ-ખેડા)પુરુષોમાં સાક્ષરતાનું પ્રમાણ ઈ.સ. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ૯૩.૪૦ % છે. જ્યારે સ્ત્રીઓનું સાક્ષરતા પ્રમાણ ૭૪.૬૭ % છે.

## વસ્તી :

ઈ.સ.૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ આણંદ જિલ્લાની કુલ વસ્તી ૨૫૯૧૫૦ છે. ખેડા જીલ્લાની કુલ વસ્તી ૨૨૯૮૯૩૪ છે.

## ચરોતરની જાતિઓ :

ચરોતરમાં વિશેષ તો પાટીદાર પટેલોની વસ્તી ઉપરાંત કોળી, કંસારા, કુંભાર, ક્ષત્રિય, ખ્રિસ્તી, ખોજા, ગોહિલ, ઘાંચી, નાગર, વાણીયા, સોની, સૈયેદ, શેખ, વણકર, તળપદા દેવીપૂજક , દેવીપૂજક, દરજી, ધોબી, માળી, પઠાણ, મુલ્લા, મોલેસલામ , બ્રાહ્મણ, બારોટ, ભીલ, ભોઈ, ભરવાડ, મોચી, મીર, રાજપૂત, રબારી, રાવળ, લુહાર, લોહાણા, વ્હોરા, વણજારા,વાળંદ, ડફેર, વજીર, વાદી, મારગી ,મલેક ,દવે, જોશી ,પઢીયાર ,પાટણવાડિયા , વાઘેલા ,સોલંકી , ખાન, રાજ, સૈયેદ , હરિજન વગેરે જ્ઞાતિઓ જોવા મળે છે.

## ચરોતર રત્નોની ખાણ :

ચરોતર રત્નોની ખાણ છે. લીલીછમ હરિયાળી અને વનરાજીથી ભર્યો ભર્યો આ પ્રદેશ સંતો, સાહિત્યકારો , લોકસેવકો, સપૂતો , શૂરવીરો અને શિક્ષણકારોથી ભર્યો છે. અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ , મૂકસેવકશ્રી રવિશંકર મહારાજ , શ્રી બબલભાઈ મહેતા , વીર વિઠ્ઠલભાઈ ,શ્રી નરહરિભાઈ પરીખ વગેરે જેવા પ્રખર રાષ્ટ્રપ્રેમીઓ ચરોતરમાં થયા.

સ્વામીનારાયણ સંપ્રદાયના તમામ ફિરકાની ગંગોત્રી ચરોતર છે. રવિભાણ સંપ્રદાયના આદ્યપુરુષ ભાણસાહેબની જન્મ ભોમકા ચરોતર છે. ચરોતરમાં આવેલો શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ સત્ય અને અહિંસાની સુવાસ ફેલાવે છે. પોતાની જાત વેનરીને સમાજમાં ધર્મ સંસ્કાર અને માનવસેવાના દ્વાર ખોલનાર ભગવાન કરુણાસાગર , સંતરામ મહારાજ , મહાતમરામજી મહારાજ , સંત પ્રીતમદાસ , કવિ છોટમ , કવિ નરભેરામ ,પૂ.સ્વામી કૃષ્ણાનંદજી , ગોવિંદ-ગોવિંદગર , કવિ કિશન , શ્રી ભિક્ષુ અખંડાનંદજી ,દાદા ભગવાન , ગોપાલદાસ , શ્રી સચ્ચિદાનંદ સ્વામીજી વગેરે ચરોતરના અમૂલ્ય રત્નો છે.

આણંદના ત્રિભુવનદાસ , મુખી ગરબડદાસ , ડૉ.કુરિયન , અમૃતા પટેલ વગેરે નામો ચરોતરને વિશ્વફલક પર મૂકનાર છે. પુસ્તકાલય પ્રવૃતિના પ્રણેતા શ્રી મોતીભાઈ અમીન (ચરોતરનું મોતી) અને સ્વદેશ ખાતર રાજગાદીનો ત્યાગ કરનાર દરબાર ગોપાળદાસ ચરોતરના જ મહાપુરુષો છે. તો સાક્ષર નગરી નડિયાદમાં શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી ,શ્રી મનસુખરામ, શ્રી ઝવેરીલાલ યાજ્ઞિક , શ્રી રણછોડભાઈ ઉદયરામ , શ્રી મણીલાલ દ્વિવેદી , શ્રી બાલાશંકર વગેરે જેવા શબ્દશિલ્પીઓ થયા. શ્રી યશવંતભાઈ શુક્લ, શ્રી વિષ્ણુભાઈ ર.ત્રિવેદી , હિમાંશી શેલત , શ્રી જયંતિ દલાલ , જોશેફ મેકવાન ,શ્રી રાજેન્દ્ર શાહ ,શ્રી રાવજી પટેલ શ્રી હરીશ મીનાશ્રુ , શ્રી ભગીરથ બ્રહ્મભટ્ટ ,શ્રી અશોકપુરી ગોસ્વામી , શ્રી મણિલાલ હ.પટેલ, શ્રી ચતુર પટેલ , શ્રી હરેન્દ્ર પ્ર.ભટ્ટ વગેરે જેવા શબ્દ ઉપાસકો ચરોતરના જાણીતા સાહિત્યકારો - સંપાદકો છે.

ચરોતર શિક્ષણ અને સંસ્કારની ધરા છે. અહીં કર્મવીરો , દાતારો , રાષ્ટ્રીય નેતાઓ, લોકસેવકો , ઉત્તમ કારીગરો અને શબ્દશિલ્પીઓ થયા છે થતા રહે છે. શ્રી મણિલાલ હ.પટેલ સાહેબ લખે છે કે , " ખેતરમાં તમે વિચાર વાવીને ઘેર આવો ને બીજે દિવસે એ વિચાર લીલી કૂંપળે ઊગી નીકળે એવી ફળદ્રુપ જમીનનો પ્રદેશ એટલે ચરોતર." શ્રી રમેશચંદ્ર પટેલ 'આકાશદીપ'ના શબ્દો યાદ આવે છે :

ધન્યો ! હો ખમીરવંતા પુણ્ય પ્રદેશ ચરોતર

સેવાકાર્યનો સદાયે કરતા સવાયો ગુણોત્તર

સ્વપ્નદ્રષ્ટા ને સાહસે ચારુરત્નો સદા ચમકતા

શ્વેતક્રાંતિને કલ્યાણે પંથે તમે ઝબકતા દીવડા

## આણંદ - ખેડા જિલ્લાના તાલુકાનો સંક્ષિપ્ત પરિચય :

### આણંદ :

'ચરોતર સર્વસંગ્રહ'માં જણાવ્યા મુજબ આનંદગીરી ગોસાઈએ આ શહેર નવમાં સૈકામાં વસાવેલું. તેની નોંધ ભાટ-ચારણોના ચોપડે નોંધાયેલી છે. નાના અડધમાં ગોસાઈવાળું ફળિયું આજે પણ હયાત છે. આમ, આનંદગીરી ઉપરથી આનંદ - આણંદ નામ પડ્યું.




બે - એક હજારનો આણંદનો ઈતિહાસ જાણવાનું સૌથી પ્રાચીન સાધન ગામમાં 'જાગનાથ મહાદેવ'નું શિવાલય છે. દંતકથા પ્રમાણે આણંદ-જીટોડિયા વચ્ચે મહી નદી વહેતી હતી. જાગનાથ મહાદેવ આગળ મમ્માદેવીની ચમત્કારિક મૂર્તિએ મહીને શાપ આપ્યો કે, "જા અહીંથી બાર કોસ દૂર જઈને પડ." એટલે સરિતાએ પટ બદલ્યો. આજે ૧૨ કિમી દૂર વહી રહી છે. ગુપ્તો પછીના આણંદના ઈતિહાસનું પાનું છેક ઈ.સ.૬૦૯માં ઉઘડે છે. કલ્ચુરી રાજા બુધ્ધરાજના મળેલા તામ્રપત્રોમાં આનંદપુરનો ઉલ્લેખ છે. તામ્રપત્રમાં થયેલા આણંદ-આનંદ વિશેના ઉલ્લેખો પરથી ગામે છઠ્ઠી સદીના આસપાસ પોતાનું અસ્તિત્વ જાળવી રાખ્યાનું માની શકાય.

ઈ.સ.૧૮૦૦ થી ૧૮૨૦ના ગાળામાં સ્વામીશ્રી સહજાનંદજી ચરોતરમાં ફરેલા ત્યારે તેઓએ આણંદની હનુમાનજીની વાડીમાં વાસ કરેલો. ઈ.સ.૧૮૫૭માં આણંદના મુખી ગરબડદાસ પટેલે બળવાની જાગૃતિ ફેલાવી હતી.

ગુજરાત સરકારે તા.૧/૧/૧૯૯૭થી રાજ્યમાં છ નવા જીલ્લા બનાવતા ખેડા જિલ્લાના વિભાજનથી તા.૨/૧૦/૧૯૯૭થી આણંદ એક અલગ જીલ્લા તરીકે સ્થાન પામ્યું. આ જિલ્લામાં આણંદ , ઉમરેઠ, પેટલાદ, સોજીત્રા ,બોરસદ, આંકલાવ , ખંભાત અને તારાપુર મળીને કુલ આઠ તાલુકાનો સમાવેશ થાય છે.

આણંદ જિલ્લામાં કુલ ૩૬૫ ગામો અને ૧૧ શહેરોનો સમાવેશ થાય છે. ઈ.સ. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ આણંદ જિલ્લામાં પુરુષોની વસ્તી ૧,૩૧,૮૨૪ અને સ્ત્રીઓની વસ્તી ૧,૨૩,૩૨૬ કુલ ૨,૫૯,૧૫૦ વસ્તી છે. આ જિલ્લાનું ક્ષેત્રફળ ૨૯૫૧.૧૦ ચો.કિમી છે. આ જિલ્લો ૨૨.૦૭ થી ૨૩.૨૯ ઉત્તર અક્ષાંશ અને ૭૨.૧૫ થી ૭૩.૧૮ પૂર્વ રેખાંશમાં આવેલો છે. સરદાર પટેલ યુનિવર્સિટી અને આણંદ કૃષિ યુનિવર્સિટી છે. પ્રાથમિક શાળાઓ ૧૦૩૮ અને આ લખું છું ત્યારે ખાનગી પ્રાથમિક શાળાઓ ૨૨૧ છે. માધ્યમિક શાળાઓ ૨૨૬ છે અને કૉલેજો ૭૪ છે.

આણંદ જિલ્લાના જોવાલાયક સ્થળોમાં સ્વામીનારાયણ મંદિર-વડતાલ , અમૂલ ડેરી- આણંદ , એન.ડી.ડી.બી. , ઈરમા , વિદ્યાડેરી , અક્ષરપુરુષોત્તમ સ્વામીનારાયણ મંદિર -બોચાસણ, સરદાર પટેલ મેમોરિયલ-કરમસદ , વાલ્મી-વડોદ , સરદાર પટેલ ગૃહ -કરમસદ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ-અગાસ, સત કૈવલ મંદિર-સારસા ,શહીદ સ્મારક -અડાસ, હનુમાનજી મંદિર-લાંભવેલ , આશાપુરી મંદિર-પીપળાવ , જુમ્મા મસ્જીદ-ખંભાત, સૂર્યમંદિર-બોરસદ ,વહેરાખાડી સંગમતીર્થ , કનેવાલ તળાવ, રણછોડરાય મંદિર-ડાકોર , ગળતેશ્વર મહાદેવ મંદિર વગેરે છે.

આણંદ તાલુકાના આણંદ, ઓડ, કરમસદ, કાસોર, ખંભોળજ, ખાંધલી, ચીખોદરા, જીટોડિયા , નાપાડ, બાકરોલ , મોગર, રૂપારેલ,મોગરી ,રાહતલાવ , વઘાસી, વડોદ, સારસા ,સંદેશર , હાડગુલ, સદાનાપુરા , વલાસણ વગેરે ગામોમાં અન્ય સમુદાય ઉપરાંત તળપદા દેવીપૂજકોની વસ્તી નોંધપાત્ર જોવા મળે છે.

ઉમરેઠ તાલુકો :




વિ.સ. ૫૫૫માં લેઉવા-પાટીદાર જૂહા પટેલે ઉમરેઠ ગામ વસાવેલું. ગામની ફરતે કોટ, ચારેય દિશામાં દરવાજા , સુંદર સરોવરો અને ઘેઘુર લીલીછમ વનરાજીથી રળિયામણું લાગે છે. ઉમરેઠ 'ચરોતરનો ઉંબરો' કહેવાય છે. ગામમાં માલવ સરોવર,પીપળીયા સરોવર ,રામ સરોવર અને વડ સરોવર છે. ગામમાં શ્રી મૂળેશ્વર મહાદેવ , શ્રીજાગનાથ મહાદેવ ,બદ્રીનાથ મહાદેવ વગેરે પ્રાચીન શિવમંદિરો છે. સંવત ૧૮૫૫ના ફાગણ સુદ અગિયારસના શુભ દિવસે ભગવાન સ્વામીનારાયણે જાગનાથ મહાદેવમાં પ્રથમ વાર ઉતારો કરેલો. બાદ અનેક વાર ઉમરેઠમાં પધરામણી કરેલી. પ્રાચીન સમયમાં આ ગામ અમરાવતી નામે ઓળખાતું હતું.

ઉમરેઠ નગર ૨૨ -૪૨' ઉત્તર અક્ષાંશ અને ૭૩-૭' પૂર્વ રેખાંશ આણંદ - ગોધરા રેલ્વે લાઈન ઉપર આવેલું છે. એક કાળે આ નગર જૈન સંસ્કૃતિનું તીર્થધામ ગણાતું હતું. અહી અનેક સંતો , ધર્મ પ્રવર્તકો , વૈદિક આચાર્યો , કથાકારો, સાહિત્યકારો , શિલ્પીઓ થઇ ગયા. અહીના સંતરામ મંદિર અને સ્વામીનારાયણ મંદિરો જાણીતાં છે. ઉમરેઠના બનેલા મમરા -પૌવા વિદેશમાં પણ જાય છે. આણંદ-ખેડા જિલ્લાનું પ્રથમ પ્રિન્ટીંગ પ્રેસ ઉમરેઠમાં બન્યું હતું.

ઉમરેઠ તાલુકાના ઉમરેઠ , ઘોરા, ફતેપુરા, બડાપુરા, સૈયદપુરા, બડાપુરા વગેરે ગામોમાં અન્ય સમુદાયો સાથે તળપદા દેવીપૂજકોની વસ્તી જોવા મળે છે.

<u>પેટલાદ તાલુકો :</u>



'સોલંકી વંશની ગોધરા શાખાનો ઈતિહાસ' નામના પુસ્તકમાં પેટલાદનું પ્રાચીન નામ ' પંપાવતી ' આપેલું છે. તે વિ.સ. ૫૧૨માં સોલંકી રાજાએ વસાવેલું. પ્રાચીન વિદ્યાધામ તરીકે પેટલાદની ખ્યાતિ ફેલાયેલી હતી. પેટલાદમાં પાંડવ તળાવ , પ્રાચીન વાવ , અર્જુનશાહની દરગાહ , રણછોડરાય મંદિર ,વિશ્વકર્મા મંદિર ,સ્વામીનારાયણ મંદિર , સાઈબાબા મંદિર વગેરે છે. સરદાર પટેલે જ્યાં અભ્યાસ કરેલો તે એન.કે.હાઈસ્કૂલ આજે પણ કાર્યરત છે.

પેટલાદ તાલુકામાં ઈ.સ.૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ પુરુષોની વસ્તી ૧,૧૨,૧૯૬ જ્યારે સ્ત્રીઓની વસ્તી ૧,૦૨,૧૧૨ કુલ-૨,૧૪,૩૦૮ જનસંખ્યા છે. પેટલાદ તાલુકો તળપદા દેવીપૂજકોથી ભરપૂર છે. આ તાલુકાના મોટા ભાગના ગામોમાં આ સમુદાય જોવા મળે છે. પેટલાદ, આમોદ, ઈસરામા, કણીયા, ઘૂંટેલી ,ચાંગા, જેસરવા, જોગણ , ધર્મજ, નાર, જોગણ , પાળજ, પોરડા, પંડોળી, ફાંગણી ,બામણોલી , બાંધણી ,

ભવાનીપુરા , ભાટીયેલ , ભાલેલ ,ભુરાકોઈ , મહેળાવ , મોરડ ,રામોદડી, રામોલ, રૂપિયાપુરા , રંગાઈપુરા ,વટાવ, વડદલા ,વિશ્નોલી , સાંસેજ, સિલવાઈ, સિન્હોલ ,સુણાવ ,સંજાયા વગેરે ગામોમાં તળપદા દેવીપૂજકો વસે છે.

<u>સોજીત્રા તાલુકો :</u>




એક કાળે ખંભાત પાસેનું નગરા ગામ જયારે મહીસાગર સંગમ ઉપરનું મુખ્ય બંદર હતું ત્યારે ત્યાંથી નીકળી દેશમાં દૂર દૂર સુધી ફેલાયેલા ધોરીમાર્ગો સોજીત્રામાં થઈને પસાર થતા હતા. એને પરિણામે સોજીત્રા વેપાર ઉદ્યોગનું મહત્વનું કેન્દ્ર હતું.

ગામમાં કુંડ ,વાવ, જૈન દેરાસરો , બૌદ્ધ મૂર્તિઓ , મસ્જિદો વગેરે છે. કુંડને ગાળતા તેમાંથી મળી આવેલી મૂર્તિઓ એ આ ગામના અસ્તિત્વને ઈ.સ. પૂર્વેના બીજા સૈકામાં લઇ જાય છે. સોજીત્રા તાલુકાના પીપળાવ ગામે આશાપુરી માતાજીનું સુપ્રસિદ્ધ મંદિર આવેલું છે.

ઈ.સ. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ સોજીત્રા તાલુકાની વસ્તી -પુરુષો - ૫૦૪૭૫, સ્ત્રીઓ -૪૫૬૬૩ – કુલ - ૯૬૧૩૮ જેટલી છે. આ તાલુકાના સોજીત્રા , ઈસણાવ, કાસોર, ત્રમ્બોવાડ, દેવાતજ ,ડભોઉં , પીપળાવ, બાંટવા , મઘરોલ , મલાતજ , રૂણ , લીંબાલી વગેરે ગામોમાં તળપદા દેવીપૂજકોની વસ્તી જોવા મળે છે.

## ખંભાત તાલુકો :




પ્રાચીન સમયનું 'ત્રમ્બાવટી નગરી' હાલનું ખંભાત એક સમયે 'દુનિયાનું વસ્ત્ર' કહેવાતું હતું. તે ઉત્તર અક્ષાંશ ૨૨-૧૯' અને પૂર્વ રેખાંશ ૭૨-૩૭' ઉપર આવેલું છે. ખંભાતના દરિયા- કિનારાનું દર્શન આજે પણ સૌ કોઈના હૈયાને ઠારે છે. આ નગરના ઉલ્લેખો ઈતિહાસ-પુરાણી કથાઓ -પરદેશી પ્રવાસીઓના વર્ણનો વગેરેમાં ખૂબ જોવા મળે છે. ઈતિહાસ કાળમાં,સોલંકીયુગમાં તેનો ખૂબ વિકાસ થયો. ખંભાતમાં પ્રાચીન હસ્તપ્રતોનો ઉત્તમ ભંડાર અને ગ્રંથાલયો છે.

દિલ્હીના બાદશાહ જહાંગીરે દરિયો જોવા માટે ખંભાત પસંદ કરેલું. ગાડામાં બેસી તે અમદાવાદથી ખંભાત ગયા હતા. ત્યાંની જુમ્મા મસ્જિદ ખૂબ જ જૂની છે. ખંભાતમાં અંગ્રેજોની કોઠી તથા પુરાણો કોટ પણ છે. ખંભાત અર્વાચીનકાળના આરંભ સુધી ખંભાત બંદર સલામત હતું. આજે તે અકીક , હલવાસન ,સુતરફેણી , પતંગ ઉદ્યોગ માટે વિશ્વ વિખ્યાત બન્યું છે

ખંભાત તાલુકાની વસ્તી ઈ.સ.૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ પુરુષો -૮૭૭૮૭ , સ્ત્રીઓ -૮૦૦૩૧ , કુલ - ૧૬૭૮૧૮ છે. ખંભાત તાલકામાં અન્ય સમુદાય ઉપરાંત તળપદા દેવીપૂજકો જ્યાં વસે છે તે ગામોમાં -ખંભાત ,આખોલ ,કાલી તલાવડી,


કોડવા, કણઝટ, ધુડેલ, દહેડા, ધુવારણ , જલસણ ,જલુંધ , જીણજ, ફિણાવ, ભુવેલ , બામણવા, મીટલી , સાયમા , નગરા, હરિયાણ વગેરેનો સમાવેશ થાય છે.

આંકલાવ તાલુકો :

મહીસાગર નદીથી માત્ર ચાર કિલોમીટર છેટું પશ્ચિમે આવેલું છે. નગરનું મૂળ નામ અંકલપુર હતું તેમાંથી કાળક્રમે અંકુશપુરી થયું. ત્યારબાદ આંકલાવ થયું. ગામનો કુલ ઘેરાવો ૬ ચો.કિમી છે. મુંબઈ સરકારે ઈ.સ. ૧૯૪૩માં ખેડા જિલ્લાના તાલુકા મથક સિવાય આઠ ગામોને સત્તાવાર રીતે ગેઝેટમાં (નગર) જાહેર કરેલા તે યાદીમાં આંકલાવ ચોથા ક્રમે છે. ઈતિહાસ નોંધ પ્રમાણે સવંત ૧૫૪૧માં મહમંદ બેગડાનું લશ્કરના ઘોડા વીરકૂવાના હવાડામાં પાણી પીવા ઉતાર્યા. યારે ગામના ઠાકોર સાથે બાદશાહ સાથે ઝગડો થતા ઠાકોરના દીકરા અંદરદાસજી અને કેશવદાસજી ધીંગાણું કર્યું. અંદરદાસજી લડાઈમાંથી ભાગી છૂટ્યા. અને કેશવદાસજી જીવતા પકડાયા. તેમને આંકલાવના દરબારગઢમાં લાવવામાં આવ્યા હતા ત્યાં ઠાકોર અને મહમદ બેગડાએ સાથે બેસી ભોજન લીધું. તેથી ઠાકોર વટલાયા અને 'મોલે સલામ ગરાસીયા' તરીકે ઓળખાયા. અંદરદાસજી જે લડાઈમાંથી ભાગી છૂટ્યા. તેમના વંશજો હિંદુ જ રહ્યા. આજે બંન્નેની વસ્તી આંકલાવ વાંટામાં અલગ અલગ વસે છે.

આંકલાવ ગામની બાર ભાગોળ છે. આ ગામમાં મોરલીધર ,વેરાઈ માતા , સોમનાથ મહાદેવ, ગોપીશ્વર મહાદેવ, ચિદાનંદ આશ્રમ , વણકર ભગતની દેરી ,રામબાઈનું મંદિર ,ગામથી દૂર વગડામાં સમગ્ર ચરોતરના તળપદા દેવીપૂજકોના કૂળદેવી રૂપણ

માતાજીનું મંદિર આવેલું છે. સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર , કેથેલિક મિશન સંચાલિત દવાખાનું આવેલું છે. ગામમાં અઢાર કૂવા છે. ગામના પરાં અને તલાવડીઓ કુલ વીસ છે.



શ્રી રૂપણમાતાજીનું મંદિર , આંકલાવ

ગામમાં ગરાસિયા, હિંદુ રાજપૂત , બારૈયા , તળપદા દેવીપૂજકો ,વેડુ વાઘરીઓ, પટેલ વગેરે સમુદાયની વસ્તી છે. ઈ.સ.૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ પુરુષોની વસ્તી ૬૦,૩૩૮ અને સ્ત્રીઓની સંખ્યા -૫૪,૫૩૯ ,કુલ -૧,૧૪,૮૭૭ જનસંખ્યા છે.

આંકલાવ તાલુકામાં અન્ય સમુદાયની સાથે તળપદા દેવીપૂજકો અલારસા ,આસોદર ,ઉમેટા ,કોસીન્દ્રા ,ગંભીરા , બામણગામ ,ભાણપુરા ,ભેટાસી ,દેવપુરા ,લાલપુરા વગેરે ગામોમાં વસવાટ કરે છે.


<u>તારાપુર તાલુકો :</u>




તારાપુરમાં તારકાસૂર નામે મહાભયાનક અસુર થઈ ગયો. અહી તેનું મહારાજ્ય હતું. ગામની દક્ષિણ બાજુએ એક ટેકરો આવેલો છે. તે દૈત્યનો ટેકરો કહેવાય છે. તેને ખોદતાં અંદરથી રાખ નીકળે છે. સ્કન્દપુરાણ પ્રમાણે અહી કાર્તિકેયે તારકાસુરનો વધ કર્યો હતો. તારકાસુર નામ પરથી 'તારાપુર' નામ પડ્યું.

તારાપુર તાલુકામાં ઈ.સ.૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ પુરુષોની સંખ્યા ૩૯૪૫૦ અને સ્ત્રીઓની સંખ્યા-૩૬૪૦૦, કુલ-૭૫૮૫૦ છે. તારાપુરમાં અન્ય સમુદાયોની સાથે તળપદા દેવીપૂજકો તારાપુર , કસ્બારા, ખાનપુર , ગલીયાણા , ચાંગડા , ચીખલીયા, ઈસરવાડા ,જાફરાબાદ , મોટા કલાદરા ,મોરજ , વરસડા વગેરે ગામોમાં વસે છે.

<u>બોરસદ તાલુકો :</u>



વાલ્મિકિ ઋષિના શિષ્ય 'બોરુ' ઋષિએ વર્ષો સુધી આ ભૂમિ પર તપ કરેલું. બદર ઋષીએ અહી એક તોરણ બાંધ્યું. હાલમાં ત્યાં તોરણામાતાનું મંદિર છે. 'બોરુ' ઋષિના નામ પરથી ગામનું નામ 'બોરસદ ' પડ્યું. પ્રાચીન ઇતિહાસની દ્રષ્ટિએ બોરસદ ઘણું અગત્યનું મથક છે. છેક સંવત ૫૦૦ની સાલ પહેલાં તેની જુદી જુદી ગાદીઓ હતી. બોરસદની અત્યારની સુધરાઈના મકાન પાસે જે જૂની વણઝારાની વાવ છે તે ઈ.સ. ૧૫૭૨માં બાંધવામાં આવી હતી. તેના શિલાલેખમાં બોરસદનું જૂનું નામ 'પ્રભુતીર્થ' મળી આવે છે. ઈ.સ. ૯૪૨થી૯૪૭માં મૂળરાજ સોલંકીના સમયમાં અહીં એક યજ્ઞ આરંભવામાં આવ્યો. તે વખતે જે બ્રાહ્મણોને ઉત્તર હિંદમાંથી નિમંત્રી અહીં વસાવવામાં આવ્યા તે અહીંના અત્યારના બ્રાહ્મણોના પૂર્વજો ગણી શકાય. ત્યાર પહેલાં ઈ.સ. ૮૦૫માં ગોવિંદરાવ ત્રીજાએ બદરસિદ્ધ ગામ યોગ નામના એક જ્યોતિપના જ્ઞાતા ચૌદેય વિદ્યાના જાણકાર બ્રાહ્મણને દાનમાં આપ્યું. તેવો ઐતિહાસિક ઉલ્લેખ છે. ઈ.સ. ચોથા સૈકાથી આ ગામ નાનકડા સ્વરૂપે હયાતી ધરાવતું હતું. ગામમાં ખંડેરાવ વખતનું મહાકાળેશ્વર મંદિર , બળિયા દેવનું મંદિર , રોકડિયા હનુમાનજીનું મંદિર, પંચમુખી મહાદેવનું મંદિર ,જલારામ મંદિર , સૂર્ય મંદિર અને જૈન દેરાસરો આવેલા છે. આખા ચરોતરમાં માત્ર બોરસદમાં જ સૂર્યમંદિર જોવા મળે છે. તેથી તે 'સન સીટી' તરીકે પણ ઓળખાય છે.

સંવત ૧૫૫૩માં વણજારાઓએ બાંધેલી પ્રાચીન વાવ છે, પેશ્વાએ બાંધેલો કિલ્લો મોગલાઈના સમયમાં ઘણો મજબૂત ગણાતો. પેશ્વાઈયુગમાં ગુજરાતમાં બોરસદનું સ્થાન અનોખુ હતું. બોરસદમાં મુખ્ય દરવાજાઓમાં ખંભાતીદરવાજો, અમદાવાદી દરવાજો, વડોદરીયો દરવાજો , સુરતી બારી દરવાજો. જેમાં વડોદરીયો દરવાજો અને સુરતી બારી દરવાજો અત્યારે નાશ પામ્યા છે. બોરસદનું 'ભોભા તળાવ' મૂળરાજ સોલંકીના

'ભોભ' નામના પુત્રે સંવત ૧૦૭૩માં બંધાવેલું એવી લોકવાયકા પ્રસિદ્ધ છે. બોરસદના સરોવરોમાં બાટલા તળાવ , ઝાકલી તળાવ , વન તળાવ , માંજરી તળાવ અને કુરાઈ તળાવ છે.

બોરસદ ઐતિહાસિક નગરી છે. અહી જમીન-મહેસુલ મોકૂફનો સત્યાગ્રહ , હૈડિયા વેરો ,દાંડીકૂચ ,ના-કરની લડત જેવા સત્યાગ્રહો થયા હતા. બોરસદ અખંડઆનંદની જન્મભૂમિ અને વિદેશ મંત્રીશ્રી માધવસિંહ સોલંકીજીની કર્મભૂમિ છે. સરદાર વલ્લભભાઈ પટેલે ધારાશાસ્ત્રી તરીકે અહીંથી કામગીરી શરુ કરી હતી.

બોરસદ નગરમાં પટેલ ,જૈન , બ્રાહ્મણ , ક્ષત્રિયો , રબારી , મુસલમાનો , દેવીપૂજકો ,હરિજનો વગેરેની વસ્તી જોવા મળે છે. ઈ.સ. ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે બોરસદ તાલુકાની વસ્તી પુરુષો -૧,૫૨,૫૯૮ અને સ્ત્રીઓ -૧,૩૭,૯૨૫ કુલ - ૨,૯૦,૫૨૩ છે. આ તાલુકાના મોટા ભાગના ગામડાઓમાં અન્ય સમુદાયો સાથે તળપદા દેવીપૂજકો વસવાટ કરે છે. બોરસદ ,અમીયાદ ,ઉમલાવ , વડેલી , કઠોલ ,કંસારી , કંકાપુરા ,ખાનપુરા , ગાજણા , ચૂવા , સારોલ ,ગોરેલ ,ગંભીરા ,જંત્રાલ ,ઝારોલા ,દહેમી ,દહેવાણ , દાવોલ ,નામણ , નાપા ,બદલપુર ,બોદાલ , ભાદરણ ,રણોલી ,રાસ , વહેરા , વાછીએલ , વાલવોડ , વિરસદ , લાલપુરા , ડભાસી, સિંગલાવ , સીસ્વા વગેરે ગામડાઓમાં આ સમુદાયો વસે છે. •

<u>ખેડા જીલ્લો :</u>





પ્રાચીન સમયે સંસ્કૃતના લખાણોમાં ખેડા ગામ આબાદ અને પ્રસિદ્ધ જાહેર હતું. તેનું પ્રાચીન નામ 'ખેટક' જણાય છે. એ ગામ એ આબાદ અને પ્રસિદ્ધ શહેર હતું. ઈ.સ.૧૮૦૩ અને ૧૮૧૭માં બ્રિટીશ સરકારના તાંબા હેઠળ ખેડા જિલ્લાનો કેટલોક ભાગ આવ્યો હતો. ઈ.સ.૧૮૩૩થી ખેડા જીલ્લો સ્વતંત્ર જીલ્લા તરીકે અસ્તિત્વમાં આવ્યો. ત્યારબાદ તા.૨/૧૦/૧૯૯૭ના રોજ ખેડા જિલ્લાનું વિભાજન થતા આણંદ જિલ્લો અસ્તિત્વમાં આવ્યો. તા.૨/૧૦/૧૯૯૭ના રોજ ખેડાજિલ્લાનું મુખ્ય મથક ખેડાથી નડિયાદ ખસેડવામાં આવ્યું.

ખેડા ૨૨.૩૦' થી ૨૩.૧૮' ઉત્તર અક્ષાંશ અને ૭૨.૩૨'થી ૭૩.૩૭' પૂર્વ રેખાંશ વચ્ચે આવેલું છે. આ જિલ્લાનો ભૌગોલિક વિસ્તાર ૩,૯૪,૩૮૮ હેક્ટર છે. એરેરાસ વરસાદ ૫૧૮.૦૮ મીમી છે. ઈ.સ. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ કુલ વસ્તી ૨૨,૯૮,૯૩૪ છે. આ જિલ્લામાં કુલ ૧૧ નગર પાલિકાઓ આવેલી છે. જિલ્લાના મુખ્ય પાકમાં તમાકુ ઉપરાંત કપાસ ,બાજરી ,ઘઉં છે. ખેડા જિલ્લામાં કુલ ૧૦ તાલુકા છે : નડિયાદ, કપડવંજ, મહુધા, માતર, બાલાસિનોર, ઠાસરા, વીરપુર (ખેડા), કઠલાલ, ખેડા અને મહેમદાવાદ. આ જિલ્લાનો વિસ્તાર ૪૨૧૯ ચો.કિમી. છે. સાક્ષરતાદર ૭૨% છે. જિલ્લાનું મુખ્ય મથક નડિયાદ છે. કુલ જંગલ વિસ્તાર ૯૮૦૭ હેક્ટર છે. મહી ,સાબરમતી

,મેશ્વો ,ખારી ,લુણી ,વરાસી , મહોર ,વાત્રક અને શેઢી નદીઓ વહે છે. આ જિલ્લામાં વસ્તીની ગીચતા દર ચો.કિમી. દીઠ ૪૮૦ છે. ખેડા તાલુકામાં આવેલા ગામડાઓમાં ચિત્રાસર ,દેદરડા ,ગોમલજ ,કલોલી , કઠવાડા,ખેડા ,નાયકા ,સાંખેજ , સારસા વગેરેમાં અન્ય સમુદાય ઉપરાંત તળપદા દેવીપૂજકોની વસ્તી જોવા મળે છે.

ખેડામાં દેવીપૂજક સમાજની પ્રસિદ્ધ આશ્રમશાળા 'શ્રી જંગલેશ્વરતીર્થ છાત્રાલય' આવેલી છે.

**<u>નડિયાદ તાલુકો :</u>**




નડિયાદ ખેડા જિલ્લાનું મુખ્ય મથક છે. નડિયાદનું ઐતિહાસિક નામ 'નટીપ્રદ' અને પછી નટપુર હતું. આ શહેરમાં પહેલા મુસ્લિમ નવાબ અને પછી વડોદરાના ગાયકવાડનું રાજ હતું. નડિયાદ શ્રીસંતરામ મહારાજની જન્મભૂમિ છે. ગાંધીજીએ તેમની સ્વતંત્રતાની ચળવળમાં અનેક વખત નડિયાદની મુલાકાત લીધી હતી.

ઈ.સ. ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ નડિયાદની વસ્તી ૧,૯૨,૭૯૯ છે. નડિયાદમાં ધર્મસિંહ દેસાઈ યુનિવર્સીટી, આયુર્વેદિક કોલેજ , લો કોલેજ ,શારદા મંદિર સ્કૂલ,

ડી.પી. દેસાઈ સ્કૂલ જેવી શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે. નડિયાદમાં સંતરામ મંદિર ઉપરાંત માઈ મંદિર , મૂક બધિર શાળા વગેરે પ્રસિદ્ધ સ્થળો છે.

નડિયાદ તાલુકામાં આવેલા ગામો–અલીન્દ્રા , બામરોલી , ભુમેલ ,બિલોદરા , ચકલાસી , ચલાલી ,ડભાણ ,દંતાલી , દાવડા ,ડુમરાલ , ફતેપુરા , ગુતાલ , ગનાગપુર , જાવોલ , કલોલી , કંજોડા , કણજરી , મહોળેલ , મિત્રાલ , મોઘરોલી , નરસંડા , પલાણા , પીજ, પીપલગ , સલુણ , થાલેડી , ટુંડેલ ,ઉત્તરસંડા ,વલેટવા ,વસો વગેરેમાં અન્ય સમુદાયોની સાથે તળપદા દેવીપૂજકોની વસ્તી સારા પ્રમાણમાં જોવા મળે છે.

<u>મહુધા તાલુકો :</u>





ગુજરાત સર્વસંગ્રહ પાન નં.૪૪૮માં જણાવ્યા મુજબ 'મહુધા' વિક્રમાદિત્ય પહેલાં યુધિષ્ઠિર ધર્મરાજાનો શક ચાલતો હતો તે વખતે કહેવાય છે કે , આશરે બે હજાર પૂર્વે 'માંધાતા' નામના કોઈ રાજાએ આ ગામ વસાવ્યું હતું. ેન પરથી મેવદા, મોધા, મહદ, મોઢા, અને છેવટે મહુધા નામ પડ્યું હોય એમ મનાય છે. મહુધા તાલુકો ખેડા જિલ્લાનો મહત્વનો તાલુકો છે. મહુધા આ તાલુકાનું મુખ્ય મથક છે. મહુધામાં શ્રી એમ .ડી. શાહ એન્ડ બી.ડી.

પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ઉપરાંત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક હાઈસ્કૂલ, પ્રાથમિક શાળાઓ આવેલી છે. ઈ.સ. ૨૦૦૧ મુજબ મહુધાની કુલ વસ્તી ૧૫,૭૮૦ છે.

મહુધા તાલુકામાં આવેલા ગામડાઓમાં અલીણા, બલોલ, ભુમસ, ચુણેલ, ધાન્ધોડી, ફાલોલી, ફીણાવ, કડી, ખલાડી, ખુટજ, મહીસા, મહુધા, મહેમદાવાદ, નાગવલ, ઉંદરા, વડથલ, શેરી, સાયલા, સીન્ગોલી વગેરેમાં અન્ય સમુદાયો સાથે તળપદા દે.પૂ. સમુદાય ખૂબ જ મોટા પ્રમાણમાં વસે છે.

<u>માતર તાલુકો :</u>



ખેડા જીલ્લાના માતર તાલુકામાં આવેલું 'પરીએજ'નું તળાવ ગુજરાતમાં પક્ષી દર્શન માટે જાણીતું છે. આ તાલુકામાં ૮૦ જેટલા ગામડાઓ આવેલા છે. આ તાલુકામાં બાવન (૫૨) જેટલી ગ્રામપંચાયતો આવેલી છે. માતર તાલુકાનું દલોલી ગામ દેવીપૂજક તળપદા સમુદાયમાંથી આવતા લોકગાયક (જાગરિયા) શ્રીબચુભાઈ સુરાભાઈ તળપદાથી ગૌરવવંતુ બન્યું છે. શ્રીબચુભાઈ આ સમાજની ધાર્મિક લોકકથાઓ, રેગડીઓના

ઉત્તમ ગાયક અને ડાકવાદક છે. તેઓની ઘણી ઓડિયો – વિડીયો કેસેટ ચરોતર ઉપરાંત અન્ય પ્રદેશોમાં ધૂમ મચાવે છે.

માતર તાલુકાના ગામો – અલીન્દ્રા , અસલાલી , આંત્રોલી , કઠોડા , કુંજરા , ગરમાળા , ચાંદણા , ત્રાણજા , દલોલી , દેથલી , નગરામા , પીપરીયા , બોમણગામ, ભાલાળા , મલીયાતજ ,માતર ,લીંબાસી , વિરોજા , સાયલા ,સોખડા,સંધાણા, માછીયેલમાં અન્ય સમુદાયોની સાથે તળપદા દેવીપૂજકો હળી મળીને રહે છે.

<u>કપડવંજ તાલુકો :</u>




કપડવંજ આ તાલુકાનું મુખ્ય મથક છે. આ તાલુકો આ જિલ્લાનો સૌથી જૂનો અને નડિયાદ પછીનો સૌથી મોટો તાલુકો છે.

કપડવંજનું પ્રાચીન નામ 'કર્પાટવણીજ્ય' માનવામાં આવે છે. આ નામ અપભ્રંશ પામી 'કપડવણજ' થયું. ત્યારબાદ કપડવંજ થયું. પ્રાચીન અનુમૈત્રિકયુગના નકશાઓમાં 'કર્પાતવાણીજ્ય' શબ્દ મળી આવે છે. કપડવંજ કાપડ અને કાચ માટે વખણાતું હતું.

કપડવંજ પર સિદ્ધરાજ જયસિંહ , ગાયકવાડથી માંડીને અંગ્રેજો સુધી ઘણા શાસકોએ રાજ કર્યું. સિદ્ધરાજે બાંધેલું ભવ્ય તોરણ અને બે વાવ – કુંડવાવ અને બત્રીસ

કોઠાની વાવ છે. કપડવંજના કુલ ૧૦૬ ગામો અને ૮૮ ગ્રામપંચાયતો છે. કપડવંજથી દશેક કિમી દૂર વાત્રક કાંઠે ઉત્તકન્ઠેશ્વર શિવાલય આવેલું છે. કપડવંજ તાલુકામાં તળપદા દેવીપૂજકોની વસ્તી ઠીક ઠીક જોવા મળે છે.


## ઠાસરા તાલુકો :



ખેડા જિલ્લાનો ઠાસરા તાલુકો ૯૬ જેટલા ગામડાઓ ધરાવે છે. ઠાસરા તાલુકાનું ગળતેશ્વર મંદિર ભકતજનો માટે આસ્થાનું સ્થાન છે. ઠાસરા પાસેનું ફાગવેલ ગામ ક્ષત્રિય વીર ભાથીજી મહારાજનું જન્મસ્થાન છે.

આ તાલુકાના ગામોમાં ઠાસરા ,અંગાળી , કલસર , ખડ્ગોધરા, ગોળજ , જરગાલ, ડાકોર ,ધુંડાદરા, ખીજલપુર , મેનપુરા , માસરા ,નનાદરા, માસરા , માલવણ , રાનિયા,વસો, સલુણ ,સોનીપુર , સુઈ , સૈયાત ,વગેરે ગામોમાં આ સમુદાયની વસ્તી જોવા મળે છે.

## મહેમદાવાદ તાલુકો :



મહમદ બેગડાએ આ શહેર વસાવ્યું હોવાથી તેનું નામ 'મહેમદાવાદ' પડ્યું. તે તાલુકા મથક છે. તે વાત્રકના પૂર્વ કાંઠા પર આવેલું છે. નડિયાદથી તેનું અંતર ૧૦ કિમી છે. અહિ મુખ્યત્વ ખેતીનો વ્યવસાય છે. સીમમાં અન્જિન પંપોની સગવડ , હાથ વણાટની સાળો ચાલે છે. તેલની ઘાણીઓ છે. ગામથી છેટે મહાદેવનું દેવાલય છે. મુસલમાનોના આક્રમણોથી બચાવવા તેના પર ચાર મિનારા બાંધવામાં આવેલા. એનું પ્રવેશદ્વાર જીર્ણ થઇ ગયું છે. તેની મેડી ઉપર કવિ શામળ ભટ્ટ રહેતા હતા. મહેમદાવાદ તાલુકાના સોજાલી ગામમાં રોજરોજીની દરગાહ જાણીતી છે.

મહેમદાવાદ તાલુકાના ગામોમાં મહેમદાવાદ ,અકલાચા ,અજબપુરા , આમસરણ ,ઉમેદપુરા , કનીજ, કરોલી , કુણા , કેસર ,ખાત્રજ ,ગાળવા , ગોકળપરા , ગોઠાજ ,ઘોડાસર ,છાપરા ,દાજીપુરા ,મલાતજ ,રતનપુરા , રાસ્કા , રૂદણ , વડદલા , વણસોલી , વિરોલ , સાણસોલી વગેરેમાં અન્ય સમુદાયો સાથે દેવીપૂજક તળપદા કોમ હળીમળીને સંપથી રહે છે.

<u>કઠલાલ તાલુકો :</u>




કઠલાલ તાલુકા મથક છે. કઠલાલ તાલુકાના લસુન્દ્રા ગામે ગરમ પાણીના કુંડ અને 'હેડંબા ભીમની ચોરી', 'ભીમના પગલા' જેવા પ્રાચીન સ્થળો પરથી અનુમાન કરી શકાય કે આ પ્રદેશ મહાભારત સમયમાં 'હેડંબાવન' તરીકે જાણીતો હતો. આ તાલુકાની કુલ વસ્તી ૧,૮૧,૫૧૧ છે.

કઠલાલ તાલુકાના કઠલાલ , કાણીયેલ , કાવઠ , ગુગળીયા , છીપડી ,ચેલાવત , છીપીયેલ , પુનાદ્રા , બરદપુર , બોભા , લસુન્દ્રા , લાડવેલ , શાહપુર વગેરે ગામડાઓમાં અન્ય સમુદાયો સાથે તળપદા દેવીપૂજક સમુદાય વસવાટ કરે છે.

## બાલાસિનોર તાલુકો :



બાલાસિનોર તાલુકો ખેડા જિલ્લામાં ઉત્તર દિશામાં આવેલ છે. એક તરફ સાબરકાંઠા તો બીજી તરફ પંચમહાલ જિલ્લો છે. બાલાસિનોર તાલુકાની કુલ વસ્તી ઈ.સ.૨૦૧૦ મુજબ ૪૨૫૩૮ જેટલી છે. આ તાલુકામાં ૪૬ ગામડાઓ છે. તેમાં સુદર્શન તળાવ , કેદાર મહાદેવ , ભીમ ભમરડા , હનુમાન ટેકરી , ડાયનાસોર પાર્ક – રૈયાલી , વણાકબોરી ડેમ વગેરે જોવા લાયક સ્થળો છે.

બાલાસિનોર , કુંજરા , ગુંડિલા , જનોડ , બોડેલી , વણાકબોરી , વસાદરા , સરોડા ,સાકરીયા ,ધૂંધળીયા, લીંબડી વગેરે ગામોમાં અન્ય સમુદાયની સાથે તળપદા દેવીપૂજકો વસે છે.

<u>વીરપુર તાલુકો :</u>



આ તાલુકામાં ૫૨ ગામો તેમજ ૩૦ ગ્રામ પંચાયતો છે. ઈ.સ. ૨૦૦૧ની ગણતરી મુજબ કુલ વસ્તી ૮૭,૦૯૧ જેટલી છે. આ તાલુકામાં કાશીકાકાની ટેકરી , જમઝર માતાનો ડુંગર ,વૈજનાથ મહાદેવ , સેવાશ્રમ ,વગેરે જોવા લાયક સ્થળો છે.

આ તાલુકામાં આલમપુરા , બાધરપુરા ,બારોડા , ભાટપુર, બુટીયા , ડમ્ભારી , ગોપાલપુરા , વઘાસ ,તાજપુર વગેરે ગામોમાં આ સમુદાય વસે છે.

**સંદર્ભ ગ્રંથો :**

(૧) ચરોતર સર્વસંગ્રહ - પુરુષોત્તમ છ. શાહ, ઈ.સ.૧૯૫૪

(૨) ફોટો સ્ત્રોત : ઈન્ટરનેટ

## પ્રકરણ - ૩

# ચરોતરના તળપદા દેવીપૂજકો

આ સમુદાયના સામાજિક/જાતિગત ઈતિહાસ માટે જૂના ચોપડા, વહીવંચાની વાણી, લોકકથામાં પડેલો ઈતિહાસ , લોકવાર્તાઓ-માતાજીની રેગડી , અખેડામાં સચવાયેલા ઇતિહાસનો આશરો લીધો છે. યુગોથી ગવાતા ,જાગરિયાની જીભે રેલાતા દેવ દેવીઓના સ્તવનોમાં આ જાતિ વિશે ઠીક ઠીક માહિતી સાંપડે છે. ચરોતરપ્રદેશમાં વસતાં દેવીપૂજકોમાં મુખ્ય બે પ્રકાર પડે છે : વેડુ વાઘરી (ચુનારા) અને તળપદા વાઘરી. તેમાં તળપદા વાઘરી સમુદાયના રીત રિવાજો,ખાનપાન, વસવાટ,પહેરવેશ,બોલી વગેરેમાં વિવિધતા જોવા મળે છે. તેઓ વટલાયેલા રજપૂત - ક્ષત્રિય છે.

તળપદા દેવીપૂજકો ચરોતરના મુખ્ય જિલ્લાઓ આણંદ અને ખેડામાં વસવાટ કરે છે. આણંદ જિલ્લાના મુખ્ય તાલુકામાં આણંદ, નડિયાદ , પેટલાદ , મહેમદાવાદ, બોરસદ, ખંભાત, માતર , કપડવંજ, બાલાશિનોર અને ઠાસરામાં તેઓની વસ્તી જોવા મળે છે. આ ઉપરાંત વાકળ અને કાનમપંથકમાં તેઓની વસ્તી જોવા મળે છે.

આ જ્ઞાતિના સ્ત્રી પુરુષોના નામો તો સાધારણ રીતે પછાત જ્ઞાતિ જેવા જ હોય છે. આ લોકોનો મુખ્ય વ્યવસાય ફેરી કરવી, ખેતરમાં મજુરી કરવી , નદી પાસે વસતા તળપદા વાઘરી લોકો માછલી પકડવાનો વ્યવસાય કરે છે. આ લોકોના મુખ્ય પોશાકમાં જૂના સમયમાં પાઘડી કે ફાળિયું બાંધતા , ધોતી અને જોડા પહેરતા. જો કે હવે તેઓ આધુનિક ઢબનો પોશાક પહેરતાં થયા છે. સ્ત્રીઓ ઘેરદાર ઘાઘરા ચણિયો પહેરે છે. સામાન્ય રીતે તેઓને છડા અને જડ પહેરવાનો ખૂબ જ શોખ છે. મહીકાંઠા વિસ્તારમાં વસતા

તળપદા દેવીપૂજક સમુદાયની સ્ત્રીઓ કડલા પહેરે છે. આ લોકોની ભાષા ગુજરાતી છે અને સ્થાનિક ચરોતરી તળપદા બોલી બોલે છે. આ જ્ઞાતિમાં શિક્ષણનું પ્રમાણ નહિવત્ છે. તેઓ હિન્દુધર્મી હોઈ દરેક હિન્દુ તહેવારો ઉજવતા આવ્યા છે. બહુપત્નીત્વ પ્રથા જેવું આ જ્ઞાતિમાં ખાસ નથી. પરંતુ તે સામે વાંધા જેવું પણ નથી અને વિધવા સ્ત્રીને ફરજિયાત વૈધવ્યપણું પાળવાનું હોતું નથી. આહારમાં તેઓ બપોરના બાજરી - ઘઉંના રોટલા અને શાક તથા રાત્રે પણ રોટલા ભાત અને શાક ખાય છે. પુખ્ત ઉંમરના સૌ કુટુંબીજનો કુટુંબની આવક વધારવામાં પોતાનો ફાળો આપે છે.

તેઓમાં સંયુક્ત અને વિભક્ત કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. દેવ દેવીઓને ખૂબ માને છે. ભૂતપ્રેતમાં દ્રઢ માન્યતા ધરાવે છે. મૂળ ક્ષત્રિય હોવાથી આ જ્ઞાતિના સ્વાભાવિક લક્ષણો રજપૂતોને મળતા આવે છે. જેમકે , મજબૂત શરીર બંધારણ , નીડરતા, નિર્ભયતા , સાહસ, સ્વમાની સ્વભાવ , લડાયક અને ઝનૂની ભાષાશૈલી અને ચતુરાઈ. આ લોકો કસાયેલા શરીરના ઊંચા અને પાતળા હોય છે. પુરુષવર્ગ ચરોતરમાં ટૂંકા ધોતિયા અથવા લેંઘા પહેરે છે. લાંબી બાંયનું ખમીસ અને ક્યારેક ઉપર જૂનો ઊતરેલો કોટ પણ પહેરે છે. પૂરૂષોમાં નવી પેઢીના યુવાનો આધુનિક ફેશન મુજબના કપડાં પહેરતાં થયા છે. સ્ત્રીઓ ઘેરદાર ઘાઘરા -ચોળી અને સાડલા પહેરે છે. ઘરેણાંમાં નાકમાં જડ કે વાળી ,ગળામાં દોરો કે મંગળસૂત્ર , હાથમાં બંગડીઓ કે બલોયા પહેરે છે.


## 'તળપદા' શબ્દનો શાબ્દિક અર્થ :

'તળ' એટલે પૃથ્વી અને 'પતિ' એટલે માલિક અથવા જમીનના માલિક. તે તળપતિ અને તળપતિનું અપભ્રંશ થઈને ધીરે ધીરે 'તળપદા' શબ્દ ઊતરી આવ્યો છે.[૧૬] ભગવદ્ગોમંડળમાં ભાગ-૪માં પાન નંબર -૪૦૪૩ પર 'તળપદા' શબ્દનો અર્થ - કણબી

અને કોળી વચ્ચેની એ નામની એક જ્ઞાતિ. સ્થળપદ-તળપતિ એટલે જમીનના માલિક હોવાથી આમ કહેવાય છે.

શ્રી કે.કા.શાસ્ત્રી સંપાદિત 'બૃહદ્ ગુજરાતી કોશ' ખંડ-૨માં 'તળપદા' શબ્દનો અર્થ આ પ્રમાણે છે : સૌરાષ્ટ્રના કોળીઓ તેમજ વાઘરીઓની એ નામની એક પેટા જ્ઞાતિ કે એનો પુરુષ, ત્રપટો.

## <u>વહીવંચા બારોટના તામ્રપત્રમાં લખેલ ઈતિહાસ :</u>



તામ્રપત્ર

ચરોતર પ્રદેશના તળપદા વાઘરી સમાજના વહીવંચા બારોટ સ્વ.શ્રી અમરાભાઈ બારોટ-તેમના દીકરા શ્રી આત્મારામભાઈ બારોટ પાસે એક જુનો તામ્રપત્ર છે. તેમાં તળપદા વાઘરી જાતિનો પ્રાચીન ઈતિહાસ લખાયેલો છે. જે તેમની બોલીમાં નીચે મુજબ છે :

" સંવત ૧૧૦૫ના વખતનો થયેલો લખેતર(લેખ) આવે છે. જુના ખાતી રામરાજા દશરથજીરા દશરથરાજા કાહગટજીરા કાહગટરાજા કાસબજીરા કાસબરાજા મનસાગરજીરા મનસાગરરાજા જુગથાપણજીરા જુગથાપણરાજા જુગવસાજીરા માણસો પેદા થયાં. એણે મોટા જમે(જમાઈ) માતા ગોગદેરાજા ચૌહાણ દીકરી આર્થે(સાથે) દુકદેરાજાનો

દીકરો તળપદા સમાજનો રજપૂત હતો. તે ગામ ધારપુરમાં રાજ કરતો. એ વખતમે ધાર ઉજ્જેન શહેરમાં ગરાસિયા રજપૂતનો રાજમહેલ હતો. રાજમહેલ અંદર મેં વદેખાણીયા વાઘરીની દીકરી કામ કરતી હતી. એણે ચોવીસ વર્ષ સુધી કામ કર્યું. રાજાને મનમાં થયું કે દીકરી બહું કામ કરે છે. એટલે રાજા કે (કહે) તમારે સવારના પોર થાય નાહી ધોઈને દક્ષિણા લેવા આવવાનું. મારી પાસે આવીને વચન લઈને માંગવાનું કે સોનું , ઘોડા , ચાંદી , હીરા માણેક કે રાજના ગામડાં માંગવાના. જે માંગુ તે દીધાં. રાજા આલવાનું કબૂલે છે. રાજાના મોટા દીકરા આ બધું સાંભળતા હતા. રાજા જતાં રહ્યાં રાજ દરબારમે બેસવા. પછી પેલા કુંવરે પેલી છોડીને બોલાવીને પૂછ્યું કે રાજા શું કહેતા હતા. છોડી બોલી કે સવારે પોર થાય એટલે વચન માંગવાનું કહ્યું છે. પણ હું તો તમને ચાહું છું. મારે કશું જોઈતું નથી પણ મને તમારી રાણી બનાવો. સવારે પેલી છોડીએ રાજાને કહ્યું કે મારે તો કુંવરની રાણી થાઉં છે. રાજા બોલ્યો કે હું ગરાસિયા રજપૂત છું. તું વદખાણીયા વાઘરીની છોડી છું. તે તો વચન લઈને મારું નાક કપાવી નાખ્યું. ધાર ઉજ્જેનમાં કઈ બેસવા જવાનું મારું ઠેકાણું ન રાખ્યું. હવે રાજા બોલ્યા એ રાજાએ કીધું. હવે મને શિરોઈ તલવાર લાવવાદે. મારા કુંવરને અને છોડીને કાપી નાંખવા છે. રાજા જતા રહ્યાં શિરોઈની તલવાર લેવા.

કુંવર અને પેલી છોડીએ વિચાર્યું કે રાજા નહીં છોડે. જીવવું હોય તો અહીંથી ભાગો. પછી બે ભાગતાં ભાગંતાં દૂર નીકળી ગયાં. ધાર ઉજ્જેનની બહાર નીકળતા તેમણે ધારના દેવ ઠાકોરને કીધું કે મહારાજ મારા પિતા મારા દુશ્મન થઈ ગયાં છે. રાજા મારી પાછળ આવશે. મારું રક્ષણ કરો. ધારના મહારાજે કહ્યું કે કુંવર મને પાળવો પડશે ,જાળવવો પડશે. હું દેવ ઠાકોર છું. કુંવરે કહ્યું પહેલાં તમને આપીશું પછી અમે ખાઈશું. ભાગતાં ભાગતાં ચોવીસ ગાઉ દૂર નીકળી ગયા. વચ્ચે એક નદી આવી. તે નદીનું નામ કુંવારિકા નદી હતું. નદી પાર કરીને કુંવર અને પેલી છોડી ગુજરાતમાં આવ્યાં. આ તળપદા રાજપૂતની કહાની છે."

ઉપરના તામ્રપત્ર પરથી ફલિત થાય છે કે તળપદા જાતિનો મૂળ પુરુષ ધાર ઉજ્જૈન નગરમાંથી ગુજરાત તરફ આવ્યો હતો. પહેલાં તે રજપૂત ગરાસિયા જાતિનો હતો પણ પાછળથી વાઘરી જાતિની સ્ત્રી સાથે સંબંધ બંધાતા તે વટલાયો અને વાઘરી થયો. અન્ય રજપૂતોએ તેને નાત બહાર મૂક્યો. તેની સાથે કોઈપણ જાતનો વહેવાર રાખ્યો નહી. પાછળથી તે વાઘરી જાતિ સાથે ભળી ગયો હશે.

## વહીવંચા બારોટના ચોપડામાં લખેલ ઈતિહાસ :

ચરોતરના તળપદા વાઘરી સમાજના બારોટ શ્રી પ્રવીણભાઈ હરગોવિંદભાઈ બારોટના ચોપડામાં ઉપરના તામ્રપત્રથી જરા જુદી માહિતી મળે છે. જે નીચે મુજબ છે :

મૂળ ગામ ધાર ઉજ્જૈનના રાજા જંગલમાં ફરવા જતા હતા. વચ્ચે એક ગામ આવ્યું. એ ગામમાં વદખાણીયા શાખની એક વાઘરીની દીકરી રહેતી હતી. તે ખૂબ જ રૂપાળી હતી. આ રૂપાળીને જોઈને રાજા તેની ઉપર મોહિત થઈ ગયો. એને ઉપાડી લાવીને છૂપી રીતે રાણી બનાવીને મહેલમાં રાખી. આ વાત કોઈપણ જાણતું નહતું. પછી દીવાન - વજીરને શક પડ્યો. એટલે વજીરે રાણીસાહેબાને પૂછ્યું કે તમારા મા-બાપ કોણ છે ? કઈ શાખના છો ? કયા ગામના છો ? પણ રાણીએ કોઈ જવાબ ન આપ્યો. એટલે વજીર-દીવાનજીએ ગામમાં જઈને પૂછ્યું કે કોઈની દીકરી ખોવાઈ છે ? ત્યારે પ્રધાનજીને ખબર પડી કે થોડા દિવસો પહેલાં વદખાણીયા વાઘરીની દીકરી ખોવાઈ હતી. પ્રધાનજીને હવે ખબર પડી કે આ દીકરી જે રાણી બની છે એ જ છે. પછી તેને રાજાને ખૂબ સમજાવ્યા. અને કહ્યું કે, "મહારાજ આ દીકરીને એના ઘરે પાછા મૂકી આવો. તે જાતની વદખાણીયા વાઘરીની દીકરી છે. અને તમે રજપૂત છો." રાજાએ કીધું કે ધડ જાય પણ વચન ન જાય. મેં એણે રાની બનાવવાનું વચન આપ્યું છે. પછી પ્રધાનજીએ આજુ બાજુના રાજાઓને આ વાતની જાણ કરી. અને આ રાજા સાથે લડાઈ કરવા માટે ઉશ્કેર્યા. હવે આજુ બાજુના

રાજાઓએ ચઢાઈ કરી એટલે આ વટલાયેલો રાજા ગુપ્ત રસ્તે પેલી રાણીને લઈને ભાગ્યો. પાછળ બીજા રાજાનું લશ્કર પડ્યું હતું. હવે ભાગતા ભાગતા વચ્ચે એક નદી આવી. એક બાજુ લશ્કર બીજી બાજુ નદી હવે શું કરવું એમ રાજા વિચારવા લાગ્યો. પછી એ રાણીને લઈને નદીમાં પડ્યો અને તરતાં તરતાં બહાર નીકળી ગયો. એ રાણીનું નામ રાજલ હતું. પછી બીજા રાજ્યમાં જઈને જાત છુપાવીને રહેવા લાગ્યો. તે સિદ્ધપુરની કુંવારિકા નદી( સરસ્વતી નદી)માં તરતાં તરતાં આવ્યો એટલે 'તરપદા' કે તળપદા નામ પડ્યું.

## તળપદા દે.પૂ.જાતિની ઉત્પત્તિ /ઉદ્ભવ વિશેની દંતકથાઓ :

મૂળ આ લોકો પોતાની જાતિ રજપૂત ગણાવે છે. તે અંગે એક દંતકથા છે :

એકવાર તેઓના વળવા રાજપૂત લડાઈ-ધીંગાણામાં તલવારો તાણીને જતા હતા. પણ આ લોકોના વડવાની આંખમાં ખૂબ રૂપાળી વાઘરણ વસી ગઈ. તેની સાથે લગ્ન કર્યું. અને ઘરમાં બેસાડી ત્યારથી આ લોકો વાઘરી થયા. કેટલાંક સંશોધનકારોના મતે રાજપૂતાના રણમાં આવેલ 'વાગડ' પ્રદેશ પરથી આ જ્ઞાતિનું નામ પડ્યું હોય તેવું અનુમાન છે. શ્રી ઝવેરચંદ મેઘાણીના પુસ્તક 'ચારણો અને ચારણી સાહિત્ય'માં જૂનાગઢની સીમારણ એક વાઘરી પુરૂષના પ્રેમમાં પડી ને તેની સાથે લગ્ન કર્યા હતા. તે અંગેના ગીતો પણ મળે છે.[3] તો શ્રી મફત રણેલાકર સંપાદિત 'હમીરો બલોચ અને પોમલો પારકરીયો 'વાર્તાસંગ્રહમાં આ કોમનો અન્ય કોમ સાથેના સંબંધો અને સ્થિતિઓનો ખ્યાલ આવે છે. જાગરિયાની જીભે ગવાતી-માંડવગઢ - ધારમાં થઇ ગયેલા 'જેલ ઠાકોર'ની લોકવાર્તા પણ આ અંગેની ઊંડી છાપ પાડે છે. આમ ,મૂળ રાજપૂત પુરૂષ અને વાઘરી સ્ત્રી સાથેના વૈવાહિક સંબંધથી આ કોમ ઉદ્ભવી છે.

મૂળી ગામના રજપૂત બંધુ બેલડી શ્રી રંગાજી અને સંગાજી મહારાજની વીરગાથામાં પણ રજપૂતો અને વાઘરી સ્ત્રીના સંબંધો વિશે ચર્ચા થઇ છે. તેમનો વંશવેલો ચરોતરમાં વટાવ, વિશ્નોલી ,પેટલાદ વગેરે ગામોમાં જોવા મળે છે.

## ચરોતરના તળપદા દે.પૂ. વિશે શ્રીકનૈયાલાલ મુનશીનો અભિપ્રાય :

( ચરોતર સર્વસંગ્રહ ,ખંડ -૫ , પા.નં. ૭૯૯)

ગુજરાતના તેજસ્વી સાહિત્યકાર શ્રીકનૈયાલાલ મુનશીના મંતવ્ય પ્રમાણે મારવાડમાંથી પ્રથમ ઉત્તર ગુજરાતમાં અને ચરોતરમાં આવ્યા તે આ વાગડી રજપૂતો ગુજરાતમાં વસ્યા તે પાછળથી વાગડીનું 'વાઘરી' નામ પડ્યું.

સંવત ૧૮૮૭ના દુષ્કાળ સમયે સ્થળાંતરો કરવાનું શરુ થયું હતું. આ રઝળપાટ દરમિયાન રાજસ્થાનના રજપૂતો , સૌરાષ્ટ્રના માંગણો અને ઝાલાવાડી પારધિ વાઘરીઓનું મિશ્રણ તેમનામાં થવા પામ્યું હોય એવું અનુમાન છે. ચરોતરના તળપદા વાઘરીઓ વસવાયા કહેવાતા નથી. જયારે બીજા પરગણામાં વસવાયા માંગણ વાઘરી જોવા મળે છે. આ કોમ ચરોતરમાં પેશ્વાઇ રાજ પહેલાં આવી છે. પેશ્વાઈરાજમાં તેઓની ગણતરી સારી હતી. તે વખતે તેઓ દરબારી કામોમાં નાના રજવાડામાં નોકરી કરતા હતા. વડોદરાની રાજધાનીમાં દશેરાના અવસરે આ તળપદા દે.પૂ. કોટવાળપણે કામ કરતા હતા.

ચરોતરમાં મુખ્ય બે પ્રકારની દેવીપૂજક જાત છે : વેડુ વાઘરી અને તળપદા વાઘરી. પાડા રાખનાર , ઘંટીઓ ટાંકનાર, વાછરડાને ખસિ કરનાર તથા સલાટ જાતના વાઘરીઓ વેડુ વાઘરીઓ જાતિના છે. તે સિવાયના છે તે તળપદા વાઘરીઓ છે. આ તળપદા વાઘરીઓ પોતે વાગડી રજપૂતો કોમના ક્ષત્રિયો છે.[૧]

## તળપદા દેવીપૂજકોની વસ્તી / વસવાટના ગામો :

ચરોતરમાં આ કોમની વસ્તી ત્રણ જથ્થામાં જોવા મળે છે : (૧) બેત્તાલીસ પરગણું-૪૨ ગામ, જેમાં નડિયાદ , ઉમરેઠ , ઠાસરા , અર્ધો આણંદ તાલુકાનો સમાવેશ થાય છે. (૨) બાવીસી પરગણું-૨૬ ગામ, જેમાં મહેમદાવાદ તાલુકાનો સમાવેશ થાય છે. (૩) બોરસદ પરગણું -૫૬ ગામ બોરસદ, પેટલાદ તાલુકો અને ભાલપંથકનો સમાવેશ થાય છે.

મૂળ ચરોતરના પરંતુ ધંધા અર્થે અથવા તો દુષ્કાળ સમયે પરિભ્રમણ કરતા કરતા તેઓ વડોદરા પંથકમાં સ્થાયી થયા તે તળપદા દેવીપૂજકો ગાયકવાડી રાજમાં ફૂલમાળીનો ધંધો કરતા હતા. તેથી તેઓ પોતાની અટક 'માળી' અથવા 'ફૂલમાળી' લખાવે છે. વડોદરા પંથક ઉપરાંત વાકળ અને કાનમના મોટા ભાગના ગામડાઓમાં તેઓ વસવાટ કરે છે.

<u>ધર્મ અને ધંધો :</u>

આ કોમ મુખ્યત્વે દેવીપૂજામાં માને છે. ગુજરાત અને માળવા પ્રદેશમાં શક્તિદેવીના જે સ્વરૂપોની પૂજા થાય છે તેમાં આ કોમ માને છે. શિવ ,પૂર્વજો ,કબીર, સ્વામીનારાયણ,પ્રણામી ,રામાનંદી સંપ્રદાયમાં શ્રધ્ધા ધરાવે છે. શકિત ઉપાસનામાં મેલી ઉપાસના આ કોમમાં નથી .

આ કોમનો વ્યવસાય ઢોર ઉછેર ,ખેતીબાગ , ફૂલ, શાકભાજી, ફળ વેચવા, કડિયા કામ ,સુથારીકામ /રખેવાળું કરવું વગેરે છે.

આ જ્ઞાતિની ઉન્નતિ માટે જુના સમયમાં 'અખિલ ગુજરાત વાઘરી સંઘ' , 'ચરોતર તળપદા વાઘરી મંડળ' વગેરે સંસ્થાઓ ચાલતી હતી.

ઉત્તરસંડામાં ઈ.સ.૧૯૫૦ની સાલ સુધી 'વાગરી બોર્ડીંગ' ચાલતું હતું.[૧]

ચરોતર વિસ્તારમાં વસવાટ કરતી તળપદા દેવીપૂજક જ્ઞાતિના સામાજિક , આર્થિક, ધાર્મિક , રાજકીય અને શૈક્ષણિક પાસાઓ જોતા માલુમ થાય છે કે આ જ્ઞાતિ મોટાભાગે અશિક્ષિત હોવાથી તેમનામાં ધાર્મિક રિવાજોમાં વધુ પડતી માન્યતાઓ જોવા મળે છે. આ જ્ઞાતિના મોટાભાગના લોકો સ્વતંત્ર વ્યવસાયવાળા જોવા મળે છે.

આ જ્ઞાતિમાં પિતૃસત્તાક સ્વરૂપની કુટુંબવ્યવસ્થા જોવા મળે છે. જેમાં બાળકની પાછળ પિતાનું નામ લખાવાય છે. વંશની ગણતરી પુરુપપક્ષથી થાય છે. અન્ય હિંદુ જ્ઞાતિઓ જેવી જ પિતૃસત્તાક સ્વરૂપની કુટુંબ વ્યવસ્થા આ જ્ઞાતિમાં જોવા મળે છે.

આ જ્ઞાતિ ચરોતરનાં ગામડાંઓ અને શહેરોમાં વસવાટ કરતી જ્ઞાતિ છે. મોટાભાગે સંયુક્ત કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. પરંતુ શહેરીકરણની અસર જેમ અન્ય જ્ઞાતિઓ પર થઇ તેમ આ જ્ઞાતિ પર પણ અસર થયેલી જોવા મળે છે. રહેઠાણની સમસ્યા , કામની પરિસ્થિતિ વગેરે પરિબળોને લીધે આ જ્ઞાતિમાં સંયુકત અને વિભકત એમ મિશ્ર સ્વરૂપે જોવા મળે છે. જેમકે, પરણિત પુત્ર પિતાથી અલગ રહેતા હોય છે. પોતાની અલગ મિલકત ઊભી કરે છે. પરંતુ ધાર્મિક સામાજિક વિધિઓ સાથે કરે છે. પોતે પિતાના કુટુંબના જ સભ્ય તરીકે વર્તન કરે છે. નજીકના રકત સંબધીઓ સાથે આવન જાવન અને લાગણીના સંબંધો જાળવતા હોય છે. સામાજિક પ્રસંગોએ પરસ્પરની હાજરી ધ્યાનમાં લેવામાં આવે છે. આવી હાજરી અનિવાર્ય ગણવામાં આવે છે.

## તળપદા દે.પૂ.સમુદાયની સંસ્કાર વિધિઓ :

માનવી જે સમાજમાં જન્મે છે એ સમાજની જુદી જુદી અવસ્થાઓમાંથી પસાર થાય છે. પોતાના સમાજના રીત-રિવાજોમાંથી પસાર કરી જીવન પૂર્ણ કરે છે. પ્રત્યેક સમુદાયમાં સામાજિક રીત–રિવાજોનું જુદા–જુદા પ્રકારે ગઠબંધન જોવા મળે છે. જે

પરંપરાગત પેઢી દર પેઢી ચાલ્યા આવે છે. આ સમુદાય પાસે પોતીકા રીત –રિવાજો છે. જેમાં તેની સંસ્કૃતિ અને સંસ્કાર દેખાઈ આવે છે.

(૧) જન્મના રિવાજો / વિધિઓ :

રિવાજ એ સામાજિક અંકુશ છે, તેથી સમાજ અને જ્ઞાતિના રિત-રિવાજોનો ભંગ કરવાનું વ્યક્તિ વિચારી શકતો નથી. ગર્ભાધાન પછી ગર્ભની વિકાસક્રિયાને અનુસરતા બે સંસ્કાર યોજાય છે : પુસંવન અને સીમંત. લગ્ન પછી પ્રથમ વખત સગર્ભા થયેલ સ્ત્રીનો ખોળો ભરવાની વિધિ થાય છે. દેવીપૂજક સમાજમાં સીમંતનો સંસ્કાર ધામધૂમપૂર્વક ઉજવાય છે. જેને સમાજમાં 'ખોળો ભરાવવો' કહેવાય છે. આ વિધિ ગર્ભાધાન પછી સાતમાં આઠમાં માસે થાય છે. સીમંતની વિધિમાં સ્ત્રીની પોંથીને કંકુથી ભરવાની ક્રિયા થાય છે. આ વિધિ પછી સ્ત્રીને પોતાના પિયરમાં રહેવાની ફરજ પાડવામાં આવે છે. એટલે તે પતિથી દૂર રહી શકે છે. રાખડી સાદી નાડીથી બંધાય છે. આ રાખડી સીમાંતી સ્ત્રીના હાથે તેની નણંદ બાંધે છે. આ બદલ નંદણને ભેટ અપાય છે. આ વિધિમાં સ્ત્રીના પિયરપક્ષેથી તેમજ સાસરેથી સવાશેર -દસશેર ચોખા એક ઘડામાં ભરવામાં આવે છે. આ ગાડવો( ઘડો) સ્ત્રીના ખોળામાં મૂકવામાં આવે છે.

બાળકનો જન્મ :

જૂના સમયમાં સ્ત્રીનો પ્રસૂતિકાળ સાસરી કે પિયરમાં ઘરે જ સહજ રીતે થતો પણ હવે પ્રસૂતિ માટે ખાનગી દવાખાના કે આરોગ્યકેન્દ્રમાં લઇ જવામાં આવે છે. સ્ત્રીની પ્રથમ પ્રસૂતિ તેનાં માતા પિતાની ઘરે જ થાય છે. જન્મ પછી બાળકને ગળથૂથી પીવડાવવામાં આવે છે. એમાં દીવેલ -ઘી -મધનું મિશ્રણ અથવા ગોળનું પાણી કરી રૂના પૂમડા વડે બાળકના મુખમાં મૂકવામાં આવે છે.

## છઠ્ઠીની વિધિ :

બાળકના જન્મથી છઠ્ઠા દિવસે 'છઠ્ઠીની વિધિ ' થાય છે. આ સમુદાય માને છે કે 'છઠ્ઠીના દિવસે 'મધ્ય રાત્રિએ વિધાતા બાળકનું ભાગ્ય લખવા માટે પધારે છે. આ પ્રસંગે વિધાતાને જરૂરી સાધનો પૂરાં પાડવાનો આ વિધિનો હેતુ છે. આ માટે સુવાવડી સ્ત્રીના ખાટલા નજીક એક થાળી કે તાસમાં ઘઉં , ચોખા, કંકુ, રૂપિયો, કોરો કાગળ, તાંબાનો સિક્કો, ખડિયો, સોપારી, ગોળ, ઘીનો દીવો અને સફેદ ઝભલું કે કાપડનો ટુકડો મૂકવામાં આવે છે. બાજરીના રાડાની એક લેખણ બનાવીને મૂકવામાં આવે છે. ઘીનો દીવો પ્રગટાવાય છે. તેની ઉપર બીજું અન્ય વાસણ ઢંકાય છે. જેમાં જ્યોતના પ્રકાશની કાળાશનો થર જામે છે. આ કાળાશને મેશ કહેવાય છે. જે બાળકની આંખોમાં આંજવામાં આવે છે.આ સમુદાયમાં એક એવી માન્યતા પ્રવર્તે છે કે છઠ્ઠીમાં મૂકેલું ઝભલું કે કાપડનો ટૂકડો સાચવી રાખવાથી જયારે કોઈ સરકારી કોર્ટ -અદાલતમાં ચોરી કે ખૂન જેવા મોટા આરોપો લાગે ત્યારે આ કપડું જો ગુનેગાર પોતાની પાસે રાખે તો તે નિર્દોષ છૂટી જાય છે !

## નામ પાડવાની વિધિ :

'નામ' પ્રત્યેક સમાજમાં પરંપરાગત રીતે વારસામાં ઊતરી આવે છે. લોક સમાજમાં માનવીના નામ પાડવાનો એક સંસ્કાર છે. આ સમાજમાં કોઈ રાશિ કે નક્ષત્ર પ્રમાણે નામ પાડવામાં આવતાં નથી. યોગ્ય લાગે , બોલવામાં સરળ તેવા નામો જેવાકે , જીવણો, ડાયો , મેલો, બૂધો, કાભઈ જેવા પુરુષ નામો તો સવલી, જીવી, ઝમકુ, નાથી, દિવાળી, હરખા, સવી , કાશી , કંકુ વગેરે જેવા સ્ત્રી નામો જણાય છે. આ સમાજમાં ખાસ દેવદેવીઓના કે વાર - તહેવાર- અંગ લક્ષણો- રંગ રૂપના આધારે નામ પડાય છે. ઘરનું વડીલ કે મા -બાપ, દીકરા- દીકરીનું નામ સાદું અને સરળ લાગે એવું પસંદ કરે છે. જોકે

હાલમાં તેમાં થોડો વિકાસ થયો છે. હાલમાં રાશિ કે નક્ષત્ર પ્રમાણે આધુનિક નામ પાડવામાં આવે છે.

## ચૌલક્રિયા કે બાધા :

તળપદા દે.પૂ. સમાજમાં બાધા - આખડીનો કોઈ પાર નથી. આ સમાજ વાત વાતમાં અને મુશ્કેલીના સમયે અચૂક નાની મોટી બાધા મનાતી હોય છે. જેમાં પોતાના કૂળમાં પૂજાતા દેવદેવીઓ કે પૂર્વજોની માનતા વધુ પ્રમાણમાં રખાય છે. જો સાત ખોટનો દીકરો જન્મે મોટી બાંધા કરે છે.

ચરોતરમાં વસતાં આ સમુદાયમાં કેટલીક શાખોમાં પહેલા ખોળાનો દીકરો જન્મે તો 'માતા જમાડવાનો ' અથવા 'ભલાસ પૂજવાનો' રિવાજ પરંપરાગત ચાલ્યો આવે છે. જેમાં વિશેષ ખર્ચ આવે છે. કેટલાંક દંપતીઓને ભૂવા જાગરિયાઓ માનતા -બાધા આપે છે. જો કામ સફળ થાય તો બાધા પૂરી કરવી પડે છે. કોઈ દેવ દેવીઓના સ્થાનકોની બાંધા રાખી હોય તો ત્યાં જઈને બાળકની લટ ઉતારાય છે. જેને ચૌલક્રિયા કહેવાય છે. ચરોતરમાં આ માટે પીપળાવ- આશાપુરી , મહીસાગરધામ વગેરે સ્થાનકો છે. બાધાના પ્રસંગે બાળકને લઈને કુટુંબ તથા સગા -વ્હાલા સાથે જાય છે. વાળ ઊતારનારને ભેટ અપાય છે.

## ઝિયાણાની વિધિ :

આ વિધિ કન્યાના મા-બાપ દ્વારા થાય છે. પ્રથમ પ્રસૂતિ પછી સવા મહિને દીકરીના મા-બાપ જન્મેલા બાળક છોકરો (ભાણો) હોય તો તેના પગની ચૂડીઓ , હાથની ચૂડીઓ , જોડી કપડાં , દીકરીના જોડી કપડાં, ઘોડીયું ,વગેરે લે છે. જો બાળકી (ભાણી) જન્મે તો પગની ઝાંઝરી , જોડી કપડાં, વગેરે અપાય છે. આમ બાપને જે મળે તે પોતાની

શક્તિ અનુસાર દીકરીને આપે છે. આ વિધિ દીકરીની પ્રથમ સુવાવડ - બાળક જન્મ વખતે જ થાય છે. આ વિધિ તળપદા દેવીપૂજકોમાં ફરજિયાત છે.

## લગ્નપ્રસંગો અને વ્યવસ્થા :

સમાજશાસ્ત્રીની પરિભાષા મુજબ દરેક સામાજિક મંડળને ચોક્કસ કાર્ય પદ્ધતિ હોય છે. જે સંસ્થા તરીકે ઓળખાય છે. લગ્નસંસ્થા સાર્વત્રિક સંસ્થા છે. લગ્નસંસ્થા સામાજિક રચનાતંત્રને ટકાવી રાખવાનું મહત્વનું કાર્ય કરે છે. આદિમ સમાજ અને સભ્ય સમાજ બંનેમાં લગ્ન સંસ્થા અસ્તિત્વ ધરાવે છે. આની સાથે સાથે એ પણ સાચું છે કે લગ્નનું સ્વરૂપ દરેક સમયે સમાજમાં જૂદું જૂદું જોવા મળે છે. કારણ કે લગ્ન અંગેનાં નિયમોમાં સમાજે સમાજે તફાવત જોવા મળે છે.

## લગ્નની વય મર્યાદા અને ગોઠવણી :

ચરોતર વિસ્તારમાં વસવાટ કરતી તળપદા દેવીપૂજક જ્ઞાતિમાં પણ લગ્ન સંસ્થાનું સ્વરૂપ નક્કી થયેલું છે. જ્ઞાતિના કેટલાંક નિયમો અને નિષેધો છે. જ્ઞાતિના દરેક સભ્યે તેનું પાલન કરવું ફરજિયાત છે. આ સમુદાયમાં બાળ લગ્નનો રિવાજ સદીઓથી ચાલ્યો આવે છે. બ્રિટીશ સરકાર અને ભારત સરકાર દ્ધારા 'બાળલગ્ન પ્રતિબંધ ધારો' ઘડાયો હોવા છતાં પચાસ (૫૦)ટકા આ સમુદાયમાં બાળલગ્નો જ થાય છે. બાળલગ્નો માટે અનેક કારણો છે. આ પ્રથા જ્યારે શરૂ થઈ હશે ત્યારે દરેક સમાજમાં બાળલગ્ન હતા. ધીમે ધીમે અન્ય સમાજમાંથી આ બદી નીકળી ગઈ. પરંતુ તળપદા દે.પૂ. સમાજમાં થોડા પ્રમાણમાં ટકી રહી છે. ટકી રહેવા પાછળનું એક માત્ર કારણ તેની આર્થિક પરિસ્થિતિ ગણાવી શકાય. બીજું કે શિક્ષણમાં આ સમાજ પછાત હોવાથી ઘરકામ,મજૂરી અને અન્ય

પ્રવૃત્તિઓમાં પરોવાયેલો રહ્યો અને તેથી વહેમ, અંધશ્રદ્ધા અને કુરિવાજો ફેલાતા જ રહ્યા. આ સમુદાયમાં લગ્નના મુખ્ય તબક્કાઓ નીચે મુજબ જોવા મળે છે :

- સગું કરવું
- સગાઇ /સગપણ કરવું
- વિવાહ
- આણું

(1) સગું કરવું :

દીકરા કે દીકરીના માબાપ દીકરી માટે વર કે દીકરા માટે વહુ જોવા જાય છે. જો પસંદ પડે તો સવા અગિયાર કે એકવીસ રૂપિયા છોકરા કે છોકરીના હાથમાં આપે છે. તેઓની સાથે બીજા કુટુંબીજનો કે સગા વહાલાં જાય છે. આમ ,બન્ને પક્ષ વારાફરતી છોકરો કે છોકરી જોવાનો દાડાવાર ગોઠવીને જોવા જતા હોય છે. બન્ને પક્ષોમાં મા બાપ મારફતે જ વર-કન્યાની પસંદગી થાય છે.

તળપદા દેવીપૂજકો અને વેડું દેવીપૂજકો વચ્ચે રોટી અને બેટીનો વહેવાર નથી. તળપદા સમુદાય પોતાને વેડું સમાજથી ઊંચા માને છે. તેથી તેઓ વેડું સમુદાયને પોતાની દીકરી આપતા નથી કે લાવતાય નથી .તળપદા સમુદાયમાં લોહીનો સંબંધ ધરાવતી શાખો સાથે વિવાહ થતો નથી. જેમકે ,નાપિયા શાખની દીકરી બીજે વસતા નાપિયા શાખમાં અપાતી નથી. પોતાની મૂળ પેટા શાખ અલગ હોય તો જ વિવાહ થાય છે.પોતાની તળપદા શાખ સાથે જ વિવાહ કરે છે.

(૨) સગાઇ / સગપણ કરવું :

બન્ને પક્ષે છોકરો છોકરી પસંદ થયા બાદ સગપણ કે વેવિશાળ ગોઠવાય છે. જે બન્ને પક્ષે અલગ અલગ ગોઠવાય છે. છોકરાપક્ષેથી સગાઈ થાય તો તેમાં છોકરીપક્ષવાળા છોકરા માટે પેન્ટનું પીસ (જૂના સમયે ધોતી ),લકી ,ઘડીયાળ,જોડી કપડાં ,નાળિયેર, સવાશેર ગોળ, સૂકા ધાણા વગેરે લાવે છે. માતાના મઢે છોકરાને બેસાડીને કંકુ ચોખાનો ચાંદલો કરી ,માથે ટોપી કે લૂગડું બાંધીને ,જે કાઈ વસ્તુ લાવ્યા હોય તે બધું છોકરાની પોસમાં આપે છે. આવેલા મહેમાનો વારાફરથી છોકરાની પોસમાં યથાશક્તિ પૈસાનું દાન કરે છે. બન્ને પક્ષના વેવાઈઓ ચાંદલો કરીને ગોળ વડે મોં મીઠું કરે છે. અંતમાં છોકરી પક્ષથી આવેલા મહેમાનોને મીઠું ભોજન બનાવીને પ્રેમથી જમાડવામાં આવે છે. આવી જ રીતે યોગ્ય મૂહુર્તે વરપક્ષવાળા છોકરીપક્ષવાળાને ત્યાં જાય છે. ત્યાં છોકરી માટે જોડી કપડાં ,ચપ્પલ,બંગડીઓ,ઓરીમાટલી (જેમાં, ગોળ, બુંદી, ખારેક, ધાણી, ચણા, સીંગ, હારડા, સાકર, કોપરા વગેરે પિત્તળ કે સ્ટીલની ગોરીમાં મૂકીને લાલ રંગનું કપડુ ઢાંકીને નાડાછડી બાંધેલી હોય છે.) વગરે છોકરીને આપે છે. મહેમાનો છોકરીને ભેટ સોગાદ -પૈસા આપે છે. બન્ને પક્ષના પાંચ પાંચ મોટા માણસો ભેગા મળીને વેવિશાળ વખતે દીકરીપક્ષવાળાને આપવાનું દહેજ નક્કી કરે છે. પહેલાના સમયમાં સવા રૂપિયો , ૨૨ રૂપિયા હતા. સમય જતા તેના પચ્ચીસ , પંચોતેર , સો રૂપિયા થયા. પછી છસો રૂપિયા થયા. હાલના સમયમાં ૩૫ થી ૪૫ હજાર દહેજ ચાલે છે. આ સમાજમાં 'દહેજ' એ દીકરીઓ માટે આશીર્વાદ સમાન બની રહે છે. કેમ કે અન્ય સમાજમાં કન્યાપક્ષેથી દહેજ લેવામાં આવે છે. જયારે અહી દીકરાપક્ષવાળા દીકરીને દહેજ આપે છે. આ દહેજની રકમ લગ્ન સમયે આપવાનું નક્કી થાય છે.

આ દહેજનું નક્કી કરનારને 'બોમણ' કહેવાય છે. જે છોકરા કે છોકરીનું સગું કરાવે છે. તે બન્ને પક્ષે સાક્ષી તરીકે રહે છે. લગ્નના અંતે આ બોમણને રૂપિયા કે ધોતી અથવા સાડી અપાય છે. જેને 'બોમણી' કહેવામાં આવે છે.

કેટલીકવાર બન્ને પક્ષોની સમજદારી અને ખર્ચ ઓછો થાય તેથી સગાઈને બદલે 'બેઠા બેઠ' રાખે છે. બન્ને પક્ષો એક જ વખત સામ સામે કપડા ,સવાશેર ગોળ ,અને નાળિયર આપે છે.

સગાઈ - વેવિશાળ થઇ ગયા બાદ બન્ને પક્ષની મરજી મુજબ ટૂંક સમયમાં કે એક બે કે પાંચ વર્ષે લગ્ન ગોઠવાય છે. મોટાભાગે સગાઇ પૂર્ણ થયા બાદ લાંબા સમયનું અંતર રાખવામાં આવતું નથી .પણ સંજોગો અનુસાર લગ્ન થઇ શકે છે. બન્ને પક્ષો આ બાબતે સંપૂર્ણ સંમત હોવા જરૂરી છે.

## લગ્ન પૂર્વેની તૈયારીઓ :

ઘરને રંગ રોગાન કરાવે , લીંપણ કરે. લગ્નનું સીધું અગાઉથી લાવે. વરને વરપક્ષવાળા અને કન્યાને કન્યાપક્ષવાળાના કુટુંબીજનો પોતાને ઘેર જમવા માટે નોતરે છે. યથાશક્તિ દાન આપે છે. છોકરાપક્ષે પોતાના કુટુંબીજનો -સગાવહાલાંને ભેટ આપવા માટે નવા કપડાં ,સાડલા ,સાડી,પેંટનું પીસ,ખમીસનું કાપડ,ધોતી વગેરે લાવવામાં આવે છે. પોતાના સ્નેહીજનો મામા-મામી, કાકા-કાકી,ભત્રીજા-ભત્રીજીઓ ,ભાણા -ભાણીઓ ,દાદા-દાદીઓ વગેરે માટે નવાં કપડાં લાવવામાં આવે છે. આવી જ રીતે છોકરીપક્ષવાળા પણ પોતાનાં સગાં -વ્હાલાં માટે નવાં કપડાં ખરીદે છે.

## લગ્ન મૂહુર્ત :

છોકરા કે છોકરી પક્ષે ગમે તે પક્ષે ગામના એક બ્રાહ્મણને ત્યાં જઈને લગ્નનું યોગ્ય મૂહુર્ત કઢાવે છે. લગ્ન લખાવે છે. કન્યાપક્ષવાળા વરપક્ષવાળાનું અને પોતાનું બન્ને લગ્ન પડીકા ઘરે લાવે છે. આ પડીકામાં એક કોરા કાગળમાં લાલ પેનથી લગ્નનું મુર્હત , જાનપ્રસ્થાન, હસ્ત મેળાપ , વિદાય વગેરે વિધિઓનો ચોક્કસ સમય લખેલો હોય છે. લગ્ન કઢાવ્યા બાદ બન્ને પક્ષો પોતપોતાના સગે વ્હાલે કંકુ ચોખાની કંકોતરી મોકલે છે. આધુનિક સમયમાં છપાવેલી કંકોતરી મોકલે છે.

## લગ્નગીતોની મોજ :

લગ્નગીત એ સમૂહગાન છે. સમાજમાં એકતા ટકાવી રાખનારું પ્રેરકબળ છે. લગ્નગીતો સ્વયંભૂ હોય છે. લગ્ન પૂર્વે જ પોતાના ફળિયાના -મહોલ્લાના ઘરે ઘરે નારી યજમાન પોતે જ અન્ય ગૃહનારીઓને પોતાના ઘરે લગ્નગીતો ગાવાનું ભાવભીનું આમંત્રણ આપી આવે છે. રાત્રે જમી પરવારી બધી સ્ત્રીઓ ભેગી મળીને મુક્તકંઠે લગ્નગીતોની મોજ લૂંટે છે. જેમાં પરિવારની પ્રશસ્તિના રસદાર વર્ણનો આવે તો બીજી બાજુ સમાજજીવનની કઠોરતા , લાચારીઓ વ્યક્ત થાય છે. ગૌરીપુત્ર ગણેશથી શરૂઆત થાય. ઘણા લગ્નગીતોમાં હાસ્યરસ હોય ,તો કેટલાકમાં આંખ નીચોવી નાખતી કરૂણતા હોય. ( લગ્નગીતો માટે જુઓ પરિશિષ્ટ-૧)

## લગ્ન લઈને છોકરાપક્ષે જવું :

લગ્નના પાંચ સાત દિવસ અગાઉ છોકરી પક્ષેથી કન્યાનો ભાઈ કે કાકા એમ બે ત્રણ વ્યકિતઓ છોકરાપક્ષે લગ્ન પત્રિકા લઈને જાય છે.ત્યાં છોકરા પક્ષવાળી સ્ત્રીઓ પધારેલ લગનીયાઓને ગામના નાકે કે ફળિયાના ઝાંપે કંકુ-ચોખાથી વધાવે છે અને લગ્નગીતો ગાય છે :

'હું તો લગન વધાવા ને જઈશ,

મારે સામે શેઢે સૂરજ ઉગિયા

---

'મારે સામે ચૂલે ચઢી મસૂરની દાળ...

મેં તો વેવાઈને જમવા તેડ્યા મસૂરની દાળ

વેવાઈને ચડ્યો આફરો ,મસૂરની દાળ' ...મારા સામે ...

---

આવેલા લગનીયાઓને એક વાટકીમાં ઘી અને ખાંડ નાખીને પીવડાવવામાં આવે છે. ત્યાર બાદ વેવાઈના ઘેર ઘી -કંસાર ,દાળ -ભાત -શાક જમીને ,લગ્ન પડીકી આપીને વિદાય લે છે.

**થાંભલી નાંખવી :**

બન્ને પક્ષે લગ્નના બે દિવસ અગાઉ સીમડા(હમડો)ની થાંભલી લાલ નાડાછડી ખાડો ખોદીને ઘરની જમણી બાજુએ ,સવા રૂપિયો મૂકીને પાંચ વિવાહિત થયેલ પુરુષો દ્વારા રોપવામાં આવે છે. કંકુ ચોખાના ચાંદલા થાય છે. ગીતો ગવાય છે. નાળિયેર,ગોળ અને ધાણા વહેંચાય છે.

છોકરાપક્ષે પોતાના કૂળદેવી -દેવતાના મઢે થાંભલી રોપવામાં આવે છે. જયારે છોકરીપક્ષે પોતાના ઘેર થાંભલી રોપવામાં આવે છે. ભૂવાજી અને અન્ય પાંચ વિવાહિત

પુરુષોના જમણા હાથે નાડાછડી બાંધીને ઉપરની વિધિ થાય છે. ગોળ-પતાસાં વહેંચવામાં આવે છે.

## મીંઢળ બાંધવાની વિધિ :

લગ્નના આગલા દિવસે અથવા તે જ દિવસે માતાજીના મઢે ભૂવાજી ધૂણે, માતા બોલાવે અને પરણવા જતાં છોકરાના જમણા હાથે મીંઢળ બાંધે છે. જયારે છોકરીને બ્રાહ્મણ મીંઢળ બાંધે છે. તે વખતે મંગલ ગીતો / માતાજીના ગીતો ગવાય છે. વરરાજાના નવાં કપડાં -સામગ્રીને મઢે કે મંદિરે છબાવવામાં ( ધરાવવામાં ) આવે છે. ત્યાર પછી જ વરરાજા તે કપડાં પહેરે છે. ક્યારેક માતાજીની ગોયણીઓ (મીઠા ભોજનનું નૈવેધ) બાદ મીંઢળ બંધાય છે. લગ્નગીતો ગવાય છે :

સોતકવેળા સાસુજી મેણા બોલીયા ,

ના આવ્યા તમારા વીરા ,સોતક વેળા વહી જશે ....

-----------------------------------

પાવડીએ પગ દઈ ચઢો નરેશ ભઈ,

માતા છેડો જાલશે રે ....

છોડો છોડો માતાજી છેડો

અમારે પરણ્યા વિના કેમ ચાલશે રે

----------------------------------------

## ગોયણીઓ (મીઠા ભોજનનું નૈવેદ) :

ચરોતરના તળપદા દેવીપૂજકોમાં ગોયણીઓ કરવાનો પરંપરાગત રિવાજ છે. ગોયણીઓ એ માતાજીને ધરાવવામાં આવતું મીઠું નૈવેદ્ છે. તળપદાની કેટલીક શાખોમાં તે રિવાજ નથી. લગ્નના આગલા દિવસે માતાજીના મઢે ચંદરવા બંધાય , હોમ હવન ચીતરાય, ઘી કંસાર તથા ખાંડ-બૂરુંથી ભોજન તૈયાર થાય. જેને તેઓ 'ગોયણીઓ ' કહે છે. કુલ સવાસો ગોયણીઓ (૧૨૫) થાળીઓ તૈયાર કરવામાં આવે છે. જે માટે કૂળના પૂજાતા સમગ્ર દેવ દેવીઓ -પૂર્વજોને નોતરવામાં આવે છે. કુલ ૧૨૫ દેવ દેવતાઓનું નૈવેદ થાય છે. સમાજની કુવારીકાઓ , વિવાહિત સ્ત્રીઓ, પુરુષો, કુમારો એમ સવા સો વ્યક્તિઓને આ નૈવેદની ભોજન થાળીઓ પીરસાય છે. ગોયણી વખતે ભૂવાજીને ધૂણ્ય ચઢે અને ઘીની કીટલી હાથમાં લઈને તે ભોજનની થાળીમાં પીરસે છે. આ ભોજનવિધિ ક્રમ મુજબ જમાડાય છે. જાગરિયા પોતાના ડાક ડમ્મર વગાડી માતાજીની રેગડી - સ્તુતિઓ ગાય છે.

<u>પીઠી ચઢાવવાની વિધિ :</u>

લગ્નના આગળના દિવસે ઘરમાં ખડી કે અન્ય રંગો વડે ગણપતિ ચીતરે છે. લગ્નના દિવસે સવારમાં યોગ્ય મૂહૂર્તે ગણેશ સ્થાપના કરાય છે. છોકરાપક્ષમાં છોકરાને સવારમાં પાંચ વિવાહિત પુરુષો અને સ્ત્રીઓ પીઠી ચડાવે છે. બપોરે પણ આવી જ રીતે પીઠી ચડાવાય છે.

ઈથી પીઠ્ઠી ચડશે રે મારા અશોકભઈને ...

પાક્કું તેલ ચડશે રે મારા અશોકભઈને

કાચું તેલ ચડશે રે પેલા ઉપાબેનને ...

<u>ઘંટી છબાવવાની વિધિ :</u>


ઘંટી છબાવવાની વિધિ

અનાજ દળવાની પથ્થરની ઘંટીના બે મોટા પૈડા લાવી તેને લાલ નાડાછડી બાંધી , કંકુ ચાંદલા કરાય છે. પાંચ પરણિત પુરુષોના કાંડે નાડાછડી બાંધવામાં આવે છે. બધાયને તિલક કરાય છે. ત્યાર બાદ પાંચેય પુરુષો એક સાથે ઘંટીમાં પીઠી નાખીને ઘંટી ફેરવે છે. જેને 'ઘંટી છબાવવી' કહેવાય છે.

ઘંટી છબાવ્યા બાદ વરરાજાને પીઠી ચડાવાય છે. એક એક વ્યક્તિ પાંચ પાંચ વાર પીઠી ચઢાવે છે. વરરાજાના ભાભી કે ભોજાઇ વરરાજાનો હાથ પકડીને ઊભા કરે છે. અને અમૂક દાપૂ ચૂકવે છે. આવી જ રીતે કન્યાપક્ષે પણ પીઠીની વિધિ થાય છે. પીઠીનાં ગીતો ગવાય છે.

' અદડી તો લીલી ને પીળી રે...
જઈ ચઢી માતાજી ના મો'લે રે ...
અદડી તો લીલી ને પીળી રે
જઈ ચઢી નરેશભઈના અંગે રે ....

<u>મામેરું કે મોસાળું :</u>

કન્યા પક્ષવાળા અને વરપક્ષવાળાના મામા મોસાળું કે મામેરું લાવે છે. તેમાં બહેન માટે સાડી -સાડલો , બનેવી માટે ધોતી કે લેંગો , જોડી કપડાં , અન્ય દાગીના તેમજ ઘર વપરાશની તમામ ચીજવસ્તુઓ લાવે છે. પરણનાર ભાણીયા કે ભાણી માટે કપડાંની જોડ લાવે છે. જૂના સમયે મોસાળાને બદલે બેનને ભેંસ પણ અપાતી હતી. મામેરું ન કરવું હોય તો ભાઈ બહેન બનેવીને રોકડ રૂપિયા આપે છે. મોસાળામાં આવેલા ચાંદલો કે રોકડ રકમ બધું જ મોસાળું ભરતી વખતે બહેનને આપી દેવામાં આવે છે. મોસાળું ભરાઈ ગયાં બાદ મામાના બધાં જ કુટુંબીજનોને કંસાર અને અન્ય ભોજન જમાડવામાં આવે છે. મોસાળાના મહેમાનો માટે અલગ ઉતારો આપવામાં આવે છે. વર કે કન્યાના બંને પક્ષે થતી આ ક્રિયા છે.

કોની કોની ઘરે વેરો આવ્યો માણારાજા

નરેશભઈને ઘેર વેરો આવ્યો માણારાજા...

નરેશભાઈ તો ઘરમાં આઘા પાછા થાય રે ...

શું રે વેચીને વેરો ભરુ માણારાજા....

__ફુલેકુ :__

વર-કન્યાના નજીકના કુટુંબીજનો વર-કન્યાનું ફુલેકુ ભરાવે છે. જેમાં વરપક્ષે હોય તો વરના નજીકના કે દૂરના સ્નેહીઓના ઘરેથી વરરાજાના હાથમાં નાળિયર, પતાસા, ફૂલો અને યથાયોગ્ય પૈસાનું દાન કરે અથવા વરરાજાની પોસમાં મૂકીને ઢોલ કે બેન્ડવાજા વગાડતા વરરાજાના ઘરે આવે છે. ફૂલેકુ ભરાવનાર વર-કન્યાને મીઠું ભોજન કરાવે છે અને ઢોલવાળાને દાપૂ આપે છે.

## ભોજન વ્યવસ્થા - જમણવારી :

પધારેલા મહેમાનો -સ્નેહીજનો -કુટુંબીજનો માટે બપોરે અને રાત્રે એમ બે સમયે ભોજનની વ્યવસ્થા કરે છે. સૌ પ્રથમ કૂળદેવી , ભગવાન અને પોતાના પૂર્વજ કે શિકોતરને ભોજન તરાપાય છે. બધા જ જમ્યા પછી જ નાતના કે સમાજના કોઈ વ્યક્તિ જમ્યા વગર રહી ગયા તો તેમના ઘરે 'ભાણું' આપવામાં આવે છે. તેને તેઓ 'પીરસણ' કહે છે.

## ગ્રહશાંતિ / હોત્તક કરવી :

પહેલાના સમયે આવી કોઈ વિધિ આ સમૂદાયમાં થતી નહોતી. હાલમાં કેટલાંક સુખી કુટુંબોમાં ગ્રહશાંતિનો માંગલિક પ્રસંગ ગામના ગોર બોલાવીને વિધિપૂર્વક કરાવાય છે.

## જાનપ્રસ્થાન :

જૂના સમયમાં જાન બળદગાડામાં કે પગપાળા જતી. તે વખતે ત્રણ ચાર દિવસે પહોંચતી. જાનમાં પચાસ પચ્ચીસ જેટલા માણસો જોડાતા. જાનપ્રસ્થાન પહેલા વરરાજાને માતાના મઢે બેસાડતા. માતાજી-ભૂવાના આશીર્વાદ લેવાતા. વરરાજાની બહેન લૂણ ઉતારે. વરરાજાના હાથમાં કટાર , ફૂલોનો ખૂંપ અને નાળિયેર હોય. જે છેક પરણીને ઘરે પ્રસ્થાન સુધી હાથમાં જ પકડી રાખે છે. જાનપ્રસ્થાન પહેલા વરરાજા માતાજીના મઢે માતાજીને પગે લાગે છે. સ્ત્રીઓ જાન પ્રસ્થાનના મંગલ ગીતો ગાય છે :

આગળ મોરલિયા બોલે ,

પાછળ ડુંગરિયા ડોલે ,વીરા પાછા વળો...

સામે સસરાજી મળે ,

એમની નજરો લાગે ,વીરા પાછા વળો ...

---

આગલે બારણે મોગરો ,

પાછલે બારણે ચંપો ,

ચંપાના ફૂલ કેવાં સોડે રે વાલમજી .....

---

વરરાજા જે તે વાહનમાં બેસે ત્યારે તેમની માતા જે તે વાહનનું પૈડું છેકે છે. એટલે કે વાહનની જમણી બાજુના પૈડા ઉપર નાળિયેર વધેરીને, લોટો પાણી ઢોળીને વિધિ કરે છે.

<u>ઉતારો :</u>

પરગામ જતી જાનમાં સ્ત્રીઓ , પુરુષો અને બાળકો સામેલ હોય છે. વડીલો ઘૈડીયા ખાસ હોય છે. આખા રસ્તે ગીતો ગવાય , હર્ષ ઉલ્લાસ થાય. જાનનો ઉતારો જે તે ગામની ભાગોળ કે યજમાનના ઘરની નજીક રાખવામાં આવે છે. ત્યાં જાનૈયાઓ ભેગા મળીને ઢોલ વગાડી હર્ષોલ્લાસ કરે છે. જાનડીયુ ગીતો ગાય :

' છોડી ઘડો પોણી ભરી લાય , તરસે મરીએ છીએ...'

જાનૈયાઓની ચા-પાણી અને ભોજનની વ્યવસ્થા થાય છે. વરરાજા માટે ખાસ એક ભોજનથાળી ઉતારે લાવવામાં આવે છે. જાન જમ્યા બાદ કન્યાપક્ષનો સમાજ

જમે છે. જમણવારી પૂરી થતા જ કન્યાપક્ષથી વરત (વ્રત) નીકળે છે. ગ્રહશાંતિ થાય. પહેલાના સમયમાં જાનૈયાઓ પોતાના સગા -વેવાઈને ઘરે રહેતા અને આખી રાત સમાજના વ્યવહારો -રિવાજો ,ચલણ, માતાજી વગેરે વિષયોની ચર્ચા કરતા. હવે આવું કશું થતું નથી.

**સામૈયુ/ તોરણ છબાવવાની વિધિ :**

'ચઢો નવસા ચઢો નવસા તોરણે

જુવો તમારી સાસરી રે ...'

કન્યાની માતા વરને પોંખે છે. તોરણુ છબાવવાની વિધિ થાય છે. એક થાળીમાં દીવો , કંકુ, ચોખા , લોટનાં મુઠીયાં ,ચાર દાતણ, રવૈયો ,સૂપડું ,બાજરીનાં રાડા, વલોણું , વલોણી વગેરે વસ્તુઓ લાવે. પોંખવાની વિધિથી હસ્તમેળાપ સુધીની વિધિ જૂના સમયે વૃદ્ધ દેવીપૂજક કરાવતા. હવે આ વિધિઓ બ્રાહ્મણો દ્વારા કરાવવામાં આવે છે. પણ અભિજાત બ્રાહ્મણનું દેવીપૂજક સામાજિક જીવનમાં કોઈ ખાસ મહત્વ નથી. ડાહ્યો માણસ જેમ જેમ સૂચન કરે તેમ તેમ સાસુ જમાઈના માથા પર મૂઠીયાં અને દાતણ ઉતારીને ચાર જુદી જુદી દિશાઓમાં નાખે છે. છેલ્લે વરના માથા પર રવૈયો ફેરવવામાં આવે છે. મંગલ ગીતો , ફટાણાં ગવાય છે. બન્ને પક્ષો એકબીજાનો વ્યંગ-કટાક્ષ કરે છે. ક્યારેક ઝગડાઓ પણ થાય. પોંખણાની વિધિ પૂરી થયે વરરાજા સંપુટને ભાંગીને મોયરામાં પધારે છે. સાસુની થાળીમાં સવા અગિયાર કે એકવીસ રૂપિયા દાપૂ મૂકવામાં આવે છે.

**ચોરીમાં વરરાજાનું આગમન :**

થંભી રહો થંભી રહો મોયરાની માંય

ઉતાવળ શીદને કરો છો...

વરરાજા જયારે ચોરીમાં પ્રવેશ કરે છે ત્યારે તેનું માન સાચવવા -બેસવા માટે ખુરશી અથવા બાજોઠ આપવામાં આવે છે. 'ડાહ્યોમાણસ' ચોરી ચીતરે છે. લંબચોરસ અથવા ચોરસ આકારની ચોરી બનાવે છે. તેમાં એક નાળિયેર મૂકાય છે. ઘીમાં પલાળીને મોટી દિવેટ પ્રગટાવાય છે. આમ,તેમની લગ્નવેદી તૈયાર થાય છે.

## કન્યાની પધરામણી / મંગલફેરા :

લગ્ન મંડપમાં કન્યાના મામા કે કાકા ભત્રીજી-ભાણીને તેડી લાવે છે અને ચોરીમાં પધરાવે છે. દિવેટની જ્યોત પર બન્ને દ્વારા તલ, જવ અને ઘી હોમવામાં આવે છે.

ચોરીના ફેરા ફેરવવાના સમયે વરના ખેસનો એક છેડો કન્યાની પીળી -લાલ સાડી સાથે બંધાય છે. વરકન્યા પક્ષની સ્ત્રીઓ ગીતો ગાય છે. અગ્નિની સાક્ષીમાં લગ્ન વિધિ સંપન્ન થાય છે. ફેરા ફરતી વખતે સગા વહાલા વરકન્યાને યથાશકિત દાન કરે છે. ચાર ફેરા પૂર્ણ થતા જ પહેલા જે નીચે બેસી જાય તે જીતી જાય એમ મનાય છે. તેથી ચોથો ફેરો પૂર્ણ થતાં જ વર -કન્યાના સાથી મિત્રો એકબીજાના કાનમાં 'પહેલા બેસી જવું' તેવી ચેતવણી કે સંકેત આપે છે. આ બેસવાની વિધિમાં કેટલીકવાર ઝગડાઓ થાય છે !

## કંસાર :

મંગલ ફેરાની વિધિ પૂર્ણ થયાં બાદ વર-વધૂને કંસાર આપવામાં આવે છે. તેઓ એકબીજાને કંસારના કોળિયા જમાડે છે.

## દહેજ-દાપાની વિધિ :

લગ્ન સંપન્ન થતાં જ બન્ને પક્ષના વડીલો કે ડાહયા માણસો ભેગા મળીને , એક સ્થળે બેસીને નક્કી કરેલ દહેજ - દાપાની વિધિ પૂર્ણ કરે છે. ચરોતરપ્રદેશમાં આ દહેજ અને દાપાનો રિવાજ જુદો જુદો જોવા મળે છે. હાલમાં મોટા ભાગે આણંદ-નડિયાદના ગામડાઓમાં દહેજ ઉપરાંત ચાર દાપાં લેવામાં આવે છે : જેમાં હીજડાનું દાપૂ , માળીનું દાપૂ , બ્રાહ્મણનું દાપૂનો સમાવેશ થાય છે.

## કંકુ કન્યાનો રિવાજ :

તળપદા દે.પૂ.સમાજમાં કન્યાપક્ષવાળા વરપક્ષવાળા પાસેથી દહેજ માંગે છે. પણ કેટલાંક કુટુંબો વરપક્ષવાળા પાસેથી કોઈપણ પ્રકારની રકમ કે દહેજ લેતાં નથી અને માત્ર એક બે ઘરેણાં દીકરી માટે માંગે છે. ચરોતરના તળપદા દેવીપૂજકો આને કંકુકન્યાનો રિવાજ કહે છે. કેટલાંક ગામડાઓમાં સાડા બાવીસ રૂપિયા માત્ર દહેજ છે.

## કન્યા વિદાય :

સવારના પહોરમાં પરોઢ ફાટતાં જ કન્યાને વિદાય અપાય છે. આ પ્રસંગ કરૂણ છે. પણ હજુ કન્યા ઉંમરલાયક થઇ નથી. એટલે કે એક બે દિવસ પછી ઘરે પાછી જ આવવાની છે. એવું માનીને કન્યાના મા બાપ મનને મનાવી લે છે. ક્યારેક વાર કે દાડો અશુભ હોય તો વરઘોડીયાને બે ત્રણ દિવસ કન્યાને ઘરે જ રોકાવું પડે છે. તેનો ખર્ચો પાણી કન્યાપક્ષવાળા વેવાઈ ભોગવે છે.

પિયરની વિદાય લઈને કન્યા માત્ર એક બે દિવસ માટે સાસરામાં રહેવા આવે છે. ત્યારે તેની ઉંમર ઘણી નાની હોય છે. વરની ઉમંર પણ બાળક જેવી જ હોય છે. કન્યાની સાથે 'અલવણીયા'- વડારણમાં કન્યાની ઉંમરની એક બે સખીઓ સાથે આવે છે. વરઘોડિયું

પરત આવતાની સાથે જ વર-કન્યા બંને પોતાની કૂળદેવી-દેવતાના મઢે પગે લાગે છે. ત્યારબાદ વર-કન્યા સામ સામે એકબીજાના મીંઢળ છોડે છે. વડીલોના આશીર્વાદ લે છે.

નક્કી કરેલ મૂર્હુતે કન્યાપક્ષથી બે ચાર વ્યક્તિઓ કન્યાને તેડવા માટે આવે છે. આ માટે વરપક્ષ તરફથી સ્ત્રી મહેમાનો માટે નવા સાડલા કે સાડી લેવાનો રિવાજ પરંપરાગત અને ફરજિયાત છે. સાથે કોઈ નાની દીકરી આવી હોય તો તેણીનો સાડલો કે સાડી આપવી પડે છે. કન્યા સાથે આવેલ અલવણીયાને સાડી પહેરવાનો રિવાજ છે. મીઠા ભોજન બનાવી ભાવે જમાડીને કન્યાને તેના સ્નેહીજનો સાથે વિદાય કરે છે.

## <u>આણું વાળવું :</u>

લગ્ન પછી જયારે પરણેલી દીકરી(કન્યા) ઉંમરલાયક થાય ત્યારે કન્યાનું આણું વાળવામાં આવે છે. દીકરી પુખ્તવયની થાય ત્યારે સાસરે વળાવવામાં આવે છે. તેને 'પહેલું આણું ' કહેવાય છે. કેટલાક તેને 'આવતી-જતી કરવી ' તેવું પણ કહે છે. આણું વાળવાની પ્રક્રિયામાં કન્યા સાસરે જાય અને થોડાં દિવસ રહી પિયર પાછી આવે છે. છોકરીના માતા પિતા પોતાની દીકરી માટે પાંચ કે અગિયાર જોડી કપડાં , છડા, જડ, કંઠી, કાપ, કેડઝૂડો, અંગુઠીયાં, બંગડીઓ અને પૂરો શણગાર ભેટમાં આપે છે. આ પરંપરાગત ચાલ્યો આવતો ફરજિયાત રિવાજ છે. દીકરી માટે ખરીદેલા કપડાં-દાગીના વગેરે જોવા માટે ફળિયાના-મહોલ્લાના કુંટુંબીજનો ખાસ કરીને સ્ત્રીઓ આવે છે. અને સાસરે જતી દીકરીને સલાહ - સૂચનો આપે છે.

દિવાળીના શુભ દિવસોમાં કે અખાત્રીજના મૂહુર્તે કન્યાનું ઓંણ કરવામાં આવે છે . દીકરી ઘર છોડે ત્યારે સગાં વહાલાં દીકરીને ભેટ સોગાદો આપે છે. ખાસ કરીને પૈસા આપે છે. તેને 'ખોળે પૈસા ઘાલવા' કહેવાય છે. સાસરીપક્ષેથી કન્યાને તેડવા આવેલ

મહેમાનોને મીઠું ભોજન જમાડાય છે. દીકરીને મા-બાપ , કાકા-કાકી , ભાઈ-ભાભીઓ રૂદન કરીને વિદાય આપે છે. કન્યાની સખીઓ પણ આંસુડાઓ પાડે છે. કન્યા પોતાનું વતન છોડીને પરગામ પોતાના પતિ સાથે રહે છે.

<u>છૂટા છેડા / ફારગતિ :</u>

આ જ્ઞાતિમાં સ્ત્રી - પુરુષને અણબનાવ કે કજોડુ થતાં છૂટાછેડા થઇ શકે છે. જેને 'ફારગતિ પાડવી' કહેવાય છે. જો સ્ત્રી વિધિસર છૂટાછેડા કર્યા વગર બીજાના ઘરે બેસી જાય તો કન્યાના બાપને કન્યા જેના ઘરમાં બેઠી હોય તેની પાસેથી દહેજના પૈસા વસૂલ કરી કન્યાના પ્રથમ વરપક્ષને ચૂકવવા પડે છે. આ સમયે દહેજ અર્ધું જ ચૂકવાય છે. જો લગ્નપ્રસગે ત્રણસો રૂપિયા આપ્યા હોય તો આ પ્રસગે માત્ર દોઢસો જ પાછા આપવામાં આવે છે.

ત્યકતા સ્ત્રી પણ બીજે ઘરઘરણું કરી શકે છે. પુરુષને કારણોવશાંત્ એટલે કે સંતાન વગેરેને ન થતા હોય તો પોતાની સ્ત્રીની પરવાનગી લઈ બીજા લગ્ન કરવાની છૂટ છે. અમુક કિસ્સાઓમાં સ્ત્રી કે પુરુપ છૂટાછેડા આપવા માંગતા ન હોય અને સાથે રહેવા પણ માંગતા ન હોય એવા સંજોગોમાં પુરુષ કે સ્ત્રી ને પુનઃલગ્ન ગોઠવવા હોય તો છુટાછેડા લીધા વગર પોતાની મરજીથી બીજે નાતરું કરીલે છે. આ રીવાજ જ્ઞાતિ કે પંચ માન્ય રાખતું નથી અને તેવા લોકોને જ્ઞાતિ બાર (નાત બહાર ) મૂકવામાં આવે છે .

જો વિવાહિત કન્યા હોય પણ ઓંણુ કરેલ ન હોય તો તેવી કન્યા સાથે શારીરિક સંબધ બાંધનાર પુરુષ (તળપદા દે.પૂ.જાતિનો) પાસેથી 'દાવો' લેવામાં આવે છે . 'દાવો' એટલે પંચે નક્કી કરેલ દંડ જે રૂપિયા લેખે લેવામાં આવે છે. જેમાં હાલમાં ચાલીસથી - પિસ્તાલીસ હજાર રૂપીયા ચાલે છે.

## જ્ઞાતિ પંચ :

પ્રાચીન સમયમાં પ્રત્યેક સમાજમાં જ્ઞાતિ પંચોની વ્યવસ્થા હતી.પરંતુ સમયના વહેણમાં હવે બધું બદલાવવા માંડ્યું છે. પણ ચરોતરના તળપદા દેવીપૂજક સમુદાયમાં આજે પણ જ્ઞાતિપંચનું મહત્વ જોવા મળે છે. સમાજમાં કોઈ વાદ-વિવાદ કે ઝગડા -ફરિયાદ કે છૂટાછેડા/ ફારગતિ જેવી ઘટનાઓ બને ત્યારે જ્ઞાતિના મોટા માણસો નક્કી કરેલ સ્થળે એકઠાં થાય છે. પંચના સભ્યો એકબીજાને સાંભળી , આરોપીને બચાવપક્ષ રજૂ કરવાનો મોકો આપીને પંચના સભ્યો અંદર ચર્ચા વિચારણા કરીને ચૂકાદો રજૂ કરે છે. બંને પક્ષો આ ચૂકાદાને માન આપે છે. પંચના સભ્યો આ ચૂકાદો અમૂક રૂપિયાના દંડથી કરે છે. ગૂનેગાર પક્ષે આ દંડ ફરજિયાત ચૂકવવો પડે છે. આમ , ઘર કુટુંબના સામાજિક ઝગડાઓનો જ્ઞાતિ પંચ દ્વારા ઉકેલ આવી જાય છે. માટે આ લોકો પોલીસ કે સરકારી કચેરીએ ગંભીર ગુના સિવાય જતા નથી.

## પુન: લગ્ન :

આ સમાજમાં પુન:લગ્ન ઓછા થાય છે. પરંતુ કોઈપણ કારણોસર પતિ પત્ની વચ્ચેના અણબનાવના કારણે પતિ કે પત્ની દ્વારા પુન:લગ્ન કરવામાં આવે છે. પરણેલો પુરુષ બીજી વખતે પરણે તેને 'બીજવર' કહે છે. જ્ઞાતિપંચે નક્કી કરેલ નિયમો પ્રમાણે પુન: લગ્ન થઈ શકે છે. જેને 'નાતરું' કહે છે. નાતરામાં પુરુષપક્ષના વધુમાં વધુ પચ્ચીસ માણસો સ્ત્રીને લેવા જાય છે. આ સમયે તેઓ કન્યા માટે એક જોડી કપડાં , શણગાર વગેરે લઈને જાય છે. આ વિધિ 'ફૂલહાર' તરીકે જાણીતી છે . આ સમાજમાં ઘણી વખત એક કરતાં વધારે ભાઈઓ હોય અને ત્યાં જો મોટા ભાઈનું મૃત્યુ થઇ જાય તો સ્ત્રી વિધવા બને ત્યારે

સહમતીથી તે દિયર સાથે તે વિધવા સ્ત્રીનું નક્કી કરવામાં આવે છે જેને 'દિયરવટું' કહેવામાં આવે છે.

## લાજ ઘૂંમટાની પ્રથા :

પ્રાચીન સમયથી આ જ્ઞાતિમાં સ્ત્રીઓમાં લાજ ઘૂમટાની પ્રથા ચાલી આવે છે. જેમાં સસરા , જેઠ , કાકા-સસરા , દાદા-સસરા, માસા -સસરા , ફુવા સસરા કે જમાઈ અથવા વડીલ માણસની લાજ પૂત્રવધુઓ કાઢે છે. કહેવાય છે કે આ રિવાજ મધ્યયુગનો છે. જ્યારે મુસ્લિમ બાદશાહો સ્ત્રીઓનું અપહરણ કરતાં ત્યારે લાજ - ઘૂંમટો તાણવાનો રિવાજ અસ્તિત્વમાં આવ્યો હતો. વડીલોની મર્યાદા જાળવવા માટે આ પ્રથા કાયમી હતી પણ આજે સમાજમાં શિક્ષણના પ્રભાવથી આ પ્રથા ધીમે ધીમે નાશ પામી રહી છે.

# તળપદા દે.પૂ. સમાજના મરણોત્તર રિવાજો

મરણ સનાતન છે. એમાંથી કોઈ છટકી શક્યું નથી. જે જન્મે છે તે મૃત્યુ પામે છે. તળપદા દે. પૂ. સમાજમાં હિંદુ પ્રણાલિ પ્રમાણે મૃત્યુની વિધિ થાય છે. મહીકાંઠાના ગામડાઓમાં જૂના સમયે વ્યકિત મરે ત્યારે તેની 'દફનવિધિ' થતી. એવી જ રીતે આણંદ-ખેડા જિલ્લા વિસ્તારમાં વસતા ત.દે.પૂ. જૂના સમયે વ્યકિતના મૃતદેહને દાટતા હતા. પરંતુ હવે લગભગ બધે જ મૃતદેહને અગ્નિસંસ્કાર આપવામાં આવે છે .

મૃત્યુ પામેલ વ્યક્તિને ભોંય પર ગાયના છાણથી લીપીને દર્ભ મૂકીને સુવડાવવામાં આવે છે . આ રીતે તૈયાર કરેલ ભૂમિને 'ચોકો' કહેવાય છે. મૃતદેહને સ્નાન કરાવે છે અથવા કપડું ભીનું કરીને શરીર પર ફેરવાય છે. મૃતદેહને નવા કપડાં પહેરાવે છે. માથામાં અત્તર કે સુગંધીદાર તેલ નાખે છે. સગાં-વહાલા મૃતદેહના મુખમાં ગંગાજળ /

પાણી મૂકે છે. મરનારની પત્નીને નવાં કપડાં પહેરાવે છે. આવા કપડાં સ્ત્રીના પિયર તરફથી આવે છે .

સમાજના કેટલાક અનુભવી માણસો વાંસની નનામી (ઠાઠડી) તૈયાર કરે છે. તેમાં મરનારની લંબાઈ મુજબ વાંસ કાપીને તેનો અમૂક શુભ આંકડો આવે એવી રીતે વાંસના ટુકડાઓ મૂકીને કાથી અને દાભ વડે તૈયાર કરેલ દોરી વડે નનામી તૈયાર કરે છે. સમાજના આગળ પડતા માણસો બજારમાંથી આગળની વિધિ માટેના સામાનની ખરીદી કરવા માટે ઘરના એક માણસને સાથે લઈને જાય છે.

મરનારનાં સગાં સબંધીઓ દીકરાઓ - દીકરીઓ , ભાઈઓ - બહેનો , મામા-મામીઓ , ફુવાઓ –ફોઈઓ, વેવાઈઓ આવી ગયા બાદ મૃતદેહને નનામીમાં બાંધીને સ્મશાન તરફ લઈ જવામાં આવે છે . કાથી , નાડાછડી અને દાભ વડે તૈયાર કરેલ દોરીથી મૃતદેહને મજબૂત બાંધીને ચાર જણા ઉચકે છે. મૃતકના બન્ને પગના અંગુઠા એક દોરીથી મજબૂત બાંધી દે છે . ડોકા - માથા વાળો ભાગ ખુલ્લો રખાય છે .

સગાં-સબંધીઓ મરનારનું અંતિમ વખત મુખ જુએ છે અને યથાશક્તિ પ્રમાણે કાપડ કે સાડલાનું ( સ્ત્રી મરણ પામી હોય તો ) દાન કરે છે. તેની નનામી પર આ ભેટો ઓઢાડાય છે. સગાં-સબંધીઓ ફળિયાના કે મહોલ્લાનાં ચોકથી પોક મૂકીને રડતા રડતાં આવે છે. કુંવારી કન્યા પાંચેક બાજરીના રોટલા બનાવે છે. જે સ્મશાનયાત્રામાં રસ્તે આવતા કૂતરા-ગાયને મૂકાય છે. એક પિત્તળની થાળીમાં અનાજ લેવામાં આવે છે. તે રસ્તે પક્ષીઓને નાંખાવામાં આવે છે. એક કાચી હાંડલી લેવામાં આવે છે. તેમાં ગાયનાં છાણા સળગાવીને મૂકાય છે. હાંડલી પકડવા દાભ અને કાથી વડે દોરી બનાવાય છે. શબની આગળ મરનારનો વારસદાર કે દીકરો હાડલી લઈને ચાલે છે. ઠાઠડી લઈને ચાલનારા બીજા સૌ 'રામ બોલો ભાઈ રામ ' બોલતા રહે છે .

નનામી સાથે ચાલનાર જ્ઞાતિજનો ડાઘુઓ કહેવાય છે. દરેકને માથે/ખભે કપડું નાખેલ હોય છે. હોલ્લીફોડ આવે ત્યારે ઠાઠડીનાં ફેરા ફરે છે. પિત્તળનું કોઈ વાસણ મૂકાય છે. જે પાછળથી ભંગી – હરિજન લઈ જાય છે. સ્મશાને પહોંચ્યા બાદ લાકડાની ચિતા ખડકાય છે. કેટલીક જ્ઞાતિઓમાં આ વિધિ તેઓના ગોર કરે છે. દે.પૂ.સમાજમાં સમાજના ડાઘુઓ જ આ વિધિ કરે છે. શબને ઓઢાડેલુ કપડું સ્મશાનની ભૂમિ કે ઝાડ પર ટીંગાળવામાં આવે છે. જે હરિજન લઈ જાય છે. સ્મશાનની એ ભૂમિમાં 'સવા રૂપિયો' ભોયભાડું પણ દાટવામાં આવે છે. શબને ચિતા પર સુવડાવીને મુખમાં તુલસીનાં પાન – ઘી તો કેટલાક સોના-ચાંદીની કરચ મૂકે છે. મરનારનો વારસ હાથમાં અગ્નિની મશાલ લઈને મૃતદેહની પ્રદક્ષિણા કરીને શબના જમણા અંગુઠે અગ્નિ મૂકે છે. શબ પૂરે પૂરુ બળી જાય ત્યાં સુધી બધા ડાઘુઓ બેસે છે. સમાજનો આગેવાન મરનારનાં સુવાળા-બેસણા કે ઘડાની જાહેરાત સ્મશાનમાં જ બધાને કરી દે છે. ઘરે પાછા ફરતા અંજલિ આપીને પોતપોતાના ઘરે જઈને સ્નાન અવશ્ય કરે છે અથવા નદી કે તળાવમાં સ્નાન કરે છે..

મરનારની દીકરીઓ 'ખીચડો' બનાવે છે અને ઘરના સ્નેહીજનો/પિયરીયાને જમાડે છે. જેને 'કડવા ભગાવવા ' નો રિવાજ કહે છે .

બીજા દિવસે ચિતાને ટાઢી આપવામાં આવે છે અને રાખમાં રહેલ ફૂલ(અસ્થિ) વીણી લેવામાં આવે છે. એક માટીનાં ઘડામાં તે ભરવામાં આવે છે. મહીસાગર , તાપી કે નર્મદા નદીમાં તે અસ્થિ પધરાવામાં આવે છે.

બાળકોના શબને દાટવામાં આવે છે. ખાડો ખોદીને શબને ખાડામાં મૂકી તેના પર માટી અને મીઠાના થર પાથરે છે. ખાડો પૂરાયા બાદ તેની ઉપર કાંટા દબાવે છે . જેથી રાની પશુઓ જમીન ખોદીને શબને બહાર કાઢે નહી .

બાર દિવસ સુધી મરનારનાં કુટુંબીજનો-ભાઈઓ-ભાયાતો વગેરે મરનારના ઘરે રાત્રે ભેગા મળીને સુખદુ:ખની વાતો માંડે છે. કેટલાક ભજન કીર્તન કરે છે. બાર દિવસ સુધી મરનારની માતા-બહેન-પત્ની વગેરે પરોઢમાં જાગીને મરનારના નામની પોક મૂકીને રડે છે. સમાજની અન્ય સ્ત્રીઓ આવીને સાંત્વના આપે છે અને રોતા બંધ કરે છે. બાર દિવસ સુધી મરનારનાં ઘરે ચૂલો સળગતો નથી. એટલે કે ભોજન બનતું નથી. તેનાં કુટુંબીજનો બાર દિવસ સુધી ખાવાનું આપી જાય છે. જ્યાં મરનારનું શબ સુવડાવામાં આવ્યું હોય તે જગ્યાએ બાર દિવસ સુધી ઘીનો દીવો-અગરબત્તી કરવામાં આવે છે. ત્યાં ભોજન- ચા-પાણી મૂકાય છે. તેની વિધવા સ્ત્રી એ જગ્યાએ બેસી રહે છે .

**કાગળ લખવા :**

મરનારનાં સગાં સબંધીઓ જેઓ પરગામમાં વસતા હોય તેમને મરનારનાં મૃત્યુની જાણ અર્થે 'કાગળ' લખવામાં આવે છે. આ કાગળને માથે 'અશુભ' લખાય છે. તેમાં મરનારનું નામ , મરણ તારીખ અને કાણ-મોકાણ કે ઉત્તર ક્રિયા , બેસણું –સુવાળાની વિગત દર્શાવાય છે. જે ઘરે આવા પત્રો જાય તેઓ ઘરમાં રાખતા નથી. તેને ઘરની રવેશમાં કે છાપરે રાખી મૂકે અથવા તો વાંચ્યા પછી ફાડી નાંખે છે. ઘરમાં આવા પત્રો રાખી મૂકવા તે 'અપશુકન' મનાય છે.

**ત્રીજી કાણ :**

મર્યા પછી ત્રીજા દિવસે મરનારની 'ત્રીજી કાણ' રખાય છે. ત્યારે મરનારનાં ઘરે માટીનો એક ઘડો પાણી ભરીને શબને સૂવડાયાની જગ્યાએ મૂકાય છે. તેની ઉપર દીવો કરાય છે. મૃતકની દીકરીઓ / પિયરનાં માણસો આવે છે. મૃતકનાં ઘરે આવીને પોક મૂકીને રડે છે.

**સુવાળા / બેસણું :**

મર્યા પછી આઠ-નવ દિવસે મૃતક વ્યક્તિના સુવાળા રખાય છે. ગામના વાળંદને બોલાવવામાં આવે છે. કુટુંબીઓ-સગાં વ્હાલાઓ (પુરુષો )દાઢી મૂછ મૂડાવે છે. મૃતકનાં દીકરા કે ભત્રીજાઓ મુંડન કરાવે છે.

## બારમું / ઘડાની વિધિ :

તળપદા દેવીપૂજક સમાજમાં પુરુષ મૃત્યુ પામે તો બારમા દિવસે બારમું રખાય અને સ્ત્રી મૃત્યુ પામે તો અગિયારમાં દિવસે રખાય છે. તેને 'ઘડાની વિધિ' કહેવાય છે. સવારમાં પાણીનાં બાર ઘડા ભરવામાં આવે છે. તે છ સ્ત્રીઓ સાથે ભરી લાવે છે. તે ઘડાને શબને જ્યાં સૂવડાવ્યું હતું તે જગ્યા પર હારબંધ અથવા ઉપર નીચે ગોઠવીને મુકાય છે. મૃતકની દીકરીઓ 'ચારોરીઓ' ઉતારે. ઘડામાં ચોખા , દાળ , પૈસા વગેરે મૂકાય. બારેય ઘડાને ફૂલોનાં હાર ચઢાવાય. મહેમાનો વારાફરતી ઘડામાંથી પાણીને ભોય પર અર્પણ કરે છે. સગાં-વહાલા ફળો , ફરસાણ કે મૃતકને ગમતી વસ્તુઓ બનાવીને ત્યાં મૂકે છે. સ્ત્રીઓ પોક મૂકીને રડે છે. રાજીયા-મરશિયા ગાય છે. સાંજના સમયે પાણી ભરેલા ઘડાઓ પીપળે એટલે કે ગામની ભાગોળે ઢોળવામાં આવે છે. ખાલી ઘડા ઘરે લાવવામાં આવે છે. આમ, કારસપોણી કે ઘડાની વિધિ પૂર્ણ થાય છે. રાત્રિ દરમિયાન ભજન -કીર્તન થાય છે.

## સરવણીનો દાડો :

મૃતકનો ૧૩મો દિવસ 'સરવણીનો દાડો' કહેવાય છે. આ દિવસે મૃતકનો શોક ભાગવાની વિધિ થાય છે. દીકરીઓ,બહેનો, જમાઈઓ તથા અન્ય સભ્યો સાથે મળીને નાળીયેર અને મોરસ વહેચે છે. જે ખાવાથી શોક ભાગે છે. મૃતકની દીકરીઓ તેલ ધૂપેલ લાવે અને સગાં વહાલા -કુટુંબીજનોનાં માથામાં નાખે છે. જેને 'તેલ ધુપેલની વિધિ '

કહેવાય છે. દીકરીઓને મૃતકનાં પરિવાર તરફથી 'સાડલા' કે થાળી કે છાબ આપવામાં આવે છે. પરગામથી આવેલી દીકરીઓને ટાટમાં મૂકેલા રૂપિયાનાં બમણા કરીને પાછા અપાય છે .

## એકવીસમો દિવસ માસીસાસુનો ઘડો :

તેમાં બારમાનાં બાર ઘડાઓમાંથી એક ઘડો સાચવી રાખવામાં આવે છે અને તે એકવીસમાં દિવસે 'માસીસાસુનાં ઘડા' તરીકે ભરવામાં આવે છે. તે દિવસે પિયરીયાં કે દીકરીઓ કે ખાસ નજીકના સ્નેહીજનો-કુટુંબીજનો વિધિમાં ભાગ લે છે. બપોરની વેળાએ તે ઘડો પીપળે ઢોળાય છે.

## મૃત્યુશોકનાં કેટલાક રિવાજો :

મૃતકના પરિવારજનો સવા મહિના સુધી સારું મીઠું જમણ જમતા નથી કે શુભ તહેવારો કે ઉત્સવો ઉજવતા નથી. બાવીસ દિવસ સુધી સ્ત્રીઓ ભૂરા કે કાળા સાડલા પહેરે છે. નાકમાં ,કાનમાં કે ગળામાં કોઈ ઘરેણું રાખતા નથી. આ દિવસોમાં માતાની બાધા આખડી થતી નથી. મોટા મહારાજ(બળીયાદેવ બાપા)ની બાધા રાખેલ હોય તે વ્યક્તિ કે પરિવાર મૃતકના કોઈપણ પ્રસગે આવતા નથી. પણ આ પ્રંસગે ભૂવાજી દાણા જોઈને મહારાજની રજા લે તો તે વ્યક્તિ મૃતકની વિધિમાં જઇ શકે છે. આવો રિવાજ આ સમુદાયમાં જોવા મળે છે. એવી જ રીતે તોતરમાતા કે ખોડીયારમાતાની બાધા બાકી હોય એવો પરિવાર મૃતકની વિધિઓમાં જોડાતો નથી. કારણકે તેઓ માને છે કે આ માતાજી કોપાયમાન થાય તો ખુબ જ દુ:ખી થઇ જવાય !

## કાગવાસ નાખવી :

મૃતકનાં પરિવારજનો મૃતકના બીજા દિવસે ઘી ,ગોળ અને બાજરીનાં લોટનાં એક-બે મોટા લાડવા બનાવે છે અને એક ઘડામાં પાણી ભરીને સ્મશાને લઇ જાય છે. ઘડા

પર કોડિયામાં ઘીનો દીવો સળગાવી એક વાસણમાં પેલા લાડવા મૂકે છે. બધા માણસો ત્યાંથી દૂર ખસી જાય છે અને 'કાગડો' આવીને આ લાડવો ખાય તે જુએ છે. તળપદા દે.પૂ.સમાજમાં એવી માન્યતા છે કે ભગવાનના ત્યાંથી આકસ્મિક મોત આવ્યું હોય તો જ કાગડો વાસ લે છે. પણ કોઈ દેવ -દેવીના ગુનામાં કે અપરાધમાં કે મૂઠમારમાં મૃતક મૃત્યુ પામ્યો હોય તો 'કાગડો' વાસ લેતો નથી. એટલે મૃતકનો વાંક ગુનો હોય તો કાગડો વાસ લેતો નથી. એવું સમાજના લોકો માને છે.

કાગડો વાસ ન લે તો ઘરે આવીને બધા કુટુંબીજનો જોહાતરી (દાણા જોનાર-જોશી )ને બોલાવે છે અને દાણા કે જોશ જોવડાવે છે. તેમાં ગુનાઓ દેખાય અને તે પરિવારજનોને માન્ય હોય તો પુન:કાગવાસની વિધિ કરવામાં આવે છે. કાગવાસ પછી મૃતકની ચિતામાંથી ફૂલ(અસ્થિ) વીણી ઘરે લાવીને દૂધ અને કંકુ વડે ધોઈને સફેદ કપડાંમાં બાંધીને નદીમાં અસ્થિ વિસર્જન કરાય છે .

## પૂરવજ ( પૂર્વજ ) :

સ્ત્રીના ગર્ભાધાનનાં અધૂરે મહિને કે કોઈ કારણસર જો કોઈ પુરુષ બાળક મૃત્યુ પામે તો તે પૂર્વજ બને છે. એવી માન્યતા આ સમાજમાં છે. જો તેને ઘરનાં સભ્યો મારી નાખે અથવા તો ફેંકી દે તો તે આખા ઘરને (મારનારના )વેરવિખેર કરી પાયમાલ કરી દે છે .એવું આ લોકો માને છે. આ લોકો માંને છે કે પૂર્વજ તો માતાજીથીય વધારે કોપાયમાન થાય છે. ઘરમાં–કુટુંબમાં ડખા–દુ:ખો અને પારાવાર મુશ્કેલીઓ સર્જાય તો તે બધું પૂર્વજ કરે છે. એવી આ લોકોની માન્યતા છે. આના ઉપાય માટે સમાજના સારા જોશી પાસે જઈને દાણા જોવડાવે છે. જે બોલ કે દોષ નીકળે તે માન્ય રાખીને પુન: અન્ય જોશીં પાસે દાણા જોવડાવે છે. આમ, ત્રણ–ચાર જોશીઓનો એક સરખો વેણ કે બોલ આવે ત્યારે તે સાચો

છે. તેમ માંને છે. ત્યારે પછી યોગ્ય મૂર્હુતે અથવા મોટી બાધા ફરવાની હોય ત્યારે તે પૂર્વજને બેસાડવાની વિધિ કરે છે.

પૂર્વજને માતાજીનાં ખોળામાં બેસાડવા માટે દે.પૂ. એક મોરીયું (લાલ કાપડ), ચાંદીનું પતરું ,નાળિયેર ,ખીચડો કે રોટલી (સુવારી)વગેરેની તૈયારી કરે. મોરીયું ભૂવો માથે બાંધે. ચાંદીનું પતરું અને નાળિયેર હાથમાં લઈ લે છે. પછી ભૂવો ધૂણીને એનું નામ પાડે . ત્યારબાદ નિવેધનું બંધારણ કરે, દાણા જુવે , વેણ કે વધાવો લે. આમ,પૂર્વજ બેસાડવાની વિધિ પૂર્ણ થાય. આ વિધિથી મૃતકનાં ભટકતા આત્માને મુકિત મળે છે તેવું મનાય છે.

જો પૂર્વજ બહારગામ મૃત્યુ પામ્યો હોય તો તે ગામના સ્મશાનની માટી લાવીને દૂધ-પાણીની કુલડીઓ ભરીને , ફરસાણ વગેરે ગામની ભાગોળે લાવીને મૂકે છે. આ વિધિ પોતાનાં ઘરે જ કરે છે. દે.પૂ.માને છે કે પૂર્વજ માતાજીના મઢે જ બેસે છે. તેનો ઘરમાં કોઈ ગોખલો કે દેરું હોતું નથી.

ચરોતરપંથકમાં તળપદા દે.પૂ.સમાજમાં પૂર્વજનાં નામો પાડવામાં આવે છે. જેમકે, પુંજીયો પૂર્વજ , છગનો પૂર્વજ , ડાયો પૂર્વજ વગેરે. દર વરસે તેઓ પોતાના પૂર્વજોને મીઠું ભોજનનું નિવેધ ધરાવે છે.

## શિકોતર :

ગર્ભાધાનનાં અધૂરે મહિને કે અન્ય કારણસર સ્ત્રી બાળકી જન્મીને મૃત્યુ પામે તો તે 'શિકોતર' બને છે. એવી માન્યતા આ સમાજમાં પ્રવર્તે છે.

શિકોતર પણ પૂર્વજ જેવા જ કોપાયમાન હોય છે. તે બાળકી હોય ત્યારે જ મારી નાખવામાં આવે કે ફેંકી દેવામાં આવે તો તે ગુનેગારને પાયમાલ કરી દે છે. ધન – ખજાનો-માલ-મિલકતનો નાશ કરે છે. વ્હાલાં છોકરા-છોકરીયું મારી નાખે છે. જો કુટુંબમાં

કલેશ-કંકાસ થાય , પારાવાર દુઃખો આવે તો એ શિકોતરનો કોપ છે. તેમ મનાય છે. સમાજનો ગુનેગાર જે પાયમાલ થઈ રહ્યો હોય તે આનું નિવારણ કરવા માટે સમાજનાં સારા જોશીઓનો એકસરખો વેણ આવતા તે વાતને માન્ય રાખે છે. આખરે ,નાળિયેર ,ચુંદડી ,કંકણ ,સાડી,બંગડીઓ ,ચાંદલા ,ચણીયો વગેરે લાવીને કંકુ-ચોખાથી પૂજા વિધિ કરીને પોતાના ઘરના ગોખલે બસાડે છે. ખાસ શિરાનું ભોજન મૂકે છે. દૂધ અને સુખડીનું નૈવેધ પણ ચાલે છે.

કોઈ જ્ઞાતિજન શિકોતરની બાધા-આખડી રાખે અને તે સિદ્ધ થાય તો તેનું આખું ભાણું બનાવીને નૈવેદ ધરાવે છે. દર વર્ષે એકવાર ઘરમાં બેસાડેલી શિકોતરને નૈવેદ ધરાવાય છે. ઘરમાં લગ્ન કે શુભ પ્રસંગે પણ મીઠું ભોજન ત્યાં મૂકે છે.

ચરોતરના કેટલાક ગામમાં કામ કરવાવાળી અને માનતા પૂર્ણ કરનાર શિકોતરનાં મોટા મંદિરો જોવા મળે છે. બકરાનો ભોગ પણ ધરાવાય છે. જો ઘરમાં ગોખલો (શિકોતરનો) રાખેલ હોય તો તે કદી પણ પૂરવામાં આવતો નથી. વરસો સુધી તેની સ્થાપના ત્યાં જ રહે છે.

'સારી-નડતી' (આ શબ્દનો અર્થ : સુવાવડી કે ઋતુસ્ત્રાવ / માસિક આવ્યું હોય તેવી સ્ત્રી ) સ્ત્રીનો પડછાયો તે ગોખલા પર ન પડે તે ખાસ સાચવવાના આવે છે. નહિતર એનો દંડ ચૂકવવો પડે છે.

## ચરોતરના તળપદા દેવીપૂજક જ્ઞાતિની શાખો :

તળપદા દેવીપૂજક જ્ઞાતિમાં અનેકવિધ શાખો છે. મોટાભાગની શાખો બારોટ-વહીવંચાનાં ચોપડે નોંધાયેલી છે. અત્રે રજૂ થયેલ શાખો સંશોધન દરમ્યાન મળેલ માહિતી

મુજબની તથા અંગત માહિતીને આધારે રજૂ કરી છે. આ યાદીમાં ઘણી શાખો બાકી રહી જવાની સંભાવના છે. :

| શાખોનું નામ : | મૂળ ગામ |
|---|---|
| (૧) કાસોરીયા | - કાસોર |
| (૨) કણભયા | - કણભા |
| (૩) કેવડીયા | - |
| (૪) કુચીયારા | - |
| (૫) નાપિયા | - નાપા |
| (૬) જલસણીયા | - જલસણ |
| (૭) નાપાડીયા | - નાપાડ |
| (૮) વાલવોડીયા | - વાલવોડ |
| (૯) પેપરાયા | - પીપળાવ |
| (૧૦) પારજા | - પાળજ |
| (૧૧) ડેઢિયા | - દેઢા |
| (૧૨) આખડોલા/આખોલિયા | - આખોલ |
| (૧૩ ) તિથોરા | - તિથોર |
| (૧૪) લેબંસીયા | - લીંબાસી |

| | |
|---|---|
| (૧૫) ઘૂડેલિયા | - ઘૂડેલ |
| (૧૬) કમસેદિયા | - કરમસદ |
| (૧૭) સારોલીયા | - સારોલ |
| (૧૮) રાંધણીયા | - |
| (૧૯) આંકલાયા | - આંકલાવ |
| (૨૧) મહેરાયાં | - મહેળાવ |
| (૨૨) રાંકલાયાં | - રાંકલા |
| (૨૩) મેમદાવાદિયા | - મહેમદાવાદ |
| (૨૪) મુછપરિયા | - મુછપર |
| (૨૫) કણભયા | - કણભા |
| (૨૬) ઈશ્નાવા /ઈસરાવા | - ઈશણાવ |
| (૨૭) ચલાલીયા | - ચલાલી |
| (૨૮) ભાલીયા | - ભાલપ્રદેશ |
| (૨૯) બાંધણીયા | - બાંધણી |
| (૩૦) હુતરીયા | - સુરત |
| (૩૧) ડાકોરિયા | - ડાકોર |
| (૩૨) નડીયાદ્રા | - નડીયાદ |

| | |
|---|---|
| (૩૩) સુણાવા | - સુણાવ |
| (૩૪) મુવાડીયા | - મુવાડી |
| (૩૫) રાંધણીયા | - |
| (૩૬) વીરસદિયા | - વિરસદ |
| (૩૭) વાછેલીયા | - વાછીએલ |
| (૩૮) મોગરીયા | - મોગર |
| (૩૯) ફીણાવા | - ફિણાવ |
| (૪૧) ઉનેલીયા | - ઉનેલ |
| (૪૨) ગજેરીયા | - ગજેરા |
| (૪૩) સાંગડિયા | - |
| (૪૪) મહેતારિયા | - |
| (૪૫) ધારિયા | - ધાર |
| (૪૬) મોરેલીયા | - મોરેલ |
| (૪૭) આંટ્રોજીયા | - આંટ્રોજ |
| (૪૮) વાહદીયા | - વાસદ |
| (૪૯) ચુડેલીયા | - ચુડેલ |

| | |
|---|---|
| (૫૦) પાદરીયા | - પાદરા |
| (૫૧) મહેદરીયા | - મહેદળ |
| (૫૨) નારિયા | - નાર |
| (૫૩) સીહોરીયા | - સિહોર |
| (૫૪) દેવકિયા | - |
| (૫૫) ચાંદડીયા | - ચાંદળ |
| (૫૬) સંજાયા | - સંજાયા |
| (૫૭) ઘૂડેલા | - ઘુડેલ |
| (૫૮) તીથોરીયા | - તિથોર |
| (૫૯) મુવાડીયા | - |
| (૬૦) ઉનેલીયા | - ઉનેલ |
| (૬૧) દહેવાણીયા | - દહેવાણ |
| (૬૨) ચિખલીયા | – ચીખલી |
| (૬૩) બુધેજીયા | - બુધેજ |
| (૬૪)વાડલીયા/વડદલિયા | - વડદલા |
| (૬૫) બાકરોલા | - બાકરોલ |
| (૬૬) રામોડીયા | - રામોદડી |

(૬૭) ભડભીડીયા - 

(૬૮) તુંડેલીયા - ટુંડેલ

(૬૯) ગાજિયા - 

(૭૦) સાલિયા - સાયલા

(૭૧) ભૂમેશીયા - 

(૭૧) ચોકારીયા - ચોકારી

(૭૨) જંબુસરિયા - જંબુસર

(૭૩) કારેલીયા - કારેલી

(૭૪) કણટીયા - 

(૭૫) ભોજીયા - ભોજ

(૭૬) બોરસદિયા - બોરસદ

(૭૭) મનડલિયા - 

(૭૮) કોઠીયા - કોઠા

(૭૯) સાકરીયા - 

(૮૦) બુચિયા - 

(૮૧) ઓગણીયા - 

(૮૨ ) મીઠાપરિયા - 

(૮૩) ઈસરવાડિયા - 

(૮૪) આમડિયા - 

(૮૫ ) ગાફીયા - 

(૮૬ ) હરસડીયા - 

(૮૭) કોઠા - કોઠા

(૮૮) જાતફરીયા - 

(૮૯) ધીંધવાડીયા - 

(૯૦) પેટલાદિયા - પેટલાદ

(૯૧) પીલોડીયા - 

(૯૨) માનીયા - 

(૯૩) કોહાળા - 

(૯૪) જીલીયા - 

(૯૫) વડોદરિયા - વડોદરા

(૯૬) કણજટીયા - કણજટ

(૯૭) મંદરિયા - 

(૯૮) બોચિયા - 

(૯૯ ) ઠેપાડીયા - 

(૧૦૦) ગાજણીયા - ગાજણા

(૧૦૧) દેવડા - દેવડા

ઉપરોક્ત દર્શાવેલ દેવીપૂજક જ્ઞાતિની જે શાખો છે તે મુખ્યત્વે તેમના મૂળ ગામ પરથી પડેલ હોય તેવું જણાય છે. દા.ત. નાર ગામ પરથી નારિયા ,નાપા ગામ પરથી નાપિયા વગેર.

## ચરોતરના તળપદા દેવીપૂજકોના શિક્ષણની વ્યવસ્થા :

શિક્ષણ સામાજિક પરિવર્તનનું એક અતિ મહત્વનું સાધન છે. શિક્ષણ દ્વારા વ્યક્તિની બુદ્દિધ , તર્કશક્તિ અને વ્યક્તિત્વનો વિકાસ થાય છે. શિક્ષણથી સામાજિક સુધારા આવે છે. સમાજની આર્થિકસ્થિતિ સુધરે છે. સમાજના વ્યવસાયોમાં પરિવર્તન આવે છે . ખોટી ધાર્મિક માન્યતાઓ અને ખોટા જૂનવાણી વિચારોથી સમાજ મુક્ત બને છે. શિક્ષણથી સ્વાસ્થ્ય અને આરોગ્ય વિષયક ટેવો સુધરે છે. સમાજની જીવનશૈલી સુધરે છે અને લઘુતાગ્રંથીઓ દૂર થાય છે. આમ છતાં આ જાતિમાં શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે. તેનું એક કારણ તે છે કે આ સમુદાયમાં ગરીબીનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. આની સાથો સાથ પરંપરાગત વ્યવંસાયો જેવાકે, ખેતીવાડી કરવી ,ખેતરમાં મજૂરી કરવી , શાકભાજી વેચવી , ફેરી કરવી , બેન્ડવાજાં વગાડવા વગેરે વ્યવસાયો જોવા મળે છે. પોતાના વ્યવસાયમાં સતત પરોવાયેલા હોવાથી તે શિક્ષણ તરફ નકારાત્મક અસર ધરાવે છે. ગરીબ પરિસ્થિતિને કારણે બાળકના ભણતર પાછળનો ખર્ચ મા-બાપ કરી શકતા નથી. તો બીજી તરફ પોતાના બાળકને પણ વ્યવસાયમાં સાથે જોડે છે. જેથી તેઓ પણ આ વ્યવસાય શીખી શકે અને મોટા થઇ પોતાનું જીવન ગુજરાન ચલાવી શકે તેવા આશયથી પોતાના બાળકોને સાથે લઇ જતા હોય છે. આ કારણે તેઓના બાળકો શાળાએ જતા અટકે છે. કુટુંબના સભ્યો તથા બાળકો પર મહદંશે કુંટુંબના વડાની પ્રભાવી અસર હોય છે. તેથી તેનાં મૂલ્યો ,માન્યતાઓ ,વલણો વગેરેની અસરો સમ્રગ કુંટુંબ પર વર્તાય છે.

આ સમુદાયમાં કેટલાક માને છે કે બાળકોને ભણાવવામાં કોઈ જ લાભ નથી. તેથી તેઓ શાળાએ મોકલતા નથી. કેટલાકનું માનવું છે કે પોતાના શ્રમપ્રકારના અને

ભટકતા વ્યવસાયમાં બાળકોને સાથે લઈ જવાથી તેઓ અનુભવ મેળવે છે. બાળકોને શાળામાં ન મોકલવા માટેના કારણો જાણવા પરથી એવું તારણ નીકળે છે કે તેઓમાં શિક્ષણ પ્રત્યે જોઈએ તેટલો રસ , રૂચિ જણાતા નથી. કારણ કે તેઓ મોટા ભાગે નિરક્ષર છે. તેમજ અભ્યાસેતર જુદાં જુદાં કાર્યો સોંપવાનું વલણ ધરાવે છે.

આમ છતાં ,ચરોતરપ્રદેશના આ તળપદા દેવીપૂજકોમાં છેલ્લા બે દાયકાથી શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. તેમજ પ્રાથમિક-માધ્યમિક અને ઉચ્ચશિક્ષણ મેળવનાર પુરૂષોની સંખ્યા પણ વધી છે. છોકરીઓમાં હજુ સુધી શિક્ષણ પ્રત્યેની રસ અને રૂચી જણાતા નથી. હવે ચરોતરના દેવીપૂજકો શિક્ષણ જેવા વ્યવસાયને અપનાવતા થયા છે અને શિક્ષણ લેતા થયા છે. આ સમાજમાં પણ શિક્ષણના પ્રભાવથી કુરિવાજો ,અંધશ્રધ્ધાઓ ધીમે ધીમે લુપ્ત થતી જાય છે અને શિક્ષણ પ્રાપ્ત કરીને શિક્ષકો ,વકીલો ,એન્જીનીયર ,પોલીસ ,ડોક્ટર જેવા વ્યવસાયોમાં જોડાય છે.

## તળપદા દે.પૂ.માં આર્થિકસ્થિતિ :

ચરોતરનો આસમુદાય આર્થિક રીતે પછાતપણું ભોગવી રહ્યો છે. જેમની પાસે જમીન છે તેમની આવક વધુ છે. પરંતુ મોટાભાગના લોકો ખેતીમાં છૂટક મજૂરી કરીને પોતાનું ગુજરાન ચાલાવે છે. આ સમુદાય આર્થિક રીતે પછાત હોવાથી પુરુષોની સાથે સ્ત્રીઓ પણ આવક વધારવામાં મોટો ફાળો આપે છે. નદી કિનારે વસતાં આ સમુદાયના લોકો માછીમાર ઉદ્યોગ સાથે સંકળાયેલા જોવા મળે છે. સીમ વિસ્તારમાં વસતા આ લોકો પશુપાલન ઉછેરવાનો વ્યવસાય કરે છે. જમીન વિહોણા લોકો ખેતમજૂરી ઉપરાંત માટી તથા ઈંટોના મકાનોનું ચણતર કામ કરવું , શાકભાજી વેચવી, બેન્ડવાજા વગાડવા વગેરે નાના મોટા વ્યવસાયો કરે છે. વર્તમાન સમયમાં આ સમુદાયમાં શિક્ષણ વધવાથી શિક્ષિત યુવાનો પોલીસ , તલાટી , વાયરમેન , શિક્ષક , મામલતદાર , ડોક્ટર , ક્લાર્ક , બેંક ઓફિસર , એન્જીનીયર , બિલ્ડર , લેકચરર , લેખક , કવિ જેવા જુદા જુદા વ્યવસાયોમાં જોડાયા છે.

સરકારી , બિનસરકારી તથા પોતાના આગવા બિઝનેશમા સફળતા મેળવી આર્થિક રીતે પગભર થવા લાગ્યા છે.

## ચરોતરના તળપદા દેવીપૂજકોમાં ધાર્મિક પરિસ્થિતિ :

માનવી કરતા ચડિયાતી કોઈ દિવ્યશક્તિ પ્રત્યે માનવીની આસ્થા તથા જીવન જીવવાના આચારવિચારો મળીને ધર્મ બને છે. ધર્મ પ્રજાનો પ્રાણ છે. વિશ્વની તમામ પ્રજાઓ કોઈને કોઈ સ્વપ્પોમાં ધાર્મિક જીવન જીવતા હોય છે. વિશાળ અર્થમાં દરેક માણસ કોઈને કોઈ ધર્મમાં શ્રદ્ધા ધરાવે છે. તેમાં મુખ્ય વ્યવસ્થિત ધર્મો , સંપ્રદાયો, અવ્યવસ્થિત પ્રાકૃત સ્વરૂપના ધાર્મિક વિચારવર્તનો ,આધુનિક નાસ્તિકવાદ ,સામ્યવાદ આદિનો સમાવેશ થાય છે.

ધાર્મિક માન્યતાઓમાં મોટા વૈવિધ્ય અને વિરોધાભાસ વિકસ્યા છે પણ ધર્મનો આધાર શ્રદ્ધા છે. વિજ્ઞાનનો આધાર શંકા છે. મૂળમાં બંનેનો હેતુ સત્ય પામવાનો તથા માનવજાતના સુખશાંતિનો છે. ધાર્મિક માન્યતાઓની વ્યવસ્થા અને કાર્યો માનવીના સામાજિક જીવન સાથે ગૂંથાઈ જાય છે .

આ જ્ઞાતિ ધાર્મિક સામાજિક દ્રષ્ટિએ હિંદુ જ્ઞાતિ વ્યવસ્થામાં સમાવિષ્ટ થતી જ્ઞાતિ છે. તેઓ મૂળ પોતાને રાજપુત હિંદુ તરીકે ઓળખાવે છે. તેઓ હિંદુ દેવ-દેવીઓને માને છે અને પૂજે છે. આ જ્ઞાતિ મૂર્તિપૂજામાં માનતી જ્ઞાતિ છે. આ જ્ઞાતિના કેટલાક આગવા ધાર્મિક રિવાજો છે .

### (૧) જોષ-દાણા જોવાનો રિવાજ :

જ્યાં જ્યાં દેવીપૂજક વસે છે ત્યાં ત્યાં આ રિવાજ પરંપરાગત ચાલતો આવ્યો છે. કદાચ પરગણા કે પ્રદેશ મુજબ આ રિવાજમાં થોડો ફેરફાર હોઈ શકે છે. દાણા જોવા

અથવા જોશ જોવા એમ ગામઠી ભાષામાં બોલાય છે. દાણા જોવા માટે ખાસ ઘઉં કે જારના દાણાનો ઉપયોગ થાય છે. જેમાં બે પ્રકારના વચનો હોય છે : (૧) વધાવો (એટલે કે એકી સંખ્યામાં આવતા દાણા) , (૨) વેણ (બેકી સંખ્યામાં આવતા દાણા ) તેમાં અઢી વચન ,દોઢ વગેરે વચનોનો રિવાજ ચાલે છે. કેટલીક જગ્યાએ બધા દાણા બરાબર આવી ગયા બાદ પણ જોટીએ ( બોકડો ગાતર ધૂણે તે ) વચન લેવામાં આવે છે .

ચરોતરમાં વસતા તળપદા દેવીપૂજકો માતાજીના નૈવેદ પહેલા માતાજીની રજા લેવા માટે દાણા જોવે છે. અથવા તો જાટીએ વચન લે છે. ત્યાર પછી માતાજીની રજા હોય તો જ તે બાધા કે આખડી પૂર્ણ કરે છે. દાણા જોનારને 'જોશી' અથવા 'જોહાતરી' કહેવામાં આવે છે. તે દાણા જોવા માટે પાટ નાંખે છે. દાણા જોવા માટે એક ગામથી બીજે ગામ જાય છે. દાણા જોવડાવનાર યજમાન દાણા પૂર્ણ થયા પછી તે પાટ ઉપર યથાશક્તિ દાન કરે છે. દાણા બરાબર આવી ગયા પછી બે સાક્ષીઓની હાજરીમાં ત્રીજી વ્યક્તિ પાસેથી 'ચિત્/જીત' ધારવાની વિધિ પણ થાય છે. જેમાં બે વ્યક્તિઓ પાટ પરના અસંખ્ય દાણામાંથી કોઈ એક દાણો ધારી લે છે. ત્યાર બાદ એક અજાણ્યા વ્યકિતને આ દાણો બતાવવા કહે છે. જો પેલો અજાણ્યો વ્યક્તિ ત્રણ વચનમાં સાચો દાણો બતાવે તો તે વચનો સાચા ઠરે છે અને જોશીએ કાઢેલા બોલ કે વચનોને યજમાનમાં માથે ચઢાવે છે. એટલે કે સ્વીકારે છે.

## (૨) દેવીમાતાજીની વાતો સાંભળવાનો પરંપરાગત રિવાજ :

કહેવાય છે કે દેવીપૂજક જ્ઞાતિમાં માતાજી કાને સાંભળે છે. પરંતુ જીભથી બોલી શકતી નથી. જેથી દેવી કે ધર્મની વાત સંભાળવા માટેની રીત નીચે મુંજબ છે. ૬

(૧) જારે-દાણા જોઈને

(૨) જાટીએ–બોકડો ગાતર લે ધૂણે તે

(૩) ચિતાણી–માતાના પાટમાં ધારવામાં આવતું ચિત્ત

## સાચું-ખોટું માટે પૂણ્ય દેવાની જૂદી જૂદી પ્રણાલીઓ :

- ગરમ તેલવાળા તાવામાં હાથ નાંખવો ,તેમાંથી સુંવાળી પૂરીઓ કાઢવાનો રિવાજ. મહીકાંઠાના ગામડામાં રહેતા તળપદા દેવીપૂજકોમાં આ પરંપરા છે. પોતાની કૂળદેવી કે મોટી દેવીના સમ લેવડાવવા .
- માતાજીનો તાવો છબાવવો .
- જમીનમાં છરીથી ગોળ કૂંડાળું દોરીને માતાજીની વશવેલી (છરી) ઉપાડવી.
- માતાજીના મઢ પર સ્ત્રી ચઢી શકતી નથી.
- માતાજીનો દીવો કે કોડિયું ઊંધું વાળી દેવું.
- ચોખા ચાવવા.
- દાત્તારીની બેડી પહેરાવવી
- માતાજીના મંદિર કે પાટ પર હાથ મૂકી દેવો જેને ચરોતરમાં 'જર મૂકવું' કહેવાય છે.
- મહીસાગર પીવી વગેરે.

## (૪) ચોખટીયા અને વિહોદીયા મઢના પરંપરાગત રિવાજો :

ચરોતર પંથકમાં મુખ્યત્વે બે પ્રકારના મઢ જોવા મળે છે : ચોખટીયા મઢ અને વિહોદીયા મઢ. ચોખટીયા મઢવાળા વિસત કે વિહોદ માતાને બલિ આપતા નથી. જ્યારે વિહોદીયા મઢે વિસત કે વિહોદમાતાને બલિ આપે છે. જયારે કોઈ 'વિહોદ/ વિસત માતાજી'નું નૈવેદ કે બાધા કરે ત્યારે 'ચોખટીયાં' મઢવાળા તેના સગાં થતા હોય તો પણ સાડા ત્રણ દિવસ સુધી તેના ઘરનું પાણી પણ પીતા નથી. કેટલાક તો સવા મહિના સુધી આ ટેક પાળે છે. આ પ્રાચીન પરંપરાનું તેઓ ચુસ્તપણે પાલન કરે છે. જો તે પાલન ન કરે તો તેમની માતાજી દંડ આપે છે તેવું તેઓ માને છે.

## (૫) વળોમણ વાળવાની પરંપરા :

'વળોમણ વાળવું' એ ચરોતરના તળપદા દેવીપૂજકોની ધર્મસંલગ્ન પરંપરા છે. કોઈપણ ગામ કે પરગામના તળપદાઓ વચ્ચે કોઈ કારણોસર ઝઘડો કે અણબનાવ ઘટે અને ગંભીર સ્વરૂપ ખડું થાય ત્યારે બંને પક્ષો એકબીજા પર ખોટા આરોપો મૂકે અને માતાજી ,ઝોડ કે શિકોતર અથવા અન્ય લોકપરંપરાના દેવ દેવીઓ આગળ અન્ય પક્ષને શાપ આપે કે સોંપણી કરે ત્યારે બંને પક્ષમાંથી જે ખોટી રીતે ઝઘડતો હોય કે હેરાન કરતો હોય તેને સામેના પક્ષના દેવ દેવતા તેને ખૂબ જ હેરાન કરે , ધન દોલતે , કુંટુંબ કબીલે પાયમાલ કરીદે છે. જે પક્ષને આ બધુ નડતું હોય તે પક્ષ જોશીઓ પાસે દાણા જોવડાવીને સામા પક્ષને વળોમણ આપે છે. આ વળોમણ એટલે એક કાપડમાં સામેના પક્ષે થતી બાધાનો સંપૂર્ણ ખર્ચ રોકડા રૂપિયા પેટે બાંધેલ હોય છે તે.

નિર્દોષ પક્ષવાળા આ વરોમણ મેળવે છે. આ વળોમણ વાળવા માટે જે વળોમણ આપે છે તેમના સહકુટુંબને એક સ્થળે બેસાડીને તેઓની ચારેય બાજુ ભૂવો પેલી વળોમણની પોટલી લઈને ગુનેગાર પક્ષને હેરાન ન કરવા માટે માતાજીને અરજ કરે છે અને બધા સાંભળે એમ મોટેથી માતાજીને ગુનેગાર પક્ષને છોડી દેવા કહે છે. વળોમણ વાળતી

વખતે બેઠેલા માણસો ઉપરથી કાપડને ચારેય છેડાએ અધ્ધર પકડી રાખે છે. આમ, નિર્દોષ પક્ષના આ વળોમણ મેળવીને પોતાના મઢે લઈ જાય છે અને સહુ કુટુંબીજનોની હાજરીમાં માતાજીની બાધા કરે છે.

આમ,વળોમણ વાળવાની વિધિ પૂર્ણ થાય છે.

## નાળિયેર ડોડાની પરંપરા :

વઢવાડ(કજિયો) થઈ હોય ત્યારે બન્ને પક્ષો જુદા પડી જાય અને અબોલા લઈ લે છે. પરંતુ જયારે કોઈ શુભ અવસર આવે ત્યારે તેઓ અબોલા છોડે છે. તે વખતે બન્ને પક્ષ માતાજીના મઢે નાળિયેર વધેરે છે. આ પરંપરામાં બન્ને પક્ષો વચ્ચે ઝગડો થવાથી છૂટા પડેલ હોય છે અને બન્ને પક્ષોનો જીવ બળ્યો હોય તેઓ માતાજીની સાક્ષીમાં ભેગા થાય છે અને એકબીજાને સામસામે નાળિયેર આપીને 'નાળિયેર ડોડા'ની વિધિ કરે છે.


## ધાર્મિક કાર્યમાં ભૂવાનું મહત્વ :

આ જ્ઞાતિમાં તેમના દેવીને પ્રસન્ન કરવા માટે ભૂવાનું મહત્વનું સ્થાન છે. ભૂવો જ્ઞાતિમાં ધાર્મિક વડો કહેવાય છે. ભૂવો ધાર્મિક શ્રદ્ધા અને વિશ્વાસ ટકાવી રાખવાનું કાર્ય કરે છે. માંદગી કે અન્ય મુશ્કેલીના સમયે દેવીપૂજકો તેને દૂર કરવા ભૂવા પાસે જાય છે. આ જ્ઞાતિના લોકો પોતાની મનોકામના પૂર્ણ કરવા માટે ભૂવા પાસે યોગ્ય વિધિ કરાવે છે. આ રીતે દેવીપૂજક જ્ઞાતિમાં ધાર્મિક વિધિઓમાં ભૂવાનું સ્થાન મહત્વનું હોય છે.

## અદ્‌ભૂત હસ્તકલા : ચંદરવા અથવા માતાની પછેડી તથા અન્ય લોકકલાઓ

લોકકળાનો ઉત્તમ નમૂનો ગણાવી શકાય એવી એક કળા એટલે 'માતાની પછેડી ' કે ચંદરવા. આ પછેડી બે પ્રકારે હોય : ફૂલોમાંથી તૈયાર કરાયેલી અને બીજી ખાદીના

કાપડ પર ચીતરેલી. તેમાં કપડા પર લાકડાના બીબાનું છાપકામ અને તેમાં વપરાતા કુદરતી રંગોની કમાલ છે. આ કલાનું ધાર્મિક મહત્વ છે. માતાની બાધા હોય કે તહેવાર હોય ત્યારે શ્રદ્ધાપૂર્વક આ કલાના નમૂનારૂપ ચાદર ચઢાવે અને પોતાની શ્રદ્ધા વ્યક્ત કરે છે.





ચરોતરમાં ગોરેલ, ખંભોળજ વગેરે ગામ - શહેરમાં વસવાટ કરતા આ સમાજના કેટલાંક કુટુંબો સૈકાઓથી માતાની પછેડી કે ચંદરવા તૈયાર કરવાનું કાર્ય કરી રહ્યાં છે. આ કળાના ઉપાસકો પાસે કોઈ માન્ય ડીગ્રીઓ નથી, કોઈ શિક્ષણ નથી છતાં આ

લોકવારસાને તેઓ સાચવી શક્યા છે. આ ચંદરવા કે પછેડી તૈયાર કરવાની પ્રક્રિયા ખૂબ જ રસપ્રદ અને ભારે છે.

આ કળા કોઈ એક વ્યક્તિની નથી. એમાં આખું કુટુંબ સામેલ હોય છે. આ કલાનો કસબ બાળપણથી જ ઘર આંગણે પ્રાપ્ત થાય છે. આજે કાપડ પર છપાઈને ઘણી વસ્તુઓ આવે છે. જેમાં નિષ્ણાંતોનું માર્ગદર્શન લેવાય છે. પણ ચંદરવાની આ હસ્તકળામાં કોઈ નિષ્ણાંતો હોતા નથી. આ કળા એ શિષ્ટવર્ગના લોકો જેવો માત્ર શોખનો વિષય નથી પણ કુટુંબની રોજી-રોટી છે.

## પછેડીનો / ચંદરવાનો વિષય



મોટા ભાગે ચંદરવામાં કે પછેડીમાં માતાજીની લોકવાર્તાઓ ચિત્ર સ્વરૂપે રજૂ કરાવાય છે. ચિત્રો જોતા જ આખી વાર્તાનો ખ્યાલ આવી જાય છે. જે મઢે મુખ્ય દેવ દેવીઓ પૂજાય તેમની છબીનું ચિત્રકામ થાય છે. એમાં ચાર માતાજીની વાત હોય ,રૂપણમાતાની વાત હોય ,જેલદે પરમાર ,બળિયા દેવની લોકવાર્તા વગેરે રજૂ થાય છે. તેમાં સંપૂર્ણ વાર્તામાંથી કેટલાંક મુખ્ય અંશો -પ્રસંગોનું ચિત્ર સ્વરૂપે આલેખન થાય છે.

## ઉપયોગ :

જ્યાં જ્યાં માતાનો મઢ હોય ત્યાં ત્યાં ચંદરવા કે પછેડી હોય. તે જીવની જેમ સચવાય છે. 'માતાના માંડવા' વખતે કે બાધાના પ્રસંગે મઢ પર તે બંધાય છે. પછેડી બાંધવા માટે યોગ્ય મૂહર્ત ઘડી /વાર નક્કી થાય છે. એવી જ રીતે પછેડી -ચંદરવા છોડતી વખતે પણ સારું મૂહુર્ત ફાળવવામાં આવે છે.

પ્રત્યેક મઢે સ્થાનકે ચાર -પાંચ ચંદરવા બંધાય છે. ચાર દિશાએ એક એક પછેડી બંધાય છે. માતાના માંડવાની થાંભલી વખતે ,ગોયણી ,જવારા અને મોટી બાધા વખતે અચૂક બંધાય છે. આ ચંદરવા કે પછેડીને પવિત્ર જગ્યાએ રાખવામાં આવે છે. સારી - નડતી સ્ત્રીનો પડછાયો ન પડે તેની ખૂબ કાળજી લેવામાં આવે છે.

## જુદાં જુદાં નામો :

'માતાની પછેડી'ને ગુજરાત ચરોતરમાં અનેક નામે ઓળખવામાં આવે છે. ભૂવાને ઓઢાડવામાં આવે તે લોબડી કહેવાય છે. ચરોતરમાં ગામઠી ભાષામાં 'લૂગડાં બાંધવા' એમ બોલાય છે. તો ક્યાંક ક્યાંક ઓઢણી કે ચંદરવા તરીકે ઓળખાય છે.

## ચંબર- ચમ્મર બનાવવાની હસ્તકળા :

ચંદરવા જેવી બીજી એક લોકવારસાની કળા તે ચંબર-ચમ્મર બનાવવાની કળા છે. ભુવાજીને ધૂણ્ય ચઢે ત્યારે તે હાથમાં ચમ્બર લઈને ગોળ ગોળ ઘૂમે છે. જેને ચંબર રમવું કહેવાય છે. તે ખાસ માતાજીના માંડવા વખતે ઉપયોગમાં લેવાય છે. આ ચંબર મોરના પીંછાઓમાંથી તૈયાર કરવામાં આવે છે. આ પ્રકારની બનાવટો ખૂબ જ ભારે પરિશ્રમ માંગી લે તેવી છે. છતાંય આ સમાજમાં આ અદભૂત લોકકળાઓ જીવે છે. લૌકિક પરંપરાગત રીતે સર્જાયેલી અને ઘડાયેલી આ તેઓની આગવી કહી શકાય તેવી હસ્તકળાઓ લુપ્ત થવાના આરે છે.

## તળપદા દેવીપૂજકોની ડાકવાદનની કળા :





લોકસંગીતના રાગો સાદા,સરળ અને સામાન્ય હોય છે. તે સ્વયંભુ હોય છે. સામાન્ય માનવી સ્વરોના કોઈપણ અભ્યાસ વગર ગાઈ શકે એવા સહેલા હોય છે. લોકસંગીતમાં ઘણાં બધાં વાદ્યો છે. તેમાં ડાક્લું એ દેવીપૂજક તથા અન્ય કોમમાં પ્રચલિત અને જાણીતું લોકવાદ્ય છે. દેવીપૂજકનું સંસ્કારજીવન વૈવિધ્ય સમૃદ્ધ છે.૧૦ ડાકવાદનની કળા આ પ્રજાનો વારસો છે. આ કળામાં દે.પૂ.ના વ્યક્તિત્વમાં સંસ્કૃતિનો સાક્ષાત્કાર થાય છે.

તેઓ માને છે કે શિવ-શક્તિ અભિન્ન છે. એટલે ડાક્લું વગાડવાથી શકિત રાજી થાય છે. ચારેય વેદોમાં સામવેદ એ સંગીતનો વેદ છે. આ વેદમાં લખાયેલી ઋચાઓ આગવા સ્વરમાં ગવાતી આવી છે. આજે હજારો વર્ષો પછી પણ માતાજીની રેગડીઓમાં એના સૂર જળવાયા છે .જે ડાકલા સાથે ગવાય છે. ડાક્લું સંસ્કૃત 'ડક્કુલીની' શબ્દનું અપભ્રંશ રૂપ છે. સંસ્કૃતના 'ઢક્કા' શબ્દ પરથી આ શબ્દ આવ્યો હોય એવું પણ અનુમાન છે.૭ ભગવદ્ગોમંડળમાં 'ડાકલા' શબ્દનો અર્થ 'ભુવા અને ભૂતપ્રેત કાઢનારાઓનું વગાડવાનું વાજું' તેવો કર્યો છે. તે જોગી ,રાવળિયા ,અને દેવીપૂજકો માતા આગળ વગાડે છે. તેવું પણ નોધ્યું છે.

ડાકવાદનમાં વપરાતા હાલ પ્રચલિત ઢોલના તાલને ઘણા મળતા આવે છે. જુદી જુદી જાતના દેવો ,ભૂતપ્રેત ,પૂર્વજ ,શિકોતર વગેરે સાત્વિક કે રાજસિક દેવો ,સત્ત્વો માટે જુદા જુદા તાલ વપરાય છે. કયા તાલો તામસિક છે , કયા તાલો રાજસિક છે અને કયા સાત્વિક છે તે સંસોધન માટે ઉપયોગી સામગ્રી પૂરી પાડે છે.



ડાકલાના નાદને જીવંત રાખનાર-જીવાડનાર એટલે જાગરિયા. ડાક વગાડીને સાથે સાથે વાર્તા-સ્તુતિ ગાનાર જાગરિયો કહેવાય છે. આ પરંપરા વર્ષો જૂની છે. ચરોતરમાં ડાકવાદન અને ગાયનમાં શ્રીબચુભાઈ સુરાભાઇ તળપદા (દલોલી વાળા ),શ્રી પૂજાભાઈ ભલાભાઈ તળપદા (ચલાલીવાળા), શ્રી અરવિંદભાઈ તળપદા , શ્રી જગદીશભાઈ તળપદા , શ્રી પ્રવિણભાઈ તળપદા , શ્રી નગીનભાઈ તળપદા વગેરે પ્રસિદ્ધ ડાકવાદકો અને વાર્તાકારો છે.

<u>રેગડીગાન - માતાજીની વારતા / સ્તુતિ કે સરજૂગાન :</u>

જેમ વેદમાં લખાયેલી ઋચાઓ આગવા રાગ-ઢાળમાં ગવાય છે. એમ રેગડી કે સરજુગાન પણ આગવા-પરંપરાગત ઢાળે ગવાય છે. ચરોતરના તળપદા દેવીપૂજક સમુદાયનો જાગરિયો પોતાના પરંપરાગત ચાલી આવતા રાગ-ઢાળ-લયમાં રેગડીગાન કરે છે. દેવીની કથાઓ રજૂ કરે છે. જેમાં ધીરા પણ ખૂબ જ ઊંડાં શ્વાસ લઈ લંબાવીને રાગ

ખેંચીને ગાય છે. જેમાં "ઓ....ઓ...ઓ..." કે "આ ...આ આ..." , " ઓરો રો ...ઓરો રો..." જેવાં સૂરો લંબાવીને નાભિમાંથી કાઢે છે. એવું કહેવાય છે કે આ સરજૂગાન ગાવાની પરંપરા અપભ્રન્શકાળની દશમી સદીની છે. સૌરાષ્ટ્રના વૈશ્યસુતાર એવા ભક્તકવિ ઝાલણથી એનો આરંભ થયો અને વૈશ્યસુતાર તથા સોરઠીયા/ભોપા રબારીમાં આ પરંપરા જળવાઈ. એનો આરંભ દશમી સદીનો નિશ્ચિત છે કેમ કે ઝરિયાવડાની ઝાલણની સમાધિના ઓટામાં વિક્રમ સંવત ૧૦૧૮ ( ઈ.સ. ૯૧૨ ) કોતરેલું જોવા મળ્યું છે.

ચરોતરના તળપદા દેવીપૂજકો સમુદાયના જાગરિયાઓ પાસે કંઠસ્થ રેગડીગાન કે દેવીકથાઓ જોવા મળે છે. જો કે એના કોઈ આધારભૂત પૂરાવા હોતા નથી. માત્ર કંઠોપકંઠ સચવાયેલું આ લોકસાહિત્ય જ એમનો વારસો છે. એનું કોઈ જ લખાણ કે ગ્રંથ હોતા નથી. તેઓ સરજૂગાનમાં લોક દેવીની વાર્તાઓ , પૃથ્વી ઉત્પતિની કથા ,જળકમળ જોગણીની વારતા, આઇશ્રી ખોડીયારની વારતા, રૂપણમાતાની વારતા , ધારના જેલ ઠાકોરની વારતા વગેરે ગાય છે.

## તળપદા દેવીપૂજક સમુદાયમાં પ્રચલિત માન્યતાઓ અને વહેમો-અંધશ્રધ્ધાઓ :

આ સમુદાયમાં અસંખ્ય માન્યતાઓ, કુરિવાજો અને અંધશ્રદ્ધાઓની જાળ પથરાયેલી છે. સમાજમાં શિક્ષણનો અભાવ હોવાથી અંધશ્રદ્ધાઓ અને વહેમાદિ ખૂબ જ વ્યાપેલા છે. સવારમાં જાગે ત્યારથી તેઓ અંધશ્રધામાં ઘેરાઈ જાય છે. દૂધ ઢોળાય ,છીંક આવે ,કાગડી બોલે ,રસ્તે આડું બિલાડું ઊતરે વગેરે સામાન્ય વહેમો તો પ્રત્યેક સમાજમાં છે જ.પરંતુ દે.પૂ.સમાજમાં આની અસરો ખૂબ જ વર્તાય છે. બહારગામ જતાં હોય કે શુભ કામે જતાં હોઈ તો 'ચા પીતા જાવ' એવું કોઈ બોલે તો ચાનો નકાર ન કરવો તેમ માને છે. રાત્રે કોઈને ઉછીનો રૂપિયો આપતા નથી. શુભ કામે જતાં હોય ને સામે વિધવા મળે તો પાછા ઘેર આવીને પાણી પીવે છે, થોડો સમય રોકાઈને જાય છે. કોઈ વિધુરને હાથે

શુભકાર્યનો આરંભ કરાવતા નથી. તેઓ માને છે કે પગ ઘસેડીને ચાલીયે તો ઘરની લક્ષ્મી જાય,પગ હલાવીએ તો દેવું થાય. હાથમાં ચળ આવે તો બહાર ગામ જવાનું થાય. કૂતરું જો કાન ફ્ડફ્ડાવે તો ખરાબ બિના બને ,રાત્રિ સમયે આંગળીઓ ના ફોડાય.

ઘર ઉપર જો કલકલીયો બોલીને જાય તો દેવીપૂજક સ્ત્રી લોટો પાણી ભરીને ઘરના છાપરે છાંટે છે.ખાતાં ખાતાં હેડકી આવે તો માને છે કે કોઈ સંભાળી રહ્યું છે. જમતાં જમતાં કોળિયો પડી જાય તો માને છે કે આજે કોઈ મહેમાન પધારવાનું છે. છોકરા છૈયાંને સારાં કપડાં પહેરાવ્યા હોય ને રાત્રે રડે કે હેરાન કરે તો માને છે કે કોકની ટોક -નજર લાગી છે. ચપ્પલ ઊંધું પડ્યું હોય અપશુકન ગણે છે. ચકલામાં પગ પડવો, ઓરિ કે અછબડા આવે તો સગે વ્હાલે ન જવાય , દવાખાને ન જવાય. એવી માન્યતાઓ આ સમાજ ધરાવે છે. પૂર્વજોને દારૂ ચઢાવવાની પ્રથા પણ આ સમુદાયમાં ચાલે છે. જીભ કચડાય તો માને છે કે કોઈ ગાળ ભાંડતું હશે. રાત્રે ચીબરી (એક પક્ષી) બોલે તો મરણના સમાચાર આવે , હાથમાં ખંજવાળ આવે તો પૈસા આવે , માથાના વાળ ખરે તો સંકટ આવે , ખભે લૂગડું નાખે તો અપશુકન થાય.ચકલાંમાંથી ઘરે આવતા 'લે હેંડ' એવું બોલાઈ જાય તો વળગણ વળગે. બાળકની છઠ્ઠીના સમયે મૂકેલું સફેદ ઝભલું કે કાપડ કોર્ટમાં પાસે રાખીએ તો મોટામાં મોટા ગુનામાંથી પણ છૂટી જયાય. જો તાવડી (કલાડી) ચૂલે હોય ને તેની નીચે આગના તણખા દેખાય તો તેઓ માને છે કે અન્ય લોકો પોતાની ઈર્ષા કરે છે. જન્મ સમયે મૃત્યુ પામેલ બાળક પૂર્વજ /શિકોતર બને છે. જો તેનું સ્થાનક ન બનાવીએ અથવા માતાજીના ખોળે બેસાડવાની વિધિ ન કરીએ તો પ્રજાને રંજાડે /ત્રાસ આપે. માતાજીના ઝપટમાં આવી જવાની માન્યતા આ સમાજમાં ખૂબ વ્યાપેલી છે. જો કોઈ ગુનો કર્યો હોય ,બાધા બાકી રહી હોય તો માતાજી જે તે ગુનેગારને ત્રાસ કે દંડ આપે ,બિમાર કરીદે;દાંત બાંધી દે છે. માતાજીના ઓટલા /મંદિર ઉપર સ્ત્રીથી ચઢી શકાતું નથી. ઋતુસ્ત્રાવ દરમિયાન સ્ત્રીથી

માતાજીનો પ્રસાદ ન ખવાય,પાણિયારે  ન અડાય, મંદિરથી દૂર ફંટાવીને જવું પડે છે. બાળકના જન્મથી સવા મહિના  સુધી ઘરનું કે સગું વ્હાલું કોઈ સુવાવડીને અડકી કે સ્પર્શી શકતું નથી. તેની બધી જ જરૂરી વસ્તુઓ જુદી આપવામાં આવે છે. સવા મહિના પછી તે જગ્યાએ લીંપણ કરે છે. મોટી બાધા કે લગ્નના પ્રસંગે યજમાન સાથે વઢવાડ થઈ હોય તો ત્યાં પ્રસંગમાં જતાં પહેલા સમાધાન કરવું પડે છે. તેને ચરોતરમાં 'નાળિયેરડોડો કરવો' કહેવાય છે. માથે કાગડો બેસી જાય તો સગે વ્હાલે તે વ્યક્તિના મોતના જૂઠા સમાચાર પહોંચાડવામાં આવે છે. રસ્તે આવતાં  જો બાળક રડે તો ઘરે પહોંચ્યા બાદ બાળક ઉપરથી લોટો પાણી ભરીને અથવા માટી વાળીને તે દિશા તરફ ફેંકે છે. આમ, અસંખ્ય માન્યતાઓ આ સમાજમાં પ્રવર્તે છે. હાલમાં આ સમુદાયમાં શિક્ષણ વધવાથી કેટલીક માન્યતાઓ નાબૂદ થઈ છે.

---


**સંદર્ભ ગ્રંથસૂચી :**

(૧) ચરોતર સર્વસંગ્રહ- ઈ.સ.૧૯૫૪

(૨) ગુજરાતની કીર્તિગાથા ---શ્રી કનૈયાલાલ મુનશી

(૩) ચારણો અને ચારણી સાહિત્ય -- શ્રી ઝવેરચંદ મેઘાણી

(૪) ગીર વિસ્તારમાં વસતા દે.પૂ.સમુદાયની તરાહ -લલીતા વી.ભૂત

(૫) સ્મૃતિગ્રંથ -ચોવીસ ગામ પટેલ સમાજ (આણંદ જિલ્લો)

(૬) શ્રી દેવીપૂજક સમાજની વિવિધ શાખાઓના દેવ-દેવીઓની અને પૂર્વજોની અમરગાથાઓ - શ્રી ઉમેશ સોલંકી

(૭) સૌરાષ્ટ્રનો સંસ્કૃતિક વૈભવ - લક્ષ્મણ પી .ગઢવી

(૮) ગુજરાતની અસ્મિતા -રજની વ્યાસ -ગુર્જર પ્રકાશન,અમદાવાદ

(૯) હમીરો બલોચ અને પોમલો પારકરિયો - શ્રી મફત રણેલાકર

(૧૦) લોકજીવનના મોતી -શ્રી જોરાવરસિંહ જાદવ

(૧૧) વીરડો - તંત્રીશ્રી હરેન્દ્ર પ્ર. ભટ્ટ

(૧૨) દેવીપૂજક સંદેશના અંકો - તંત્રીશ્રી નાથાભાઈ ઓ.ચુનારા

(૧૩) ગુજરાતમાં વસતા છુટા છવાયા આદિવાસીઓનો અભ્યાસ

(૧૪) અંધશ્રદ્ધા વિમર્શ - આર્ય સમાજ આણંદ

(૧૫) ગુજરાતની લોકસંસ્કૃતિ – ડૉ. હસુતાબેન સેદાણી

(૧૬) બદલાતા સમાજમાં જ્ઞાતિ - અર્જુન પટેલ , પ્ર.આ.૧૯૯૩ , પૃષ્ઠ-૧૭.

## પ્રકરણ - ૪

# તળપદા દેવીપૂજકોની બોલી

એક જ સમાજના નાનાં નાનાં જૂથો જેમ પ્રદેશના દૂરત્વને કારણે અસ્તિત્વમાં આવે. તેમ માનવસમાજની રચનાને કારણે નાનાં નાનાં જૂથો અસ્તિત્વમાં આવે. ભારતમાં તો ખાસ કરીને જ્ઞાતિપ્રથા પર આધારિત નાનાં નાનાં જૂથો અસ્તિત્વમાં આવેલાં અને કેટલાંક જૂથો ભાષાજૂથો તરીકે અસરકારક ભાગ ભજવે છે. જીવનના અન્ય સાંસ્કૃતિક પાંસાઓની જેમ ભાષાનો વપરાશ પણ વ્યક્તિના વ્યક્તિત્વને તેમ જૂથના અલગ વિશેષને છતો કરે છે. જૂથને જૂથ તરીકે ટકી રહેવામાં અથવા એના અલગ વિશેષની છાપ કે અસર ઉપસાવવામાં તેની ભાષા પણ મહત્વનો ભાગ ભજવે છે. આ જ કારણે ભાષાજૂથો અસંપ્રજ્ઞાતપણે પોતાની બોલીની આગવી લાક્ષણિકતાઓ ટકાવી રાખતા હોય છે.

ચરોતર સર્વસંગ્રહમાં જણાવ્યા મુજબ પ્રજાની સંસ્કારિતા જેમ તેની બોલીમાં તેના ગીતોમાં અને સાહિત્યમાં તે ઝીલાય છે. તેથી લોકોની બોલીનાં મુખ્ય લક્ષણોનો અભ્યાસ અનેક રીતે ઉપયોગી અને લાભકારક નીવડે છે. હાલના સંજોગોમાં એ જરૂરી પણ છે.

## આર્યભાષાઓ અને ગુજરાતી ભાષા :

ભારતની ભાષા સમૃદ્ધિ ત્રણ વિભાગમાં વહેંચી શકાય : આર્ય ભાષાઓ , દ્રાવિડ ભાષાઓ , ઈતર ભાષાઓ. ઈતર ભાષાઓના આ ત્રીજા વિભાગમાં મુખ્યત્વે મુંડા કૂળની ભાષાઓ અને ભોટ (તિબેટ -બર્મન કૂળ) કૂળની ભાષાઓનો સમાવેશ થાય છે.

ભારતની મધ્યમાં આવેલા ડુંગરાળ મૂલકોમાં મૂંડા કૂળની ભાષાઓનો વ્યવહાર નજરે ચઢે છે. ઉત્તર અને ઉત્તર-પૂર્વના ભારતની સીમા ઉપર આવેલા પહાડી મુલકોમાં ભોટકૂળની ભાષાઓની વ્યવહાર નજરે ચઢે છે. દ્રવિડ ભાષાઓ મુખ્યત્વે દ. ભારતમાં પ્રચારમાં છે. છતાં ઉત્તર - પશ્ચિમે બલુચિસ્તાનમાં અને પૂર્વમાં ગંગા નદીના મુખ લગી પણ એ ભાષાઓ છૂટી છવાઈ વપરાય છે.

ભારતની આર્ય ભાષાઓમાં હિન્દી , પંજાબી , રાજસ્થાની , ગુજરાતી , પહાડી ભાષાઓ - નેપાળી , ગઢવાલી વગેરે છે. તો પૂર્વી હિન્દી - જેમાં અવધી ,વાઘેલી અને છત્રીશગઢીનો સમાવેશ થાય છે. પંજાબી , સિંધી , મરાઠી, બિહારી , મૈથિલી , મગહિ અને ભોજપુરીનો સમાવેશ થાય છે. આ બધી ભાષાઓને 'આર્યભાષાકુળ'ની ભાષાઓ ગણવામાં આવે છે. ભાષાઓનું તુલનાત્મક અને ઐતિહાસિક દ્રષ્ટિએ અન્વેષણ કરતા અભ્યાસીઓને એમ માલુમ પડ્યું છે કે અત્યારે યુરોપ અને એશિયા ખંડોમાં વપરાતી અમુક ભાષાઓ મૂળ એક ભાષામાંથી ઉતરી આવી છે.એ એક ભાષા ઈ.સ. પૂ. ૨૫૦૦ - ૩૦૦૦ના ગાળામાં દક્ષિણ રશિયાના પ્રદેશોમાં એક પ્રજાની ભાષા હતી.કાળક્રમે એ લોકો પૂર્વ અને પશ્ચિમમાં ફેલાયા અને જ્યાં ત્યાં વિજેતારૂપે ગયા ત્યાં ત્યાં એમની ભાષાનો પ્રચાર થયો. પશ્ચિમ અને દક્ષિણમાં એ પ્રજાની ભાષાઓ ગ્રીક , લેટીન, જર્મનિક ,સ્લાવ વગેરે નામોએ એ ઓળખાઈ અને વિકસી.આ બધી ભાષાઓ એક ભાષામાંથી ઊતરી આવી છે. એવું ભાષાઓના શબ્દકોશ અને વ્યાકરણ ઉપરથી સિદ્ધ થયું છે. એ મૂળ ભાષાને 'ઈન્ડો યુરોપિયન' એવું એની ભૌગોલિક વિસ્તારની સીમાઓને અનુલક્ષીને નામ આપવામાં આવ્યું છે. અત્યારે આ મૂળ ભાષાના અવશેષો મળતા નથી. વૈદિક સંસ્કૃત યુરોપિયન ભાષાવૃક્ષ ની પૂર્વની શાખા છે. આપણી ગુજરાતી ભાષા એ ભારતીય આર્ય ભાષાકૂળની એક ભાષા છે.

## ભાષા અને બોલી :

ગુજરાતી 'ભાષા' છે અને ચરોતરી એ ભાષાની એક 'બોલી' છે. ભાષા અને બોલી વચ્ચે તાત્વિક ભેદ નથી , વ્યવહારિક ભેદ છે. એક પ્રદેશના સમગ્ર વિસ્તારમાં એક છેડાથી બીજા છેડા સુધી સમજાતી , સાહિત્યમાં વપરાતી ,રાજકારણમાં અને શિષ્ટોના વ્યવહારમાં માન્ય એવા વિચાર વિનિમયની સાંકળ તે 'ભાષા' લેખાય છે. પણ ,એ જ પ્રદેશમાં અનેક જુદા જુદા વ્યાકરણી સ્વરૂપો સંભાળવા મળે ., એ સામાન્ય અનુભવ છે.આવા પ્રાંતીય ભેદો હોવા છતાં 'ભાષા' સમગ્ર પ્રદેશમાં સમજાય છે .આ ભાષા કોઈ પણ પ્રાંતીય બોલીની માલિકીની નથી હોતી .પણ એના વ્યવહારક્ષેત્રમાં વ્યાપેલી અનેક બોલીઓના આદાન પ્રદાનથી ઘડાયેલી હોય છે. બોલી એક ભૌગોલિક વિસ્તાર સાથે સંકળાયેલું વાણી સ્વરૂપ છે.જયારે ભાષા એક સમગ્ર વિસ્તારના વિચાર વિનિમયનું આદર્શ પ્રતિક છે.

ગુજરાતી ભાષા ગુજરાતનાં છાપાં-રેડિયો-લેખકો જે સાધન દ્વારા ગુજરાતની પ્રજા સાથે વિચાર વિનિમય કરે છે, ગુજરાતનો રાજકારભાર જેમાં ચાલે છે તે; ગુજરાતીની બોલીઓ , એ ગુજરાતી ભાષા વિસ્તારમાં જુદાં જુદાં સ્થળોએ બોલચાલમાં વપરાતી વાણી.

## બોલીની ક્ષેત્ર મર્યાદાઓ :

એક જ ભાષાપ્રદેશમાં બોલીની સીમા રેખાઓ નક્કી પણ થઇ શકે , કારણ કે બધી બોલીઓ ઉપર માન્ય ભાષાનો એકધારો પ્રવાહ પડતો હોય છે. અને દરેક સ્થળે બોલી

સંદેશ' કે 'ગુજરાત સમાચાર ' વાંચે ત્યારે એના ગામની બોલી અને માન્ય ભાષા વચ્ચે આઘાત -પ્રત્યાઘાતના તરંગો ફેલાવા શરુ થઈ જાય છે; વળી , ધ્વનિવેદની રેખાઓ સમાંતર હોતી નથી. દા.ત. ગુજરાતીમાં પીપળો - પેપળો એટલી આનુનાસિક તીવ્ર 'ઈ' -એ બેના વિકાસને લક્ષમાં રાખીને ગુજરાતી ભાષાપ્રદેશ પ્રદેશ ઉપર એ ધ્વનિની ભેદરેખા દોરીએ તો એક તરફ ઉત્તર ગુજરાતની બોલીઓ અને બીજી તરફ સૌરાષ્ટ્ર , ભીલી અને દક્ષિણ ગુજરાતની બોલીઓ વચ્ચે ભેદરેખા અંકાશે .

ચરોતરી માત્ર બોલી જ નથી , પણ એ તો સમગ્ર ચરોતરી જીવનનું પ્રતીક છે.એક બોલી એક અનોખા જૂથની માલિકીની હોવાથી એને એક મોટી ઓથ મળી છે, અને એથી એ બોલીને ગુજરાતી ભાષા વિસ્તારમાં વિશિષ્ટ સ્થાન મળ્યું છે. ઉ. ગુજરાતની પાંટણ ,મહેસાણા કે કપડવંજની બોલી , તાત્વિક રીતે ચરોતરીથી ઘણી નજીક હોવા છતાં , એકેયને બોલીનું આવું સ્પષ્ટ સ્વરૂપ નથી મળ્યું. કા .કે. એ બોલીઓ પાછળ આવું પ્રજાબળ - નોખાપણું નથી મળ્યું.

## બોલચાલના વિવિધ સ્વરૂપો :

ભાષા અને બોલી વિચાર વિનિમયના વ્યાપક સમાજવ્યાપી બળો છે, પણ બોલચાલના બીજા કેટલાક ઓછા વ્યાપક સ્વરૂપો છે તે પણ અત્રે જાણી લેવા આવશ્યક છે.

સાંજનો એક વર્ગ , સામાન્ય રીતે વધારે કેળવાયેલો , તાલેવંત અને મોભાદાર, એક જ બોલી પ્રદેશમાં , પોતાના વર્ગને બીજા વર્ગોથી જુદો પાડવા સારું બોલચાલની અમુક પ્રકારની લઢણ વાપરે , જે સામાન્ય બોલચાલમાં પણ વપરાતી હોય, ત્યારે એ બોલચાલને 'સ્લેન્ગ' (salng) કહેવાય. આ બોલચાલમાં લઢણ ઉપરાંત અમુક

પ્રકારના શબ્દો પણ વપરાતા હોય છે, જે માન્ય ભાષાની બોલચાલ કરતાં કાં તો જુદી રીતે ઉચ્ચારાય અથવા જુદા અર્થમાં વપરાય છે.

**ચરોતરી બોલીની લાક્ષણિકતાઓ :**

ઉત્તર ગુજરાતની એક વિશેષતા જે ચરોતરમાં પણ પૂર્ણપણે વ્યાપી છે તે : સ્વર + સાનુનાસિક વ્યંજન = વિવૃત સ્વર + સાનુનાસિક વ્યંજન સાનુંનાસિક સ્વર + વ્યંજન = વિવૃત સાનુંનાસિક સ્વર + વ્યંજન.

(૧) આ વ્યાપક નિયમ - આ - ઈ-ને લાગુ પડે છે. આની = ઓની , પાણી =પોણી , દાણા = દોણા , લીમડો = લેંમડો , જાન = જોન .

(૨) આ નિયમ પણ ઉપર મુજબ આ - ઈ ને લાગુ પડે છે. પાંચ = પોંસ , ક્યાં - ચ્યાં , પીપળો - પેપરો , વીંટી - વેટી, છીંકણી- છેંકણી.

(૩) પદાંતે આવતા સ્વર યુગ્મો અને સધ્યક્ષરોના કેટલાંક ફેરફારો ચરોતરી અને ઉ.ગુજરાતમાં સમાન છે. દા.ત. આઈ = 'અઈ' , આઉ= 'અઉ',ભાઈ= 'ભઈ',ગાઉ= 'ગઉ'. આ લક્ષણ ઉ.ગુજરાત સાથે સંપર્કમાં આવતા ઉત્તર પૂર્વ સૌરાષ્ટ્રના વિસ્તારમાં કેટલાંક પ્રદેશોમાં આ લક્ષણ પગ પેસારો કરી ગયું હોવાના પૂરતો સંભવ છે.

(૪) ચરોતરીમાં 'ળ' વર્ણ નથી. માન્ય ગુજરાતીમાં જ્યાં 'ળ' છે ત્યાં બધે ચરોતરીમાં 'ર' બોલાય છે. ભીલીબોલીમાં 'મ' છે અને તે પણ માન્ય ગુજરાતી ઉચ્ચારણ કરતાં વધારે મૂર્ધન્ય અને ઘોપ સાથે ઉચ્ચારાય છે.

(૬) માન્ય ગુજરાતી 'વ'નું ઉચ્ચારણ કરતી વખતે નીચલા હોઠનો અંદરનો ભાગ દાંતની ઉપલી હરોળને બહારના ભાગમાં સ્પર્શ કરે છે. આ સ્પર્શ ટૂંકા ગાળાનો અને ક્ષીણ હોય છે. બોલચાલમાં અમુક સંજોગોમાં આ 'વ'ના ઉચ્ચારણમાં એનો દંત્ય સ્પર્શ સાવ નાબૂદ થઈ જાય છે. ઉ. ગુજરાતીમાં જયારે 'ય' ,'એ' ,વા ' ઈ'નું સાનિધ્ય હોય છે. ત્યાં આ 'વ' નો સ્પર્શ બિલકૂલ જતો જ રહે છે. લાવ્યો = લાયો, પકાવીએ = પકઈએ, આવી = આઈ. ચરોતરીમાં તો એવું જ લાગે છે કે આ વર્ણની વ્યવસ્થા સાવ અનોખી જ છે.

(૭) સ્વરાંતગર્ત - 'ઢ' ના ઉચ્ચારમાં પણ , ચરોતરમાં 'ડ'ની જેવો થડકારો જ કરવામાં આવે છે. આ કારણે મહાપ્રાણત્વ સમગ્ર પદને વ્યાપી રહે છે. દા. ત. વાઢવું = વાડવું.

<u>ચરોતરીની વ્યાકરણ વિષયક મુખ્ય વિશેષતાઓ</u> :

(૧) - અકારાંત નામોમાં જ્યાં માન્ય ભાષામાં બ.વ.નો પ્રત્યય વાપરવાનું વલણ નથી ત્યાં 'આં' ('ઓં') એ બ.વ.નો પ્રત્યય વાપરવાનું વલણ ઉત્તર ગુજરાતીમાં છે તેથી પણ વિશેષ અહીં જોવા મળે છે એટલું જ નહિ , બહુવચનનો -'ઓ' પ્રત્યય પણ આખા વાક્યમાં બધાં પદોને લગાડીને બોલવાનું વલણ પણ આ બોલીના ભાષકોમાં વધુ જોવા મળે છે.દા.ત. ધણીઓ સોડીઓ આવીઓ હતીઓ. જ્યાં સ્ત્રીલિંગ ધરાવતું નામ કર્તા હોય તેવાં વાક્યોમાં જ આવું વલણ મળે છે.

(૨) પંચમી વિભક્તિ સૂચક -'થી' ને બદલે -'હિ' પ્રત્યય વપરાય છે. દા.ત. ક્યાંથી આવ્યા - ત્સ્યોહી આયા /ચોંથી આયા ?

(૩) સંભાવના અને વર્તમાનકાળમાં પ્રથમ પુ.એ.વ.નાં રૂપો જેવાં બીજા પુ.એ.વ.નાં રૂપો થાય છે. દા. ત. તુ બોલે છે. - તું બોલું ત્સુ. કે બોલુ ત્સ.

(૪) સહાયકારક 'છું' - ના રૂપોમાં આવતા પુરુષવચનના પ્રત્યયો કેટલાંક રૂપાખ્યાનોમાં સંભળાતા નથી. દા.ત. તે બોલે છે - તે બોલેત્સ.

(૫) ભવિષ્યકાળના પહેલો પુ. એ.વ. અને બીજો પુ. એ.વ.નાં રૂપોમાં ઉ.ગુજરાતની માફક ભવિષ્યકાળ સૂચક 'શૂ' લોપાય છે. અને પુરુષ વચનના પ્રત્યય પણ લોપાય છે પરંતુ ઉ. ગુજરાતમાં બોલ , કર જેવાં રૂપો મળે છે તેને સ્થાને અહીં બોલે , કરે , મારે જેવાં રૂપો મળે છે. જેમાં અંતે ઉચ્ચારતા-'એ' માં દીર્ઘત્વ ભળેલું હોય છે. દા. ત. હું કરીશ . - હું કરે, તું બોલીશ - તું બોલે.

## તળપદા દેવીપૂજકોની બોલી

ચરોતરમાં વસતાં તળપદા દે.પૂ. સમુદાયમાં 'ચરોતરી' બોલીના ઘણાં લક્ષણો ભળી ગયાં છે. છતાં એક અનુમાન એવું કરી શકાય કે એમની બોલી મૂળ ગામઠી /તળની બોલી છે. એમની પાસે તળની બોલીનો વિશાળ શબ્દભંડોળ છે , આગવો લહેકો છે. ઘણીવાર જ્ઞાતિબોલી અને પ્રાદેશિક બોલી વચ્ચેની ભેદરેખા દોરવી મુશ્કેલ બને છે. કેટલીકવાર જે તે પ્રદેશની અનેક જ્ઞાતિ બોલીઓની ઘણી લાક્ષણિકતાઓનું મિશ્રણ પણ પ્રદેશબોલીમાં જોવા મળે છે. આ સમુદાયની બોલીની વિશેપતાઓ જોઈએ તો ચરોતરી બોલીની જેવી જ છે જે નીચે મુજબ જણાવી શકાય :

(૧) આ બોલીમાં એના કંઠ્ય વર્ણો - ક , ખ, ગ, ઘ પછી જયારે તાલુ સ્વર - એ , ઈ/શ - આવે ત્યારે એ કંઠ્યવર્ણો અનુક્રમે તાલુવર્ણોમાં પરિણમે છે. આ પ્રકારનું તાલુકરણ ઉત્તર ગુજરાતીમાં થાય છે અને તે દ્વારા સૌરાષ્ટ્રની ઉત્તર-પૂર્વની બોલીઓમાં પણ પગ પેસારો કરી ગયું છે. પણ જેટલું સાર્વત્રિક રીતે ચરોતરમાં છે, એવું કદાચ બીજી કોઈ બોલીમાં નથી, અને આથી એ વધારે ઉલ્લેખનીય બને છે. એના ઉદાહરણો તો દરેક ચરોતરીના તળપદા સમુદાય પાસે પૂરતા જ હોય છે. અહીં થોડાંક નોંધ્યા છે - કેટલું = ત્સેટલુ , ગયું = જ્યું , સુંઘી = સુંઝી , ઘી = ઝી , ખેતર = છેતર વગેરે.

(૨) સ્વરાંતગર્ત - 'ઢ' ના ઉચ્ચારમાં પણ , ચરોતરમાં 'ડ'ની જેવો થડકારો જ કરવામાં આવે છે. આ કારણે મહાપ્રાણત્વ સમગ્ર પદને વ્યાપી રહે છે. દા. ત. કાઢાપા - કડાપા , કઢાઈ - કડઈ.

(૩) 'ળ' વર્ણનો ઉચ્ચાર 'ર' કરે છે .જેમકે ,વિમળા= વિમરા , વેળા = વેરા , કેળ = કેર વગેરે

(૪) 'ખ' અને 'ક્ષ ' વર્ણનો ઉચ્ચાર ' છ' કરે છે. જેમકે , ખીલો = છીલો , ક્ષાર= છાર , રખિયા = રછિયા, લક્ષ્મી = લછમી .

(૫) 'શ' કે 'સ' વર્ણનો ઉચ્ચાર મોટાભાગે 'હ' કરે છે. જેમકે , જોશ = જોહ , નિશાળ = નેહાર , સારું -હારું

(૬) 'ક' વર્ણથી શરુ થતા કેટલાંક શબ્દોનો ઉચ્ચાર 'ચ' થી કરે છે; કાકી= કાચી , ક્યારના = ચ્યારનાં , કે'પા = ચે'પા, મુક્કો= મૂચ્ચો .

tળપદા દે.પૂ.બોલીના નમૂના :

(૧)

" આ કાર જેવા વરહમાં ખરચી પોણી નેકરે એવું તો કરવું પડેને ભઈ ? એક તો ઘરમાં ખાટલો સે. એટલે પૈસા તો જોઈએ કે નઈ ?"

" પેલું ગનકાર્યું કે નઈ , માતાનું ? "

" એ તો અમણા હવા મઈના હુંધી કશું ન થાય. ઘરમાં એવું છે એટલે."

" બરોબર , ભૂલી જ્યો ભઈ"

"હારું તાર , લે હેંડ છેતરમાં જઉં સે."

" હાર. હેંડ"

(૨)

" અલ્યા પૂંજ્યા , ઘરમાં નસાય. બાર કૂતરું અડ્કાયું થયું સે."

" એ તો માતાજીનો ઘોડો કે'વાય. અમણા મડે ઓટો મારીન જતું રેશે."

" ફ્રિયામાં બે ચાર જણને આભડ્યું સે. એટલે સેતાન રે 'જો "

" હારું કરે માતાજી. આવું કૂતરું કૈઈડે તો બૌ જારવવું પડે હો "

## તળપદા દે.પૂ.બોલીનો શબ્દકોશ અર્થાત્ પારસી બોલી :

કહોનું (નપું) - થોડુક ઊનું

કલ્હે દેવારું(ન.પુ.) - સકળ દેવલોક

કોરાંટ(સ્ત્રી) - કોરી

કોયતું (નપું)- ચારો કાપવાનું સાધન

કટિયા(પુ) - પૈસા

કારીવેલ(સ્ત્રી) - માણસ જાત

કકરાટ(પુ) - ઝઘડો

કરસો(પુ)- લોટો

કારીટીલી(સ્ત્રી) - કલંક

કાઠીરગડા(નપુ) - નકામી ભાંજગડ

કાવડિયા(પુ) - રૂપિયા

કલાડું(નપું) - તાવડી

કકરો(પુ) - કરકરો

કનેરી(સ્ત્રી) - મોભથી હલકી પાતળી લાકડાની વરી

કંથાર(સ્ત્રી) - કાંટા

કંપારો(પુ) – ધ્રુજારી

કો હું(ક્રિયા.) - કહું છું

કુંવારશી(સ્ત્રી) - કુંવારી કન્યા

કાર(પુ)- ગુસ્સો

ખહલું(નપું) - નિંદામણ

ખાટલો થવો(સ્ત્રી) - સુવાવડ થવી

ખપડી(સ્ત્રી)- ખપરડી

ખાંધ(સ્ત્રી) - કરોડરજ્જુ

ખાટીયો(પુ) - દારૂ

ખટુંમડું(નપું) - થોડુક ખાટું

ખાપ(સ્ત્રી) - દર્પણ , અરીસો

ખસ - દૂર હટ્ટના અર્થમાં

ખોયું(નપું) - પારણું, હીંચકો

ખોહવું - રોપવું

ખાલ્ડું(નપું) - પગરખું

ગનામતનું - ભૂલનું

ગોતું(નપું) - ભેંસોને મૂકવામાં આવતું ભૂસું

ગોહારીયું(નપું) - માંસ

ગોદો(પુ)- ઠેંસ

ગોયણી(સ્ત્રી) - માતાજીની બાધા

ગોહટી(સ્ત્રી) - પાટલા ઘો.

ઘરેડ(પુ) - ચીલો , નિયમ

ચમાંવવું- સંતાડવું, લઈ લેવું

ચરમિયા(નપું) - કૃમિ

ચાટવો(પુ)- લાકડાનું બનાવેલ દારૂ ગાળવાનું સાધન

ચેડે - પાછળ

ચહક(સ્ત્રી) - આંટી

ચિરાડ(સ્ત્રી) - બૂમ

છેટકું(નપું) - માથે બાંધવાનું ,ઘાસ બાંધવાનું કાપડ

છોછ(પુ) - ચોખ્ખાઈ કે આચાર બાબત તીવ્ર લાગણી

છાલું (નપું)- પ્યાલો

છટાપાટ - એકદમ જોરથી

છાલ - પીછો , કેડો

છર મેલવો ( ક્રિયા.) - વઢ વઢ કરવું

જેંહકા(નપું) - લટિયાં

જેંજવો(પુ) - મોટું ઘાસ

જલઉ(નપું) - લાકડાની પાતળી સોટીઓ

જેરો(પુ) - ભૂક્કો

ટોટો(પુ) - ખૂબ જ

ટળચો(પુ) - ઘરડો ,વૃદ્ધ

ટાચક(સ્ત્રી) - રિશ

ઠાઠો(સ્ત્રી) - કાળજી

ઠેઠ - છેક

ઢેબો(પુ) - નાનો ,નાની

તથા(સ્ત્રી) - કેળવણી , કાળજી

તોહરું(નપું) - વાટકી જેવું પાત્ર

તંમર(પુ) - ચક્કર

દોક(પુ) - વારો

ધખારો(પુ) - ગરમી , તાપ

ધજાગરા (પુ.) - ફજેતી

ધૂપારી(સ્ત્રી.) - માતાજી

ન સાય (ક્રિયા.) - અહીં આવ

નકર - નહીતર

નકરો (પુ.)- બધો જ

પૂરેટી(સ્ત્રી.) - ભારો

પાહડી(સ્ત્રી.) - યુવાન બકરી

પનો( પુ.) - અંતર કે લંબાઈ માટે

પહોતીયાં (ન.) - પાછળ મૂકીને જવાતી મિલકત

પા (સ્ત્રી.)- બાજુ

ફૂંગરાઉં( ક્રિયા.) - રીસાવવું

ફેફરું (ન.) - ફેફસું

ફોળ (સ્ત્રી.) - ખૂલાસો

બરાગર( સ્ત્રી.) - તાવ

બો (ક્રિયા. વિશે.) - બહુ , વધારે

બાસ્તા જેવું - ધોળા રૂ જેવું

બગદુ(ન.) - કચરો

બોટણી( સ્ત્રી.) - બાતમી

બાર બેહવું( ક્રિયા.) - ગર્ભ રહેવો

બૂહો( પુ.) - ધોકો

બાઉ (પુ.) - શિરો

ભયડો( પુ.) - બાજરી ઘઉંનું મિશ્રણ

ભવાડો (પુ.)- ફજેતી

ભોડવું (ન.) - માથું

મલ્લાક્- મને એમ કે

મુજારો( પુ.) - સખત તાવ

મોરી લેવું (ક્રિયા.) - ઉપર ઉપરથી વાઢી લેવું.

મક્તો (પુ.) – પહોળો

રેગડી (સ્ત્રી.) – માતાજીની સ્તુતિ કે કથા

રેવંત( પુ.) - વાહન , ઘોડો

રોંટુ ( ન.) - અણબનાવ

રોપ (પુ.) - અહં

લપેડો( પુ.) - થર

વવ (સ્ત્રી.) - વહુ

લવરી(સ્ત્રી.) - બોલ બોલ કરે તે

વજેતા(સ્ત્રી.) - વિધાતા

વતું ( ક્રિયા.) - દાઢી કરવી

સટાકો (ક્રિયા.) - નાશ થવો

શેહ( સ્ત્રી.) - પ્રસાદ (અસલ અર્થ : દાબ, પ્રભાવ )

સેરવું (ન.) - રસો

હચમચ - સાચે જ

હાતર - માટે

હોતેય - એય પણ

અકરમ(પુ.) - પાગલ

અડારું(ન.) - ઓસરી , પરસાળ

આડીયું(ન.) - કરવત

એમ એમ - અમથું

અહલી( સ્ત્રી ક્રિયા.) - મશ્કરી

ઓરક ( સ્ત્રી.) - બાધા

એટલો (પુ.) - પથ્થર

અધન (ન.) - ખૂબ ગરમ પાણી

આઘો (પુ.) - દૂર

એરીયું(ન.) - પ્રકાશ

ઓણી (સ્ત્રી.) - લાવી

ઓણ - આ સાલ

ઉપરાણું (ન.ક્રિયા.) - પક્ષ લેવો

<u>સંદર્ભગ્રંથ સૂચી</u>

(૧) ચરોતર સર્વસંગ્રહ

(૨) બોલીવિજ્ઞાન અને ગુજરાતની બોલીઓ- ડૉ. યોગેન્દ્ર વ્યાસ


(૩) ચરોતર પ્રદેશના તળપદા દે.પૂ.ની બોલીનો શબ્દકોશ - અંગત સંગ્રહમાંથી.

## પ્રકરણ - ૫

# તળપદા દેવીપૂજક સમાજમાં પૂજાતા લોકદેવી-દેવતાઓ

ભારતમાં ધર્મની બાબતમાં તેત્રીસ કરોડ દેવતા અને નવ કરોડ દેવીઓની કલ્પના થઈ છે. ભારતીય લોકજીવનમાં આ દેવી દેવતાઓ શ્રદ્ધાપૂર્વક પૂજાય છે. સ્થાનિક નાના મોટા અનેક દેવીઓની પૂજા ગુજરાતના લોકજીવનમાં ઘેર ઘેર જાણીતી છે. આ દેવ દેવીઓ ઘર અને કુટુંબની રક્ષા માટે, ગામનું રક્ષણ કરવા માટે અને સમગ્ર પ્રજાનું રક્ષણ અને કલ્યાણ માટે પૂજાય છે.[૫] આપણા જાણીતા લોકકલાવિદ શ્રીજોરાવરસિંહ જાદવ લોકદેવોનું વર્ગીકરણ નીચે મુજબ કરે છે : (૧) વૈદિક દેવો (૨) પૌરાણિક દેવો (૩)વરતવરતુલાના દેવો (૪) પિતૃદેવો (૫) કૂળદેવો (૬) રોગ દોગના દેવો (૭) તિર્યંચ દેવો. આ દેવોમાં પણ બે પ્રકારો : ચોખ્ખા દેવો અને મલીન દેવો. તળપદા દે.પૂ.સમાજ એટલે દેવી-દેવતાઓને પૂજનારો સમાજ. ચરોતરના તળપદા દેવીપૂજકો અનેક શાખોમાં વહેંચાયેલા છે. દરેક શાખના મઢ જુદાં અને દેવ દેવીઓ પણ જુદાં. પ્રત્યેક મઢની પરંપરા અને પૂજન વિધિઓ પણ અલગ અલગ. જેટલા મઢ એટલા ભૂવાઓ. મઢમાં બેઠેલી માતાજીઓના ભૂવાઓ પણ જુદા. ચરોતરમાં આ સમુદાયમાં બે પ્રકારના મઢ જોવા મળે છે : (૧) ચોખટીયા મઢ (૨) વિહોદીયા મઢ. અહીં તળપદા દે.પૂ. સમુદાયમાં પૂજાતા લોકદેવ-દેવીઓ વિશે જોઈએ.

ગણપતિદાદા :





માતાજીના ચંદરવામાં ગણપતિજી

દેવોના સેનાનાયક, સોળ કલા અને ચોસઠ કળામાં નિપુણ અને વિઘ્નના હરનાર દુંદાળા દેવ ગણપતિની પૂજા લોકજીવનમાં પૌરાણિક સમયથી ચાલી આવે છે. ગુજરાતના દેવ દેવતાઓમાં ગણપતિ મહત્વના અને મોખરાના દેવ ગણાય છે.[૫]

તળપદા દે.પૂ.સ્ત્રીઓ લગ્નના પ્રસંગે ગણપતિના ગીતો ગાય છે. પોતાના ઘરની ભીંતિ તેમનું ચિત્ર દોરે છે. નવું ઘર બનાવતી વખતે પણ ગણપતિનું પૂજન કરે છે. જાગરિયા ગણપતિની આરાધના કરી રેગડી ગાય છે. આ સમુદાયમાં માતાજીની પછેડી કે ચંદરવામાં ગણપતિ દાદાનું ચિત્ર જોવા મળે છે. આમ, તેઓના જીવનમાં ગણેશજીનો પ્રભાવ પ્રાચીન કાળથી જોવા મળે છે.

ચારસો ચરોતરના દેવી : રૂપણ માતાજી






શ્રી રૂપણમાતાજીનું મંદિર, આંકલાવ

ચરોતર પંથકમાં સમગ્ર તળપદા સમાજના આદ્યજનેતા ભગવતી કૂળદેવી તરીકે જેમની અતિ નામના છે એવાં મા રૂપણ પૂજાય છે. જ્યાં તળપદા દેવીપૂજકો વસે છે ત્યાં રૂપણમાતાજીનું સ્થાન હોય છે. અગ્નિ-રૂપાના ગોળામાંથી પ્રગટ્યા હોઈ તેમનું નામ 'રૂપણ' છે. જે કુટુંબના દુઃખડા હરનારી અને નારીને માતૃત્વ આપનારી દેવી ગણાય છે. તે અગ્નિના ગોળામાંથી પ્રગટ્યા હોવાથી ખૂબ જ કોપાયમાન દેવી છે. તો દયાનો ભંડાર પણ છે. એની પૂજા કરનારની સંસારવાડી આંખને ઠારે એવી લીલીછમ રહે છે. તે રેવંત (ઘોડા) ઉપર અસવારી કરે છે. હાથમાં ભાલો ધારણ કરનારી છે. આ દેવીની બીક આ સમાજને વધુ રહે છે. તેઓ માને છે કે આ દેવી સાથે કોઈ ચાલાકી કે હોંશિયારી ચાલતી નથી. રૂપણમાતાજીના અન્ય નામોમાં 'રૂપાદે', 'રૂપાવેલ ', 'રૂપણી', 'વરણાગરના દેવી' વગેરે છે. નિવેધરૂપે મીઠું ભોજન અને પશુબલિ અપાય છે. આ સમૂદાયના લોકો લગ્ન જેવા પ્રસંગોએ રૂપણીમાતાને કંકોતરી લખે છે. જાગરિયાની જીભે રૂપણમાતાનાં ગીતો , રેગડી-લોકવાર્તા સાંભળવા મળે છે. જેમાં તેમની ઉત્પતિ છેક મહાભારતકાળમાંથી હોવાનું જાણવા મળે છે.

રૂપણમાતાજી જાયલાની દેવી કહેવાય છે. (જુઓ પરિશિષ્ટ-૩) આ વિશેની લોકકથા શ્રીજોરાવરસિંહ જાદવ સંપાદિત પુસ્તક-'દિવ્ય મંદિર મારા દેવના રે' (પાન નંબર.૨૦૯)માં આપેલી છે. સંકટો અને આફતોમાંથી ઉગારનારી દેવી રૂપણનું જુનું સ્થાનક આણંદ જિલ્લાના આંકલાવ ગામની સીમમાં 'વરણાગર' નામે ઓળખાય છે. તે માતા રૂપાવેલનું પ્રાગટ્ય સ્થાન મનાય છે. ત્યાં પ્રાચીન વરણાનું વૃક્ષ છે. આ પ્રદેશ પ્રાચીનકાળમાં હેડંબાવન તરીકે ઓળખાતો હતો. વર્ણાના ઝાડ નીચે માતાજીએ વિશ્રામ કર્યો હતો અને પોતાનો રેવંત (ઘોડો) ત્યાં બાંધ્યો હતો. તેવી લોકવાયકા જાણીતી છે. હાલમાં ત્યાં શિખરબદ્ધ મંદિર છે. ચરોતર તેમજ વડોદરા વિસ્તારના તળપદા દેવીપૂજકો આ સ્થાને

અવારનવાર દર્શનાર્થે આવે છે. તેઓ શ્રધ્ધા અને આસ્થાપૂર્વક રૂપણમાતાજીની બાધા રાખે છે અને મનોકામના ફળીભૂત થતાં જ બાધા કરવા માટે ત્યાં જાય છે.

## હડકમોઈ-તોતરમાતા :



હડકમાઈ માતા મંદિર , કોડવા


ચરોતરમાં તળપદા દેવીપૂજકો મા આવડને 'હડકમોઈ' કે 'તોતર' કે 'મોટી માતા' નામે ઓળખે છે. સમગ્ર લોકદેવીઓમાં તેમનું સ્થાન અનેરું છે. આ સમુદાયના બાળકો જો બિમાર પડે કે બોલતાં ન શીખ્યા હોય-જીભ ચોટતી હોય તો આ માતાજીની બાધા રાખે છે. કોઈને કૂતરુ કે હડકાયું પ્રાણી કરડે તો તે માટે હડકમાઈ માતાના નામની તે વ્યકિતના પગે ભૂવો ચાંદીની ઘૂઘરી અને દોરી બાંધે છે. સવા મહીના પછી તે બાંધા પૂર્ણ કરે છે. આ માતાજીને નૈવેદમાં સુખડી ધરાવવાની પરંપરા વર્ષોથી છે.

મા હડકઈ રામજી ભૂવાની માતા કહેવાય છે. કહેવાય છે કે લલા ડોશા અને કહડી ડોસીના પુત્રનું નામ રામજી હતું. રામજી ભૂવો અને માતાજી વચ્ચે અદ્રશ્યરૂપે સંવાદ થતો હતો. એકવખત માતાજીના નૈવેધ માટે રોટલી બનાવાઈ રહી હતી , ત્યાં એક કૂતરી આવીને રોટલી લઈ જાય છે. ત્યાં રામજી ભૂવો ગુસ્સામાં નારાજગી વ્યક્ત કરે છે "હત્તારી,તને હડકવા થાય , મારી દેવીના પ્રસાદની રોટલી ખાઈ ગઈ !! " અને માતાજી તેને હસતાં...હસતાં કહે છે- "મને ના ઓળખી ?" - એમ કહીને એક બાળકીના સ્વરૂપે રામજી

ભૂવાને દર્શન આપે છે. રામજી ભૂવાના પૂર્વજોની રઝળપાટ પછી અને માતાજીના પ્રત્યક્ષ દર્શન પછી ઇન્ગોલી ગામે માતાજીની સ્થાપના કરે છે.૭ ચરોતરમાં મીતલી (તા.તારાપુર,જી.આણંદ) ગામે તથા ખંભાત તાલુકાના કોડવા ગામે હડકમાઈ માતાનું પ્રસિદ્ધ મંદિર આવેલું છે.

પાવાની દેવી /મહાકાલી માતા -કાળકા :





ચાંપાનેરનો છેલ્લો રાજા જયદેવસિંહ ચૌહાણ જે 'પતાય રાવલ' તરીકે જાણીતો છે. તે ઈ.સ.૧૪૮૪ના નવેમ્બરની ૧૭મી તારીખે યુધ્ધમાં મરાયો અને પાવાગઢ તથા ચાંપાનેર પર મુસ્લિમ સત્તા સ્થાપિત થઈ. કહેવાય છે કે મહાકાલીમાતાના શાપથી ચાંપાનેરનો વિનાશ થયો અને પાવાગઢ લૂંટાયો. લોકકથા મુજબ આસો માસની નવરાત્રીમાં મહાકાલી એક દિવ્ય સુંદરીના સ્વરૂપે ગરબે રમવા આવ્યા. રાજા પતાઈ દારૂના ભાનમાં માતાજીના સ્વરૂપથી અંજાઈ ગયો અને તેને માતાજીનો પાલવ પકડ્યો. માતાજીએ તેને વરદાન માંગવા કહ્યું. પણ વિનાશકાળે વિપરીત બુદ્ધિ એમ કામાંધ બનેલ રાજા માતાજીને ઓળખી શક્યો નહિ. પોતે માતાજીને પટરાણી બનવાની અને ભોગની ઈચ્છા વ્યક્ત કરી. ત્યારે માતા કાલિકાએ ક્રોધાવેશમાં શાપ આપ્યો કે - "હે મૂઢમતિ રાજા , છ મહિનામાં તારો અને તારા રાજ્યનો વિનાશ થશે." રાજા પતાઈનું પતન થયું અને મહમંદ બેગડો ત્યાનો રાજા બન્યો.૨

ચરોતરમાં 'પાવાની દેવી'નું ખૂબ જ મહાત્મ્ય છે. તળપદા દેવીપૂજકોના મઢે તે પૂજાય છે. ચૈત્રી માસમાં માતાજીનો રથ કાઢે છે અને પગપાળા પાવાગઢ જાય છે. તળપદા દેવીપૂજકોમાં મહાકાલી ચોખ્ખું દેવ ગણાય છે. મહીકાંઠાના તળપદા દેવીપૂજકોના મઢે 'કાળકાનો તાવો' ચઢે છે.

## ઉગતાના દેવી મા મેલડી :




'મેલડી' માતાના મૂળ સર્જક શ્રીકૃષ્ણ હોઈ મીઠાં ભોગની થાળી પ્રથમ તેણે ધરાય છે.[૯] મેલડી માતાનાં જુદાં જુદાં કાર્યો મુજબ નામો જોવા મળે છે. જેમકે, ચોરાની મેલડી , કોઠાની મેલડી , માઢની મેલડી , વણઝારાની મેલડી , વાઘરીની મેલડી , મસાણી મેલડી, ઉગતાની મેલડી, આથમતાની મેલડી , ડાબી -જમણી મેલડી , નકટીવાવની મેલડી, કડીના કાંગરાની મેલડી વગેરે. મેલડી માતાના નૈવેદ પણ જુદી જુદી રીતે થાય છે.

મેલડી માતાના પ્રાગટ્ય વિશે એવી દંતકથા છે કે આદ્યશક્તિ અને મહિષાસુર સાથે યુદ્ધ થયું ત્યારે ભાગતા ભાગતા મહિષાસુર ગાયના ગર્ભમાં જઈને સંતાયો. ત્યારે કાલિકાએ પોતાના હાથની હથેળી ઘસતા તેના મેલથી 'મેલડી' શક્તિ ઉત્પન્ન થઈ. દેવીની ઈચ્છા મુજબ મેલડી માતાએ ગાયના ગર્ભમાં બેઠેલ મહિષાસુરને બહાર કાઢ્યો. અને તેનો

વધ કર્યો.૨ ગામને ઝાંપે બિરાજતી હોવાથી 'ઝાંપડી માતા કે ઝાંપડી મેલડી' તરીકે ઓળખાયા. તમોગુણી મેલડી માતા મૂઢ, કામણ, ભૂત-પ્રેતને ભગાડનાર છે. મેલડી માતાનું સ્વરૂપ અજ(બકરા)પર સવારી કરીને આઠ હાથમાં જુદા જુદા શસ્ત્રો જેમકે , સુદર્શન ચક્ર,પાશ, ત્રિશૂલ , ખડગ , ગદા ,મદીરાનો પ્યાલો અને રક્તનો પ્યાલો તથા એક હાથ અભય વરદાનની મુદ્રા ધરાવે છે.

ચરોતરમાં તળપદા દેવીપૂજકોના મઢે મેલડી માતાનું દેરું હોય છે. આ માતાનો ભૂવો પણ અલગ હોય છે. તેઓ માતાજીના નૈવેધમાં પશુબલિ પણ આપે છે. ચરોતરમાં વલાસણ ગામમાં મેલડી માતાનું પ્રસિદ્‌ધ મંદિર આવેલું છે.

## વિહોદ / વિસતમાતા :






આદ્યશક્તિએ વીસ ભૂજાઓમાં વિવિધ આયુધો ધારણ કરીને સૃષ્ટિનું રક્ષણ કર્યું હતું. વીસ ભુજાઓ હોવાથી 'વિહોદ' કે 'વિસત' કહેવાયા. પોતે મહિષ (પાડા) પર સવારી કરે છે. જે આદ્યશક્તિનું જ એક સ્વરૂપ છે.

આ સમુદાયમાં પ્રચલિત લોકકથા પ્રમાણે ત્રંબાવતી નગરી ત્રિવેણીધામ ખાતે માતા વિહોતનો ડુંગર છે. સાયલાના સરોવરમાં સંતાયેલા અમરીયા દૈત્યને મારવા માટે માતા વિહોત સરોવરનું પાણી પી ગયા ત્યારે અમરીયો ત્યાંથી ભાગ્યો અને રાતડીયા રણમાં તેને ઘેરી ત્યાં તેનો વધ કર્યો. આવી કિવદન્તી આ સમાજમાં સંભળાય છે. શાસ્ત્રો કે પુરાણોમાં અમરિયા દૈત્યનો કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી. પણ આ કથા દેવીભાગવતમાં 'મહિપાસુરનો વધ' જગદંબાએ કર્યો હતો તેને મળતી આવે છે. ૨

રણની દેવી મોમાઈ દશામા :





રણમાં પ્રગટ થયા તે રણની દેવી, સાંઢણીની સવારી કરનાર માતા મોમાઈ ગુજરાતમાં દશામાં નામે પ્રચલિત છે. ટીકરના રણમાં પાકિસ્તાનની સરહદ પાસે આભલી મુકામે માતા મોમઈનું આદિ પ્રાગટ્ય સ્થાન છે. દુષ્કાળના વરસો ગુજરતી વાઘરીની નાતને માતાના આદેશ મુજબ ડાન્દલિયા થોરનું શાક બનાવાયું. જે બોકડાના માંસનો પ્રસાદ બની

ગયું અને આભલીના તળાવમાં વીરડો ગાળતા ખારા પાણીને બદલે મીઠા પાણીના ફૂવારા ફૂટ્યા. તેથી તેમનું નામ 'રણેચી' પડ્યું .[૨]

ચરોતરમાં શ્રાવણ માસના આવતા દિવાસોના દિવસે તળપદા દેવીપૂજક સ્ત્રીઓ દશામાંનું વ્રત કરે છે. દસ દિવસ અવધિ ધરાવતું આ વ્રત કરવાથી વાંઝીયાને દીકરો પ્રાપ્ત થાય ,ધન મિલકત મળે અને ગઈ સંપતિ પાછી મળે. તેવી આસ્થા સ્ત્રીઓ ધરાવે છે. કેટલાંક ગામમાં તળપદા દેવીપૂજકો પોતાના ઘરમાં દશામાનું મંદિર પણ બનાવે છે અને સવાર સાંજ આરતી ઉતારે છે.

<u>ઝોડ મહારાજ</u> :




કંસારી (બો.) ગામના ઝોડ મહારાજ

'ઝોડ'નો અર્થ 'વળગાડ' (GHOST) કરી શકાય. કિંતુ આ સમાજમાં 'ઝોડ' એ લોકદેવતા તરીકે પૂજાય છે. તેમનું કાલ્પનિક સ્વરૂપ અવધૂત જોગી જેવું - લાંબી દાઢી , જટાધારી , હાથે ચીપીયો ધારણ કરનાર , ભગવો વેશ ધારણ કરનાર બાવા જોગી જેવું છે. ચરોતરમાં જુદા જુદા ગામે 'ઝોડ' પણ જુદું જુદું હોય છે. જે તે કૂળનું , ગામનું , ઘરનું રક્ષણ કરે છે. બહારનું દેવ દેવારું આ ઝોડની મર્યાદા ઓળંગતું નથી. ખોટું કરનાર કૂળને તે મારે છે. એવું આ સમુદાય માને છે. આ સમાજમાં એક ઉક્તિ જાણીતી છે 'મારું ઝોડ ઝબાળ નહિ છોડે'. ઝગડો થાય ત્યારે આ સમુદાયની સ્ત્રીઓ આક્રોશ ઉત્પન્ન થતાં આ વાક્ય વારંવાર

બોલે છે. જુદાં જુદાં ગામે ઝોડ પણ જુદા જુદા જોવા મળે છે. સારોલ ગામમાં મહીનદીના કિનારે વડિયાકૂવાના ઝોડનું મંદિર આવેલું છે. વલાસણનું ઝોડ, નારનું ઝોડ, નાપિયાનું ઝોડ, કંસારીનું ઝોડ, રાવળિયાનું ઝોડ, સૂરતનું ઝોડ એમ વિવિધ નામે ઓળખાય છે.

## શિકોતર માતા :




શિકોતરનો ગોખલો


શિકોતર એ મૂળ તો ખારવાઓની દરિયાઈ દેવી સિંધોય છે. આ દેવી વહાણવટીઓને રક્ષનાર દેવી ગણાય છે.[૫] ચરોતરમાં આ સમુદાયમાં અકુદરતી મોતે મારનાર જો સ્ત્રી હોય તો 'શિકોતર' તરીકે બેસાડે છે. ભૂવો એની બધી વિધિ કરે છે. ઘરમાં ગોખલો કરી કૂળવધૂના શિકોતરના પ્રતિકરૂપે લાલ ચુંદડી, નાળિયેર , કંકણ વગેરે મૂકે છે. ચરોતરમાં ગામડે ગામડે તળપદા દેવીપૂજકોમાં 'શિકોતર' પણ જુદી જુદી હોય છે. જેમકે, ભેટાસીની શિકોતર , દહેવાણની શિકોતર વગેરે. ખાસ નૈવેધમાં આ લોકો શીરો, દૂધ, સુખડી વગેરે ધરાવે છે.

## પૂર્વજ :

અકુદરતી મોતથી મરેલા માનવીને સુરધન તરીકે ઘરમાં સ્થાપીને તેમની પૂજા કરવાનો રિવાજ સૌરાષ્ટ્રમાં જોવા મળે છે. તેમ ચરોતરમાં તળપદા દેવીપૂજકોમાં પિતૃદેવ તરીકે પૂર્વજો પૂજાય છે. પૂર્વજને માતાજીના ખોળે બેસાડવા માટેની ચોક્કસ વિધિ થાય છે. તેઓ પોતાના પૂર્વજનું નામ આપે છે. જેમકે, પૂંજીયો પૂર્વજ, ડાહ્યો પૂર્વજ, લાખો પૂર્વજ વગેરે. વાર-તહેવારે નૈવેદ આપે છે, બાધા રાખે છે. .

## મહીસાગર માતા :





મહી નદી

મહીસાગર નદીની મહાત્મ્ય કથા 'શ્રીસ્કન્દપુરાણ'માં આવે છે. તેમાં કહેવાયું છે કે ઈન્દ્રધુમ્ન રાજાએ આ પૃથ્વી પર એટલા બધા યજ્ઞો કર્યા કે યજ્ઞની ગરમીની પૃથ્વી તપી ગઈ. તેમાંથી બધા તીર્થોનો સાર રસસ્વરૂપે વહીને જે નદી બની તે મહી નદી. ઈન્દ્રધુમ્ને એટલા યજ્ઞો કરેલા કે તેથી ભૂમિ બે આગળ ઊંચી ઉપસી આવી. તે વખતે બળતા કાષ્ઠથી સંતપ્ત ગરમ થયેલી પૃથ્વીમાંથી જે જળનો પ્રવાહ બહાર સ્ત્રવી આવ્યો. ને બધા દેવોએ જેને પ્રણામ કર્યા તે મહી નદી બની ગઈ! વીસ હજાર છસો પચ્ચીસ પવિત્ર નદીઓનું સારભૂત મળે છે તે મહીસાગરમાં સ્નાન કરવાથી મળે છે. એમ સ્કંદ પુરાણમાં કહેવાયું છે. માલવક દેશમાંથી ઉત્પન્ન થઈ, દક્ષિણ સમુદ્રને મળનારી મહીના બંને કાંઠા પવિત્ર છે. મહીસાગરના અઢાર નામો જાણવા મળે છે - તામ્રા, રસ્યા, પયોવાહા ,પિતૃપ્રીતિપદા, શુભા

,શસ્યમાળા , મહાસીંધુ, દાત્રુદાત્રી, પૃથુસ્તુતા, ઈન્દ્રધુમ્નકન્યા, ક્ષીતીજન્મા, ઈરાવતી ,મહીપરણા, મહીશૃંગા, ગંગા,પશ્ચિમ વાહિની નદી તથા રાજનદી. આ બધા નામ મહારાજ પૃથુ એ કહેલા છે.૪

મહીમાં ન્હાવાથી પવિત્ર થવાય છે , એનું જળ પીવાથી જડ થવાય છે , એવી લોકોની માન્યતા છે. તે બાબતમાં નીચે પ્રમાણે દંતકથા પ્રચલિત છે:

ત્રેતાયુગમાં મહી નદી 'પાપનાશિની' કહેવાતી હતી. જે કોઈ તેના નીરમાં સ્નાન કરે કે તેનું પાન કરે ,તેના બધા પાપ ધોવાઈ જતાં. એ યુગમાં આ નદીને તટે ગાલવ અને મરિચી જેવા ઋષીઓ તપ કરતા હતા.તેમને બકાસુર નામનો રાક્ષસ રંજાડ્યા કરતો. ઋષિઓના યજ્ઞકુંડમાં હાડમાંસના ટુંકડા નાખી તેમને તે હેરાન કરતો અને તેમની ગાયોને મારી નાખતો.

ઋષિઓ રાક્ષસના આવાં કુકર્મોથી ચિડાઈને તેને શાપ આપતા.પરંતુ સંધ્યાકાળે તે રાક્ષસ પાપનાશિની મહીમાં સ્નાન કરતો, એટલે ઋષિઓના શાપની તેના ઉપર કંઈ અસર થતી નહિ. આનું કારણ શોધતાં ગાલવ ઋષિને ધ્યાનમાં સમજાયું કે પોતાના શાપની નિષ્ફળતા મહી નદીની પાવનકારી અસરને લીધે હતી. આથી ક્રોધે ભરાઈનેએ ઋષીએ મહીને શાપ આપ્યો કે ' તારો આ પ્રભાવ ઓગળી જશે.' માહીએ એ શાપના નિવારણ માટે ઋષિની સ્થાપના કરી, તેથી ઋષિએ કહ્યું કે ,' તારા જળમાં ન્હાવાથી માનવી નિર્મળ બનશે , તે જળ પીવાથી તે જડ થશે.' એ પછી બકાસુર રાક્ષસ જડ બનવા લાગ્યો અને આખરે ગાલવ ઋષિના શાપથી નાશ પામ્યો.

એક દંતકથા કહે છે કે ઉજ્જયિની નગરીમાં ઈન્દ્રદ્યુમ્ન રાજા રાજ્ય કરતો હતો . એ રાજાના શરીરના પરસેવાનાં જે બિંદુ ટપકવા લાગ્યાં તેમાંથી મહીનું શરીર ઘડાયું. ઈન્દ્રદ્યુમ્નની એ પરસેવાની પુત્રી સ્વેદજકન્યાની માતા પૃથ્વી થઇ અને એ પૃથ્વી એ જ આ નદીને પોતાનું મહી નામ આપી દીધું.

બીજી દંતકથા એવી છે કે એક ગુર્જરી યૌવના (રબારણ) જયારે જયારે દહીં વલોવતી ત્યારે ત્યારે એનો પ્રેમી એની પાસે આવતો. યુવતી એણે ઘણુંય વારતી , તોય એ આવતો. છેવટે એણે આવતો જોઇને એક દિવસ એ કન્યા મહીની (દહીંની) ગોળીમાં કૂદી પડી. એનું તરત જ પાણી થઇ ગયું. ગોળી ફૂટી ગઈ અને પછી એમાંથી સતત પાણી વહ્યાં કર્યું. એ રીતે ગોળીના દહીં-મહીમાંથી જે નદી ઉત્પન્ન થઇ તે મહી નદી.


'ચરોતર સર્વસંગ્રહ' પાન.નં.૮૫૭ પર જણાવ્યા મુજબ ચરોતરની આ ભૂસપાટી ગોરાટ માટીની છે તે તો જાણીતી વાત છે. ગુજરાતના ભૂપૃષ્ઠ ઉપર આ ગોરાટ માટીનો વિસ્તાર મધ્ય ગુજરાતથી છેક ઉ.ગુજરાત સુધી થયેલો છે. આ માટીના પડ તળે દરિયાઈ કાદવ વડે રચાયેલી મટોડીઓનાં પડો છે. કારણ કે અગાઉના વખતમાં એટલે કે માનવજાતિની હયાતી પૂર્વે મધ્ય ગુજરાત પર દરિયો ઘૂઘવતો હતો. આ પ્રદેશની ઉત્તરે આગ્નેય ખડકો વડે રચાયેલો અરવલ્લી ઊભો છે, જે હિંદનો સૌથી જૂનો પર્વત ગણાય છે. આ પર્વતો પર પડતી ધોધમાર વૃષ્ટિનું અથાગ જળ પર્વત ખડકોને કાપતું અનેક અનેક નદીઓ રૂપે ઉપર્યુક્ત સાગરમાં પડ્યા કરતું અને આ જળ સાથે પર્વત ખડકનો કાદવ સાગરને તળિયે ઠલવતા તેના પુરાણથી તેની સપાટી થતી જતી હતી. યુગો સુધી આ ક્રિયા ચાલી અને નદીઓ વડે સાગર તળિયે ઠલવાતા પથ્થરો, કાંકરાઓ , રેતી અને માટીનું પડ દરિયાની સપાટીની ઉપર આવ્યું અને આમ દરિયો ધીમે ધીમે દક્ષિણ તરફ ખસતો ગયો અને તેનું

સ્થાન જમીન લેતી ગઈ. નદીઓ વડે થયેલું દરિયાનું આ પુરાણ હજુ પણ ચરોતરમાં જોઈ શકાય છે. હાલ તારાપુર દરિયાથી ૧૫ માઈલ ઉત્તરે છે. પણ પુરાણોમાં જણાવ્યાં પ્રમાણે પ્રાચીનકાળમાં મહીનદી તારકપુર (તારાપુરનું જૂનું નામ) આગળ સમુદ્રને મળતી હતી. આ પછી મહી તથા બીજી નદીઓએ જેમ જેમ પુરાણકાર્ય આગળ ધપાવ્યું તેમ તેમ તારકપુર આંતર્પ્રદેશમાં હડસેલાતું ગયું. પચ્ચી નગરક(હાલનું 'નગરા')આગળ મહી અને સાગરનો સંગમ થયો. થોડાંક સૈકા પછી નગરક પણ અંદરના ભાગમાં ગયું અને દસમાં સૈકામાં લગભગ ખંભાત દરિયા કાંઠે વસ્યું. આ પ્રમાણે ચરોતરનું કલેવર દરિયાની દિશામાં ધીમે ધીમે વધતું આવ્યું છે. ચરોતર આ રીતે વસ્તુત: મહી નદીનું સર્જન છે. મહી નદી ચરોતર પ્રદેશની જનેતા છે, પણ તેની સાથે સાથે તે તેની પોષણકર્તા પણ છે.

ચરોતર તળપદા દે.પૂ. મહીસાગર નદીને લોકમાતા તરીકે પૂજે છે. ઉપરાંત મહીકાંઠે વસનાર દેવીપૂજકો 'મહી'ના સમ ખાવા એને અંતિમ નિર્ણય માંને છે. ગુનો કર્યો હોય તે મહીના ખોટા સમ ખાતા નથી. ગુનો કબૂલ કરવા માટે મહીસાગર પીવી ચરોતરના તળપદા દેવીપુજકોમાં સામાન્ય રિવાજ છે. તેથી સરકારી કોર્ટ કચેરીમાં પણ મહીનું પાણી રાખવામાં આવે છે! આ લોકો માતાજીના મઢમાં મહીના પવિત્ર જળનો બોટલ રાખે છે અને પવિત્ર પ્રસંગે વાર-તેહેવારે કે બાધાના પ્રસંગે તે છાંટીને જગ્યાને પવિત્ર કરે છે. આ સમુદાયમાં બીજો એક રિવાજ છે કે - જે તળપદા દે.પૂ.સ્ત્રી-પુરુષ તેમનાથી નિમ્ન વર્ણ (જાતિ)નું ભોજન જમે કે શારીરિક સંબંધ બાંધે તો તેને મહીસાગર નદીમાં જઈને સ્નાન કરવું પડે છે. ત્યાર પછી જ તે માતાજીના મઢ ઉપર જઈ શકે છે. જેને તેઓ 'હોરવાટ થવો' કહે છે.

તળપદા દેવીપૂજકો ઉપરાંત રબારી, બારૈયા , ઠાકોર વગેરે જ્ઞાતિઓ આ માતાજીને પૂજે છે અને બાધા-આખડી રાખે છે.

## લીલાગર માતા :



લીલાગરમાતાનું મંદિર, મોભા


ચારસો ચરોતરમાં રમતી ને પાંચસો ભાલમાં ભમતી દેવી એટલે મા લીલાગર. જાગરિયાની લોકકથાઓમાં જણાય છે કે દુષ્કાળ સમયે અમરેલી પંથકમાંથી વેડુવાઘરી કાકા નાગજી પોતાના બાર ભત્રીજા અને પોતાની પત્ની સહિત મોભાના માળમાં આવીને વસ્યા હતા. ત્યાં ભત્રીજાઓ ભેળા રહેતા હતા. નાગજીને કોઈ વસ્તાર (વસ્તી) નહોતો. એકવાર બારેય ભત્રીજાઓ કાકા નાગજીને દગો કરીને-તરછોડીને પોતાના વતન અમરેલી તરફ ચાલી નીકળ્યા. આથી કાકા નાગજીને ઓછુ આવી જાય છે. કોઈ આધાર રહ્યો નહિ. તેથી પોતાની કૂળદેવીને પોકારવા લાગ્યા. અંતરનો નાદ સાંભળીને માતાજીએ દર્શન આપ્યા તથા વરદાનમાં તેની પત્નીને રાજમલ અને તેજમલ નામે બે દેવરૂપ જેવા કુંવરો આપી તેમનું વાંઝીયામેણું ભાગ્યું. મોભા ગામમાં પટેલને ત્યાં સૂકા મોભ ઉપર લીલી કૂંપળો ફૂટાળીને પરચો આપ્યો. તેથી લીલાગર કહેવાયા. મોભા ગામમાં માતાનું મોટું મંદિર છે. ચરોતર, ભાલ, વાકરમાં વસતા તળપદા દેવીપૂજકોમાં લીલાગર માતા એ સર્વોપરી દેવી છે.

તળપદા દે.પૂ. આ દેવીમાં ખૂબ જ આસ્થા ધરાવે છે. બાધા-આખડી રાખે છે, નિવેધ આપે છે.

<u>વ્હાલડોશી / નાથીડોશી માતા :</u>

બાળક જન્મ્યા પછી સવા મહીને આ સમુદાયના લોકો 'વ્હાલડોસી ' કે 'નાથીડોશી માતા' ની બાધા પૂર્ણ કરે છે. જેમાં તે ચોખ્ખા ઘીની સુખડીનું નિવેધ બનાવે છે. છીંકણી મુકે છે. દેવીપૂજક માંને છે કે આ બાધા ના થઈ હોય અથવા-સંજોગોવસાત ભૂલી ગયા હોય તો બાળક ખૂબ જ રડે છે. જો બાધા પૂર્ણ કરવામાં આવે તો બાળક ચૂપ થઈ જાય છે.

<u>આઈશ્રી ખોડીયાર :</u>



પાળીયાદ નજીક આવેલ 'રોહી શાળા' ગામમાં મામડીયા ચારણ અને દેવળબાઈને ત્યાં સાત પુત્રીઓ અને એક પુત્ર મેરખેડીયો નામે દેવતાઈ અવતારો થયા હતા. સાત દીકરીઓમાં આવળ,જોગળ,તોગળ,હોલબાઈ ,બીજબાઈ ,કામબાઈ , (જાનબાઈ )

અને સાંચાઈ હતા. આ સાતેય બહેનોના સૌથી નાનાબેન -આવળ આગળ જતાં ખોડિયાર તરીકે ઓળખાયા. વલ્લભીપુરના રાજા શીલભદ્રને પરચો આપ્યો , મેરાખીયાને સજીવન કર્યો, વિરદાન ગઢવીને પાડાનો પરચો , ભરવાણા ગામના ભીમજી ભરવાડને , રવશી રબારીને વગેરેને પરચાઓ આપ્યા. મામળદેવ -દેવલબાઈ દેવલોક થતા સાતેય બેનો વિહાર કરવા નીકળ્યાં. ગોહીલવાડમાંથી હાલારમાં -ભારલા - અમરેલી જીલ્લાના ધારીમાં ગળધરા પાસે વસ્યા. સોરઠના રાજા રા'ડીયાસને 'રા'નવગણ' નામે પૂત્ર આપ્યો . ત્યાં કુળદેવી થઈને પૂંજાયાં. માટેલધરામાં ભલા ભરવાડને પરચો આપ્યો. શિહોરના ઠાકોરને પરચો આપી શિહોરના ડુંગરે થાપા મારી બેસણું લીધું . ધુધડીનાથના ધૂણાને અને ધાંધલપુર ધુણાવ્યું. વરજાંગ કાઠીના દીકરાઓને સજીવન કર્યા. ૧૭૭૨માં ભાવનગરના રાજવીને પરચો આપીને રાજપરા ગામે બેસણાં કર્યાં. આમ, અનેક પરચાઓ પૂરીને દુઃખિયાનાં દુઃખ દૂર કર્યાં.[૨]

ચરોતરમાં આ સમુદાયમાં પ્રત્યેક માતાજીના મઢે આ માતાજીનું સ્થાનક હોય છે. તેઓ આ માતાને સુખડીનું નૈવેદ આપે છે. ખોડિયારને તેઓ 'તોતરમાતા' પણ કહે છે. આ દેવીને 'ચોખ્ખી દેવી' તરીકે તેઓ પૂજે છે અને ખૂબ જ આસ્થા રાખે છે.

<u>અહપાલ મહારાજ :</u>






અલ્પાલ મહારાજનો વેશ

'આલ્પાલ' , 'વાસંગી' , 'નાગાવતાર' , 'શેષાવતાર' વગેરે નામોથી જાણીતા લોકદેવતા 'અહપાર' ચરોતર ,ભાલ-સૌરાષ્ટ્ર વગેરે પ્રાંતોમાં વસતા દેવીપૂજકોમાં પૂજાય છે. તેમના જીવન વિશે આધારભૂત માહિતી મળતી નથી. કિંતુ જાગરિયાની જીભે કહેવાતી લોકકથાઓમાં જણાય છે કે તેઓ ગઢવાસન નગરીના રાજવી હતા. અને રાજા વેંજપાલના વંશજ હતા. તે ધોળી ભાલનો ભાણેજ મનાય છે. આમ, લોકકથાઓમાં એમની વીરતા અને પરચાઓના દર્શન થાય છે.

ચરોતરના તળપદા દેવીપૂજકો માતાજીના માંડવા વખતે 'અહપાલ મહારાજના ઘોડા'નો વેશ કાઢે છે. જેમાં અલ્પાલ મહારાજનો ભૂવો વેશ ધારણ કરે છે. માથામાં નાળિયેર ફોડે છે. પ્રજાના જે પ્રશ્નો હોય તેનું નિરાકરણ કરે છે. લોકકથાઓમાં તેઓ ગઢ ધૂડેલમાં ગળાયા (નિર્વાણ પામ્યા) એવું કહેવાયું છે.

## ધારની ચાર માતાજીઓ / ચાર જોગણીઓ :



ચાર માતાજીનું ચિત્ર

ચરોતરમાં ચાર માતાજીની લોકકથા આ સમુદાયમાં ખૂબ જ પ્રસિદ્ધ છે. હરણા, પશુ , શકત , અને રુપાવેલ એમ ચાર માતાજીઓના નામ છે. તેમની ઉત્પત્તિ વિશે ઘણી દંતકથાઓ સંભાળવા મળે છે. એક કથા પ્રમાણે નિરંજન નિરાકારે સોળ કમળનો એક ભારો રચીને આદ્યશક્તિની કસોટી કરવા માટે કહ્યું - કે આ ભારાને છૂટો પાડી બતાઓ અને


એનું ખરું રહસ્ય સમજાવો. ખૂબ જ પ્રયત્ન પછી આદ્યશક્તિની આંખોમાંથી આંસુઓના ચાર ટીંપા પડે છે. એમાંથી ચાર બાળકીઓ બને છે. આ ચાર બાળકીઓ સોળ કમળનો ભેદ ઉકેલી નિરંજન-નિરાકારને ખૂશ કરે છે. ત્યારબાદ જળકોશી ,અન્નકોશી ,પવનકોશી, અને અગ્નિકોશી નામના રેવંતો લઈને મૃત્યુલોકમાં વિહાર માટે નીકળે છે. મૃત્યુલોકમાં આવીને ઘણા પરચાઓ આપી જુદાં જુદાં સ્વરૂપે પૂજાય છે.

આ સમુદાયમાં 'ચારમાતાજી'ને નૈવેદ આપે છે. આ માતાજીઓનો ભૂવો અલગ હોય છે. સાવલી ગોઠડાનું નવસો નવ્વાણું વીઘાનું ભમ્મરઘોડાનું તળાવ ચાર માતાજીઓ દ્વારા નિર્માણ પામ્યું હતું. તેવી લોકકથા જાણવા મળે છે. તો બીજી બાજુ આ ચાર માતાજીને ધારની માત્તાજીઓ પણ કહેવામાં આવે છે. આ ચાર દેવીઓના રથને હાંકનારને 'રથખેડૂત' તરીકે તળપદા દેવીપૂજકો પૂજે છે. ચાર માતાજીઓ હેમલ,સેમલ,હિમલ અને ખીમલ તરીકે અથવા 'ધારની હિમાલો' તરીકે પણ લોકસમુદાયમાં પૂજાય છે. રાજસ્થાનમાં અગ્નીવંશી સોલંકી વંશના ક્ષત્રિયો આ ચારમાતાજીઓને 'ક્ષેમજ' ,'ખીમજ', 'ખમકાય' અને 'સેમોય' નામે પૂજે છે.

**ધારના જેલદે પરમાર / જેલ ઠાકોર :**

પ્રથમ વડા પરમાર , પૃથ્વી પરમારા તણી ;

એક ઉજ્જેણી ધાર , બીજું આબુગઢ બેસણું.



ધારનો કિલ્લો



તળપદા દેવીપૂજકોની લોકકથાઓમાં ધારના ઠાકોર મહારાજના જીવન વિશે ઘણી કહાણીઓ જાણવા મળે છે. ઉજ્જૈન પાસેના ધારનગરીના રાજા કહેવાય છે. જાગરિયાની લોકવાર્તાઓમાં 'વરણ' નામના રાજાના પુત્ર તરીકે ઓળખાય છે. તો બીજી બાજુ ધારની માતાઓએ સવા ટાંકના પથ્થરના પરખમાં ધર્માત્મા મૂકીને ધારનું રક્ષણ કરવા માટે 'જેલઠાકોર'ને ઉત્પન્ન કર્યા. તેવી કિવદંતીઓ પ્રચલિત છે. આ લોકોમાં તે 'સવા ટાંકના પરમાર' તરીકે પણ ઓળખાય છે. મૂળ તેઓ ભોજરાજાના વંશજ હશે એવું અનુમાન છે. જેલદે પરમારે લોખંડના સ્તંભને ખાંડા વડે એક જ ઝાટકે વાઢ્યા હતા, સવાસો ગોવળીયાઓને આંબલીના ઝાડ પરથી થડ હલાવીને નીચે ખંખેરી નાખ્યા હતા. એવા પરચાઓ આ સમાજમાં સંભાળવા મળે છે. માતાજીના માંડવા વખતે પ્રથમ દિવસે તેઓની પૂજા કરવાની પ્રથા ચરોતરના તળપદા દે.પૂ. સમુદાયમાં છે. તે ચારેય માતાજીનો વીર-ભાઈ કહેવાય છે. તેઓના સાત અવતારની લોકકથા આ સમાજમાં જાગરિયા ગાય છે. ઉજ્જૈન પાસે માંડવગઢ(માંડું)માં મુસ્લિમો તેમને 'બંધીછોડ દાતાર' તરીકે કબરના રૂપે પૂજે છે.




<u>શિરોહીના દેવ મહારાજ :</u>



મોટાભાગે ખેડા જિલ્લામાં વસતા તળપદા દે.પૂ.માં આ લોકદેવતા પૂજાય છે. આ દેવની ઘણી લોકવાર્તાઓ મળે છે. એમની લોકકથામાં કહેવાય છે કે વર્ષો પહેલાં દિલ્લીમાં એક બાદશાહ રાજ કરતો હતો. તે અફિણનો ભારે શોખીન હતો. તે દરરોજ સભા ભરી ને મદિરા પીતો. તે ખૂબ અભિમાની અને અંહકારી હતો. તે દરરોજ તેની રાણીને દરબારગઢમાં ઊભી રાખીને હાથમાં તીર કામઠું લઈ રાણીના જમણા કાને પહેરેલી

બુટ્ટીને તીર વડે વીંધતો. અને કહેતો કે , " બોલો મારી બેગમ , છે મારો જેવો કોઈ મોટો આ દુનિયામાં ?"

એકવાર બેગમે આ બિના પોતાની માતાને જણાવી. માતાએ તેની ચિંતાતુર દીકરીને કહ્યું કે તારા બાદશાહને કે જે કે આ ધરતી પર શેરની માથે સવાશેર હોય છે. જ્યારે પેલો બાદશાહ આ વાત જાણે છે ત્યારે તે ખૂબ જ અકળાય છે. તેનો અમલ ઊતરી જાય છે. રાતો રાત તે કેટલાંક માણસો બોલાછે અને સવા સો બળદગાડાં તૈયાર કરે છે. અને કહે છે કે તમને આ પૃથ્વી પર જ્યાં ઈચ્છા થાય ત્યાં ફરજો.મન ફાવે તેટલું ધન ઉઘરાવજો. પણ કોઈ જગ્યાએ રોકાવવાનું નહિ. અને જે કોઈ રોકે તેની જોડે યુદ્ધ કરવાનું.

ફરતાં ફરતાં પેલા બળદગાડાં રાજસ્થાનની ધરતી પર આવેલા ગઢ સિરોહીમાં પહોંચ્યાં. તે વખતે આ ગઢસિરોહીમાં જાણ , ભાણ અને અરજણ નામના ત્રણ રજપૂત રાજાઓ રાજ કરતા હતા. તેઓ સગાં ભાઈઓ હતા. તેઓ મહાદેવના પરમ ભક્ત હતા. તેમના રાજમાં તે સદાવ્રત ચલાવતા. રસ્તે આવતા ગરીબ , ભૂખ્યાં કે વટેમાર્ગુ કોઈપણ માણસને જમ્યા વગર જવા દેતા નહિ. આવો તેમનો ધર્મ હતો. હવે પેલા સવા સો બળદગાડાં આ ગામમાં આવ્યાં એટલે રાજાના માણસોએ તેઓને રોકયા અને જમવા માટે વિનંતી કરવા લાગ્યા. પરંતુ પેલા બાદશાહના માણસો તો ખૂબ અભિમાની અને અવ્યવહારુ હતા. તેથી તેમનું અપમાન કર્યું. આ વાત પહોંચી જાણ , ભાણ અને અરજણ પાસે. એમને થયું કે મારા સદાવ્રતનો ધર્મ તોડનાર આ લોકો કોણ છે ? પોતાની રૈયતને ફરમાન કર્યું કે ગાંડા લૂંટી લો અને માણસોને મારી-ભગાડી મૂકો. શિરોહીગઢની પ્રજા તો રાજાની પરવાનગી મળતાં જ તૂટી પડી. બળદગાડાં લઈને આવેલા પેલા અભિમાની માણસોમાંથી કેટલાંક બચી ગયા. એમણે જઈને દિલ્લીના બાદશાહને જાણ કરી. આ જાણીને બાદશાહ તો ગુસ્સાથી લાલઘૂમ થઈ ગયો. પછી એણે એક જ્યોતિષીને બોલાવીને એક કાવતરું ઘડી કાઢ્યું.

પેલો જ્યોતિષ તો પહોંચ્યો ગઢ સિરોહી અને ત્યાં જઈને જાણ , ભાણ અને અરજણનું ભવિષ્ય ભાંખીને કહ્યું કે આવતી ફાગણ સુદ અગિયારસે તમારે આ રાજમાંથી દૂર

શિકાર માટે જવું પડશે નહિતર તમારા પ્રજાજનો ઉપર મોટી આપત્તિ આવશે. ધર્મપ્રિય ન્યાયપ્રિય રાજાઓએ આ વચન માથે ચઢાવ્યું.

આ બાજુ દિલ્લીના બાદશાહે સિરોહી પર હૂમલો કરવાની પહેલેથી જ યોજના ઘઢી કાઢી હતી. ફાગણ સુદ અગિયારસે જાણ , ભાણ અને અરજણ ત્રણેય શિકારની વાટે નીકળે છે. પોતાના રાજ્યના સીમાડા ઓળંગીને દૂર જંગલમાં શિકાર માટે પહોંચી જાય છે. તે વખતે મોકો મળતા દિલ્લીનો બાદશાહ સિરોહી પર ત્રાટકે છે. આ બાજુ જંગલમાં શિકાર માટે ગયેલા રાજાઓને ક્યાંય પાણી ન મળવાથી ત્યાં તેમની ધર્મની માનેલ બહેનને ત્યાં રોકાય છે. અહીં એક મૈનાપક્ષી દ્વારા આ સંદેશો મળે છે કે દિલ્લીના રાજાએ અડધું સિંહોર લૂંટી લીધું છે. આ સાંભળીને રજપૂત લોહિ ઊકળી ઉઠે છે અને તત્કાળ ઘોડા દોડાવીને સિરોહી પહોંચે છે. ત્યાં બાદશાહનું બહોળું લશ્કર જોઇને પોતાના આરાધ્ય અમરાપુરીના દેવ મહાદેવને પોકારે છે. અમરાપુરીના દેવ વારે ચઢે છે. બાદશાહના લશ્કરને ઘમરોળીને ગઢસિરોહીને બચાવી લે છે.જાણ , ભાણ અને અરજણ રાજા ઘણાં વર્ષો સુધી ત્યાં રાજ કરે છે. આ દેવ પુરુષો તળપદા દે.પૂ.સમુદાયમાં લોકદેવો તરીકે પૂજાય છે.


**<u>ભેંસાસુર દેવ મહારાજ :</u>**

ભેંસાસુર દેવની વાત 'શિવપુરાણ' અને 'માર્કંડેય પુરાણ' તથા 'દેવી ભગવદ્ પુરાણ'માં આવતી મહિષાસુરની કથાને મળતી આવે છે. આ સમુદાયમાં ભેંસાસુર દેવ વિશે કહેવાય છે કે ભગવાન શંકર અને પાર્વતી માતાએ પોતાના રહેઠાણ કૈલાશ પર્વત પર પાડોલિયો નામનો એક દૈત્ય પાળ્યો હતો. આ પાડોલિયાને પોતાનો ગણ પોઠીયા (નંદી)પાસે મૂકીને તેઓ તપ કરવા માટે જતા રહે છે. વર્ષો સુધી પેલો પાડોલિયો શંકર-પાર્વતીની રાહ જોઈ રહ્યો હોય છે. પોઠિયા પાસે રહેલી ત્રણ મહાશક્તિઓ જેમાં આગિયો બેતાળ , ભસ્મ કંકણ વગેરે હોય છે. તે પાડોલિયો પોતાની પાસે રાખી લે છે. વર્ષો પછી શંકર-પાર્વતી જ્યારે કૈલાસ પર પાછાં આવે છે ત્યારે દૈત્ય સ્વરૂપે રહેલો પાડોલિયો શંકર પાર્વતીજીને એક મઢીમાં પૂરી દે છે. શંકર ભગવાન આ પાડોલિયા સાથે યુદ્ધ કરવા માટે સંકોચાય છે એટલે પોતે સતના આધારે ભેંસાસુર દેવને પ્રગટ કરે છે.આ ભેંસાસુર દેવ પેલા

પાડોલિયા સાથે બાથ ભીડે છે. ચરોતરમાં વસતાં તળપદા દેવીપૂજકોમાં મોટા ભાગે ખેડા જિલ્લામાં વસતા સમુદાયોમાં આ દેવ પૂજાય છે. તેઓ આ દેવની માનતા – બાધા રાખે છે અને નૈવેધ ધરાવે છે.

## શ્રી બળિયાદેવ મહારાજ / મોટા મહારાજ :

મહાભારતમાં ઘટોત્કચના પુત્ર 'બર્બરિક' લોકવર્ગમાં 'બળિયા દેવ' , 'મોટા મહારાજ' તરીકે ઓળખાય છે. પ્રત્યેક ગામમાં તેમનું નાનું મોટું દેરું હોય છે. સામાન્ય રીતે દેવ-દેવીઓની ખંડિત મૂર્તિઓ પૂજાતી નથી. જ્યારે બળિયાદેવનું પથ્થરમાંથી ઘડેલું મુછાળું માથું પૂજાય છે.



બળિયા દેવ મંદિર , પોર

આ સમુદાયમાં પોતાના છોકરા-છૈયા કે ઢોર-ઢાકરનું રક્ષણ મેળવવા અથવા શીતળા ઓરી કે અછબળા પધારે ત્યારે આ દેવની બાધા - માનતા રાખે છે અને પૂરી આસ્થાથી કહે છે કે 'મહારાજ પધાર્યા ' છે. જો શરીરે ખૂબ ચડ આવે તો કુવેચની સીંગોની બાધા રાખે છે. દર્દીને ખૂબ જ ઉધરસ થાય તો બાજરીની કુલેર ચડાવાની માનતા રાખે છે. શરીરે ગાંઠો નીકળે તો સિમળાની ગાંઠો, ગોળની ગાંગડીયો , બીલું વગેરે ચડાવે છે. શરીરે કૃશ થઇ જાય ,વજન ઘટી જાય ત્યારે એના-ભારોભાર સાંકર ,ખાંડ ,ગોળ ,મીઠું ,કંકુ વગેરેથી

તુલા કરાવે છે. બાળક રમતું થઈ જાય તેથી રમતું નાળિયેર મૂકે છે. જે ઘરે બળિયાદેવની બાધા રાખેલ હોય તેઓ અશુભ પ્રસંગોએ મૃત્યુ કે બેસણા ટાણે જતાં નથી. બાધા પૂર્ણ થયા પછી જ તેવા પ્રસંગોએ જાય છે.

નાની બાધા હોય તો ગામના મંદિરે જાય છે. જ્યારે મોટી બાધા હોય તો 'પોર' મહારાજે જાય છે. જે વડોદરાથી દક્ષિણમાં ૨૦ કિ.મી. દૂર આવેલું છે.

## વીર ભાથીજી મહારાજ / ખત્રી મહારાજ / નાગદાદા :



નાગદાદા ગુજરાતભરમાં જુદા-જુદા સ્વરૂપે પૂજાય છે. ખેડા-આણંદ જીલ્લામાં ખાસ 'ભાથીજી મહારાજ' અથવા 'ખત્રી મહારાજ ' તરીકે પૂજાય છે. જયમલ રાઠોડના વંશમાં કપડવંજ પાસેના ફાગવેલ પરગણામાં ગિરાસદાર રાઠોડ તખતસંગ થયા. તેઓનો વિવાહ ચીખલોડના ગિરાસદાર રાજવીની દીકરી અક્કલબા સાથે થયો હતો . તખતસિંહ અને અક્લબાના ચાર સંતાનો-સોનબા ,બીનજીબા , હાથીજી અને ભાથીજી. ભાથીજીનો જન્મ વિ. સં. ૧૬૦૦ ( ઈ.સ.૧૫૪૪ )ના કારતક સુદ એકમના દિવસે થયેલો. સવા માસના થયા ત્યારે તેમના કપાળના મધ્ય ભાગમાં નાગની ફેણનું ચિન્હ ઉપસી આવ્યું

હતું. તે સમયથી જ લોકોને તેમને દૈવાંસી માનતા. ભાથીજી ગૌસેવા ,નાગસેવા ને ગરીબોની સેવા કરતા. તેમના આખ્યાનો , કથાઓ, ભજનોમાં ગવાયા મુજબ તેઓ દુધાતલના ગિરાસદાર ભૂપતસંગના દીકરી કંકુબા સાથે લાગ્નવેદીમાં ફેરા ફરી રહ્યા હતા ત્યારે ગાયોનો ધણ હાંકી જવાની રાડ પડી અને તે દોડી ગયા. ગાયોને બચાવવા તે શહીદ થયા. એમની સાથે કંકુબા પણ પંચતત્વમાં વિલીન થયા. જનશ્રુતી મુજબ જયારે ભાથીજીને અગ્નિદાહ દેવાયો ત્યારે ભાથીજીએ હાથીજીના અંગમાં પ્રવેશ કર્યો અને કહ્યું કે નાગ કરડે તો મારી બાધા રાખે અને મને યાદ કરે. ત્યારથી ફાગવેલ ભાથીજીનું સ્થાનક બન્યું .૬

તળપદા દે.પૂ બેસતાવર્ષના દિવસે મહારાજનું રાવણું કરે છે. જો ઘરમાં નાગ નીકળે તો તેને મારતા નથી કિંતુ જીવીત છોડી દે છે. જો બાળક બહું રડતું હોય તો ખત્રીમહારાજનું નામ લઈને ભસ્મનો ચાંલ્લો કરે જેથી તે બાળક રડતું બંધ થઈ જાય. કોઈ કારણસર હાથ પગ કે કોઈ અંગ ફૂલી જાય અથવા બળતરા થાય તો નાગદેવતા - ભાથીજીની માનતા રાખે છે. પગપાળા ફાગવેલ જાય છે .

## રંગાજી - સંગાજી મહારાજ :





રંગાજી-સંગાજી મહારાજ

લોકકથા પ્રમાણે મૂળીના પરમારવંશી રાજવી હાજાજીના પતન બાદ રંગાજી-સંગાજી અને બહેન સોનલદે પોતાની માતા ફૂલદે સાથે ધોળકા-બદરખામાં મામાને ત્યાં આવીને વસે છે. ત્યાં રંગાજી - સંગાજીને દેવીપૂજક કન્યાઓ સાથે પ્રેમ થાય છે - સંબંધ બંધાય છે. મામા અને માતાજીને આ વાત કાને પડતા ઘરમાં ખટપટ શરૂ થાય છે.

એકવાર દેવીપૂજકોના મહોલ્લે માતાજીનો માંડવો થતો હોઈ બંને બંધુઓ તે જોવા માટે માતાજીના મઢે આવે છે. ત્યાં રત્નો કાવેઠીયો નામનો સમાજનો આગેવાન પણ આમંત્રિત હોય છે. રૂપરૂપના અંબાર સરીખા આ ગરાસિયા કુંવરોની કસોટી કરવા માટે નાત પ્રસ્તાવ મૂકે છે અને તેઓનું પરાક્રમ બનાવતા માટે વચન માંગે છે કે મુગલવંશી બાદશાહના મહેલમાં સોનાનો હુક્કો અને રૂપાની દીવી પડ્યા છે તે અહીં માતાજીના મઢે લાવવા માટે ઉશ્કેરે છે.

વચન પાળવા માટે બંધુ-બેલડી રાતના બારના ગજરે બાદશાહના મહેલમાં પગીઓને પછાડીને સોને જડેલ હુક્કો અને રૂપાની દીવી ચોરીને માતાજીના મઢે લાવે છે. દીવી પ્રગટાવે છે ને નાતમાં હુક્કો ફેરવાય છે. મોસુજણું થતા જ બાદશાહ સૈનિકોની ટુકડી રંગાજી -સંગાજીને પકડવા રવાના કરે છે. પણ રંગાજી-સંગાજી સામે તે બધા ધૂળ ચાટતા થઈ જાય છે. બીજીવાર એટલા જ સૈનિકો બાદશાહ મોકલે છે. એક બાજુ દૈવીશકિત અને બીજીબાજુ મુગલશકિત. આખરે દૈવીશકિતનો વિજય થાય છે. છેવટે બાદશાહ પોતે પોતાનું દરિયા જેવડું દળકટક લઈને યુધ્ધે ચઢે છે. પણ બંધુ- બેલડી એવો જંગ ખેડે છે કે જોતજોતામાં દળકટક અડધું થઈ જાય છે! મુંજાયેલો બાદશાહ મુલ્લા - ફકીરોની સલાહ લઈને દૈવીશક્તિ ઉપર અછૂતનો પડછાયો પાડવાનું ફરમાન આપે છે. જેથી તે શકિત પાછી પડે છે. રંગાજી-સંગાજીને આ કાવતરા અંગે જાણ થઈ જાય છે. તેથી બંને

શુરવીરો પોતે જ પોતાના હાથે પોતાના મસ્તકો ઉતારી દે છે. માથાં વઢાયા છે છતાય ધડ ઘોડા ઉપરથી નીચે પડતા નથી અને બાદશાહના સૈન્યમાં હાહાકાર મચાવી દે છે. આખરે માતાજીના કાનોકાન સંકેતથી તે ભાત ગામના તળાવ કિનારે ફૂલોનો ઢગલો થઇ જાય છે. આજેય ત્યાં ખાંભી ઊભી છે.

કહેવાય છે કે રંગાજી નિર્વંશ હતા પણ સંગાજી પરમારના વંશજો જે પાછળથી મૂળી ગામે દેવીપૂજક સ્ત્રીને પેટે જન્મ્યા હતા. તે સ્ત્રી પાછળથી ઘૂડેલ ગામમાં સ્થિર થઈ. આથી આ વંશજો 'ઘૂડેલા' કે 'ઘૂડેલીયા' વાઘરી કહેવાયા. જ્યાં જ્યાં ઘૂડેલા વસે છે ત્યાં ત્યાં રંગા -સંગાદાદા પૂજાય છે. તેઓના પાટવી ગામોમાં મૂળી, ઘૂડેલ,વિશ્નોલી અને વટાવ છે. રંગા-સંગાજીને મીઠું નૈવેદ થાય છે.

આ સમુદાયમાં આ દેવ દેવીઓ સિવાય અન્ય લોકદેવ-દેવીઓ જેવા કે , પંચોપાની માતાજીઓ , કાસોરના ખત્રીમહારાજ , ધરતી માતા , ભેંસાસુર મહારાજ , લીંબાસીયા કોમની ઝાંપડી, જંત્રાલની ઝાંપડી , ગામ ચોરાની માતાઓ ,પંચાસરની માતાઓ , માટલીવાળા મહારાજ, જોગણીઓ , રાજમલ-તેજમલ પૂર્વજો , કાંકરિયા કોઠાની માતા , ૪૬ ચારણમાતાઓ , રથ ખેડૂત ,વહાણવટી માતા , ભરૂચના બંદરની માતા , રાજપીપળાની માતા , ડોહલી માતા , વાહદિયા મહારાજ , નાના-મોટા વીર , નારનું લખતર , ઠાસરાના દેવ વગેરે ખૂબ જ ભકિતભાવથી પૂજાય છે.

<u>સંદર્ભ ગ્રંથસુચિ :</u>

(૧) ગુજરાતની લોકકલા અને સંસ્કૃતિ -શ્રી જોરાવરસિંહ જાદવ

(૨) શ્રી દેવીપૂજક સમાજની વિવિધ શાખાઓના દેવ દેવીઓ અને પૂર્વજોની અમરગાથાઓ -શ્રી ઉમેશ સોલંકી (રાજકોટ)

(૩) બર્બરિક ગાથા - ગોવિંદભાઈ ,પોર

(૪) સ્તંભેશ્વર તીર્થ- સંપાદકો- શ્રીબિપીન ર.ત્રિવેદી , શ્રી જશવંત એમ.મોદી

(૫) ગુજરાતનું સંસ્કૃતિ દર્શન -શ્રી જોરાવરસિંહ જાદવ

(૬) વીરડો -તંત્રીશ્રી હરેન્દ્ર પ્ર.ભટ્ટ

(૭) ચરોતર સર્વસંગ્રહ - પુરુષોત્તમ છ.શાહ, ચંદ્રકાન્ત ફુ.શાહ

(૮) દેવીપૂજક સંદેશનો અંક -વર્ષ -૨૦૧૨ ,અંક -૫

(૯) શિરોહીના દેવની વાર્તા – શ્રી અરવિંદભાઈ તળપદા (જાગરિયા)

## પ્રકરણ -૬

# તળપદા દે.પૂ.ના ઉત્સવો અને પર્વોની સાંસ્કૃતિક પરંપરાઓ

આનંદ, મોજ અને ઊર્મિઓનો ઉભરો એટલે ઉત્સવ. દુનિયાની દરેક પ્રજાને ઉત્સવ ગમે છે. પોતાની સાંસ્કૃતિક પરંપરાઓ અને લોકસંસ્કૃતિના દર્શન ઉત્સવો અને પર્વોમાં થાય છે. ચરોતરના તળપદા દેવીપૂજકો પણ પોતાની રૂઢિગત પરંપરાઓને ધ્યાનમાં લઈને ઉત્સવો અને પર્વો ઉજવે છે. જન્મ, લગ્ન અને મૃત્યુ પ્રસંગોના ઉત્સવો એ કૌટુંબિક કે જ્ઞાતિના ઉત્સવો છે. આવા ઉત્સવોમાં પણ અન્ય સમાજ કરતા પોતાની અલગ પ્રકારની ઉજવણી અને માન્યતાઓ જોવા મળે છે. જેમકે ,' જન્માષ્ટમી' ના ઉત્સવને વડોદરાના નવાપરાના વિસ્તારના દેવીપૂજકો 'કાનુડાનો ઉત્સવ' તરીકે ઉજવે છે. કાનુડાની મૂર્તિ બનાવીને કાગળના શણગારેલા મંદિરમાં મૂકી હરખઘેલા બની જાય છે. ગાય છે, નાચે છે; અને નોખા નોખા વેશ કાઢીને ભવાઈ પણ કાઢે છે. [૨]

### અસમે જગન -માતાજીનો માંડવો :

આ સમાજમાં 'માતા ખવડાવવી ' એટલે અસમે જગન (યજ્ઞ-હવન વિધિ) અથવા માતાજીના માંડવાનો પ્રસંગ. જે ખૂબ જ ધામધૂમથી ઊજવાતો અવસર છે.

ચરોતરમાં તળપદા દેવીપૂજકના ઘરે જયારે પહેલા ખોળાનો દીકરો જન્મે ત્યારે માતાજીનો માંડવો કરવો પડે છે. કેટલીક શાખોમાં આ રિવાજ નથી કિન્તુ માનતા કે બાધા રાખી હોય તો તેઓ માતાને પૂજે છે. આના બે પ્રકારો છે : (૧) વિહોદીયા મઢની માતા જમાડવી (૨) ચોખટીયા મઢની માતા જમાડવી. વડોદરા પંથકમાં રહેતા તળપદા માળી લોકો મોટાભાગે ચોખટીયા મઢવાળા હોય છે.

<u>તૈયારીઓ :</u>

માતાજીના માંડવાની અગાઉથી તૈયારીઓમાં લગ્નની તૈયારીઓ જેટલો જ ઉમંગ હોય છે. જેમાં ચોક્કસ તારીખ-વાર ગોઠવવી ,કંકુ-ચોખાની કંકોતરી મૂકવા માટે ગામ-પરગામ જવું વગેરે પૂર્વ તૈયારીઓ જોવા મળે છે. પૂજારીઓ માતાનો મઢ,ઘર,આંગણાને લીંપીને સુંદર બનાવે છે.

<u>પહેલો દિવસ :</u>

ગોઠવેલ મૂર્હુત પ્રમાણે જે દિવસે માતાજીનો માંડવો હોય તેના આગલા દિવસે ચરોતરમાં 'જેલ ઠાકોર' કે 'ઠાકોર મહારાજની પૂજા વિધિ કરવામાં આવે છે. જેમાં , માતાજીના મઢે ચંદરવા-મંડપ બંધાય છે, જાગરિયા ડાક ડમ્મર સાથે માતાજીની આરતી ઉતારે રેગડી ગાય. જેલઠાકોરની પૂજા વિધિ માટે કહેવાય છે કે 'બાર બાજટ' અને તેરમું ઠાકોરનું. એટલે કે તેમાં કુલ અગિયાર નાળીયેર હોય છે. નવ ગાદીના ( નાળીયેર છોલીને હારબંધ એક જગ્યાએ મૂકાય, તેની ઉપર કંકુ ગુલાલ છંટાય તેને ગાદી કહેવાય છે.) બે નાળીયેર ધારની માતાજીના જે હેમત અને ખેમત (વેજલ-સેજલ ) તરીકે ઓળખાય છે. બે ઘીના પ્યાલા ભૂવાને પીવડાવવામાં આવે છે. મહારાજનું ભોજન-નૈવેદ તૈયાર કરવા માટે

ચોખા , ખાંડ, ઘી , નાગરવેલના પાન અને બીડી લાવવામાં આવે છે. ચોખામાંથી ખીચડો બનાવાય છે. તેમાં ખાંડ અને ઘી ઉમેરાયા પછી બાર થાળીમાં બાર પાન, બાર તાજ વગેરે મુકાય છે. એ બધું હવનમાં ચપટી ચપટી હોમવામાં છે. અંતે ભુવાને ધૂણ ચઢે છે. પ્રજાના કોઈ પ્રશ્નો-સંકટો હોય તો તે સાંભળે છે અને ચૂકાદો આપીને દુઃખડા દૂર કરવાનું વચન આપે છે. આમ, જેલ ઠાકોરની પૂજાવિધિ-નૈવેદ પૂર્ણ થાય છે.

**બીજો દિવસ :**

માતાના માંડવાનો બીજો દિવસ બાધાનો મુખ્ય અને અંતિમ દિવસ છે. આ દિવસે બપોરે પછી અલ્પાર મહારાજનું રાવણ અને ભગવાન શ્રીકૃષ્ણનો થાળ ધરાવવામાં આવે છે. સંધ્યા વખતે તોતરમાતાજીની સુખડીનું નિવેદ થાય છે. ત્યાર બાદ માળી ફૂલો લઈને આવે ત્યારે તેમનું વધામણું કરવામાં આવે છે.

કંકુ-ચોખા ,ફૂલો તથા એક નાળીયેર થાળીમાં મૂકીને દીવો અગરબત્તી થાય છે. ભૂવો ધુણવા બેસે ત્યારે તેના હાથમાં સમાજની વસ્તી-પ્રજા ફૂલો મૂકે છે. જેને ' ફૂલેરું આપવું ' કહેવાય છે. રાત્રે આઠ -નવ વાગે આમંત્રિત મહેમાનો ઓઢામણી કરાવે છે. જેમાં સોના ચાંદીની જણસ , વાસણ , સાડીઓ વગેરે ભેટ સોગાદો યજમાનને આપે છે. પૈસા પેટે ચાંદલો લખાવે છે. આ વહેવાર પૂર્ણ થયા બાદ પધારેલા મહેમાનો , કુટુંબીજનોને ભોજન જમાડાય છે.

જાગરિયા ડાકવાદન કરી માતાજીની આરણીયું , લોકવાર્તા માંડે છે. આમંત્રિત મહેમાનો અને કુટુંબીજનો-નાતીલાઓ ધ્યાન દઈને સાંભળી અને આનંદ લૂટે છે. ત્યારબાદ

અલ્પાર મહારાજ (વાસંગી-ગોગાદેવ ચૌહાણ )નો ઘોડાનો વેશ નીકળે છે. તે રૈયતના જે પ્રશ્નો, દુઃખો હોય તેનું નિવારણ કરી વચનો આપે છે.

મધ્યરાત્રી પછી સમાજના અનુભવી માણસો મઢની મધ્યમાં વિવિધ રંગોથી માલ્લુ ચીતરે છે. મઢના ચોકમાં એક મોટું માલ્લુ (ગોળાકાર ચિત્ર) - રંગોળી ચીતરાય છે. જે મહિસાસુર માટે હોય છે. શંકર-પાર્વતીનો વેશ નીકળે છે. જેમાં ભૂવા સાથે શંકર પાર્વતીજીની પ્રશ્નોત્તરી થાય છે. પરોઢ સુધી જાગરિયો ડાકવાદન કરીને માતાજીની રેગડીઓ , લોકકથાઓ ગાય છે. સમાજના આગેવાનો, મહેમાનો ત્યાં બેસીને માતાજીની આ વાર્તાઓ , કથાઓનો આનંદ લૂંટે છે.

બીજા દિવસે બપોરના સમયે આમંત્રિત મહેમાનો , સગાવ્હાલાઓ, સમાજના નાતીલાઓને માતાજીનો પ્રસાદ જમાડવામાં આવે છે. જમી પરવારીને બધાં છૂટા પડે છે. આમ, અસમે જગન -માતાજીનો માંડવો રંગે ચંગે પૂર્ણ થાય છે.

**ફાગણ સુદ પૂનમ -હોળી ( ઓરિ માતાનો તહેવાર ) :**

ચરોતરમાં વસતા તળપદા દેવીપૂજકોમાં આ તહેવારનું ખાસ મહત્વ છે. તેઓ હોળી અગાઉથી તળપદા દેવીપૂજક સ્ત્રીઓ પોતાના બાળકો માટે ઓરૈયા બનાવે છે. તેમાં મનગમતી ભાત ચીતરે છે. ઈંટોના ટુકડાઓ ઘસીને રંગ તૈયાર કરે છે. તેમાંથી પૂડો, જીભ , નારિયેળ, સોપારી વગેરે આકારો બનાવે છે, એક દોરીમાં તે પરોવીને ઘરની છત પર સૂકવે છે. હોળીદહન વખતે તે ઔરીયાની સાથે સમડાનો મોર , આંબાનો મોર , ગોરસઆંબલી , લીંમડાનો મોર, બીલું , ખજૂર -ધાણી વગેરેની હારમાળા બનાવી હોળીમાં નાખે છે.

છોકરાના જૂનાં કપડા પણ નાખે છે તેમાં તેઓ માને છે કે તે નાખવાથી બાળકો બિમાર પડતા નથી.

રાત્રે ઘરમાં ઘઉની સેવ , દાળ ભાત બનાવીને જમે છે. હોળી આવ્યા પહેલા તેઓ આંબાની કેરીઓ ખાતાં નથી. હોળીમાં કેરીનો ભોગ ધરાવ્યા બાદ જ ખવાય એવું માને છે. બીજા દિવસે ધૂળેટી વખતે એકબીજા પર કાચા પાક્કા રંગ ચોપડે છે. કલાડાની કામશમાં તેલ નાખીને એકબીજાને ચોપડે છે. કેટલાંક તો કાદવ , ગાય ભેસના મૂત્ર વડે ધૂળેટી રમે છે અને પોતાનો આનંદ વ્યકત છે.

## ચૈત્રી નવરાત્રી -માતાજીના નોરતા :

ચૈત્ર માસમાં આવતા નોરતા માતાજીનો અવસર હોવાથી આ સમુદાય નવેય દિવસ પોતપોતાના મઢે દીવો અગરબત્તી કરે છે. કેટલાંક માતાજીના જવારા નાખે છે, ઉપવાસ કરે છે. આઠમે માતાજીની પલ્લી ભરે છે. ક્યાંક ક્યાંક આ દિવસોમાં બકરા-પાડાની બલી અપાય છે.

## અખાત્રીજ :

વૈશાખ સુદનો દિવસ અખાત્રીજ કહેવાય છે. આ સમુદાયના લોકો તેને અખાતરી કહે છે. આ દિવસે સમાજના જમીન ધરાવતા ખેડૂતો ખેતરનું પૂજન કરે છે,પોતાના બળદો-ઢોરને શણગારે છે. ખાસ તો આ દિવસ આ સમાજમાં દીકરીનું આણું કરવાનો અવસર છે. અખાત્રીજનું આણું શુભ છે એમ તેઓ માને છે.

## રાંધણ છઠ :

શ્રાવણ વદ છઠનો દિવસને દેવીપૂજકો તથા અન્ય સમાજના લોકો છઠ તરીકે ઓળખે છે. આ દિવસે બીજી કોઈ વિધિ થતી નથી પરંતુ રાત્રી દરમિયાન ભજીયા, પૂરી, ઢેબરા, સુખડી, ખીર જેવું મીઠું ભોજન બનાવીને જમે છે.

## શીતળા સાતમ :

શ્રાવણ વદ સાતમનો દાડો એટલે શીતળા સાતમ. આ દિવસે સ્ત્રીઓ ચુલા ઠારી નાખીને સવારમાં તેને લીંપે- ગુપે છે. સવારમાં ઠંડા પાણીથી સ્નાન કરીને ઠંડુ ખાવાનું ખાય છે. આ દિવસે જો કોઈ વૃદ્ધ સ્ત્રી પોતાનું માથું જોવાનું કહે તો કોઈ સ્ત્રી ના પાડતી નથી. પ્રેમથી તેનું માથું જુવે છે. જો આમ ન કરે તો શીતળા માતા કોપે છે. એવું તેઓ માને છે.

આ સમુદાયમાં બાળકને શીતળા આવે તો બાળકની માતા સાત ઘરે ફરીને - માંગી ને ઠંડુ ખાવાની બાધા રાખે છે. બાળકોને શીતળા આવે તો બળિયાદેવની બાધા રાખે છે.

## ગોકુલ આઠમ :

ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ દિવસ એટલે ગોકુલ અષ્ટમી. આ દિવસે દેવીપૂજકોમાં રાત્રે સોજીના કે ઘઉંના લાડુ અવશ્ય બનાવાય છે. કેટલાંક શ્રદ્ધાળુ તળપદા દેવીપૂજકો આઠમનો ઉપવાસ કરે છે.

## ઉજ્જૈણીનો દાડો :

ભાદરવા વદમાં ગણેશ વિસર્જન નિમિત્તે તળપદા દેવીપૂજકોમાં જે અવસર ઉજવાય છે તે 'ઉજૈણી' તરીકે ઓળખાય છે. રાત્રે તેઓ મીઠું ભોજન જમે છે.

## નવરાત્રી-નવલાં નોરતા :

આ સમુદાય માતૃપૂજક સમુદાય છે. વૈષ્ણવોમાં જે સ્થાન કૃષ્ણનું છે. બ્રાહ્મણોમાં જેમ શિવનું સ્થાન છે એમ આ સમુદાયમાં દેવીનું સ્થાન છે. આ પર્વની ઉજવણી સમગ્ર ગુજરાતમાં થાય છે. તેઓના મઢો-મંદિરો શણગારાય છે. ભૂવાઓ માતાજીના નવેય નોરતાના ઉપવાસ કરે છે. આ પવિત્ર દિવસોમાં મંદિર , દેરીઓ ચોખ્ખા રાખે છે. આરતીયું કરે છે , ડાકવાદન કરે છે, આઠમે માતાજીની પલ્લી ભરે છે. તેમાં સુવાળીઓ નાળીયેર , ભાત , ઘી , ગોળ વગેરે બનાવીને માતાજીને અર્પણ કરે છે.

## દિવાસોનો તહેવાર :

દિવાસાને સવાસો તહેવારોનો રાજા કહેવાય છે. શ્રાવણ માસનો પ્રથમ દિવસ એટલે દિવાસો. આ તહેવારે લોટ (શીરો) ,પૂરી ,ખીર વગેરે બનાવીને પૂર્વજોને જમાડે છે . ' જેનો દિવાસો સારો ગયો તેના બધા જ ટાંકણા સારા જાય ' તેવી માન્યતા આ સમાજમાં પ્રવર્તે છે.

આ પર્વો ઉપરાંત દિવાળી , રક્ષાબંધન વગેરે જેવા પરંપરા મુજબ ઉજવે છે અને આનંદ માણે છે.

## દેવીપૂજક સ્ત્રી કન્યાઓ દ્વારા ઉજવાતા પવિત્ર વ્રતો :

## દશામાનું વ્રત :

તળપદા દે.પૂ.સ્ત્રીઓ દિવાસાના બીજા દિવસે બજારમાંથી તૈયાર મળતી દશામાની મૂર્તિ લાવે છે. આ વ્રત શ્રાવણ માસમાં આવે છે. છોકરા માટે બાધા રાખી હોય તો કુલ પાંચ વખત આ વ્રત પૂર્ણ કરે છે. આ વ્રત દસ દિવસ સુધી ઉજવાય છે. દરરોજ સવાર સાંજ સમૂહ આરતી-થાળ કરે છે. માતાજીના ગરબા /વાર્તાઓ થાય છે. દસમાં દિવસે જાગરણ કરે છે. પરોઢ થતા મૂર્તિને તળાવ, નહેર કે નદીમાં પધરાવે છે. પછી મીઠું ભોજન બનાવીને પાંચ બાળકીઓને જમાડે છે.

કેટલીક શ્રધ્ધાળુ સ્ત્રીઓ દર વર્ષે આ વ્રત કરે છે. દસેય દિવસ નકોરડા ઉપવાસ કરે છે. પાંચમું અને છેલ્લું વ્રત ધામધૂમથી ઉજવાય છે. તેમાં ચુરમું કે લાપસી બનાવીને કુંવારીકાને જમાડે છે અને કોઈ વસ્તુની ભેટ આપે છે. દશામાના પવિત્ર ધામ 'મોરાગઢ' કે ચરોતરના 'મીનાવાળા' ગામે ગરબો લઈને જાય છે. આ વ્રત વખતે તેઓ દસ દિવસ માટે જુગાર ,દારુ વગેરેને નિષેધ ગણે છે.

## ગોરમાનું વ્રત :

કુંવારી વ્રતધારી તળપદા દેવીપૂજક કન્યાઓ ગોરમાનું વ્રત કરે છે. જેમાં તે એક જ ટંક જમે છે. દિવસ દરમિયાન તે ખાઉં (સુકો મેવો) ખાય છે. છેલ્લો દિવસ નકોરડો ઉપવાંસ કરે છે.

આ દિવસે છોકરા છોકરી ભેગા મળી ને પરણવાનો પ્રસંગ ઉજવે છે. એક કુંડામાં જવ ,ઝાલર,તલ,ડાંગર ,મગ વગેરે કઠોળ બીજ વાવે છે. વ્રત પૂર્ણ થતા તે નદી કે તળાવમાં પધરાવે છે.

## ગૌરીવ્રત :

પોતાને સારો , સુશીલ અને સંસ્કારી વર મળે તેવી મનોકામનાથી અન્ય સમુદાયની જેમ આ સમુદાયની દીકરીઓ પણ આ વ્રત કરે છે. દરરોજ સવારે મહાદેવ મંદિરમાં જઈને ભગવાન શંકર અને પાર્વતીમાતાનું પૂજન કરે છે. એક ટંક જમે છે. દિવસ દરમિયાન ઉપવાસ રાખે છે.

---

---

## સંદર્ભ ગ્રંથો :

(૧) ગુજરાતનું સંસ્કૃતિદર્શન - શ્રી જોરાવરસિંહ જાદવ

(૨) લોકસાહિત્ય શબ્દકોશ - સંપા. જેઠાલાલ ત્રિવેદી ,મંગળગૌરી ત્રિવેદી (પાન નં. ૩૨૯)

---

# દેવીપૂજક જાતિના ઉદ્ધારકો / સમાજ રત્નો

## (૧)

## શ્રી જંગલેશ્વર મહારાજ



સંત સપૂત ને તુંબડા , ત્રણેયનો એક સ્વભાવ ;

તારે પણ ડૂબાડે નહી , એનો તારણ ઉપર ભાવ.

ગુજરાતની ધરા પર ઘણાં મહાપુરુષો પ્રગટ્યાં. જેમનું જીવન બીજાનો આદર્શ બની ગયું. લોકવીરો અને લોકસેવકોએમાનવતાની મહેંક ચોતરફ પ્રસરાવી. જેમ ફૂલ પોતાની સુગંધ નિસ્વાર્થભાવે જગતને અર્પે ને બદલામાં કાંઈ જ લેતું નથી. એવું જ આપણા સંતોનું છે. પોતે દુઃખો, સંતાપો , મહેણાંઓ વેઠીને સમાજને આઠે પહોર આનંદ આપે છે. સંતો પ્રજાને બેઠી કરે છે, તાકાત આપે છે.

લોકસેવાનો મંત્ર ફૂંકીને સદીઓથી પિડિત , શોષિત અને નિરક્ષર પ્રજાને બેઠીને કરનાર વિરલાઓમાં રવિશંકર મહારાજ અને ઠક્કરબાપા આજેય ગુજરાતી પ્રજામાં માનભર્યું સ્થાન ધરાવે છે. આવા દેવતાઈ પુરુપો બહુ ઓછા પાકે છે.

જે કાળમાં ગરીબીની ઝંઝીરોમાં ઝકળાઈ ગયેલી , સરકારી અમલદારોના ત્રાસથી ત્રાસી ગયેલી, બદમાશી અને કલંકોના મારથી પીડાતી , અજ્ઞાનતા , કુવ્યસનો અને ક્રિમિનલ ગુનાઓના રવાડે ચઢી ગયેલી ગુજરાતની આ દેવીપૂજક જાતિને બહાર કાઢનાર કોઈ જ નહોતું. ઉચ્ચ ગણાતાં સવર્ણોથી હંમેશા હડધૂત અને ઉપેક્ષિત થયેલી , આ જાતિને પોતાના સ્વબળનું ભાન કરાવનાર કોઈ નહોતું. ગુજરાતના ગામડે- ગામડે, કોતરે , ડુંગરોના પ્રદેશમાં ખૂણે ખાંચરે અને શહેરોમાં આ જાતિ અત્યંત કંગાળ અવસ્થામાં પથરાયેલી હતી. ગરીબી , અંધશ્રદ્ધા અને કુરિવાજો એટલાં વિફર્યાં હતા કે એમાંથી આ જાતિને મુકત કરવાનું લગભગ અશક્ય હતું. ત્યારે આ ધરતી પર એક મહાપુરુપ પ્રગટ્યા. જેને વાઘરી જાતિના દરિદ્રનારાયણ ગણાવી શકાય. હા, એ પરમ હિતકારી મહાત્મા એટલે શ્રી જંગલેશ્વર મહારાજ.

તેમનો જન્મ ઈ.સ. ૧૯૦૫માં આંધ્રપ્રદેશના સિકંદરાબાદમાં થયો હતો. તેમના પિતાશ્રી મહાદેવરાયનો જન્મ દક્ષિણી સોની એવાં બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમનું મૂળ વતન મહારાષ્ટ્રના રત્નાગીરી જીલ્લાનું દેવરૂખ ગામ. શ્રી જંગલેશ્વર મહારાજનું પૂર્વજીવનનું નામ ' શ્રી કૃષ્ણરાવ દેવરૂખકર' હતું. તેમની માતાનું નામ કાશીબાઈ દેવરૂખકર હતું. તેમનાં નાના ભાઈ રામચંદ્રરાવ સાથે જાણે રામ – લક્ષ્મણની જોડી જેવાં લાગતા.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પૂરું થયું ને હવે ઉચ્ચ શિક્ષણ માટે જોડાવવાના જ હતા ત્યાં રાષ્ટ્રભક્તિ અને લોકસેવાનો જુવાળ ફેલાયો. આખો દેશ 'મહામા

ગાંધી' ની 'હિન્દ છોડો' ચળવળમાં જોડાયો હતો. ગામડે ગામડે યુવાનોના ટોળે ટોળા ભણતરને લાત મારીને દેશભક્તિ અને લોકસેવામાં જોડાઈ જતાં હતાં.

શ્રી કૃષ્ણરાવનો અંતરાત્મા પણ લશ્કરી સેવામાં જોડાવા માટે થનગની રહ્યો હતો. તેથી તેમણે ઉચ્ચ શિક્ષણનો મોહ છોડી દીધો. ભણતર પડતું મૂકીને મા –ભોમની રક્ષા કાજે અને માનવસેવા માટે લશ્કરી સેવામાં જોડાઈ ગયા.

સીતાબાઈ સાથે લગ્નગ્રંથિથી જોડવા છતાં દેશભક્તિ , પ્રભુ – ભક્તિ તથા માનવસેવાનો નાદ તેમની રગે રગમાં ઉછાળા મારતો હતો.

સમજદાર સુવાણ , નર અવસર ચૂકે નહિ ,

અવસર ઓસાણ , રહે ઘણાં દિન રાજિયા.

લશ્કરી સેવામાં જોડાયા છતાં માયલો તો કંઈક જુદું જ મથતો હતો. મેઘાણીના કાવ્ય પંક્તિ જેવું એમના મનમાં ચાલતું હતું. ' ઘટમાં ઘોડા થનગને , આત્મ વીંઝે પાંખ'.

દેશભક્તિ, પરમાત્માનું ચિંતન અને લોકસેવાની ભાવનાની પ્રબળ ઈચ્છાથી તેમણે થોડાંક સમયમાં જ લશ્કરી સેવામાંથી નિવૃત્તિ લીધી. અને આત્મચિંતનની ધૂનમાં દેશમાં ઠેર–ઠેરફરવા લાગ્યા. ઘર છોડ્યું, અર્ધાંગના છોડી અને ગાંધીજીના વિચારોથી પ્રેરાઈને અમદાવાદ સાબરમતી આશ્રમમાં આવ્યા.ત્યાં થોડાંક વર્ષો રહ્યાં. આ સમયે કેટલાંક સમાજ સેવકો નિન્મ સમાજની પ્રગતિ અને જાગૃતિ માટે સક્રિય હતાં. એમાં રવિશંકર મહારાજ અને ઠક્કરબાપા જાણીતાં બન્યા હતાં. આ સમયે ગુજરાતનો વાઘરી સમાજ અત્યંત કંગાળ અવસ્થામાં જીવતો હતો. તેની આંગળી પકડનાર કે રાહ બતાવનાર કોઈ જ નહોતું. મહારાજે

પ્રત્યક્ષ આ સમાજની દશા જોઈ. તેમનું હૃદય પીગળી ગયું. દલિત તથા આ જાતિની સેવા માટે સર્વ પ્રથમ તેમણે બીડું ઝડપ્યું. ગુજરાતમાં ઠેર–ઠેર ઉઘડા પગે , શરીરે ખાદી ધારણ કરીને વાઘરી સમાજમાં ફરવાં લાગ્યા. મહારાજ કહેતા કે , " જ્યાં સુધી આપણે લોકોની પાસે જતા નથી , તેમનાં જેવું જીવન જીવતાં નથી ત્યાં સુધી આપણે તેઓ વિષે કયાય નથી જાની શકતા." અજ્ઞાન , અંધશ્રદ્ધા , નિરક્ષરતા , સતત ભયના ઓથાર હેઠળ જીવતી આ પ્રજાનો હાથ પકડીને તેમને પ્રેમ આપ્યો. ખૂબ હિંમત આપી. જુદાં જુદાં ગામડે ફરી ફરીને લોકોની સુષુપ્ત ચેતનાને જાગૃત કરી. આ સમાજને શિક્ષણ મળે તે માટે મહારાજે અથાક મહેનત કરી. જે પ્રજા પોલીસ, સરકારી અમલદારોને જોઈને ફડફડતી હતી. એ જ પ્રજામાંથી પોલીસ, કલેકટરો , નાયબ સચિવો, ડોકટરો ,વકીલો , એન્જિનિયરો, શિક્ષકો , કવિઓ , કથાકારો , કલાકારો, વેપારીઓની એક મજબૂત પેઢીનું સર્જન થયું.

કેટલાંક રજવાડાઓમાં આ જાતિના લોકોને ચોરી કે શિકાર માટે બદનામ કરીને ખૂબ જ હેરાન પરેશાન કરી મૂકયા હતાં. એનાં કારણે અંગ્રેજોએ ઈ.સ. ૧૮૭૧માં આ કેટલીક જાતિઓને ગુનાહિત જાહેર કરી હતી. એવાં એ સમયના ૨૦૦ સમુદાયોમાં વાઘરી સમાજ પણ હતો. મહારાજ અને અન્ય કાર્યકરોની તનતોડ મહેનતથી ૧૯૫૨માં સરકારે આ સમુદાયને વિમુક્ત જાહેર કર્યો. અન્ય સમાજ જેને અનેક પ્રકારની શંકા – કુશંકાથી તિરસ્કાર – પૂર્વગ્રહ અને ભયયુક્ત શંકાની નજરે જોતા હતાં એમાંથી મુક્ત કરાવનાર અને આ સમાજ પ્રત્યે વિશેપ પ્રેમ દર્શાવીને ઉત્તમ કાર્યો કરનાર જંગલેશ્વર મહારાજની નોંધ દિલ્હી સરકારે પણ લીધી હતી. કોઈપણ બદલાની કે પુરસ્કારની આશા – લાલશા વગર નિસ્વાર્થ ભાવનાથી સમાજની એવા કરનારને તો 'સંત'ની જ ઉપમા આપી શકાય ને ! આવા મહાત્મા તો સદીઓ પછી જન્મે છે.

ગમ ભરેલી ગઈકાલને આજમાં પરિવર્તિત કરવામાં નિમિત્ત બનનાર એ દેવતાઈ પુરુષ જીવનના અંત લગી દેવીપૂજક સમાજની સેવામાં રચ્યા પચ્યા રહ્યાં હતાં. તેમણે ઈ.સ. ૧૯૫૧માં ધોળકા ખાતે 'અખિલ ગુજરાત વાઘરી અધિવેશન' બોલાવ્યું હતું. ત્યારબાદ ધોળકા છાત્રાલયની સ્થાપના કરી હતી. ઈ.સ.૧૯૫૫માં ખેડા કેમ્પ આશ્રમશાળા તથા વલ્લભીપુરમાં એક આશ્રમશાળાની સ્થાપના કરી હતી.

પોતાના સમગ્ર જીવનને દેવીપૂજક સમુદાય માટે ખર્ચી નાખનાર આખા ભારતમાં કદાચ આ એક જ પુરુષ આપણને મળ્યા. તા. ૧/૧૨/૧૯૮૧ના રોજ અમદાવાદ ખાતે આવા મહાપુરુષે ચીર વિદાય લીધી. અમદાવાદ સાબરમતી પાસે તેઓની સમાધિ આવેલી છે. આવા નિસ્વાર્થી અને પરોપકારી સંતને કોટિ કોટિ વંદન !

તૂટ્યાં તંબૂર તાર , ભણકારા ભવભવ રહ્યાં,

સાજણ તમારી ખાક પર , ઝાઝા હજો જુહાર.

( ૨ )

## સંતવાણી આરાધક શ્રી કાનદાસ બાપુ



સંત સમો સંસારમાં , નહિ કોઈ પરમ દયાળ ;

કહે પ્રીતમ એક પલકમાં , નજરે કરે નિહાલ.

( પ્રીતમ )

ભજન સંતવાણીની દુનિયામાં એક આગવું નામ એટલે પૂજ્ય કાનદાસ બાપુ. આ મહાપુરુષનો જન્મ દેવીપૂજક જાતિમાં વણાદિયા શાખમાં ભાવનગર જીલ્લાના ગઢડા તાલુકાના ભંડારિયા ગામે થયો હતો. તેમના જન્મનું ચોક્કસ વર્ષ મળતું નથી. એમના પિતાજીનું નામ છગનભાઈ હતું અને માતૃશ્રીનું નામ ઝમકુંબા હતું. ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી હતી. બાળપણથી ધાર્મિક સંસ્કારો મળેલાં એટલે સંતો ભકતો પ્રત્યે પહેલેથી જ વધુ

લગાવ હતો. ચોસલા ગામે રહેતા સંતવાણીના ઓલ ઈન્ડિયા રેડિયો કલાકાર શ્રી કલ્યાણ ભગત વગેરેની સાથે સત્સંગ ભજનમાં જાય છે. અને આશરે સોળ – સત્તર વર્ષની ઉંમરે કોઈપણ કારણવશાત ઘરેથી નીકળી જાય છે અને પગપાળા સૌરાષ્ટ્ર- કાઠીયાવાડના ગામ , મંદિર , આશ્રમો , સંત મેળાવડાઓ , અખાડાઓમાં જઈને ભજન કરે છે. પરિભ્રમણ કરતાં કરતાં ઝાલાવાડ પહોંચે છે. ત્યાં શાંતિદાસ મહારાજની ઝૂંપડીમાં રોકાય છે. રાત્રે ભજન કરતા ત્યારે લોકોનો મેળો જામી જતો. સમય જતાં પીપલીધામ – સંતશ્રી સવારામ બાપાની જગ્યાએ પહોંચે છે. ત્યાં પહોંચીને બાપાને કહે છે કે, "બાપા , મારે અહીં રોકાવું છે." બાપાએ કહ્યું કે " રોકાવ , મારે કશો વાંધો નથી." અને સાત વર્ષ સુધી એ પાવન જગ્યામાં રોકાઈ જાય છે. એકવાર કાનદાસ બાપુ સંત શ્રી સવારામ બાપાને કહે છે કે, "બાપા , આ જગ્યાનું મફતનું ખાવું એ મને ઠીક લાગતું નથી. મને કંઈક કામ અપાવો." ત્યારે ગામમાં રહેતા એક કડવાં પાટીદારના ખેતરમાં હાથીપણું કરે છે. કહેવાય છે કે આ જગ્યામાં રહેતા શ્રી બળદેવદાસ બાપુ કાનદાસ બાપુને છાનાં માંના હાર્મોનિયમ ઉપર ભજન ગાતાં શીખવાડતા હતાં. કારણ કે જગ્યાના સવારામ બાપા એકતારો અને મંજીરાના તાલે ભજનો ગાતાં. તેમને હાર્મોનિયમ ગમતું નહિ.બળદેવદાસ બાપા ભજન ગાતાં ત્યારે માથે સાફી બાંધતા. આ સાફી બાંધવાની રીત પાછળથી કાનદાસ બાપુએ પણ અપનાવી હતી. કાનદાસ બાપુ સવારામ બાપાના રચિત ભજનો પણ ગાતાં. તેઓ કૃષ્ણભક્તિના ભજનો ખૂબ સરસ ગાતાં એટલે સવારામ બાપાએ તેમનું નામ કુરજીને બદલે 'કાનજી' પાડેલું. જે પાછળથી ભજન સમ્રાટ શ્રી કાનદાસ બાપુ તરીકે જાણીતાં બન્યા. પીપળી ધામથી બાપુ મૂળી ગયા. ત્યાં રૂપા ભગત નામના ભજનીકના ઘરે રહ્યાં હતાં. આખો દિવસ મજૂરી કરે અને રાત્રે ભજન કરે. આમ તેમની પ્રસિદ્ધિ ચોતરફ વધવા લાગી. તરણેતર ,ભવનાથના મેળામાં બાપુના ભજનો

સાંભળવા માણસ મેદની ઉભરાઈ જતી. મૂળીથી પાછાં પીપળી આવે છે અને ત્યાંથી સુરેન્દ્રનગર પાસેના વણા ગામે જાય છે. ત્યાં એક વર્ષ રોકાય છે. પુનઃ પીપળી આવે છે.

એ વખતે સાધુ સમાજમાં અવંતિકા ભારતી બાપુનું મોટું નામ હતું. સમગ્ર સાધુ સમાજ અને માનવ સમાજ તેમના ચરણોમાં માથા ઝુકાવતો હતો. તેમણે એકવાર સમાચાર મોકલી કાનદાસ બાપુને સરખેજ આશ્રમ બોલાવ્યા. કાનદાસ બાપુ પૂ. સવારામ બાપાની રજા લઈને અમદાવાદ જાય છે. એ કાર્યક્રમમાં કાનદાસ બાપુના ભજનો સાંભળી અવંતિકા ભારતી બાપુ ગદગદીત થઈ ગયા.ત્યાર પછી તો એમની ભવનાથની તળેટીની રાવટીમાં કોઈપણ કલાકાર ગાતો હોય પણ જો કાનદાસ બાપુ આવે ત્યારે ભારતી બાપુ બે હાથ ઊંચા કરી આનંદથી કહેતા કે , " મેરા કાલિયા આ ગયાં , બસ પછી તો મસ્તી જ મસ્તી." કાનદાસ બાપુના ભજનો બધાને ભીંજવી નાંખતા. પાછળથી સરખેજ- અમદાવાદમાં કાનદાસ બાપુએ સત્સંગ અને સેવા માટે આશ્રમ બાંધ્યો.

સમય જતાં હીરાભાઈ ભલાભાઈ વ્યાસની સાથે સૌ પ્રથમ વખત મુંબઈ જાય છે. મુંબઈમાં પોતાની ભજનવાણીની તાકાતે લાખો લોકોને ઘેલાં કરી દે છે. એટલે એમનાં ચાહકોમાં કહેવત પડી ગઈ કે 'સૌરાષ્ટ્રમાં દાન અને મુંબઈમાં કાન'.બાપુએ પોતાના સ્વર અને આગવી ગાયકીનું એવું જાદુ જમાવ્યું કે મુંબઈમાં તે સમયમાં તેમને સાંભળવા માટે શંભુ પ્રસાદજી , લતા મંગેશકરજી, ઉષા મંગેશકરજી , શંકર જય કિશન , આર. ડી. બર્મન, આણંદજી કલ્યાણજી , ઉપેન્દ્ર ત્રિવેદીજી , અરવિંદ ત્રિવેદીજી વગેરે આવતાં. તે ખરેખર એક મોટો ચમત્કાર હતો. ભજન સંતવાણીમાં બાપુનું નામ હવે મુંબઈ , ગુજરાત , કાઠીયાવાડ ગુંજવા લાગ્યું હતું.

સમય જતાં કાનદાસજી દ્વારકામાં આવે છે અને ત્યાં આશ્રમ બાંધે છે. એક બંસીધારી અને બીજા સ્વરધારી એમ બે કાનજીએ લોકોમાં ભક્તિ ભજનનું ઘેલું લગાડ્યું.

મુંબઈમાં જ્યારે રામદેવપીર મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા થવાની હતી ત્યારે તેમણે તે માટે બળદેવદાસ મહારાજને આમંત્રણ આપ્યું પણ મહારાજ બહાર વિચરણ ન કરતા હોવાથી તેનો અસ્વીકાર કર્યો. તેથી કાનદાસ બાપુ પરબની જગ્યામાં ગયાં અને ત્યાં સેવારામ બાપુને મળ્યાં અને તેમણે આમંત્રણ સ્વીકાર્યું. સંત શ્રી સેવારામ બાપાએ કાનદાસ બાપુને ભેખ ધારણ કરાવ્યો. શિક્ષા – દીક્ષા ધારણ કરાવી. આ પહેલાં કાનદાસ બાપુ સફેદ વસ્ત્રો ધારણ કરતા અને મૂંછ રાખતા નહિ પણ ભેખ ધારણ કર્યા બાદ ભગવાં વસ્ત્રો ધારણ કરેલાં.

કાનદાસ બાપુનો એક નિયમ હતો કે વરસમાં ચાર વાર પીપળીધામે ભજન કરવાં જવું. તેમાં તેઓ કોઈને ખબર ના પડે એવી રીતે એકલાં જ આવે. રાત્રે ૨ વાગે આવે અને સવારે ૪ વાગે નીકળી જાય. તેમણે આખી જિંદગી આ નિયમનું પાલન કર્યું હતું.

બાપુનું જીવન ખૂબ જ સાદું હતું. એમની જોડે બે ભરથ ભરેલી બે થેલી રહેતી. એક લીલા કલરની અને એક કાળા કલરની. એ થેલીમાં એક જીપ બેટરી, સવારામ બાપાની વાણીનું પુસ્તક ' સવારામ કૃત કાવ્ય' , એક સિગરેટનું પાકીટ , ૩૦ નંબર બીડી અને થોડાંક મીઠાં પાન. આટલી એમની જાહો જલાલી. કહેવાય છે કે દુનિયાની કોઈપણ પ્રતિભા કે પરિભાવ કાનદાસ બાપુ પર નથી પડ્યો. રેડિયો કે સ્ટુડિયોવાળાના નિયમો એમને પસંદ નહોતા એવા ચુસ્ત નિયમોમાં બાપુ માનતા નહિ એટલે ક્યારેય સ્ટુડીયોમાં ગાવા જતા નહી. લોકોની સામે લાખો મેદનીમાં ગાવાની જે મજા છે તે સ્ટુડિયોમાં ના મળે એવું તે માનતા. તેમના લાઈવ કાર્યક્રમો ખૂબ થતાં. આજે પણ આપણે બાપુના જુના ભજન સંતવાણીના કાર્યક્રમો યુ ટ્યૂબ પરથી જો –માણી શકીએ છીએ.

ભજનના રંગથી રંગાયેલો આ પૂણ્યશાળી આત્મા ઈ.સ.૧૯૯૪માં કારતક સુદ છઠના દિવસે પરમાત્માની જ્યોતમાં ભળી ગયો. જાણે સંતવાણીનો મોભ તૂટી ગયો. ભજન સંતવાણીની દુનિયામાં એમની કાયમી ખોટ પડી. દ્વારકામાં બાપુની પાલકી યાત્રા નીકળી હતી. આ યાત્રામાં સાધુ , સંતો, સંન્યાસીઓ, મહાપુરુષો , મુંબઈ અને ગુજરાતની ભજનપ્રેમી પ્રજા વગેરે જોડાયા હતાં. દ્વારકામાં ગલીએ ગલીએ ફૂલથી તેમના વધામણાં થયાં અને દ્વારકાના આશ્રમમાં જ બાપુને સમાધિ આપવામાં આવી. તા. ૨૫/૦૩/૧૯૯૬ના રોજ આશ્રમમાં શ્રી સેવાદાસ બાપુ અને કાનદાસ બાપુની મૂર્તિઓની પ્રાણ - પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

જાત ન પૂછીએ સાધુ કી , પૂછ લિજીએ જ્ઞાન,

મોલ કરો તલવાર કા પડા રહેને દો મ્યાન.

સંતો–ભક્તોની કોઈ જાત હોતી નથી પણ સદીઓ સુધી દેવીપૂજક જાતિ કાનદાસબાપુ વિશે જરૂર ગૌરવ લઈ શકશે. દેશ – વિદેશમાં તેમના અનેક શિષ્યો અને ભક્તો છે. જ્યાં લગી દુનિયામાં ભજન ગવાતાં રહેશે ત્યાં લગી પૂ.કાનદાસ બાપુનું નામ આદરપૂર્વક લેવાશે.

<u>સંદર્ભ સ્ત્રોત :</u>

(૧) 'વાઘરીમાં પણ છે વૈષ્ણવ' – જીગર ઝાપડિયા પ્રથમ આવૃત્તિ – ૨૦૦૬

(૨) શ્રી દેવીપૂજક ( વાઘરી ) સમાજની વિવિધ શાખાના દેવ-દેવીઓ અને પૂર્વજોની અમર

ગાથાઓ – ઉમેશભાઈ સોલંકી 'યોગી', રાજકોટ, પ્રથમ આવૃત્તિ – ૨૦૦૬

(૩) પીપળીધામના શ્રી વાસુદેવ મહારાજના એક પ્રવચન પરથી.

(૩)

## સ્વામીનારાયણ સંત શ્રી સગરામ ભગત

પ્રત્યેક કોમમાંથી સંતો – ભક્તો થયાં છે ને પરમ પદ પામ્યા છે. જેમની આગળ માત્ર એનો સમાજ જ નહી કિંતુ આખુંય વિશ્વ શીખ લે છે. જ્ઞાન ધારણ કરે છે. સંતને કોઈ સીમાળા નથી હોતા. એ તો એની મસ્તીમાં મસ્ત બનીને અહર્નિશ આનંદ લૂંટે છે. પોતે પીડા ભોગવી અન્યને આનંદ આપે છે. પરદુઃખે ઉપકાર કરીને સમાજની સેવા કરે છે.

સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જીલ્લાના લીમલી ગામે સ્વામીનારાયણ સંપ્રદાયમાં હરિભક્ત તરીકે જાણીતાં બનેલા 'ભક્તરાજ સગરામજી' થયાં. તેમના પિતાનું નામ રૈયાજી હતું. પોતે દેવીપૂજક જાતિના ઉધરેજીયા શાખમાં જન્મ્યા હતાં. શ્રી મુક્તાનંદ સ્વામીએ એમને વર્તમાન ધરાવીને સત્સંગમાં લીધા હતાં. ભોળા સગરામજી અને તેમના ધર્મપત્ની સ્વામી આજ્ઞાથી બ્રાહ્મણ કરતાં અધિક આચાર પાળતા. પરસ્ત્રીને અડી જવાય તો નાહી ને ઉપવાસ કરી નાંખતા.

એકવાર સગરામજી મુસાફરી કરી રહ્યા હતાં. તેમણે તરસ લાગી. રસ્તામાં નદીએ પાણી પીવા ગયાં. એ જ વખતે શિયાણી ગામના શિવરામ ભટ્ટ પણ પાણી પીવા માટે નદીએ આવ્યા હતા. શિવરામ ભટ્ટે સીધું જ ખોબે ખોબે પાણી પી લીધું. જ્યારે સગરામજીએ પોતાનો લોટો કાઢ્યો . લોટાને અજવાળ્યો. ઉપર ગળણું મૂકી પાણી ગાળ્યું. લોટો વીછળ્યો. ફરીથી ગરણું મૂકી પાણી ગાળ્યું. ત્યારબાદ ભગવાનનું સ્મરણ કરી પાણી પીધું.

શિવરામ ભટ્ટ એક દેવીપૂજકની આટલી સૂચિત જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા.પોતે બ્રાહ્મણ હોવા છતાં જે સૂચિતનું પાલન કરી શકતા નહોતા તે એક દેવીપૂજક સ્વામીનારાયણ સંસ્કારથી ઉચ્ચવર્ણનો બની ને પાળી રહ્યો હતો. તેથી જ સાહિત્યકાર શ્રી ત્રિભોવન ગૌરીશંકર વ્યાસ એક લેખમાં લખે છે કે લીમલી ગામના એક અભણ દેવીપૂજક સગરામ , શ્રીમદ્‌ભાગવતના પ્રખર વિદ્‌વાન શિવરામ ભટ્ટને એનો સત્સંગ કરીને સાધુ થવાની પ્રેરણા મેળવે એ કેવી અસંભવિત ઘટના ગણાય. પણ સ્વામીનારાયણના પ્રભાવે એ સંભવિંત બન્યું હતું.

એકવાર સગરામને રાજી કરવા માટે મહારાજ લીંમલી પધાર્યાં. રાત્રીનો સમય હતો. મહારાજ કહે સગરામ ! બીજાને ઘેર પધરામણી કરીએ તો થોડો સમય રોકાઈએ. પણ તારે ઘેર આખી રાત રોકાઈશું. પછી કોથળા પર બિરાજીને મહારાજે સગરામ સાથે વાતો કરી. વહેલી સવારે મહારાજે દાતણ માંગ્યું, તો સગરામે બાવળનું જાડું દાતણ આપ્યું. વહેલી સવારના મહારાજ દાતણ કરતા હતા.

બીજી બાજુ સંતો મહારાજની શોધમાં હતાં કારણ કે કે કોઈને કહ્યા વગર જ મહારાજ જતા રહેલા. કીડીને ગોળ ક્યાં છે એનું સરનામું પૂછવું ન પડે. એમ બ્રહ્માનંદ સ્વામી

મહારાજને શોધતા શોધતા અહીં પહોંચી આવ્યા. સગરામને ઘેર પ્રભુને આ સ્થિતિમાં જોઈને સ્વામી આનંદમાં આવી ગયા. કાવ્યધારા મુખમાંથી સરી પડી :

" વાતલડી રહોને રાતલડી , વ્હાલા પૂછું એક વાતલડી ,

જેને ઘેર રજની તમે જાગ્યા , કોણ હતી એની જાતલડી

બ્રહ્માનંદ કહે સંશય થયો નહિ ,

ધન છે તા,તમારી છાતલડી વ્હાલા ..."

અગણોતેરામાં ભારે દુકાળ પડ્યો. ધન ધાન વિના પીડાતા સગરામજી દુકાળ ગુજારવા પોતાની સ્ત્રી સાથે ચાલી નીકળ્યા. મનમાં વિચાર હતો કે મુક્તાનંદ સ્વામીના ખોળે જવું.

સત્સંગથી રંગાયેલા સગરામના મનમાં તો આ પરાયો તોડો લઈ લેવાનો વિચાર સુધ્ધા ક્યાંથી આવે ? પણ તેમને થયું કે ખરાબ વખત છે ને પોતાની સ્ત્રીનું મન લોભાઈ જાય. એથી એમણે પોતાના પગથી તોડા ઉપર ધૂળ વાળી દીધી.

પાછળ તેમની સ્ત્રી મહારાજનું સ્મરણ કરતા ચાલી આવતી હતી. તેમણે સગરામને કંઈક કરતા જોયા. એટલે આગળ આવીને પૂછ્યું. સગરામજીને મનમાં હતું તે ભોળે ભાવે કહી નાખ્યું. ત્યારે સ્ત્રી બોલી : " અરે , તમે ધૂળ ઉપર ધૂળ શું વાળી ! પારકી વસ્તુને હું તો ધૂળ જ સમજુ છું." દુષ્કાળના દિવસો શ્રી મુક્તાનંદ સ્વામીની છત્રછાયામાં પાર પાડીને સગરામ ભગત પાછા પોતાના ગામ લીમલી આવીને રહ્યાં.

એકવાર ભાવનગરના વજેસંગ બાપુને કોઈએ કહ્યું કે, 'સ્વામીનારાયણ વાઘરીને વૈષ્ણવ કરે છે.' આ સાંભળીને બાપુને ઘણું આશ્ચર્ય થયેલું. તેમણે સગરામજીને મળવા બોલાવ્યા. વિવેકથી નમ્ર બનેલા સગરામજી બાપુના પગમાં બેઠા. બાપુએ પૂછ્યું : ' સગરામ ! સ્વામીનારાયણે તને કઈ પરચો બતાવ્યો ?"

'આપ ખાવંદ ધણી , આપના ખોળામાં મને બેસવા મળ્યું. એ જ મારે મન પરચો. આ અમે વાઘરી , પશુ જેવા તે સ્વામીનારાયણે ધરમ, નિયમ આપ્યા. ને અમને શુદ્ધ કર્યા.' સગરામજીએ નિખાલસભાવે કહ્યું. આ સાંભળી બાપુ રાજી થયાં.

હાલમાં સુરેન્દ્રનગરથી ૧૫ કિમી દૂર આવેલ લીમલી ગામે 'સગરામ ભગતનો કૂબો' શ્રી સ્વામીનારાયણ સંપ્રદાય તરફથી સંપાદિત કરીને સુંદર સંભારણા તરીકે સાચવેલ છે.

## સંદર્ભ સ્ત્રોત :


( ૧ ) બ્રહ્માનંદ સ્વામીનું જીવન ચરિત્ર – શાસ્ત્રી હરિકેશવદાસજી

( ૨ ) કિશોર સત્સંગ પ્રવેશ – સાધુ વિવેકસાગરદાસ , પ્રકાશક – સ્વામીનારાયણ અક્ષરપીઠ , શાહીબાગ રોડ , અમદાવાદ – ૩૮૦ ૦૦૪

( ૩ ) શ્રી દેવીપૂજક ( વાઘરી ) સમાજની વિવિધ શાખોના દેવ –દેવીઓ અને પૂર્વજોની અમર ગાથાઓ – શ્રી ઉમેશ સોલંકી , સ્વ પ્રકાશન , પ્રથમ આવૃત્તિ -૨૦૦૬


(૪)

## કેમેરાના કસબી : શ્રી ધનજીભાઈ તળપદા



ચરોતરનું પેટલાદ ગામ. તળપદા દેવીપૂજક મહેતરિયા શાખમાં ઈ.સ. ૧૯૨૮માં , ધનતેરસના બ્રહ્મમૂહર્તમાં તેમનો જન્મ એટલે નામ પડ્યું –ધનજીભાઈ. પૂરુનામ ધનજીભાઈ કાનજીભાઈ તળપદા. ગુજરાતી એક-બે ચોપડી ભણ્યા વધારે ભણાયું નહિ. કારણ હતું – ગરીબી. તેમનો અંતરાત્મા તો સતત નવું નવું શોધવામાં , નવું નવું જાણવામાં ખોવાયેલો રહેતો. પહેલી વાર તેમણે કેમેરો જોયો ત્યારે તેના જેવો બીજો કેમેરો બનાવવાનું ઘેલું લાગ્યું. પણ ગરીબી તો ઘર કરી ગયેલી. સતત એ કાયમાં જીવ પરોવતા ગયાં. પેટલાદની મિલમાં ટોપલા ઊંચકવાની મજૂરી કરી. સાંજે ઘેર આવીને સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કડરીને કેમેરોના દાગીના બનાવતા. પેટલાદ રેલ્વે સ્ટેશન પર કૂલીની માફક મુસાફરોના સામાન –પોટલાં ઊંચકવાનું કામ પણ કરતા.યુવાન વયે આ ઉત્સાહ વધતો જ ગયો.

સ્વદેશી વસ્તુઓના ઉપયોગથી કેમેરાના જુદાં જુદાં પાર્ટ્સ તૈયાર કરવાં માંડ્યા. જેમાં તેમણે ઘર ઉપર નંખાતા પતરાનો ઉપયોગ કરી મુખ્ય પાર્ટ્સ બનાવ્યાં. ઘરમાંથી એલ્યુમિનિયમના વાસણોનો કેટલાંક ભાગ ઓગાળીને ગરગળી વગેરે જેવાં પાર્ટ્સ તૈયાર કર્યા.પાણીના નળની આંટાવાળી લોખંડની પાઈપનો ઉપયોગ કર્યો. લેન્સ તરીકે પહેલાં બિલોરી કાચ ત્યારબાદ નંબરવાળા ચશ્માના જાડા કાચને ઉપયોગમાં લીધો. એ જમાનામાં ન્હાવા માટેના સાબુની ગોટી મૂકવાની આવતી પતરાની ડબ્બીને પણ ઉપયોગમાં લીધી. આમ , ઈ.સ.૧૯૫૧થી શરુ કરેલી મહેનતના છેક ઈ.સ.૧૯૫૯માં પોતાની કુશાગ્ર બુદ્ધિના પ્રયોગ વડે , કોઈ ગુરુ કે નકશાની મદદ વગર માત્ર સ્વદેશી વસ્તુઓમાંથી કેમેરો બનાવવામાં તેમને સફળતા મળી.



આ બધું પડદાની પાછળ બનતું હતું. તેઓ આ વિશે કોઈને કશું કહેતા નહિ. શરૂઆતમાં તો ફળિયામાં રમતાં બાળકો , ગાડું , ટ્રેન , રખડતાં પ્રાણીઓ વગેરેના ફોટા ખેંચી લઈને નિજાનંદ મેળવતા.ધીરે ધીરે લોકોને ખબર પડતી ગઈ તેમ તેમ લોકો તે કેમેરો જોવા માટે આવવા લાગ્યાં. જે કોઈ આ વસ્તુ જુએ એ તો નવાઈ જ પામે. કેમ કે આખી કંપની જ્યારે કામ કરે ત્યારે કેમેરા જેવી અણમોલ ચીજ બને. ને આ તો એકલા હાથે એક જ માણસે બનાવેલી અકલ્પનીય વસ્તુ હતી.

આ સમયગાળામાં આપણો સમાજ અંધશ્રદ્ધા , ચોરી , ઈર્ષામાં ઘેરાયેલો હતો. એટલે ઘણા લોકોને આ વિશે શંકા – કુશંકાઓ થવા લાગી. કેટલાકે વિચાર્યું કે ક્યાંકથી દાગીના લાવીને અથવા બીજા કેમેરા લાવીને એની કૉપી કરી હશે. પેટલાદમાં રહેતા એક મરાઠીભાઈને આ સાંભળીને આશ્ચર્ય થયું કે કોઈ એકલો માણસ જાતે કેમેરો બનાવે ખરો ?, ને પાછો અભણ એ માન્યામાં નથી આવતું. એટલે તે ભાઈ ધનજીભાઈના ઘરે આવ્યો. જ્યારે તેણે બધાં દાગીના નિહાળ્યા ત્યારે એ તો વિચારતો જ રહી ગયો.

આપણા સમાજને સાક્ષર બનાવવા જાગૃત કરવા જેઓ સતત કાર્યશીલ , પ્રવૃતિમય રહેતા એવા પૂ.સંતશ્રી જંગલેશ્વર મહારાજે આ કેમેરા વિષે સાંભળ્યું ત્યારે તેઓને ખૂબ જ આનંદ થયો. મહારાજે ધનજીભાઈની રૂબરૂ મુલાકાત લીધી. તેઓ બંને મૈત્રીભાવથી બંધાયા. આ સંબંધ છેક જંગલેશ્વર મહારાજના અંત સુધી ટકી રહ્યો હતો. ધનજીભાઈ કહેતા કે, “મહારાજ દિવાળીએ અને બેસતા વર્ષે મારે ઘરે જ હોય. અમારા કુટુંબના એક સભ્ય જાણે બની ગયેલા.” સમય જતાં આ કેમેરાની વાત પૂ. મહારાજે તે વખતના ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી શ્રી જીવરાજ મહેતાના કાને પહોંચાડી. ને આમ ઈ.સ. ૧૯૬૧માં પેટલાદમાં ભરમેદની વચ્ચે મુખ્યમંત્રીના હસ્તે શ્રી ધનજીભાઈને સન્માનપત્ર આપી , શાલ ઓઢાડી , ભેટ આપીને બહુમાન કરવામાં આવ્યું.

સમય જતાં અમદાવાદ ખાતે ‘ગોલીબાર છાપા’ની પ્રેસની આસપાસ આવેલા પ્રદર્શન હોલમાં ધનજીભાઈએ બનાવેલા બે કેમેરાઓ પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા હતાં. આ બધું પૂ.જંગલેશ્વર મહારાજની કૃપાનું ફળ હતું. ધનજીભાઈ કહે છે કે મહારાજના કોઈ મિત્રની ઓળખાણે તેઓ અને મહારાજ પોતે દિલ્હીમાં ગયેલા. ત્યાં પંડિત જવાહરલાલ

નહેરુના ફોટા જાતે બનાવેલા કેમેરા વડે પાડ્યા હતાં. જે આજે પણ તેમની પાસે સંગ્રહેલા છે. તે વખતમાં કલકત્તાથી પ્રસિદ્ધ થતાં એક અંગ્રેજી મેગેઝિનમાં ધનજીભાઈ અને તેમના કેમેરા વિશે લેખ આવ્યો હતો. ધનજીભાઈની નોંધ કેમેરાની કોડક કંપનીવાળાએ પણ લીધી. કોઈપણ નકશાની મદદ વગર બનાવેલા આ કેમેરાની તેઓએ ખૂબ કદર કરી હતી.

આ કેમેરાની બનાવટને લઈને કેટલાંક અવિશ્વાસુ કર્મચારીઓ , રાજકારણીઓ , કલાકારોને શંકાઓ થયેલી. એમાંના કેટલાકે એવું પણ કહ્યું કે – " જો તમોએ ( ધનજીભાઈએ) જાતે આ કેમેરો બનાવ્યો હોય તો અમો તમને એક કામ સોંપીએ તે કરી બતાવો તો મનાય કે તમે ખરેખર કલાના ઉપાસક છો." ધનજીભાઈનું પારખું લેવા માટે તે લોકોએ મહાત્મા ગાંધીજીનું સ્ટેચ્યુ બનાવી લાવવા પડકાર્યા. ધનજીભાઈ તો હાર્યા નહિ. કેમકે તેઓ સાચા કલાકાર હતાં. અને સત્યના શોધકને કોઈ ઝૂકાવી શકતું નથી. ધનજીભાઈએ પોતાની આવડતથી સિમેન્ટ અને રેતીના એક નહી પણ બે સ્ટેચ્યુ બનાવ્યાં. એક મહાત્મા ગાંધીજીનું અને એક જંગલેશ્વર મહારાજનું. આ જોઈને પેલા અવિશ્વાસુઓ તો ધનજીભાઈની સામે ઝૂકી જ ગયાં.

એક બે ચોપડી જેમ તેમ ભણેલો એક માણસ આટલી મોટી સિદ્ધિ પ્રાપ્ત કરે તે આપણા સમાજમાં પહેલું ઉદાહરણ હશે. પેટલાદના સાર્વજનિક પુસ્તકાલય પાસેના મેડા ઉપર રહેતા આ માણસમાં ભલે અક્ષરજ્ઞાન ઓછાં હોય પણ પોતાની વાણી અને વર્તનમાં તેઓ આજના ગ્રેજ્યુએટ કરતાં જરાય ઊતરતા નથી. તેઓએ આત્મરૂપી આધ્યાત્મિક સાહિત્યમાં પણ પોતીકી વાણીમાં ઘણું બધું લખ્યું છે. મોટા મોટા વીસ પચ્ચીસ જેટલાં ચોપડા ભરીને પોતાનું આત્મચિંતન તેમણે લખ્યું છે.

એમનું કુટુંબ ખૂબ જ બહોળું છે. સંતાનો છે, પૌત્રો – પૌત્રીઓ છે. દર ગુરુપૂર્ણિમાના દિવસે તેઓનું ઘર સંતો ભક્તો , સેવકોનો વિસામો બની જાય છે.ખરેખર એમનું જીવન એટલે જ્ઞાન , વિજ્ઞાન અને સેવાનો સમન્વય. ત્યાં કોઈ બુદ્ધિનો ભાર નથી , કોઈ ડીગ્રીની લાયકાત નથી. કોઈ લાલચ નથી. કોઈ ઈર્ષા કે સ્વાર્થ નથી. ત્યાં છે માત્ર ને માત્ર પ્રેમ , કરુણા અને માણસ પ્રત્યેની મહોબ્બત. આવા મહાપુરુષ ઈ.સ. ૨૦૧૮માં આ ફાની દુનિયા છોડીને કાયમ માટે ઈશ્વરના દરબારમાં ગયાં.

( ૫ )

## ચરોતરના લોકભજનિક : સ્વ.પોપટભગત



ઈ.સ. ૧૯૪૮-૪૯ની આસપાસ તેમનો જન્મ. વતન ચરોતરપંથકનું પીપળાવ. વારસામાં ધાર્મિકવૃતિ ધરાવનાર માતા પિતા દ્વારા ભક્તિરસના સંસ્કાર મળ્યા. ગામમાં કોઈ સંત કે કથાકાર આવ્યા હોય ત્યારે એમની માતા ગમે ત્યાંથી ફૂલો લાવીને મોટો હાર ગૂંથીને આવેલ સંત – મહાત્માને અનન્યભાવથી છેક ભરી સભામાં જઈને પહેરાવે. આવી એમની ધર્મભાવના. આવી સંસ્કારી જનેતાના ઉદરે ચરોતરના તળપદા દેવીપૂજક સમાજમાં લોક ભજનિક વ્યાખ્યાનકાર એવા પૂ.જયંતિભાઈ ઉર્ફે પોપટભાઈનો જન્મ થયો.

ગામની શાળામાં ભણતા ત્યારથી જ ભજન અને ભક્તિમાં વધુ લગાવ. એ બીમાર હોય કે અન્ય કોઈ કારને શાળામાં ન પહોંચે ત્યારે એમના વગર પ્રાર્થના સાવ ખાલી ખાલી લાગે. કેમકે દરરોજ પ્રાર્થનામાં પોતાની આગવી શૈલીમાં ભજનો બોલે. હાર્મોનિયમ વગાડે. હૃદયની ઊર્મીઓ પોતાના કરુણરસમાં ભેળવીને આખ્યાન કહે ત્યારે તો શિક્ષકો સરખાય એમનાથી ખોવાઈ જતા.

સૂરની દેવી મા સરસ્વતીએ આ તળપદા દેવીપૂજકકૂળમાં જન્મેલા દીકરાને એનાં કંઠે શોભે તેવી અકલ્પ્ય અને અણમોલ ભેટ આપી હતી. એમના ભાગવા ભજનિયા અને દેશી ઢબની આખ્યાનવાણીથી વિદ્યાર્થીઓ અને શિક્ષકો એમના પર ફિદા હતાં. પ્રાર્થનાસભામાં 'નરસિંહ મહેતાનું 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ', ' જળકમળ છાંડી જા ને બાળા' જેવાં પ્રસિદ્ધ ભજનો પોતાના દેશી ઢાળે કરૂણરસમાં એવી રીતે ગાતા કે સાંભળનારનું હૃદય પીગળી જતું. એક વાઘરીના દીકરાના કંઠે આવી પોપટ જેવી મીઠી વાણી નીકળતી જોઈ , બધાં એમને 'પોપટ' કહીને જ બોલાવતા.

આ સમયગાળામાં દેવીપૂજક સમાજમાં શિક્ષણ ખૂબ જ ઓછું હતું. અને સમાજ પણ ઘણો પછાત અને ગરીબાઈમાં પીડાતો હતો. જેમ તેમ કરીને તેઓ સાત ચોપડી ભણ્યા. હવે ભણતરમાંથી મન ઊઠી ગયું. છતાં પાછળથી એમના પિતાજીએ 'દેથલી' ગામે ભણવા મૂકયા. ત્યાં વરસ – દોઢ વર્ષ જેમનું તેમનું કાઢ્યું. કેમેકે ભજન અને ભક્તિમાં પરોવાયેલો એમનો આત્મા ' ચાર દિવાલો'માં ભરાઈ રહેવા માંગતો ના હતો. પછી શાળા છોડી જ દીધી.

નાની ઉંમરથી જ મજૂરી કરવી પડી હતી. ઘરમાં ટેકો કરવા માટે લગ્નમંડપ (માંડવા) બાંધનારની સાથે મજૂર તરીકે જોડાયા. પાછળથી ધર્મજવાળા કોઈ ભાઈ પાસેથી લાઈટીંગ ડેકોરેશન કરવાનું શીખ્યા. ત્યાંથી મહુધાના ઈસ્માઈલ રસૂલ સાથે ડેકોરેશન મંડપનું કામ શરુ કર્યું. એકાદ વર્ષ ત્યાં રહ્યાં.

ઉંમરલાયક થતાં લગ્ન થયાં. પછી ધર્મ પત્ની સાથે મહુધામાં દેવીપૂજક સમાજના ગોવિંદભાઈ પોલીસવાળા એક સજ્જન પુરુષ હતાં તેઓના મેડે (ઘેર) રહ્યાં.આમ તેમનું સંસારચક્ર છાલું જ હતું એ જ વખતે એક પ્રસંગ બન્યો :

મહુધામાં દેવીપૂજક સમાજના ફળિયામાં કોક માણસ ગુજરી ગયેલું. આથી ત્યાં ભજન બેઠેલું. મેડા પર સૂતેલા પોપટભાઈએ આ ભજનના હાર્મોનિયમના સૂર સાંભળ્યા.બાળપણથી જ રંગાયેલો પેલો ભજનપ્રેમી આત્મા ફરી જાણે સળવળ્યો. તે ઊભા થઈને ફળિયામાં પહોંચી ગયાં. ત્યાં જઈને હાર્મોનિયમ , તબલાં , એકતારો બધું જોયું. એટલે સુષુપ્ત જિજ્ઞાશાઓ ફરીથી જાગી. એ પહેલાં ક્યારેય જાહેરમાં ગાવાની કોઈ તક મળેલી નહિ. વાજાપેટી લઈને ગાવાનું મન તો થઈ ગયું પણ બીજા ભજનીકો –ભક્તો આગળ શરમ અનુભવી. જો કે પહેલેથી જ કથા – ભજનો મોઢે હતાં. તેથી ગભરાયા તો નહિ. અંતે ફળિયાના લોકોના કહેવાથી તેમણે વાજાપેટી હાથમાં પકડીને પોતાનું સૌથી પ્રિય 'ચંદન મલિયાગીરી'નું આખ્યાન શરૂ કર્યું. બેઠેલો શ્રોતાગણ આત્માના નાદથી નીકળેલા સૂરોમાં ભીંજાવા લાગ્યો. લોકો એમનામાં લીન થતાં ગયાં. પછી બધાએ આ આખ્યાન એમની પાસેથી જ પૂરું કરાવ્યું. અહીં એમની ભજનયાત્રા શરુ થઈ.

પછી તો મહુધા વિસ્તારમાં જ્યાં જ્યાં પણ ભજન હોય ત્યાં ત્યાં પોપટભાઈને અવશ્ય આમંત્રણ મળે. થોડોક સમય મહુધામાં રોકાઈને પછી પોતાના વતન પીપળાવ આવી ગયાં. તે વખતે તેમના ઘરડા બાના મરણપ્રસંગે પોતાના અન્ય ભાઈઓનો સાથ મળતાં સાજીંદાઓ સાથે હાર્મોનિયમ લઈને પહેલીવાર પોતાના જ ફળિયામાં ભજન કાર્યક્રમ કર્યો.તે દોર છેક જીવનના અંત સુધી ( ઈ.સ.૨૦૧૨ )ચાલતો રહ્યો. 'ચંદન માલિયાગીરી' , 'શેઠ શગાળશા' , નળ-દમયંતી' , 'બાલુ ભડવારણ' , 'ખોડુભા-ચારણ'વગેરે જેવા ૧૬૨થી વધુ આખ્યાનો તેમને કંઠસ્થ હતાં. ભજન ગાવાની અને આખ્યાન કહેવાની તેમની પોતાની આગવી શૈલી હતી. ધીરે ધીરે તળપદા દેવીપૂજકોમાં એમની ચાહના વધવા લાગી. નડીયાદ, કઠલાલ, કંજોડા , બાલાસિનોર , જેવા વિસ્તારો ઉપરાંત મહીકાંઠાના ગામડાઓમાં ભજન તો પોપટ ભગતનું જ હોય. એમની લોક ચાહના એટલી તીવ્ર હતી કે અન્ય કોઈ ભજનિક ભલે સારું ગાતો હોય પણ પોપટ ભગત સિવાય કોઈને આમંત્રણ ના મળે !

એ સમયમાં એમની તળપદા દેવીપૂજકોમાં.એટલી નામના હતી કે એમના રાગ – ઢાળ અને સૂર શૈલીની અન્ય ભજનિકો , ભગતો નકલો કરતા થઇ ગયેલા. એમાંના કેટલાંકે ઓ પોપટ ભગતને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા હતા.

માત્ર ભજનિક તરીકે જ નહિ કિંતુ એક સમાજ હિતેચ્છુ અને સમાજસેવક તરીકે તેમણે સેવા કરી છે. જેમાં કાનમ વિસ્તારના પાદરા પંથકમાં ગજેરામાં પાંચ વર્ષ રહીને ભજનોના કાર્યક્રમ કરીને બધે ફરીને લોકફાળો ઉઘરાવીને ત્યાં રામદેવપીરનું એક મોટું મંદિર બંધાવડાવ્યું હતું. આવી જ રીતે ચરોતરના આંકલાવ વિસ્તારમાં આવેલું રૂપણ માતાજીનું મંદિર બનાવવા માટે ચરોતરના ગામડે ગામડે ફરીને રૂપિયો રૂપિયો ઉઘરાવીને માતાજીનું ભવ્ય મંદિર બનાવવામાં મદદ કરી હતી.

પોતાના સમાજમાં ચાલી પચાસ વર્ષોથી એક લોક ભજનિક તરીકે પોતાની આગવી ઓળખ ઊભી કરનાર , એમના ભજનો –આખ્યાન – દ્રષ્ટાંતો સાંભળીને કેટલાંય લોકોએ દારૂનું વ્યસન મૂકી દીધું. તો કેટલાય ચોરી જેવા ગુનાઓ છોડીને પ્રભુ ભક્તિમાં લીન થયાં.એમના કરૂણ અને ભાવ ભીના આખ્યાનોની આ સમાજમાં ખૂબ અસર થઇ છે. તેમનાં કારણે આ સમાજ ભજનમાં બેસતો થયો છે.

પોતાની આખી જિંદગી ભજન ભક્તિના સદ્માર્ગે વાપરી , સમાજની સેવા કરી આખરે ઈ. સ. ૨૦૧૨માં પોતાના વતનમાં ટૂંકી બીમારી ભોગવીને છેલ્લાં શ્વાસ લીધા.

સંદર્ભ સ્ત્રોત :

દેવીપૂજક સંદેશ , અમદાવાદ ( તા. ૧/૧૦/૨૦૧૨- શાર્દૂલ તળપદા )

શ્રી ધરમશી રાજા ઉત્તમ હાર્મોનિયમ-વાદક પણ હતા. તેઓ કવ્વાલો સાથે હાર્મોનિયમ વગાડવા જતા. એ સમયમાં એમની બરાબરી કરી શકે એવો કોઈ હાર્મોનિયમ વાદક ગુજરાતી સંતવાણી કે સુગમ સંગીતના ગાયકોમાં નહોતો. એ અચરજ પમાડે તેવી વાત છે !

તેમનો વિવાહ સુંવાળ-૮૪ની શાખમાં બરાસર ગામે રહેતા કંચનબહેન સાથે થયો હતો. સંતાનોમાં ત્રણ દીકરા અને બે દીકરીઓ હતી. તેમણે દીકરીઓને સિંગાપુર પરણાવી હતી.

ગુજરાતમાં તેઓ દેવીપૂજક સમુદાયમાં 'આખ્યાનકાર' તરીકે વધુ જાણીતાં બન્યા હતાં. એ સમયમાં તેમણે 'રામદેવ લીલામૃત' , 'શ્રવણનું આખ્યાન' , 'જેસલ-તોરલનું આખ્યાન', 'પાર્વતીજીની મોજડી', 'શીબીરાજા આખ્યાન' , 'ભગવાન શિવનો વરઘોડો' જેવા આખ્યાનો ઉપરાંત 'મીરાંબાઈના ભજનો' , 'નરસિંહ મહેતાના ભજનો' , 'જાગો જલારામ', 'ગંગાસતીના ભજનો' , 'રામદેવપીરના ભજનો' વગેરે જેવી ભજનવાણીની કેસેટ્સ લોકો સમક્ષ આપી હતી.

ધરમશી રાજાએ ઘણાં નવોદિત કલાકારોને સહકાર આપીને ખ્યાતિ અપાવી હતી જેમાં – રાજલ આચાર્ય , મહેન્દ્ર ઓઝા અને ગોવિંદ રાજા જેવા નામો જાણીતાં છે.

સંગીત , સૂર અને શબ્દના રાજા એવા ધરમશી રાજાનું અવસાન તા. ૩૦ / ૦૮ /૧૯૮૫ રક્ષાબંધનના પવિત્ર પર્વે મુંબઈ ખાતે થયું હતું. તેમની ઘણી બધી રચનાઓ જાણીતી છે પણ એમની એક અમર રચના અહીં રજૂ કરું છું :

ઘરમાં કાશીને ઘરમાં મથુરા ઘરમાં છે ગોકુળિયું ગામ
ભાઈ મારે નથી જાવું તીરથ ધામ...
નિત સવારમાં વહેલાં ઊઠીને માતા પિતાને કરીએ પ્રણામ
પહેલાં માતા ને પછી પિતાજી , પછી લેવું હરિનું નામ
ભાઈ મારે નથી જાવું તીરથ ધામ...

માત પિતાના ચરણ કમળમાં , અડસઠ તીરથ ધામ,

માત પિતાના જેને દલડાં દુભાવ્યાં , તીરથ આવે નહિ કામ

ભાઈ મારે નથી જાવું તીરથ ધામ...

માત પિતાની સેવા કરતા મરાણા શ્રવણકુમાર...

ઈતિહાસ એનો અમર લખાણો , જુગ જુગ અમર છે નામ

ભાઈ મારે નથી જાવું તીરથ ધામ...

ભવસાગરમાં ભટકો નહિ ભાઈ , સાચો છે આતમરામ,

માત પિતાના જેને દલડાં દુભાવ્યાં , તીરથ આવે નહિ કામ

ભાઈ મારે નથી જાવું તીરથ ધામ...

ભક્તિ કરતાં દેવ દેવી મળે છે , પ્રભુ મળે છે તમામ,

કોઈ પણ કિંમતે કહે ધરમશી , માવતર ન મળે કોઈ ગામ...

ભાઈ મારે નથી જાવું તીરથ ધામ...


સંદર્ભ સ્ત્રોત :

- શ્રી અજિત પોપટ ( ગુજરાત સમાચાર તા.૧૨/૦૫/૨૦૧૫, ટુ ધ પોઈન્ટ કોલમ )
- શ્રી ગોવિંદ રાજા ( દૈ.પૂ.સંદેશ , અમદાવાદ તા. ૧/૦૬/૨૦૧૫ )

# અભ્યાસના તારણો

'ચરોતરના તળપદા દેવીપૂજકોનો ઈતિહાસ અને પરંપરાઓ ' અભ્યાસ ગ્રંથ કેટલાંક મહત્વના હેતુઓને લક્ષમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે. આ જ્ઞાતિનું સામાજિક જીવન અને તેમના પરંપરાગત લોકજીવનને જાણવાનો હેતુ એમાં જોડાયેલો છે. તેઓનો જાતિગત ઈતિહાસ , તેઓમાં ઉજવાતા તહેવારો, વિધિઓ, પર્વો, લગ્ન-મૃત્યુ સંબંધી પરંપરાઓ , તેઓમાં પૂજાતા દેવ-દેવલા વગેરે જાણવાનો હેતુ રહ્યો છે. તેઓની કુટુંબ વ્યવસ્થા , આર્થિક તેમજ ધાર્મિક વ્યવસ્થા વિશેની જાણકારી કે માહિતી આ પ્રયાસ દ્વારા સાંપડે છે.

ગુજરાતમાં દેવીપૂજક જાતિ અંગેના કેટલાંક સમાજ શાસ્ત્રીય સંશોધનો થયાં છે. તેમાં ચરોતર પંથકનો આ પ્રથમ પ્રયાસ છે. આ સંશોધનમાં ખાસ તો તળપદા દેવીપૂજક સમુદાયની વિશેપતાઓ અને એમની ભાતીગળ જીવન પ્રણાલીઓ જાણવાનો નમ્ર પ્રયાસ છે.

આ અભ્યાસ માટે જેટલાં મેળવી શકાય તેટલાં સંદર્ભ ગ્રંથો ,સામાયિકો ઉપરાંત વહીવંચા–બારોટો અને લોકકહેણીનો આશરો લીધો છે. વિવિધ સંદર્ભ ગ્રંથોના લખાણ અને લોકકથાઓના મંતવ્ય મુજબ તળપદા દેવીપૂજક જ્ઞાતિ મૂળ વાઘરી કોમની નહિ કિંતુ રજપૂત કોમમાંથી વટલાયેલી જણાય છે. તેઓનું મૂળ રાજપૂતવંશમાં જ પડેલું છે. પણ તેનો કોઈ સચોટ ઈતિહાસ વહીવંચા બારોટના ચોપડા સિવાય બીજે ક્યાંય જોવા મળતો નથી. આ કોમ અન્ય કોમ સાથે કેમની ભળી એ અંગેની ચર્ચા પ્રકરણ – ૩માં કરી છે. ચરોતરના આણંદ અને ખેડા જિલ્લામાં વસતાં તળપદા દેવીપૂજકોની વસ્તી અને વસવાટના ગામડાઓ અંગે પ્રકરણ–૨માં નોંધ લીધી છે.

અન્ય જ્ઞાતિ સમુદાયની માફક આ જ્ઞાતિ પણ પોતાના રીત રિવાજો ધરાવે છે. જે અન્ય જ્ઞાતિથી પોતાને અલગ પાડે છે. આ વિશે પ્રકરણ-૩માં વિગતવાર ચર્ચા થઇ છે. આ પ્રકરણમાં આ સમુદાય ની અનેક શાખાઓનો ઉલ્લેખ પણ થયો છે.

ધાર્મિક પરિસ્થિતિના સંદર્ભે જાણવા મળે છે કે આ જ્ઞાતિના જીવનમાં ધાર્મિક માન્યતાઓ એટલી બધી પ્રવર્તે છે કે તેના જેટલું પ્રમાણ અન્ય સમુદાયોમાં ક્યાંય જોવા મળતું નથી. દાણા – જોશ જોવાનો રિવાજ , ગોયણીનો રિવાજ , જુદાં જુદાં મઢના રિવાજો , શિકોતર અને પૂર્વજોની વિધિઓ , વરોમણ વાળવાનો રિવાજ , દેવી કે માતાજીની વાતો સાંભળવાનો રિવાજ વગેરે આ સમાજ સાથે વણાઈ ગયું છે. સાચું ખોટું જોવાની જુદી જુદી પ્રણાલીઓ આ સમાજમાં ખૂબ મોટા પ્રમાણમાં છે. જેની ચર્ચા પ્રકરણ- ૩માં કરવામાં આવી છે. આ પ્રકરણમાં આ સમુદાયની લોક કળાઓ , ચંદરવા – પછેડી , ચંબર બનાવવાની રીત વગેરે વિશેની સમજૂતી આ પ્રકરણમાં આપવામાં આવી છે.

તળપદા દેવીપૂજકોનો ધર્મ અને ધંધો , પોતાની ઉત્પત્તિની દંતકથાઓ , સંસ્કાર વિધિઓ , લગ્ન – મરણની વિધિઓ , ભૂવાનું મહત્વ અને આ સમુદાયમાં પ્રચલિત માન્યતાઓ અને અંધશ્રદ્ધાઓ વિષે નોંધ પ્રકરણ – ૩માં જોવા મળે છે.

પ્રકરણ - ૪માં તળપદા દેવીપૂજકોની બોલી વિશે તથા તેના નમૂના આપીને તેમની પારસી બોલીનો નાનકડો શબ્દકોશ પણ આપ્યો છે. પ્રકરણ – ૫માં આ સમુદાયમાં પૂજાતાં દેવી દેવતાઓ અંગેની વિસ્તૃત માહિતી આપી છે. તેઓ પોતાની કૂળદેવીને પ્રસન્ન કરવાં માટે બકરાની બલી આપે છે. જે ધાર્મિક અંધશ્રદ્ધા તરફ ધ્યાન ખેંચે છે. આ લોકોમાં ભૂવાનું આગવું મહત્વ જણાય છે. આ લોકો સંકટ કે દુઃખના સમયે ભૂવા પાસે જઈને દાણા

જોવડાવીને કે બોકડો લેવડાવીને તેઓના કહેવા પ્રમાણે યોગ્ય વિધિ કરાવે છે. જે આંધળી અંધશ્રદ્ધા તરફનું વલણ તેઓમાં જોવા મળે છે.

પ્રકરણ-૫માં તળપદા દેવીપૂજકોના ધાર્મિક ઉત્સવો અને પર્વો જેમકે માતાજીનો માંડવો , દિવાસાનો તહેવાર ,વિવિધ વ્રતો વગેરેની નોંધ લેવાઈ છે.

આમ, ચરોતરના કેટલાંક ગામડાઓમાં ઠીક ઠીક ફરીને આ સમુદાયના લોકોને પ્રત્યક્ષ મળીને-ભળીને તેમનામાં વિશ્વાસ અને શ્રદ્ધા ભરીને આ વિસરાઈ ગયેલા સમુદાય વિશે કંઈક મેળવી શક્યો છું. આ સમાજમાં ગવાતી - ચર્ચાતી દેવ દેવીઓની સ્તુતિઓ કે કથાઓ – રેગડીઓ ગાતાં લોકગાયકો , જાગરિયા ઓને મળીને તેમની પાસેથી સંગ્રાહયેલી દેવીકથાઓને જાણવાનો અને માણવાનો પ્રત્યક્ષ અનુભવ કર્યો છે. તેઓની પાસેથી કઢાવી શકાય એટલી વિગતો કાઢવા પ્રયત્નો કર્યા છે. છતાંય આ સમુદાયમાં આવા અનેક લોકગાયકો અને લોક વાર્તાકારો રહી ગયાં છે.

## <u>તારણો :</u>

- ચરોતરના તળપદા દેવીપૂજકોના જન્મ મરણના રિવાજો દ્વારા જણાય છે કે આ જ્ઞાતિ હિંદુ ધર્મ પાડે છે.

- પ્રચલિત લોકકથાઓ અને રેગડીઓમાં આવતા સંદર્ભો દ્વારા ફલિત થાય છે કે આ જ્ઞાતિ મૂળ રજપૂતવંશમાંથી વટલાયેલી છે.

- ચરોતર પરગણાંમાં તેમના વસવાટના ગામોમાં બેતાલીસ પરગણું , બાવીસી પરગણું અને બોરસદ પરગણું જોવા મળે છે.

- આ સમુદાયમાં નિરક્ષરતાનું પ્રમાણ વધુ છે.
- આ સમુદાય દેવીમાં ખૂબ જ શ્રદ્ધા ધરાવે છે અને તેમાં વધુ મહત્વ આપે છે.
- દેવીપૂજકોની સંસ્કાર વિધિઓ અન્ય સમુદાયમાં ભિન્ન છે અને ખાસ પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે.
- આ જ્ઞાતિ ધાર્મિક , સામાજિક દ્રષ્ટિએ હિંદુ જ્ઞાતિ વ્યવસ્થા સમાવિષ્ટ થતી ગણાતી છે.
- બાળલગ્નોનું પ્રમાણ જોવા મળે છે.
- લગ્નગીતો , રેગડીઓ ( દેવી કથાઓ / સ્તુતિઓ )વગેરેના સૂક્ષ્મ અભ્યાસથી ફલિત થાય છે કે આ સમુદાય પાસે આગવી બોલી અને કંઠ છે.
- તળપદા દેવીપૂજકો તેમનાથી નિમ્ન કોમ સાથે રોટી – બેટીનો વ્યવહાર રાખતાં નથી. વેડું વાઘરીને તેઓ પોતાનાથી નિમ્ન માને છે.
- તેમનામાં એક સરખી શાખોમાં લગ્ન – સગપણ થતું નથી.પરંતુ તળપદાની જ જુદી જુદી શાખોમાં સગપણનો વ્યવહાર થાય છે.
- આ જ્ઞાતિમાં એકસાથી લગ્ન પ્રથા જોવા મળે છે.
- તેઓ મોટા ભાગે પોતાની જ્ઞાતિમાં જ લગ્નો કરે છે. આ લગ્નો મા-બાપ કે વડીલોની પસંદગી પ્રમાણે થતાં હોય છે.
- સમાજમાં પુનઃ લગ્ન થઇ શકે છે.

- તેઓ પરંપરાગત રિવાજો અને ધંધો જાળવે છે.

- આ સમુદાયમાં દીકરી પાસેથી દહેજ લેવાતું નથી પણ અપાય છે. જે દીકરી માટે આશીર્વાદરૂપ ગણાવી શકાય. આ સમુદાયમાં દીકરી કે દીકરા વચ્ચે કોઈ ભેદભાવ નથી. બંનેને સમાન હક મળે છે.

- આ સમુદાય પોતાની રૂઢિગત પરંપરાઓ અને અંધ વિશ્વાસમાં માને છે.

- તળપદા દે.સ્ત્રીઓ નિરક્ષર હોવા છતાં સ્વરોજગારી કરે છે.

- કોઈપણ મુશ્કેલી કે આફતમાં કુટુંબીજનો અને ભૂવાનું માર્ગદર્શન લે છે.

- વ્યક્તિના મૃત્યુ બાદ એની તમામ મરણ વિધિઓ થાય છે. જેની સાથે ધાર્મિક માન્યતાઓ જોડાયેલી છે.

- આ સમુદાયમાં માતાજીના મઢ બે પ્રકારના છે : ચોખટિયા મઢ અને વિહોદિયા મઢ. આ બંને મઢના કૂળદેવી અલગ અલગ હોય છે.

- મોટાભાગનો વર્ગ નિરક્ષર હોવા પાછળનું મુખ્ય કારણ તેઓની આર્થિકસ્થિતિ જવાબરૂપ ગણાવી શકાય. નાનપણથી જ બાળકને મજૂરીકામે વળગાળી દેવામાં આવતું હોવાથી તે શિક્ષણથી વંચિત રહે છે.

- આ સમુદાયમાં ખેતમજૂરી ઉપરાંત શાકભાજી , ફળફળાદીની ફેરી ફરવી , લાકડાં કાપવા , બેન્ડવાજા વગાડવા વગેરે વ્યવસાયો જોવા મળે છે.

# પરિશિષ્ટ -૧

# તળપદા દેવીપૂજકોના લગ્નગીતો

(૧)

**સગાઈની સાડી**

સગાઈની સાડી બેની કોણે મોકલાયા,

એમના સસરા દેસાઈએ સાસુએ મોકલાયા...

સગાઈનાં ઝાંઝર બેની કોણે મોકલાયા,

એમના દાદા સસરાએ દાદીસાસુએ મોકલાયા...

સગાઈના દોરા બેની કોણે મોકલાયા,

એમના કાકા સસરાએ કાકીસાસુએ મોકલાયા...

હાથની ઘડિયાળ બેની કોણે મોકલાયા,

એમના મામાસસરાએ મામીસાસુએ મોકલાયા

(કુટુંબીજનોના નામ ઉમેરીને આ ગીત આગળ ચાલે છે.)

(૨)

કાશીની વાટે પેપરી રે...

કાશીની વાટે પેપરી રે

ખાજરીયારા પાનાં રે ઘેલારાજ

કાશીમાં જઈએ તો બહુ સારું રે...

માડી વિના ચ્યો પરણ્યા રે

ભૂવા વિના શો હેત રે

કાશીમાં જઈએ તોં બહુ સારું રે...

બાપુ વિના ચ્યો પરણ્યા રે

માડી વિના શો હેત રે

કાશીમાં જઈએ તો બહુ સારું રે...

ભાઈ વિના ચ્યો પરણ્યા રે

ભોજાઈ વિના શો હેત રે

કાશીમાં જઈએ તો બહુ સારું રે...

મામા વિના ચ્યો પરણ્યા રે

મામી વિના શો હેત રે

કાશીમાં જઈએ તો બહુ સારું રે...

માડી વિના ચ્યો પરણ્યા રે..

(૩)

જેઠ મહિનાનું જેમ્બુ...

જેઠ મહિનાનું જેમ્બુ ગિરધર જેઠ મહિનાનું જેમ્બુ (૨)

જેઠ બેઠો ને જાંબુ પાક્યું ભરવાડિયા ....

અંગ પરમાણે દોરલા ગિરધર(૨)

ફરતી પાંદડીનો ઝોલો લાગ્યો ભરવાડિયા..

અંગ પરમાણે હાડીઓ ગિરધર(૨)

પાલવનો ઝોલો લાગ્યો ભરવાડિયા..

હાથ પરમાણે વીંટીઓ ગિરધર(૨)

ફરતાં નંગોનો ઝોલો લાગ્યો ભરવાડિયા..

ડોક પરમાણે હારલા ગિરધર (૨)

ફરતાં પાનાંનો ઝોલો લાગ્યો ભરવાડિયા

જેઠ મહિનાનું જેમ્બુ...

(જુદાં જુદાં ઘરેણાંના નામ ઉમેરીને આ ગીત આગળ વધે છે)

(૪)

વીરા સામે છેડે પાકી દરાક..

વીરા સામે છેડે પાકી દરાક..

મારા કયા ભઈ ચઢી ચઢી વેડે આંબો મોરિયો..

મારા સીતાબુન ખોરલા ધરો આંબો મોરિયો

વીરા અવરેલા અવરેલા વેડો ફૂંજાય છે ચુંદડી

વીરા સામે ...

મારા કયા ભઈ ચઢી ચઢી વેડે આંબો મોરિયો..

મારા રેવાબુન ખોરલા ધરો આંબો મોરિયો

વીરા અવરેલા અવરેલા વેડો ફૂંજાય છે ચુંદડી

વીરા સામે ...

મારા કયા ભઈ ચઢી ચઢી વેડે આંબો મોરિયો..

મારા મધુબુન ખોરલા ધરો આંબો મોરિયો

વીરા અવરેલા અવરેલા વેડો ફૂંજાય છે ચુંદડી

વીરા સામે ...

(૫)

<u>હાથી દાંતની માંચી રે...</u>

હાથી દાંતની માંચી રે માંચી મારે રતને જડી

માંચીએ બેઠા રામભઈ રે માતાજીને અરજ કરે..

માતા કન્યા જોજો રે સોના રૂપા દેજે ભર્યા

હાથી દાંતની માંચી ...

માંચીએ બેઠા જીવાભઈ રે માતાજીને અરજ કરે..

માતા કન્યા જોજો રે સોના રૂપા દેજે ભર્યા

હાથી દાંતની માંચી ...

માંચીએ બેઠા કિશનભઈ રે માતાજીને અરજ કરે..

માતા કન્યા જોજો રે સોના રૂપા દેજે ભર્યા

હાથી દાંતની માંચી ...

માંચીએ બેઠા શંકરભઈ રે માતાજીને અરજ કરે..

માતા કન્યા જોજો રે સોના રૂપા દેજે ભર્યા

હાથી દાંતની માંચી...

( ૬ )

<u>અણીયારે મા મને ના દેશો જો</u>

અણીયારે મા મને ના દેશો જો

અણીયારે દેશો તો સાસુ લોભણી

ઓશિંગણે ઓઢણી વહું તારી પરસાળે રાસલડી

ઓરડાને પરસાળે વહું તારા બેડલા...

રાસલડી ના પોંકે જો મા મારો ઘડુલો ના ડૂલે જો

કૂવાને પાલવડે ઉંજી આથમ્યા રે ...

આણીયારે મા મને ના દેશો જો ....

આવતું પંખી જતુ પંખી , સંદેશો લઇ જાજો,

જઈ બાપુને કેજો પણ મારી માડીને ન કેજો જો

માડી છે દયારું માથા ફોડશે ..

રાસલડી ના પોંકે જો મા મારો ઘડુલો ના ડૂલે જો

કૂવાને પાલવડે ઉંજી આથમ્યા રે ...

આણીયારે મા મને ના દેશો જો ....

આવતું પંખી જતુ પંખી , સંદેશો લઈ જજો,

જઈ વીરાને કેજો પણ મારી ભાભીને ન કેજો જો

ભાભી છે લટકાળી મેણા મારશે ...

ચાસલડી ના પોંકે જો મા મારો ઘડુલો ના ડૂલે જો

કૂવાને પાલવડે ઉંજી આથમ્યા રે ...આણીયારે

(૭)

<u>લીલો પીળો પાનેતરનો રંગ</u>

લીલો પીળો પાનેતરનો રંગ

મારી બેનીને આ શું ઝોલો લાગીયો રે

સાડીઓવાળા સાડીઓ સારી લાવ ,

મારી બેનીને પાલવનો ઝોલો લાગીયો રે ..

બુટ્ટીઓવાળા બુટ્ટીઓ સારી લાવ ,

મારી બેનીને ઝૂમખાંનો ઝોલો લાગીયો રે ..

દોરલાવાળા દોરા સારા લાવ ,

મારી બેનીને ડોકાનો ઝોલો લાગીયો રે ..

ઝાંઝરવાળા ઝાંઝર સારી લાવ ,

મારી બેનીને પાંદડીનો ઝોલો લાગીયો રે ..

લીલો પીળો વીટીઓ

(૮)

<u>ઓરડા લેંપાઓ પરસાળ લેંપાઓ</u>

ઓરડા લેંપાઓ પરસાળ લેંપાઓ

સિંદૂર ઓકારી પડાવો મારા પિયુજી...

સાસુ રે તેડાવો  નણંદી તેડાવો

જેઠાણીને આપ તેડવા જાવ મારા પિયુજી ...

સાસુને ગાડા નણદીને દમણીયા,

જેઠાણીને મઘમઘતી વેલ પિયુજી ..

સાસુ તો ખાય જશે , નણદી વગોઈ જશે

જેઠાણીને કાલે પાછા વરશે પિયુજી...

સાસુને શીરા નણદીને કંસાર ,

જેઠાણીને પાંચે પકવાન મારા પિયુજી ..

સાસુને હાડલાં નણંદીને વાયદા ,

જેઠાણીને મઘમઘતી સાડી મારા પિયુજી..

(૯)

<u>રસ ઓરડા રસે ગાર</u>

રસ ઓરડા રસે ગાર ઘલાવો પાડે છે ઓકરી,

મારાં કંકુબા રે એમની સખીઓ પાડે છે ઓકરી..

સાથે લાવજો દારૂડિયા સાત પાડે છે ઓકરી,

સાથે લાવજો રે બંદુકિયા સાત પાડે છે ઓકરી...

મારા રેવાબા રે એમની બેની પાડે છે ઓકરી,

સાથે લાવજો નાચણીયા સાત પાડે છે ઓકરી

રસ ઓરડા રસે ગાર ....

(૧૦)

<u>હાથમાં નાળીયેર ભૈઈની કોટે વરમાળા</u>

હાથમાં નાળીયેર ભૈઇની કોટે વરમાળા

માથામાં મોળિયાં ભૈઇના કોણે મોકલાયા ...

ભૈઈનો સરદાર ભૈઇની સાસુએ મોકલાયા...

હાથમાં નાળિયેર ભૈઇની કોટે વરમાળા

કોટના ટુંપિયા ભૈઇના કોણે મોકલાયા

ભૈઇનો મામો જમાદાર ભૈઇની મામીએ મોકલાયા...

હાથમાં નાળિયેર ભૈઇ કોટે વરમાળા ,

હાથોની ઘડિયાળ ભૈઇની કોણે મોકલાયા

ભૈઇનો કાકો કલેક્ટર ભૈઇની કાકીએ મોકલાયા...

( ૧૧ )

વેંછી ચડ્યો રે કમાડ

વેંછી ચડ્યો રે કમાડ વેંછી વેતનો રે

વેંછી કેડ્યો સુધા વહુંને વેંછી વેતનો રે

મારા નરેશભાઈ તે ઓળાખોડા પાથરે રે

તમને હૂપડુ આલું જાર...

મારી રોતી રાખો નાર ...વેંછી વેતનો રે ...

વેંછી ચડ્યો રે કમાડ વેંછી વેતનો રે

વેંછી કેડ્યો ચંપા વહુંને વેંછી વેતનો રે

મારા દિનેશભાઈ તે ઓળાખોડા પાથરે રે

તમને ખોબો આલું ધાણી...

મારી રોતી રાખો રાણી ...વેંછી વેતનો રે...

( ૧૨)

સોનાની સડીઓનો બાંધ્યો રે અન્દોરો

સોનાની સડીઓનો બાંધ્યો રે અન્દોરો

એ રે અન્દોરે વીરને કેને રે રમાડે ?

એરે એન્દોરે વીરના માતા રમાડે

બાપુના હેત તમે મેલો કાનજી વીરા

માતાના હેત તમને વાલેરા લાગ્યા ...સોનાની...

એરે એન્દોરે વીરના દાદા રમાડે

દાદાના હેત તમે મેલો કાનજી વીરા

દાદીના હેત તમને વાલેરા લાગ્યા ....સોનાની...

એરે એન્દોરે વીરના કાકા રમાડે

કાકાના હેત તમે મેલો કાનજી વીરા

કાકીના હેત તમને વાલેરા લાગ્યા ....સોનાની...

એરે એન્દોરે વીરના મામા રમાડે

મામાના હેત તમે મેલો કાનજી વીરા

મામીના હેત તમને વાલેરા લાગ્યા ....સોનાની..

( ૧૩ )

<u>પાવડીએ પગ દય ચડો</u>

પાવડીએ પગ દય ચડો વીરા માતાજી છેડો ઝાલશે

છોડો છોડો માતાજી છોડો અમારે પરણ્યાં વિના કેમ ચાલશે

પાવડીએ પગ દય ચડો વીરા ભૂવાજી છેડો ઝાલશે

છોડો છોડો ભૂવાજી છોડો અમારે પરણ્યાં વિના કેમ ચાલશે

પાવડીએ પગ દય ચડો વીરા બાપુજી છેડો ઝાલશે

છોડો છોડો બાપુજી છોડો અમારે પરણ્યાં વિના કેમ ચાલશે

પાવડીએ પગ દય ચડો વીરા દાદાજી છેડો ઝાલશે

છોડો છોડો દાદાજી છોડો અમારે પરણ્યાં વિના કેમ ચાલશે

પાવડીએ પગ દય ચડો વીરા મામાજી છેડો ઝાલશે

છોડો છોડો મામાજી છોડો અમારે પરણ્યાં વિના કેમ ચાલશે

(૧૪)

<u>પાંચેય પડા મેંતો મોતીના બંધાયા રે</u>

પાંચેય પડા મેંતો મોતીના બંધાયા રે

પેલો પડો મેતો દોશીને મોકલાયો રે

ભૈઇ રે દોશીડા ભૈઇ રે દોશીડા મેંઢળ લઇ આવો રે

પાંચેય પડા...

બીજો પડો મેતો સોની ઘેર મોકલાયો રે

ભૈઇ રે સોનીડા ભૈઇ રે સોનીડા દોરલા લઇ આવો રે

પાંચેય પડા...

ત્રીજો પડો મેતો માળીને મોકલાયો રે

ભૈઇ રે માળીડા ભૈઇ રે માળીડા ફૂલડાં લઇ આવો રે

પાંચેય પડા...

ચોથો પડો મેતો મણીયારાને મોકલાયો રે

ભૈઇ રે મણીયારા ભૈઇ રે મણીયારા નથણી લઇ આવો રે

પાંચેય પડા...

પાંચમો પડો મેતો સુથારીને મોકલાયો રે

ભૈઇ રે સુથારી ભૈઇ રે સુથારી બાજઠ લઇ આવો રે ...

પાંચેય પડા...

(૧૫)

<u>ચાંદો ને સૂરજ બે ભૈઇ</u>

ચાંદો ને સૂરજ બે ભૈઇ એક જ મલિયા

મઈ આયો ચાંદિણીનો ભેગ ,એક જ મલિયા

ઠાકોરિયા બે એક જ મલિયા

ચાંદોને સૂરજ બે ભૈઇ...

રામજીને કાનજી બે ભૈઇ એક જ મલિયા

મઈ આયો વહુવારુનો ભેગ એક જ મલિયા

ઠાકોરિયા બે એક જ મલિયા...

ચાંદો ને સૂરજ બે ભૈઇ ...

નરસી ને વીરજી  બે ભૈઇ એક જ મલિયા

મઈ આયો વહુવારુનો ભેગ એક જ મલિયા

ઠાકોરિયા બે એક જ મલિયા...

ચાંદો ને સૂરજ બે ભૈઈ ...

( ૧૬ )

<u>આગળ મોરલિયા બોલે પાછળ ડુંગરિયા ડોલે</u>

આગળ મોરલિયા બોલે પાછળ ડુંગરિયા ડોલે વીર પાછા વળો

સામે સસરાજી મળે એમની નજરું લાગે વીર પાછા વળો

આગળ મોરલિયા બોલે...

આગળ મોરલિયા બોલે પાછળ ડુંગરિયા ડોલે વીરા પાછા વળો

સામે સાસુજી મળે એમની નજરું લાગે વીર પાછા વળો

આગળ મોરલિયા બોલે...

આગળ મોરલિયા બોલે પાછળ ડુંગરિયા ડોલે વીર પાછા વળો

સામે સાળાજી મળે એમની નજરું લાગે વીર પાછા વળો

આગળ મોરલિયા બોલે...

આગળ મોરલિયા બોલે પાછળ ડુંગરિયા ડોલે વીર પાછા વળો

સામે કાકા સસરાજી  મળે એમની નજરું લાગે વીર પાછા વળો

આગળ મોરલિયા બોલે...

(૧૭)

<u>આગલે બારણે મોગરો પાછલા બારણે ચંપો</u>

આગલે બારણે મોગરો પાછલા બારણે ચંપો

ચંપાના ફૂલ કેવા સોહે રે વાલમજી ...

આગળ ચાલે બાપુ, પાછલા ચાલે માડી

માડીના હેત કેવા લાગે રે વાલમજી ...

આગળ ચાલે કાકા , પાછલા ચાલે કાકી

કાકીના લાડ કેવા લાગે રે વાલમજી ...

આગળ ચાલે ભાઇ , પાછલા ચાલે ભાભી

ભાભીની વાતું કેવી લાગે રે વાલમજી ...

આગળ ચાલે બનેવી , પાછલા ચાલે બેની

બેનીના હેત કેવા લાગે રે વાલમજી ...

(૧૮)

<u>વાલેરા ગામ</u>

વાલેરા ગામ વીરલે વિસારી મેલ્યાં

સસરાના ગામ વાલાલાગ્યા રે લાલા ભૈઇ

બંગલા દેખંતા ડુંગરા વીરાએ વિસારી મેલ્યાં...

દાદાના ખોળા વીરલે વિસારી મેલ્યાં,

સસરાના ખોળા વાલા લાગ્યા રે કાના ભૈઇ

બંગલા દેખંતા ડુંગરા વીરાએ વિસારી મેલ્યાં..

માતાના ખોળા વીરલે વિસારી મેલ્યાં,

સાસુના ખોળા વાલા લાગ્યા રે કાના ભૈઇ

બંગલા દેખંતા ડુંગરા વીરાએ વિસારી મેલ્યાં..

વીરાના ખોળા વીરલે વિસારી મેલ્યાં,

સાળાના ખોળા વાલા લાગ્યા રે કાના ભૈઈ

બંગલા દેખંતા ડુંગરા વીરાએ વિસારી મેલ્યાં..

બેનીના ખોળા વીરલે વિસારી મેલ્યાં,

સાળીઓના ખોળા વાલા લાગ્યા રે કાના ભૈઈ

બંગલા દેખંતા ડુંગરા વીરાએ વિસારી મેલ્યાં..

(૧૯)

<u>નદીને કિનારે રઈવર</u>

નદીને કિનારે રઈવર પતંગ ઉડાડે

આયો પવનનો ઝોલો તુટ્યો પતંગનો દોરો

નદીને કિનારે રઈવર..

પતંગ ઉડાડે રઈવર સોનીડા તેડાવે ,

સોનીડા તેડાવે રઈવર દોરલા મંગાવે

પેરો રાજી વહુંરાણી લાયા તમારા સ્વામી

નદીને કિનારે રઈવર...

પતંગ ઉડાડે રઈવર દોશીડા તેડાવે ,

દોશીડા તેડાવે રઈવર ચુંદડી મંગાવે

પેરો રાજી વહુંરાણી લાયા તમારા સ્વામી

નદીને કિનારે રઈવર...

પતંગ ઉડાડે રઈવર મણીયારા તેડાવે ,

મણીયારા તેડાવે રઈવર ચૂડલા મંગાવે

પેરો રાજી વહુંરાણી લાયા તમારા સ્વામી

નદીને કિનારે રઈવર...

( ૨૦ )

<u>બોલે ઢેકૂંડો</u>

એક પોપટી કલરની સાડી બોલે ઢેકૂંડો

રામજીને બૈરા પાંચ બોલે ઢેકૂંડો

નવીને સાડીઓ પાંચ બોલે ઢેકૂંડો,

જુનીને કશું નઈ બોલે ઢેકૂંડો

નવીને પટ્ટીઓ પાંચ બોલે ઢેકૂંડો,

જુનીને કશું નઈ બોલે ઢેકૂંડો

નવીને બુટ્ટીઓ પાંચ બોલે ઢેકૂંડો,

જુનીને કશું નઈ બોલે ઢેકૂંડો

નવીને ઝાંઝર પાંચ બોલે ઢેકૂંડો,

જુનીને કશું નઈ બોલે ઢેકૂંડો

નવીને ચણીયા પાંચ બોલે ઢેકૂંડો,

જુનીને કશું નઈ બોલે ઢેકૂંડો

નવીને ઘાઘરા પાંચ બોલે ઢેકૂંડો,

જુનીને કશું નઈ બોલે ઢેકૂંડો

એક પોપટી કલરની ...

( ૨૧ )

<u>ઓકરીયારો ઓરડો જુઓ રે વાલા..</u>

ઓકરીયારો ઓરડો જુઓ રે વાલા..

સરવર વેંછી જાય રે વાલા ..

સીતાને ચોટલે ચડ્યો રે વાલા

બાપા બોલાડતી જાય મારા વાલા

બાપે આપ્યો લાડવો રે જુઓરે વાલા

ખૂણામાં બેસી ખાય રે વાલા ..

ઓકરીયારો..

સીતાને ચોટલે ચડ્યો રે વાલા

બાપા બોલાડતી જાય મારા વાલા

બાપે આપ્યો લાડવો રે જુઓ રે વાલા

ખૂણાની છલકોડી રે જુઓ રે વાલા

ગાલવા તોડી ખાય રે વાલા ..

ઓકરીયારો...

( ૨૨ )

ચ્યાંથી આયો રે ...

ચ્યાંથી આયો રે ...ચ્યાંથી આયો રે

પેલો વિલાયતી વાંદરો

ચ્યાંથી આયો રે ...

લઈ જશે રે ...લઈ જશે રે

મારો સંતાડેલો દોરલો

લઈ જશે રે...

ઝુડી મેલો રે ઝુડી મેલો રે

પેલા વિલાયતી ચાંદરાને ઝુંડી મેલો રે

ચ્યોંથી આયો રે ચ્યોંથી આયો રે

પેલો બાવળિયાના ઠૂંઠા જેવો ચ્યાંથી આયો રે

ઝુડી મેલો રે ઝુડી મેલો રે

પેલા બાવળિયાના ઠૂંઠા જેવાને ઝુંડી મેલો રે

ચ્યોંથી આયો રે ચ્યોંથી આયો રે...

(૨૩)

## તાંબા તે કૂંડી સવાગજ ઊંડી

તાંબા તે કૂંડી સવાગજ ઊંડી , મઈ ગંગાજળ પાણી રે

બાપુ જેવા સસરા હોય તો તે ઘેર તમે પરણજો રે

તાંબા તે કૂંડી સવાગજ ઊંડી , મઈ ગંગાજળ પાણી રે

મા જેવા સાસુ હોય તો તે ઘેર તમે પરણજો રે

તાંબા તે કૂંડી સવાગજ ઊંડી , મઈ ગંગાજળ પાણી રે

વીરા જેવા દિયર હોય તો તે ઘેર તમે પરણજો રે

તાંબા તે કૂંડી સવાગજ ઊંડી , મઈ ગંગાજળ પાણી રે

બેની જેવા નણંદ હોય તો તે ઘેર તમે પરણજો રે

તાંબા તે કૂંડી સવાગજ ઊંડી , મઈ ગંગાજળ પાણી રે

બાપુ જેવા સસરા હોય તો તે ઘેર તમે પરણજો રે

તાંબા તે કૂંડી ...

(૨૪)

## બેઠા છો મોયરાની માય

બેઠા છો મોયરાની માય ઉતાવળ શીદને કરો છો

હજુ તો બેની મારાં નાવણ ન્હાય છે

ન્હાતા લાગશે વાર , ઉતાવળ શીદને કરો છો

બેઠા છો મોયરાની માય ઉતાવળ શીદને કરો છો

હજુ તો બેની મારાં શણગાર સજે છે,

સજતા લાગશે વાર , ઉતાવળ શીદને કરો છો

બેઠા છો મોયરાની માય ઉતાવળ શીદને કરો છો

હજુ તો બેની મારાં પોથીયું પાડે છે,

પોથી પાડશે લાગશે વાર , ઉતાવળ શીદને કરો છો

બેઠા છો મોયરાની માય ઉતાવળ શીદને કરો છો

હજુ તો બેની મારા સાડી પેરે છે

સાડી પેરતાં લાગશે વાર , ઉતાવળ શીદને કરો છો

બેઠા છો માયરાની માંય ઉતાવળ શીદને કરો છો

( ૨૫ )

<u>આંબાનું દાતણ તુરુ લાગશે રે</u>

આંબાનું દાતણ તુરુ લાગશે રે બેની

બાપુના કપડાં કોણ ધુશે રે બેની

બાપુ રુશે ને બાપુ ધુશે રે બેની

આંબાનું દાતણ ...

માડીના કપડાં કોણ ધુશે રે બેની

માડી રુશે ને માડી ધુશે રે બેની

આંબાનું દાતણ ...

વીરાના કપડાં કોણ ધુશે રે બેની

વીરો રુશે ને બાપુ ધુશે રે બેની

આંબાનું દાતણ ...

દાદાના હૂકલા કોણ ભરશે રે બેની

દાદા રુશે ને દાદા ભરશે રે બેની

આંબાનું દાતણ ...

(૨૬)

<u>હું કોડિયામાં મેશ પાડતી'તી</u>

હું કોડિયામાં મેશ પાડતી'તી , હું સૂરતશેર જતી'તી ,

મેશ ઓજનારીના છનવાયેલા મુખડા ધોતી'તી નાનપણમાં..

હું સૂરત શેર જતી'તી...

હું સૂરતશેરની સાડીઓ ઓરતી'તી

પેલી પેરનારીના છનવાયેલા મુખડા ધોતી'તી નાનપણમાં...

હું નડિયાદ શેર જતી'તી...

હું નડિયાદના નાડ ઓરતી'તી

પેલી પેરનારીના છનવાયેલા મુખડા ધોતી'તી નાનપણમાં...

હું નડિયાદ શેર જતી'તી...

હું આણંદશેરની ઝાંઝરી ઓરતી'તી

પેલી પેરનારીના છનવાયેલા મુખડા ધોતી'તી નાનપણમાં...

હું કોડિયામાં મેશ ...

( ૨૭ )

<u>ચોખા કરતાં કણચી મોટી</u>

ચોખા કરતાં કણચી મોટી કેસરિયાલાલ,

મધુ કરતા રમેશ મોટા કેસરિયાલાલ

વઢતું વઢતું ગોમમાં ગયું કેસરિયાલાલ

એ બૈને તો મેં છોડાયા રે કેસરિયાલાલ

ચોખા કરતાં ...

ચોખા કરતાં કણચી મોટી કેસરિયાલાલ,

રેવા કરતા ગોપાલ મોટા કેસરિયાલાલ

વઢતું વઢતું ખાડામાં ગયું કેસરિયાલાલ

એ બૈને તો મેં છોડાયા રે કેસરિયાલાલ

ચોખા કરતાં ...

ચોખા કરતાં કણચી મોટી કેસરિયાલાલ,

સુધા કરતા નરસી મોટા કેસરિયાલાલ

વઢતું વઢતું ટેન્ડે ગયું કેસરિયાલાલ

એ બૈને તો મેં છોડાયા રે કેસરિયાલાલ...ચોખા કરતાં ...

( ૨૮ )

<u>કાચી પાકી એંટો પડાવો</u>

કાચી પાકી એંટો પડાવો , એનો બનાવો ગોરસ બંગલો રે ..

બારીએ રઈને સાસુ બોલ્યા ,

"જાઓ વઉજી તમારે પિયર,દીકરો આવે ને વેલાં આવજો ..."

નથી ગયા પીઠીયુંના રંગ,

નથી ગયા હાથના મેંઢળ ,

લાલે રહ્યાં ને તંબુ તોણીયા રે... કાચી પાકી

ઓરડે રઈને જેઠાણી બોલ્યા ,

"જાઓ વઉજી તમારે પિયર,દીકરો આવે ને વેલાં આવજો ..."

નથી ગયા મેંદીના રંગ,

નથી ગયા પાનેતરના રંગ ,

લાલે રહ્યાં ને તંબુ તોણીયા રે... કાચી પાકી

મેડીએ રઈને નણદી બોલ્યા ,

"જાઓ ભાભી તમારે પિયર, વીરલો આવે ને વેલાં આવજો ..."

નથી ગયા મોઢિયાના રંગ,

નથી ગયા ચુંદડીના રંગ, લાલે રહ્યાં ને તંબુ તોણીયા રે... કાચી પાકી

(૨૯).

<u>વીરા ચાંદલિયો ઊગ્યો</u>

વીરા ચાંદલિયો ઊગ્યો ને અરણ્યો આથમ્યો રે

વીરા જોવ તમારી ચ્યો હુધી વાટ , મોહારાની વેળા વહી જઈ રે

બેની કસારાની વાટે ઘોડો અટકી રહ્યો રે ,

બેની બેડલા વહાવતા લાગી વાટ, મોહારાની વેળા હવે થશે રે...

વીરા ચાંદલિયો ઊગ્યો ને અરણ્યો આથમ્યો રે

વીરા જોવ તમારી ચ્યો હુધી વાટ , મોહારાની વેળા વહી જઈ રે

બેની વાણીયાની વાટે ઘોડો અટકી રહ્યો રે ,

બેની સાડીઓ વહાવવા લાગી વાટ, મોહારાની વેળા હવે થશે રે...

વીરા ચાંદલિયો ઊગ્યો ને અરણ્યો આથમ્યો રે

વીરા જોવ તમારી ચ્યો હુધી વાટ , મોહારાની વેળા વહી જઈ રે

બેની સોનીડાની વાટે ઘોડો અટકી રહ્યો રે ,

બેની દોરલા વહાવવા લાગી વાટ, મોહારાની વેળા હવે થશે રે...

વીરા ચાંદલિયો ઊગ્યો ને અરણ્યો આથમ્યો રે

વીરા જોવ તમારી ચ્યો હુધી વાટ , મોહારાની વેળા વહી જઈ રે

બેની ગાંધીડાની વાટે ઘોડો અટકી રહ્યો રે ,

બેની મોળિયાં વહાવવા લાગી વાટ, મોહારાની વેળા હવે થશે રે...

(૨૯)

<u>મારા આંગણે રાયચંપાનો છોડ</u>

મારા આંગણે રાયચંપાનો છોડ ,

કે વળતી આવે છાંયડી...

એ રે છાંયે ખાટલો પડાવો ,

કે હરખે આવે નિંદરડી...

એ રે ખાટલે અશોક ભૈઇ પોઢીયા ,

કે હરખે આવે નિંદરડી ...

હરતાં ફરતાં ઉષાબેને પૂછ્યું

કે ચમ રે સાજણ પોઢીયા,

આપણા ઘેર મનિષભૈઇના વિવા

કે હરખે આવે નિંદરડી ...

(૩૦)

<u>કારી તે કોયલ તારે શોના દખે તો</u>

કારી તે કોયલ તારે શોના દખે તો

માજમરાત બોલીયા રે ...

હામી તે પારે હવનિયા હોમાંવિયા તો ,

મને મારી માતા સંભરીયા રે ...

માતા તે મોરા ભુવા રે તેડાવો રે

મને મારી માતાજી સંભરીયા રે...

કારી કોયલ...

ભુવા રે આવી મેઢરીયા બંધાવો રે

મને મારી માતાજી સંભરીયા રે.

કારી કોયલ ...

ભુવા રે આવી પીઠીયું ચોરાવે જો ,

મને મારી માતાજી સંભરીયા

(૩૧)

<u>સવામણ સોનાનો પોપટડો રે</u>

સવામણ સોનાનો પોપટડો રે

એ રે પોપટ મારા મૈયરનો રે

સામે વરઝણીએ સાડીયું રે...

પાલવડીયા જોઈ જોઇને લ્યો મારા નણદી

એ રે પોપટ મારા મૈયરનો રે ...સવામણ

સામે પારે જોટડીયું (ભેંસો) રે ...

દુજણીયું જોઈ જોઈને લ્યો મારા નણદી

એ રે પોપટ મારા મૈયરનો રે ...સવામણ

સામે ગોખલે રૂડાં ઝાંઝરીયા રે ,

ઘૂંઘરિયું જોઈ જોઈને લ્યો મારા નણદી,

એ રે પોપટ મારા મૈયરનો રે ...સવામણ

( ૩૨ )

<u>અમદાવાદનું લેંબુ...</u>

અમદાવાદનું લેંબુ એક ત વખત બોલે...

હંસા તારી ભોજય એક ત વખત બોલે...

સવારે સાદી પે'રી , ચરરર ચણિયો ફાટે

તારી ભોજય એક ત વખત બોલે...

સવારે કબજો પેર્યો ,ચરરર કબજો ફાટ્યો ,

તારી ભોજય એક ત વખત બોલે..

સવારે ઓઢણી પે'રી ચરરર ઓઢણી ફાટી

તારી ભોજય એક ત વખત બોલે...

(૩૩)

<u>વાંસળી વાગે પરભુ વાંસળી વાગે ...</u>

વાંસળી વાગે પરભુ વાંસળી વાગે ...

થાળ ભરીને પરભુ મેંઢળ મંગાવું ...

એ રે પોપટ મારા મૈયરનો રે ...સવામણ

સામે પારે જોટડીયું (ભેંસો) રે ...

દુજણીયું જોઈ જોઈને લ્યો મારા નણદી

એ રે પોપટ મારા મૈયરનો રે ...સવામણ

સામે ગોખલે રૂડાં ઝાંઝરીયા રે ,

ઘૂંઘરિયું જોઈ જોઈને લ્યો મારા નણદી,

એ રે પોપટ મારા મૈયરનો રે ...સવામણ

( ૩૨ )

અમદાવાદનું લેંબુ...

અમદાવાદનું લેંબુ એક ત વખત બોલે..

હંસા તારી ભોજય એક ત વખત બોલે...

સવારે સાદી પે'રી , ચરરર ચણિયો ફાટે

તારી ભોજય એક ત વખત બોલે...

સવારે કબજો પેર્યો ,ચરરર કબજો ફાટ્યો ,

તારી ભોજય એક ત વખત બોલે...

સવારે ઓઢણી પે'રી ચરરર ઓઢણી ફાટી

તારી ભોજય એક ત વખત બોલે...

(૩૩)

વાંસળી વાગે પરભુ વાંસળી વાગે ...

વાંસળી વાગે પરભુ વાંસળી વાગે ...

થાળ ભરીને પરભુ મેંઢળ મંગાવું ...

એ તો મારી માતાજીને કાજે ...પરભુ વાંસળી વાગે...વાંસળી વાગે પરભુ ...

થાળ ભરીને પરભુ સિફ્ર મંગાવું ...

એ તો મારી રૂપણમાને કાજે ...પરભુ વાંસળી વાગે...વાંસળી વાગે પરભુ ...

થાળ ભરીને પરભુ ચોફળ મંગાવું ...

એ તો મારી હેતલબેનને કાજે ...પરભુ વાંસળી વાગે...વાંસળી વાગે પરભુ ...

થાળ ભરીને પરભુ પીઠીયું મંગાવું ...

એ તો મારી હેતલબેનને કાજે ...પરભુ વાંસળી વાગે...વાંસળી વાગે પરભુ ...

થાળ ભરીને પરભુ કંકુ મંગાવું ...

એ તો મારી હેતલબેનને કાજે ...પરભુ વાંસળી વાગે...વાંસળી વાગે પરભુ ...

(૩૪)

<u>આ ફેર ગંગા પેલી ફેર જમના...</u>

આ ફેર ગંગા પેલી ફેર જમના

વચમાં બેની કાગળ વાંચે છે ...

બેની તારા માતા કેમ ના તેડ્યાં ...

મારા મનમાં ઓછાં આવે છે ...આ ફેર ગંગા ...

બેની તારા મામા કેમ ના તેડ્યાં ...

મારા મનમાં ઓછાં આવે છે ...આ ફેર ગંગા ...

બેની તારા ફોઈ કેમ ના તેડ્યાં ...

મારા મનમાં ઓછાં આવે છે ...આ ફેર ગંગા ...

બેની તારા કાકા કેમ ના તેડ્યાં ...

મારા મનમાં ઓછાં આવે છે ...આ ફેર ગંગા ...

બેની તારા દાદા કેમ ના તેડ્યાં ...

મારા મનમાં ઓછાં આવે છે ...આ ફેર ગંગા ...

( ૩૫ )

<u>કાગર લખ્યાં છે કે નઈ ઓ બેની ...</u>

કાગર લખ્યાં છે કે નઈ ઓ બેની ...

માતા તેડ્યા છે કે નઈ ઓ બેની ...

માતા આવી ગયા , ભૂવા નાંખે આડા દોર આ બેની ...

કાગર લખ્યાં છે કે નઈ ...

મામા તેડ્યા છે કે નઈ ઓ બેની ...

મામા આવી ગયા , મામીઓ નાંખે આડા દોર આ બેની ...

કાગર લખ્યાં છે કે નઈ ...

દાદા તેડ્યા છે કે નઈ ઓ બેની ...

દાદા આવી ગયા , દાદીઓ નાંખે આડા દોર આ બેની ...

કાગર લખ્યાં છે કે નઈ ...

માસીઓ તેડી છે કે નઈ ઓ બેની ...

માસી આવી ગયા , માસા નાંખે આડા દોર આ બેની ...

કાગર લખ્યાં છે કે નઈ ...

( ૩૬ )

જેણી જેણી બટવેલો મેં કેસર ઉડે ...

જેણી જેણી બટવેલો મેં કેસર ઉડે ...

ઘોડલે બેસીને મારા ભાવનાબેન આવે ...

ચંપાના છોડવે બેને બાંધ્યાં છે ઘોડલા ,

મોગરાની કળીએ બેને બાંધ્યાં છે અંબોડા ...

હાથમાં થાળી રાણા સુધાબેન નીસર્યા ...

ચાલોને સૈયર આપણે નણદલ વધાવવા ...

એટલેથી હસીને નણદી રે બોલ્યાં ,

દૂધે રે નાજો ભાભી પૂતરે ઠરજો...ઘોડલે બેસીને ...

ઘોડલે બેસીને મારા ભારતીબેન આવે ...

ચંપાના છોડવે બેને બાંધ્યાં છે ઘોડલા ,

મોગરાની કળીએ બેને બાંધ્યાં છે અંબોડા ...

હાથમાં થાળી રાણા ચંપાબેન નીસર્યા ...

ચાલોને સૈયર આપણે નણદલ વધાવવા ...

એટલેથી હસીને નણદી રે બોલ્યાં ,

દૂધે રે નાજો ભાભી પૂતરે ઠરજો...ઘોડલે બેસીને ...

( ૩૭ )

<u>હીરા કસુંબાનો વાડકો રે ...</u>

હીરા કસુંબાનો વાડકો રે ...

દીકરી પૈણાવા ઓ ધન વાપર્યા રે ...

હીરા કસુંબાનો વાડકો રે ...

આલો ભૂવાજીના હાથમાં રે ...

દીકરી પૈણાવા ધન વાપર્યા રે ...

હીરો કસુંબાનો વાડકો રે ...

આલો દાદાજીના હાથમાં રે ...

દીકરી પૈણાવા ધન વાપર્યા રે ...

હીરો કસુંબાનો વાડકો રે ...

આલો કાકાજીના હાથમાં રે ...

દીકરી પૈણાવા ધન વાપર્યા રે ...

હીરો કસુંબાનો વાડકો રે ...

# પરિશિષ્ટ - ૨

# સમાજ સુધારાના ગીતો

(૧)

**જ્ઞાતિ માતાનું ભજન**

( રાગ ઢાળ : લખમણ ઘડીક તો ઊભા રો )

વીરા ! મારા જ્ઞાતિ રે માતાનું કરો સન્માન
ધરો એનાં ચરણોમાં ફૂલડાં ...રે જી
વીરા ! તારે કાપવો પંથડો અઘોર ,
સાથે લેજે તારા બંધુડા ...રે જી
વીરા ! તારા રક્તમાં વહે છે જેનાં દૂધ
એ જનેતાને ન ભૂલતો... રે જી
વીરા ! તારે સહેવા કંટકો ને શૂળ
ન સુખમાં ઝાઝું ફુલતો... રે જી
વીરા ! તારા બાહુમાં જનેતાનું જોર
એની લાજ તું રાખજે... રે જી
હાંક સૂણી કોઈની જાગજે રે જી
વીરા ! તારા રૂદિયામાં છલકાશે ઉલ્લાસ ,
પૂણ્યના કામ તારા દીપશે... રે જી
વીરા ! તારો જ્ઞાતિ ધરમમાં હશે વિશ્વાસ ,
સેવાના તપ તારા તપશે... રે જી

- શાર્દૂલ તળપદા

( ૨ )

## ઊઠો વીર દેવીપૂજકો

( રાગ ઢાળ : સૂના સમદરની પાળે )

ઊઠો વીરા દેવીપૂજકો રે , સૂણી લેજો મીઠો ઠપકો રે
જ્ઞાતિમાતાની કૂખ ન લજાવતા રે બેઠાં થાજો રે
ઊઠો વીરા દેવીપૂજકો રે ...

સહ્યાં બહું દુઃખડા સહ્યાં રે , રે વેઠ્યાં બહું સંતાપો વેઠ્યાં રે
મંડો હવે જુધ્ધની વાટે ઘોડલા જોડો રે ...
ઊઠો વીરા દેવીપૂજકો રે ...

લેજો વીરા જ્ઞાનની વાતું રે , રે લેજો વીરા ભણતરની વાતું
પિતાની ફૂલાતી રાખજો છાતી રે ...
ઊઠો વીરા દેવીપૂજકો રે ...

જો જો વીરા હૈયુના ભાંગે રે , જો જો જીવ ન ડગે રે
માંગે કોઈ આંગળી તારી , ઓ પૂરો હાથ દે જો રે
ઊઠો વીરા દેવીપૂજકો રે ...

રોદણાના ગાણા તજીને રે , કાયરતાના ગાણા તજીને રે
વીર સપૂત કોઈ રણ જોધ્ધાના ગાજે ગીતો રે ...
ઊઠો વીરા દેવીપૂજકો રે ...

જીવજે તું નાત ગંગામાં , રે મરજે તું નાતગંગામાં રે ...
કે તો રે 'જે આ સંદેશડો સહુંને મારો રે ...
ઊઠો વીરા દેવીપૂજકો રે ...

- શાર્દૂલ તળપદા

# પરિશિષ્ટ – ૩

## જાયલો અને નથલી : કથાગીત

( રાગ ઢાળ : પગ મને ધોવા દ્યો રઘુરાય ...)

માડી તારા પરચાનો નહિ પાર...જી

પરચાનો નહિ પાર ...માડી તમે દુઃખિયાની દાતાર ...

માડી તારા પરચાનો નહિ પાર ...(ટેક)

પાંચવરાની ઝુંપડી બાંધી , આંકલાવ ગામ મોજાર ...(૨)

જાયલો નથલી માને સમારતાં ...(૨) ટેક રાખી નર - નાર ...

માડી તારા પરચાનો નહિ પાર ...

દુકાળ જેવાં દા'ડા ઘરમાં , તાવડી તડાકા અપાર ...જી (૨)

મધરાતે એને સપનું દીધું ...(૨) માએ ચરુ દીધાં ચાર..

માડી તારા પરચાનો નહિ પાર ...

નથલીબાએ જયારે પોકારી, માં દોડી આવી તત્કાળ ...જી (૨)

સૂકી વાડીને લીલી કરી એણે (૨) ધનનો દીધો ભંડાર...

માડી તારા પરચાનો નહિ પાર ...

કુછંદ લાગ્યો જાયલાને જ્યારે ,નથલીબાનો કર્યો તિરસ્કાર જી (૨)

ધનની માયામાં એવો ભરાણો (૨) ગોમત કીધી બીજી નાર ...

માડી તારા પરચાનો નહિ પાર ...

રાતાં આંસુડે રૂવે નથલીબા , આસુંડા અનરાધાર ...જી (૨)

સમરણ વેળાએ દોડી આવી મા (૨) ન કરી ઘડીય વાર ...

માડી તારા પરચાનો નહિ પાર ...

ઘોડા જેવો જાયલો (હવે ), ભાંગી પડ્યો તત્કાળ...જી (૨)

પછતાવાનો પાર રહ્યો નહિ (૨) મોતનો થયો ભણકાર ...

માડી તારા પરચાનો નહિ પાર ...

જીવન દીધું એનું સમરણ ભૂલ્યો ,ભૂલી ગયો મારું સ્થાન ...જી (૨)

રૂપ રૂપિયામાં હું લલચાણો (૨) માડી (હવે )ઉગારો દાતાર...

માડી તારા પરચાનો નહિ પાર ...

મરેલા જાયલાને સજીવન કીધો , દીધો નવો અવતાર જી (૨)

ભણે શાર્દૂલ રૂપણમા પ્રતાપે (૨) ધન્ય થયો અવતાર ...

માડી તારા પરચાનો નહિ પાર ...

# પ્રકાશિત ગ્રંથો અને લેખો


(૧) પ્રો. એ.જી.શાહ , પ્રો.જે.કે દવે : ભારતીય સમાજ અને સામાજિક સંસ્થાઓ

(૨) શ્રી પાંડુરંગશાસ્ત્રી આઠવલેજી : સંસ્કૃતિ ચિંતન,
શ્રી વલ્લભદાસ જે. ઝવેરી
'સદ્વિચાર દર્શન' નિર્મલ નિકેતન -૨,
ડૉ.ભાજેકર લેન , મુંબઈ – ૪૦૦૦૦૪
( આવૃત્તિ -૧૫ , ૨૦૦૦ ,મે )

(૩) પંકજકુમાર એન. મુછડિયા : રાજકોટની દેવીપૂજક જાતિ,સૌરાષ્ટ્ર યુનિવર્સીટી
, રાજકોટ.

(૪) શ્રી જોરાવરસિંહ જાદવ : આપણા કસબીઓ -૨

(૫) શ્રી જોરાવરસિંહ જાદવ : ગુજરાતનું સંસ્કૃતિ દર્શન

(૬) શ્રી ભગવતસિંહજી : ભગવદ્ગોમંડલ , ભાગ -૮મો , પ્રવીણ
પ્રકાશન , રાજકોટ ( પ્રથમ આવૃત્તિ -૧૯૫૪)

(૭) શ્રી ઉમેશભાઈ સોલંકી 'યોગી' : શ્રી દેવીપૂજક સમાજની વિવિધ શાખાઓ
દેવદેવીઓ અને પૂર્વજોની અમર ગાથાઓ
, રાજકોટ

(૯) શ્રી ઈશ્વરપ્રસાદ વર્મા : વાઘરી ઈતિહાસ (હિન્દી) -૧૯૬૪,
પ્રકાશક –અનિલ પ્રકાશન મંદિર, નઈ
સડક, દિલ્લી -૬

(૧૦) અનુ. બાબુ અવધવિહારીશરણ : મેગેસ્થનીઝ કા વિવરણ (હિન્દી)

(૧૧) શ્રી કનૈયાલાલ મુનશી : ગુજરાતની કીર્તિગાથા,
ગુર્જર પ્રકાશન ૨૦૨, તિલકરાજ,
પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ,
અમદાવાદ – ૩૮૦ ૦૦૬
(આવૃત્તિ -૩ ૧૯૮૯)

(૧૨) શ્રી ઝવેરચંદ મેઘાણી : ચારણો અને ચારણી સાહિત્ય, પ્રકાશન ૧૮૮૮,
આતાભાઈ એવન્યુ, ભાવનગર-૩૬૦ ૦૦૨
(પ્રથમ આવૃત્તિ – ૧૯૪૩)

(૧૩) ચોવીસ ગામ પટેલ સમાજ : સ્મૃતિ ગ્રંથ, સંપાદક સમિતિ, ચોવીસ ગામ
પટેલ સમાજ પ્રથમ આવૃત્તિ – ૨૦૦૮

(૧૪) શ્રી રજની વ્યાસ : ગુજરાતની અસ્મિતા

(૧૫) શ્રી મફત રણેલાકાર : હમીરો બલોચ અને પોમલો પારકરિયો

(૧૬) શ્રી જોરાવરસિંહ જાદવ : લોકજીવનના મોતી

(૧૭) ડૉ. ઠાકોરભાઈ નાયક : ગુજરાતમાં વસતા છૂટા છવાયા આદિવાસીઓ સામાજિક ,આર્થિક અને તેમના માટેનું આયોજન પ્રકાશન – ગુજરાત વિદ્યાપીઠ

(૧૮) નાથુભાઈ ડોડિયા : અંધશ્રદ્ધા વિમર્શ , પ્રકાશક- ચરોતર પ્રદેશ , આર્ય સમાજ , આણંદ.

(૧૯) ડૉ. હસુતાબેન સેદાણી : ગુજરાતની લોકસંસ્કૃતિ , યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ , ગુજરાત રાજ્ય , અમદાવાદ-૬

(૨૦) ડૉ.યોગેન્દ્ર વ્યાસ : બોલી વિજ્ઞાન અને ગુજરાતની બોલીઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ , ગુજરાત રાજ્ય અમદાવાદ -૬ સંશોધિત આવૃત્તિ – ૧૯૮૩

(૨૧) શ્રી જોરાવરસિંહ જાદવ : ગુજરાતની લોકકલા અને સંસ્કૃતિ , પ્રકાશક – માહિતી કમિશ્નર , ગુજરાત સરકાર ડૉ. જીવરાજ મહેતા ભવન , ગાંધીનગર ( પ્રથમ આવૃત્તિ - માર્ચ,૨૦૦૦)

(૨૨) શ્રી ગોવિંદભાઈ ઉપાધ્યાય : શ્રી બર્બરિક ગાથા ,પ્રકાશક - સ્વ.હસમુખલાલ કાંતિલાલ ઉપાધ્યાય , પોર. આવૃત્તિ -૩૪

(૨૩) શ્રી જેઠાલાલ ત્રિવેદી , મંગળાગૌરી ત્રિવેદી : લોકસાહિત્ય શબ્દકોશ, પ્રકાશન – ગુર્જર ગ્રંથભવન , ટ્રસ્ટવતી લક્ષ્મીનારાયણ હરિલાલ જાની , કાલુપુર , ભોઈવાડાની પોળ અમદાવાદ-૩૮૦૦૦૧, પ્રથમ આવૃત્તિ-૧૯૭૮

(૨૪) શ્રી જીગરભાઈ ઝાપડિયા : વાઘરીમાં પણ છે વૈષ્ણવ , ભક્ત શિરોમણી શ્રી સગરામ ભગત સેવામંડળ , થાણા મુંબઈ ( પ્રથમ આવૃત્તિ – ૨૦૦૬ )

(૨૫) શ્રી શાસ્ત્રી હરિકેશવદાસજી : બ્રહ્માનંદ સ્વામીનું જીવન ચરિત્ર

(૨૬) શ્રી સાધુ વિવેકસાગર 'વાચસ્પતિ' : કિશોર સત્સંગ પ્રવેશ, પ્રકા. સ્વામીનારાયણ અક્ષરપીઠ , શાહીબાગ રોડ , અમદાવાદ -૩૮૦ ૦૦૪

(૨૭) શ્રી વેદ વ્યાસ : શ્રીમદ્ દેવી ભગવત, સસ્તું પુસ્તક ભંડાર,

લક્ષ્મી સિનેમાની ગલીમાં, સ્ટેશન રોડ ,

નડીયાદ.

(૨૮) શ્રી રમણભાઈ એમ.પટેલ : સૂર્યનારાયણ સંસ્થા બોરસદ પ્રકાશક – સૂર્ય નારાયણ સંસ્થા , બોરસદ .

(૨૯) શ્રી રજની વ્યાસ : ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ ,અક્ષરા પ્રકાશન , અમદાવાદ

(૩૦) ડૉ.નિરંજન રાજયગુરુ : મરમી શબદનો મેળો , પ્રકાશક – ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર

( પ્રથમ આવૃત્તિ – ૨૦૧૧)

(૩૧) શ્રી લક્ષ્મણ ગઢવી : સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ, પ્રકાશક –શ્રી મેરૂભા ગઢવી સ્મૃતિ પ્રકાશન , 'સરસ્વતી', ૯ એ – પટેલ કોલોની રોડ – ૪ , કવિ શ્રી પીંગળશીભાઈ ગઢવી માર્ગ , જામનગર – ૩૬૧ ૦૦૮ –ગુજરાત ૯

( પ્રથમ આવૃત્તિ -૨૦૦૨ , ઓગસ્ટ )

(૩૨) શ્રી જોરાવરસિંહ જાદવ : દિવ્ય મંદિર મારા દેવના રે , પ્રવીણ પુસ્તક ભંડાર પ્રવીણ પ્રકાશન , મ્યુ. કોર્પો. સામે - રાજકોટ ,

( પ્રથમ આવૃત્તિ – ૧૯૯૨ )

(૩૩) શ્રી જે.એમ.મલકાણ : ગુજરાતના ઈતિહાસના પ્રતિબિંબ , પ્રકાશ અને પરાવર્તન , નવભારત સાહિત્ય મંદિર , અમદાવાદ

( પ્રથમ આવૃત્તિ – ૨૦૦૪ )

(૩૪) પુરુષોત્તમ છ. શાહ અને ચંદ્રકાંત ફુ.શાહ ( સંપા.) : ચરોતર સર્વસંગ્રહ , (પ્રથમ આવૃત્તિ -૧૯૫૪)

(૩૫) M.A.Sheering : Hindu Tribes and Casts- by Rev. ( London – 1879 )

## ઉપયોગી સામયિકો અને વર્તમાનપત્રો

(૧) 'દેવીપૂજક સંદેશ' (સામાયિક) : તંત્રીશ્રી ભાનુભાઈ ઓ.ચુનારા , શ્રદ્ધા એપાર્ટમેન્ટ નવા વાડજ , અમદાવાદ.

(૨) ઊર્મિ- નવરચના ( માસિક ) : સંપાદક – શ્રી ઈશ્વરલાલ દવે અને શ્રી જયમલ્લ પરમાર

(૩) વીરડો ( સામયિક ) :-તંત્રીશ્રી હરેન્દ્ર પ્ર. ભટ્ટ ,વલ્લભ વિદ્યાનગર ,આણંદ

(૪) ગુજરાત સમાચાર ( દૈનિક વર્તમાનપત્ર ) તા.૧૨/૦૫/૨૦૧૫નું

(૫) સ્વામીનારાયણ બાળપ્રકાશ : શાહીબાગ , અમદાવાદ.

## ઉપયોગી શોધનિબંધો

(૧) પ્રા. લલિતા વી.ભુત : ગીર વિસ્તારમાં વસતા દેવીપૂજક ( વાઘરી ) સમુદાયની તરાહ -એક અભ્યાસ ,

માર્ગદર્શક - ડૉ. હરેશભાઈ એસ. ઝાલા

સમાજશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

રાજકોટ -૫ ( વર્ષ – ૨૦૧૧)

(૨) પંકજકુમાર ન.મુછડિયા : રાજકોટની દેવીપૂજક જ્ઞાતિ એક સમાજ શાસ્ત્રીય અભ્યાસ ,

માર્ગદર્શક - ડૉ. હરેશભાઈ એસ. ઝાલા

સૌરાષ્ટ્ર યુનિવર્સીટી , રાજકોટ

## રૂબરૂ મુલાકાતીઓની /માહિતીદાતાઓની યાદી

(૧) શ્રી આત્મારામભાઈ અમરાભાઈ બારોટ

( તળપદા દે.પૂ. સમાજના વહીવંચા બારોટ ),

સંતરામપુર , મુ.પો. વિશ્નોલી , તા.પેટલાદ , જિ.આણંદ.

(૨ ) શ્રી પ્રવીણભાઈ હરગોવિંદભાઈ બારોટ

( તળપદા દે.પૂ. સમાજના વહીવંચા બારોટ ),

સંતરામપુર , મુ.પો. વિશ્નોલી , તા.પેટલાદ , જિ.આણંદ.

(૩) શ્રી મેઘરાજભાઈ હરગોવિંદભાઈ બારોટ ,

( તળપદા દે.પૂ. સમાજના વહીવંચા બારોટ ),

સંતરામપુર , મુ.પો. વિશ્નોલી , તા.પેટલાદ , જિ.આણંદ.

(૪) શ્રી વિક્રમભાઈ આત્મારામભાઈ બારોટ

( તળપદા દે.પૂ. સમાજના વહીવંચા બારોટ ),

સંતરામપુર , મુ.પો. વિશ્નોલી , તા.પેટલાદ , જિ.આણંદ.

(૫) શ્રી અશોકભાઈ સોમાભાઈ તળપદા ( સામાજિક કાર્યકર )

બાર વીઘાં , પતાળીયો કૂવો , મુ.પો. ગાજણા

તા. બોરસદ , જિ. આણંદ

(૬) શ્રી ગાંડાભાઈ સૂરાભાઈ સુરેલા ( ભજનિક )

મુ.પો. ચિખાસર , જીલ્લો – સુરેન્દ્રનગર ( હાલ –અંકલેશ્વર )

(૭) શ્રી મગનભાઈ સુકાભાઈ તળપદા ,

બાર વીઘાં , પતાળીયો કૂવો , મુ.પો. ગાજણા

તા.બોરસદ , જિ. આણંદ

(૮) શ્રી ભીખાભાઈ ખોડાભાઈ માળી ,

મુ.પો. ભેટાસી , તા. આંકલાવ

જિ. આઆણંદ

(૯) શ્રી શનાભાઈ કાભઈભાઈ તળપદા

( પત્રકાર / સામાજિક કાર્યકર)

વન તળાવ , મુ.પો.બોરસદ તા.બોરસદ , જિ. આણંદ

(૧૦ ) સ્વ. શ્રી શંકરભાઈ ફકીરભાઈ તળપદા

તળપદા વાસ , મુ .પો. વહેરા, તા, બોરસદ જિ. આણંદ

(૧૧) શ્રી કનુભાઈ ભગત ( ભજનિક ),

ઈન્દિરા કોલોની , મુ.પો. પીપળાવ તા. સોજીત્રા

જિ . આણંદ

(૧૨) શ્રીમતી રમીલાબેન આર.તળપદા

( ચેરમેન-વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ ગાંધીગનર )

રહે. કોલેજ ચોકડી , મુ.પો. પેટલાદ , તા. પેટલાદ , જિ.આણંદ

(૧૩) શ્રી ગોરધનભાઈ શનાભાઈ તિર્થોકર ( નિવૃત્ત શિક્ષક )

નાના બજાર, હરિઓમનગર ,

વલ્લભ વિદ્યાનગર તા.જિ. આણંદ

(૧૪ ) શ્રી અરવિંદભાઈ બકોરભાઈ વાલ્મિક( જોશી)

ટેકરાવાળું ફળિયું , મુ.પો. વટાવ તા. પેટલાદ

જિ.આણંદ

(૧૫ ) કંકુબેન અમરસંગભાઈ માળી ,

શિવનગર , પ્રા. શાળા પાસે,

મુ.પો. ભેટાસી , તા.આંકલાવ જિ. આણંદ

(૧૬ ) શ્રી અશોકભાઈ રમેશભાઈ તળપદા ( એડવોકેટ )

મુ.પો. સારોલ , તા. બોરસદ , જિ. આણંદ

(૧૭ ) શ્રીમતી મધુબેન રમેશભાઈ તળપદા,

એકતાનગર ,નાપા (ત) તા.બોરસદ , જિ .આણંદ

(૧૮ ) શ્રીમતી રેવાબેન ગોપાલભાઈ તળપદા

એકતાનગર , નાપા ( ત ) તા. બોરસદ જિ. આણંદ

(૧૯ ) શ્રીમતી હરખાબેન કનુભાઈ તળપદા

એકતાનગર , નાપા (ત) તા. બોરસદ , જિ . આણંદ

(૨૦). શ્રીમતી મધુબેન અર્જુનભાઈ તળપદા

એકતાનગર , નાપા (ત) , તા.બોરસદ , જિ. આણંદ

(૨૧ ) શ્રીમતી સવિતાબેન રાવજીભાઈ તળપદા

એકતાનગર , નાપા (ત), તા.બોરસદ, જિ. આણંદ

(૨૨ ) શ્રીમતી રમીલાબેન વિજયભાઈ તળપદા

એકતાનગર , નાપા (ત )તા.બોરસદ , જિ.આણંદ

(૨૩ ) સ્વ. શ્રી મનુભાઈ સોમાભાઈ તળપદા

એકતાનગર , નાપા (ત) તા.બોરસદ , જિ. આણંદ

(૨૪ ) શ્રી ચંદુભાઈ લાખાભાઈ તળપદા

એકતાનગર , નાપા (ત) તા.બોરસદ , જિ. આણંદ

(૨૫ ) શ્રી ચંદુભાઈ જીભાઈ તળપદા

( ઉપપ્રમુખ ખેડા જીલ્લા ભાજપ,પૂર્વ ડીરેક્ટર: ગુજરાત રાજ્ય પછાત વર્ગ નિગમ )

કાછીયાવાડ , મહુધા તાં. નડીયાદ જિ: ખેડા

(૨૬ ) શ્રી રણછોડભાઈ એન. તળપદા

મુ.પો.પેટલાદ , તા. પેટલાદ , જિ .આણંદ

( ૨૭ ) શ્રી સુભાષભાઈ એમ વાલ્મિક

મુ.પો.વટાવ , તા.પેટલાદ , જિ આણંદ

(૨૮ ) શ્રી સુનીલભાઈ એસ. તળપદા

મુ.પો. ગોરેલ તા. બોરસદ , જિ. આણંદ

(૨૯ ) શ્રી જગદીશભાઈ .સી. તળપદા

મુ.પો. આંકલાવ તા. આંકલાવ જિ. આણંદ

(૩૦ ) શ્રી ભગવાન એમ. માળી

મુ.પો પેટલાદ , તા.પેટલાદ જિ. આણંદ

(૩૧ ) શ્રી જશવંતભાઈ જે. વાલ્મિક

મુ.પો. ખંભાત , તા. ખંભાત ,જિ. આણંદ

(૩૨ ) રમેશભાઈ બી. કાસોરિયા ,

મુ.પો. ધર્મજ તા. પેટલાદ જિ. આણંદ

(૩૩ ) શ્રી જયેશભાઈ વાઘેલા

મુ.પો. રણોલી તા. બોરસદ જિ. આણંદ

(૩૪ ) ભુપેન્દ્રભાઈ તળપદા

મુ.પો રણોલી તા. બોરસદ , જિ આણંદ

(૩૫ ) ગોવિંદભાઈ આર. તળપદા

મુ.પો. પેટલાદ તા. પેટલાદ જિ. આણંદ

(૩૬ ) શ્રી અમૃતભાઈ સીલાજીયા

( પ્રમુખશ્રી ગુજરાત વાઘરી (દે.પૂ.) સેવા મંડળ , ખેડા ૮૮૯ / ૨)

સેક્ટર -૪ / ડી , ગાંધીનગર.

(૩૭ ) શ્રી ગોપાલભાઈ ચંદુભાઈ તળપદા ,

એકતાનગર , નાપા તળપદ તા.બોરસદ , જિ. આણંદ

(૩૮) શ્રી રમેશભાઈ ચંદુભાઈ તળપદા ,

એકતાનગર , નાપા તળપદ તા.બોરસદ , જિ. આણંદ

(૩૯ ) શ્રી વિષ્ણુભાઈ ચંદુભાઈ તળપદા

ગ્રામપંચાયત ઓફીસ પાછળ , નાપા (ત)

તા. બોરસદ , જિ . આણંદ

(૪૦) શ્રી બાબુભાઈ ભોગીલાલ તળપદા ,

બ્રાહ્મણનો ખાડો , નાપા (ત)

તા. બોરસદ , જિ. આણંદ

( ૪૧) શ્રી લક્ષ્મણભાઈ કાળીદાસ પટણી ( ધારાસભ્ય )

ચેરમેન , ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ

બી-૮ , ૧૭૧ મ્યુનિસિપલ ક્વાટર્સ , વીણા કુટીર , સરસપુર – અમદાવાદ

(૪૨) શ્રી નરસિંહભાઈ મહીજીભાઈ તળપદા ( ભજનિક)

મહાદેવ મંદિર પાછળ , લિમ્બાયાપુરા, નાપા (ત)

તા. બોરસદ , જિ . આણંદ

( ૪૩) શ્રી રાજુભાઈ એમ. આખોલકર

( પ્રમુખ શ્રી ચરોતર તળપદા સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ)

મુ.પો. જલુંધ , તા. ખંભાત , જિ. આણંદ

(૪૪ ) શ્રી બચુભાઈ સુરાભાઇ તળપદા ( જાગરિયા )

મુ.પો. દલોલી , જિ. ખેડા

(૪૫) શ્રી પુનમભાઈ કાભઈભાઈ તળપદા( ભજનિક)

ગ્રામપંચાયત ઓફીસ પાછળ , નાપા (ત )

તા. બોરસદ , જિ . આણંદ

(૪૬) શ્રી કાંતિભાઈ વાઘેલા ( સામાજિક કાર્યકર્તા)

મુ. પો. કાસોર તા. પેટલાદ જિ. આણંદ

(૪૭) શ્રી અરવિંદભાઈ મોહનભાઈ તળપદા ( સામાજિક કાર્યકર્તા)

મુ.પો. કરમસદ,, તા. જિ . આણંદ

(૪૮) શ્રી મગનભાઈ ગોકળભાઈ તળપદા

મુ.પો. જલસણ તા.પેટલાદ જિ. આણંદ

(૪૯) શ્રી કનુભાઈ તળપદા ( સામાજિક કાર્યકર્તા)

મુ.પો. ચિખોદરા તા. જિ. આણંદ

(૫૦) શ્રી પ્રતાપભાઈ તળપદા ( સામાજિક કાર્યકર્તા )

મુ.પો. બડાપરા તા..જિ આણંદ

(૫૧) શ્રી જેસંગભાઈ તળપદા ( સામાજિક કાર્યકર્તા)

મુ.પો. કોસીન્દ્રા તા. બોરસદ જિ. આણંદ

(૫૨) શ્રી ઘનશ્યામભાઈ તળપદા ( શિક્ષક )

મુ.પો. ફાંગણી , તા. પેટલાદ જિં. આણંદ

(૫૩) શ્રી રામાભાઈ ધૂળાભાઈ તળપદા (જોશી)

મુ.પો. ભેટાસી (વાંટા) તા. આંકલાવ જિ. આણંદ

(૫૪) શ્રી મંગળભાઈ દેસાઈભાઈ વાઘેલા (નીલકમલ બેન્ડવાળા )

બંધન પાર્ટી પ્લોટની પાસે, મુ.પો.જીટોડિયા

તા. જિ. આણંદ

(૫૫) સ્વ.શ્રી શંકરભાઈ શનાભાઈ તિર્થોકર ( નિવૃત આચાર્ય )

પ્રીતમ હાઈસ્કૂલ પાસે મુ.પો. સંદેશર તા. જિ. આણંદ

(૫૬) શ્રી ચંદુભાઈ ખોડાભાઈ તળપદા ( જોશી)

માંડવપુરા , મુ.પો. ભેટાસી તા. આંકલાવ જિ. આણંદ

(૫૭) શ્રી શનાભાઈ મોતીભાઈ વાલ્મિક

ટેકરાવાળું ફળિયું , મુ.પો. વટાવ તા. પેટલાદ જિ. આણંદ

(૫૮ ) શ્રી આશાભાઈ મોતીભાઈ તળપદા (જોશી)

બુટકા માતાના વડ પાસે , નાપા (ત)

તા.બોરસદ , જિ. આણંદ

(૫૯) શ્રી ગોવિંદભાઈ બચુભાઈ તળપદા ( જોશી )

એકતાનગર , નાપા ( તળપદ )

તા. બોરસદ , જિ . આણંદ

(૬૦) શ્રી રાયસંગભાઈ વનાભાઈ તળપદા ( શિક્ષક)

મુ.પો. જોગણ , તા. પેટલાદ , જિ. આણંદ

(૬૧) શ્રી વિનુભાઈ રામાભાઈ પ્રજાપતિ (રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક વિજેતા )

મુ.પો. આશી , તા.પેટલાદ , જિ. આણંદ

(૬૨) શ્રી નટુભાઈ જી. ધારિયા (વકીલ)

એ -૫૫ , 'જલાકુટીર' અર્પણનગર ,

વિનુકાકા માર્ગની સામે - બાકરોલ, તા.જિ. આણંદ.

(૬૩) શ્રી ઈશ્વરભાઈ ચતુરભાઈ તળપદા (માતાજીના ચંદરવા બનાવનાર)

તળપદા નિવાસ , ગ્રામપંચાયત સામે ,

મુ.ગોરેલ , તા.બોરસદ , જિ. આણંદ

## પત્ર વ્યવહાર

(૧) ડૉ. હસુ યાજ્ઞિક ,

૧, પદ્માવતી બંગ્લોઝ ,

ભાવિન સ્કૂલ સામે ,

થલતેજ , અમદાવાદ -૩૮૦૦૫૯

(૨) શ્રી કનુભાઈ જાની

'વેણુ' ૬ , ઘોષા સોસાયટી ,

થલતેજ રોડ , અમદવાદ -૩૮૦૦૫૪

(૩) શ્રી અમૃત સિલાજીયા,

૮૮૯ /૨ , સેક્ટર -૪ ડી ,

ગાંધીનગર.

(૫) શ્રી પ્રવીણ ગઢવી ( આઈ.એ.એસ.)

'આસવલોક' ૪૬૬ /૨ , સેક્ટર – ૧

ગાયત્રીમંદિર પાછળ , ગાંધીનગર.

(૬) શ્રી ઉમેશભાઈ.જે. સોલંકી 'યોગી'(વકીલ)

૧૦૧-૧૦૨ , શિલ્પ કોમ્પલેક્ષ,

બેડીપરા , પટેલવાડી પાસે ,

રાજકોટ – ૩૬૦ ૦૦૩

(૭) શ્રી ગુણવંત શાહ ,

'ટહુકો',

૧૩૯, વિનાયક સોસાયટી,

જુના પાદરા રોડ, વડોદરા.

(૮) શ્રી નરોત્તમ પલાણ,

૩ / વાડી પ્લોટ,

પોરબંદર- ૩૬૦૫૭૫

(૯) શ્રી લક્ષ્મણ પી. ગઢવી,

'સરસ્વતી બંગ્લોઝ'

૯ –એ, પટેલ કોલોની, રોડ નંબર -૪,

કવિશ્રી પિંગળશીભાઈ ગઢવી માર્ગ,

જામનગર – ૩૬૧૦૦૮

(૧૦) શ્રી જશવંત શેખડીવાળા,

મુ.પો. શેખડી, તા. પેટલાદ જિ.આણંદ

(૧૧) શ્રી વિનુભાઈ એમ. પટેલ 'સંઘર્ષ',

મુ.પો. વહેરા, તા. બોરસદ જિ.આણંદ

## ઋણ સ્વીકાર ...

### આ પુસ્તક છપાવવા માટે આર્થિક સહાય કરનાર સેવાભાવી

### મિત્રો / વડીલોની યાદી

(૧) શ્રી અર્જુનભાઈ જાયાભાઈ તળપદા

ગામ-આંકલાવ , તા.આંકલાવ , જિ .આણંદ

(૨) ડૉ.શ્રી અશ્વિનભાઈ એમ. ઈશ્નાવા

ગામ-ફિણાવ , તા. પેટલાદ , જિ. આણંદ

(૩) શ્રી કમલેશભાઈ જીકાભાઈ માળી

ગામ-આંકલાવ ,જિ. આણંદ

(૪) શ્રી કલ્પનભાઈ વિષ્ણુભાઈ સુથાર (શિક્ષકશ્રી)

ગામ-વ.વિદ્યાનગર , તા. જિ . આણંદ

(૫) શ્રી સુરેશભાઈ અમરસંગભાઈ માળી

ગામ-ભેટાસી , તા. આંકલાવ , જિ. આણંદ

(૬) ડૉ.નવીનભાઈ ચિખલીયા

ગામ – આણંદ , તા. જિ. આણંદ

(૭) શ્રી મગનભાઈ સુકાભાઈ તળપદા

ગામ-ગાજણા તા. બોરસદ , જિ .આણંદ

## લેખક પરિચય



નામ : શાર્દૂલ ગોપાલભાઈ તળપદા

રહેઠાણ : એકતાનગર, મુ.પો. નાપા (તળપદ)
તા.બોરસદ, જિ.આણંદ પિન-૩૮૮૫૬૦

જન્મ : ૨૬/૧૧/૧૯૮૭

પ્રા.શિક્ષણ : કુમાર શાળા, નાપા (ત) તા.બોરસદ,
જિ. આણંદ (ધો.૧ થી ૭)

માધ્યમિક શિક્ષણ : આર.કે.પરીખ એન્ડ જે.જે.પટેલ હાઈસ્કૂલ, નાપા (ત),
ધો.૮ થી ૧૦, એસ.એસ.સી. માર્ચ-૨૦૦૫માં શાળામાં પ્રથમ.

ઉ.માધ્યમિક શિક્ષણ : આટ્ર્સ (ડી.વી.પટેલ હાઈસ્કૂલ, આશી. તા.પેટલાદ જિ.આણંદ,
એચ.એસ.સી માર્ચ-૨૦૦૭ આટ્ર્સ વિભાગમાં શાળામાં પ્રથમ.

અન્ય શૈક્ષણિક લાયકાત : પી.ટી.સી. (અંગ્રેજી માધ્યમ-ઈ.સ.૨૦૦૮-૦૯)
સત કેવલ પ્રા.ટીચર્સ ટ્રેનિંગ કોલેજ, સારસા, તા.જિ.આણંદ.
B.A.(Eng) ઈ.સ.૨૦૧૮, સરદાર પટેલ યુનિવર્સીટી,
વલ્લભ વિદ્યાનગર.

શિક્ષણ સેવા-પ્રા.શિક્ષક તરીકે :
શ્રીમતી એમ.એસ.પટેલ પ્રા.વિદ્યાલય (નોન ગવર્મેન્ટ)
આશી, તા.પેટલાદ, જિ.આણંદ, ઈ.સ.૨૦૧૧થી.

સિધ્ધિઓ :
- ઈ.સ.૨૦૦૦થી ભજન ડાયરાના ૫૦૦થી વધુ કાર્યક્રમ આપ્યા.
- અમદાવાદથી પ્રસિદ્ધ થતા 'દેવીપૂજક સંદેશ'માં ૩૦થી વધુ લેખો પ્રસિદ્ધ થયા.

શોખ/પ્રવૃત્તિ : વાંચન, લેખન, ભજન સંતવાણી ગાયન, તબલાવાદન.

આગામી પ્રકાશનો :

1. જેલદે પરમાર/ધારના ઠાકોરની સાત લોકકથાઓ
2. સંચાલિકા : કાર્યક્રમમાં સંચાલન કરવા માટે ઉપયોગી પુસ્તિકા.
3. ચરોતરના તળપદા દેવીપૂજકોનું લોકસાહિત્ય
4. મરતુકવાણી (મૃત્યુ વિષયક ૧૫૧ ભજનોનો સંગ્રહ)

**એમ.એમ.સાહિત્ય પ્રકાશન**
જી-૧, અદિબ પ્રાઈમ, મહાવીર માર્ગ, આણંદ.
મો. ૯૮૭૯૪ ૪૪૭૬૩

**યોગેશ પબ્લિકેશન**, અમદાવાદ

ISBN : 978-93-5419-708-6

# ચરોતરના તળપદા દેવીપૂજકોનો ઈતિહાસ અને પરંપરાઓ



**શાર્દૂલ તળપદા**

# ચરોતરના તળપદા દેવીપૂજકોનો ઈતિહાસ અને પરંપરાઓ

સંપાદન /લેખન

શાર્દૂલ તળપદા

એકતાનગર , નાપા (ત), તા.બોરસદ , જિ. આણંદ ,

પિન-૩૮૮૫૬૦

પ્રકાશક

**યોગેશ પબ્લિકેશન**

ગાંધી રોડ, અમદાવાદ

સ્ટોકિસ્ટ

**એમ.એમ.સાહિત્ય પ્રકાશન**

જી-૧, અદિબ પ્રાઈમ, મહાવીર માર્ગ, આણંદ.

મો. ૯૮૭૯૪ ૪૪૭૬૩